Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

Gujrati
2001

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varan

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માં આનન્દમયી

# અમૃત વાર્તા

VOL.-5 JANUARY, 2001 NO.1

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# SHREE SHREE ANANDAMAYEE SANGHA

## ❄ Branch Ashrams ❄

1. AGARPARA : Shree Shree Ma Anandamayee Ashram, P. O. Kamarhati, Calcutta-700058 (Tel : 033-5531208)
2. AGARTALA : Shree Shree Ma Anandamayee Ashram, Palace Compound, P.O. Agartala-799001. West Tripura
3. ALMORA : Shree Shree Ma Anandamayee Ashram, Patal Devi, P.O. Almora-263602, (Tel : 05962-33120)
4. ALMORA : Shree Shree Ma Anaudamayee Ashram, P.O. Dhaul-China, Almora-263881, (Tel : 05962-62013)
5. BHIMPURA : Shree Shree Ma Anandamayee Ashram, Bhimpura, P.O. Chandod, Baroda-391105, (Tel : 02663-833208
6. BHOPAL : Shree Shree Ma Anandamayee Ashram, P. O. Bairagarh, Bhopal-462030, M.P. (Tel : 0755-521227)
7. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram, Kishenpur, P.O. Rajpur, Dehradun-248009 (Phone : 0135-734271)
8. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram, Kalyanvan, 176, Rajpur Road, P.O. Rajpur, Dehradun-248009, (Phone : 0135-734471)
9. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram. P.O. Raipur Ordnance Factory, Dehradun-248010
10. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram, 47/A Jakhan, P.O. Rajpur, Dehradun,
11. JAMSHEDPUR : Shree Shree Ma Anandamayee Ashram, Near Bhatia Park, Kadma, Jamshedpur-831005, Bihar
12. KANKHAL : Shree Shree Ma Anandamayee Ashram, P.O. Kankhal, Hardwar-249408, (Tel : 0133-416575)
13. KEDARNATH : Shree Shree Ma Anandamayee Ashram, Near Himlok, P.O. Kedarnath, Chamoli-246445,
14. NAIMISHARANYA : Shree Shree Ma Anandamayee Ashram, Puran Mandir, P.O. Naimisharanya, Sitapur-261402, U.P.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# મા આનન્દમયી અમૃત વાર્તા

## શ્રી શ્રી મા આનન્દમયીના દિવ્ય જીવન
## તથા
## દિવ્ય વાણીવિષયક ત્રૈમાસિક પત્રિકા

વર્ષ - ૫ | જાન્યુઆરી, ૨૦૦૧ | સં - ૧

-: સંપાદક સમિતિ :-

સ્વામીશ્રી ભાસ્કરાનંદજી
ઉત્તરા ચિનુભાઈ
બ્રહ્મચારિણી વસુમતીબહેન
નિરંજન મહેતા

-: મેનેજીંગ સંપાદક :-

શ્રી પાનુ બ્રહ્મચારી

-: વાર્ષિક લવાજમ :-

| | |
|---|---|
| ભારતમાં | રૂ. ૬૦/- |
| વિદેશમાં | યુ. એસ. ડૉલર ૧૨/- |
| એક અંકની છૂટક કિંમત | રૂ. ૨૦/- |

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# અમૃત વાર્તા

## સામાન્ય નિયમો

આ પત્રિકા ચાર જુદી ભાષાઓમાં છપાય છે. - ગુજરાતી, હિન્દી, બંગાળી અને અંગ્રેજી. આ પત્રિકામાં મુખ્યત્વે શ્રી શ્રી આનન્દમયી.મા વિષેના લેખો છપાશે, તેમ છતાં સાધુ-સંતોનાં જીવન-ચરિત્રો અથવા આધ્યાત્મિક તથા જ્ઞાનવર્ધક ધાર્મિક વાર્તા પણ સ્વીકારવામાં આવશે. શ્રી શ્રી મા વિષયક લેખો આપવાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. ભક્તોના જીવનમાંના અનુભવો, પ્રસંગો કે જે અતિશય વ્યક્તિગત ન હોય, તેમજ શ્રી શ્રી માની લીલાઓ જે ભક્તોએ નિહાળી હોય તથા શ્રી શ્રી મા વિષેની અનુભૂતિઓ હોય તે લખી મોકલવા વિનંતિ છે. ફૂલસ્કેપ પાનાની એક બાજુ પર લખી મોકલવાથી સરળ રહેશે. જોડણીની ભૂલો સુધારી, ચોખ્ખા અક્ષરે લખી નીચેના સરનામે મોકલી આપવું.

-: લેખો મોકલવાનું સરનામું :-

ઉત્તરા ચિનુભાઈ
૩૮, સ્વસ્તિક સોસાયટી,
નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

-: લવાજમ મોકલવાનું સરનામું :-

મેનેજીંગ સંપાદક
"મા આનન્દમયી અમૃત વાર્તા" (ગુજરાતી અંક)
શ્રી શ્રી માતા આનન્દમયી આશ્રમ,
ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧

---

સ્વામી શ્રી શ્રી આનન્દમયી સંઘ તરફથી મુદ્રક તથા પ્રકાશક શ્રી પાનુ બ્રહ્મચારી દ્વારા શ્રી શ્રી આનન્દમયી સંઘ, ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧ (ઉ.પ્ર.) થી પ્રકાશિત તથા રત્ના પ્રિન્ટિંગ વર્કર્સ, બી. ૨૧/૪૨, કમચ્છ વારાણસી - ૧૦ (ઉ.પ્ર.) માં મુદ્રિત. સંપાદક - શ્રી પાનુ બ્રહ્મચારી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# મા આનન્દમયી અમૃત વાર્તા

## અનુક્રમણિકા

ॐ भवतापप्रणाशिन्यै आनन्दघनमूर्तये ।
ज्ञानभक्तिप्रदायिन्यै मातस्तुभ्यं नमो नमः ॥


૦૧. માતૃવાણી ..... ૧

૦૨. માના સ્વરૂપ વિષે ..... મહામહોપાધ્યાય પંડિત ગોપીનાથ કવિરાજ. ૩

૦૩. સ્વ. યોગેશ બ્રહ્મચારીના જીવનનું એક યાદગાર વર્ષ. .... રત્તન સિંઘ ..... ૬

૦૪. મુક્તિનાથ - દામોદરકુંડ - માહાત્મ્ય ..... પરિવ્રાજક ..... ૧૪

૦૫. મુક્તિનાથ - દામોદરકુંડ - યાત્રા વિવરણ ..... ગોપાલદાસ ..... ૧૬

૦૬. અઘટન આજે પણ ઘટે છે. ..... પરિવ્રાજક ..... ૨૦

૦૭. શ્રીમદ્ ભગવદ્ ગીતા ..... પ્રવક્તાઃ સ્વામી વિદિતાત્માનંદજી ..... ૨૧

૦૮. વૃંદાવનના પ્રસિદ્ધ સંત શ્રી ઉડિયા બાબાજી ..... જયા કણિયા ..... ૨૯

૦૯. શ્રીમદ્ ભાગવત ..... વૈદેહી પાર્થિવકુમાર અધ્યારુ ..... ૩૧

૧૧. આશ્રમ સમાચાર ..... ૩૪


CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# "હરિ કથા હી કથા, ઔર સબ વૃથાવ્યથા"

- મા આનન્દમયી

શ્રી શ્રી મા આનન્દમયીના સર્વ ભક્તોને

## "મા આનન્દમયી સેવા સમિતિ (MASS, Inc.) USA"

તરફથી સપ્રેમ

જય મા.

આ સમિતિ (MASS, Inc.) અમેરિકામાં પેન્સીલવેનીયા રાજ્યમાં સ્થાયી થઈ રજીસ્ટર થઈ છે. પૂ. શ્રી શ્રી માના ભક્તોનાં ધાર્મિક કાર્ય, સત્સંગ તથા જનસેવાનું ધ્યેય ધરાવતી આ સંસ્થાએ અમેરિકાની સરકાર તરફથી (Tax - Exemption) કર મુક્તિ મેળવી છે. સંસ્થાનો નંબર છે : 23 - 29675 જે IRS Code 501 (C) (3) ને સુસંગત રહેશે.

ઉત્તર અમેરિકામાં વસતા માતૃભક્ત જનોને વિનંતિ કે "મા આનન્દમયી અમૃતવાર્તા" ત્રિમાસિકનું લવાજમ સમિતિને (MASS, Inc.) મોકલવું. ચાર ભાષાઓમાં (અંગ્રેજી, હિન્દી, ગુજરાતી અને બંગાળી)માં પ્રસિદ્ધ થતી આ દિવ્ય-માતૃ સત્સંગપૂર્ણ પત્રિકાનો લવાજમ દર : વાર્ષિક બાર ડોલર ($12) લેખે જે ભાષામાં રસ હોય તે માટે મોકલવા વિનંતિ છે.

વધુ માહિતિ માટે સંપર્ક સાધો :

**મહાદેવ પટેલ**

C/o. MA Ananadmayee Seva Samiti, Inc.
212, Moore Road, Wallingford 19086 - 6843
Tel. : 610 - 876 -6862
Fax : 610 - 876 - 1351
email : devpatel@netscape.net

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# માતૃવાણી

"હે ભગવાન, આપ જુઓ મારી કેવી દુરવસ્થા છે, હું શું ખાઈ રહી છું !" આમ કહેતાં કહેતાં ભગવાન મનની ગતિ બદલી નાખે છે."

●

આ નાની બાળકીનું તો કંઈ કહેવા - સાંભળવાનું નથી. તમે બધાં જેવું વગાડો તેવું જ વાગે છે. આ છોકરીની આ જ પ્રાર્થના છે, આ જ વિનંતિ છે : આજથી તમે લોકો સ્વરૂપ - પ્રકાશ બાજુની યાત્રા કરો. હરિ-ચિંતનમાં પરોવાઈ જાઓ. થતાં થતાં થઈ જાય. કરતાં કરતાં અભ્યાસ થશે. જગતના આનંદમાં શાંતિ નથી.

●

હું પણ ભિક્ષુક. જે મને જાણે છે તે અને હું એક. જે મને જાણવાની કોશિશ કરે છે હું એની પાસે. જે મને નથી જાણતું એને માટે હું ભિક્ષાર્થી.

●

સત્સંગ શું ? એ જ ને, સ્વ - અર્થાત્ એ જ ભગવાન, સચ્ચિદાનંદ - સ્વરૂપ, આત્મ-સ્વરૂપ જે કહેવાય છે. સ્વનો સંગ, સ્વ-અંગ અર્થાત્ સર્વ અંગ જ ભગવાનનું નિત્ય પ્રકાશિત. એ સંગ થાય તે માટે. તેથી જ કહેવાય છે, સંગ એટલે સત્સંગ કરો, સ્વ-અંગ થવા માટે.

●

હું સૌથી મોટી ભિખારી છું. તમારા લોભ, મોહ, અભિમાનની ભિક્ષા માગું છું, તમારા મંદિરના દેવતાના ચરણોમાં અર્પણ કરવા માટે.

●

પ્રણામ બે જાતના હોય છે. એક તો જેમ ભરેલા ઘડાને ઊંધો પાડીને પાણી ઢોળી દીધું. એ જ રીતે હૃદય અને મનનો બધો ભાર ઢોળીને પોતાના ઈષ્ટને સમર્પણ કરી દેવો. અને બીજા - જેમ પાવડર બૉક્સનાં નાનાં નાનાં કાણાંમાંથી પાવડર છાંટવો, આમાં મનનો અધિકાંશ ભાવ મનમાં જ રહી જાય છે.

●

તમારો બધો ભાર એમના હાથમાં મૂકીને સંસારયાત્રામાં આગળ વધો.

●

મનુષ્ય જીવનની લક્ષ્યપ્રાપ્તિની યાત્રા એ જ પરમ આનંદનો માર્ગ છે.

●

એવી પ્રાર્થના કરો કે હે ભગવાન, હું તમારો છું, તમે મારા શરણ સ્થાન છો, મારા પર કૃપા કરો અને મને તમારી પાસે આવવાનો રસ્તો બતાવો.

●

સંતાનના વ્યાકુળ ક્રંદનથી મહાશક્તિ મહામાયાનું આસન હાલે છે.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


તમારું જે કંઈ પ્રયોજન છે તે તેઓ આપી રહ્યા છે અને આપશે પણ ખરા.

●

કોઈનો દોષ જોતા નહીં. એનાથી ચક્ષુ અને મન મલિન થાય છે, તેમ જ જગતમાં પાપનો ભાર વધે છે.

●

નારદે કહ્યું છે કે ઈશ્વરમાં જે પરાનુરક્તિ છે તે જ ઉત્તમ ભક્તિ કહેવાય છે. કેવળ ભગવાનને મેળવવાની જે ચેષ્ટા છે તે ભજન કહેવાય છે.

●

પિતા-માતા દેવતુલ્ય.

●

આ જ સમય છે પોતાના નિર્માણનો. આશ્રય લેવો પડશે ત્યાગ અને ધૈર્યનો. પૂર્વજન્મગત સંસ્કાર - અનુયાયી આ જે દુર્ગુણો પ્રગટ થાય છે, એમાંથી મુક્ત થવા માટે સદ્‌ભાવ સર્વાંગીણ રૂપે હૃદયમાં સ્થાપિત કરવાની ચેષ્ટા કરજો. કોઈને માટે કંઈ કરવાનું હોય તો સેવાજ્ઞાનમાં કરજો. એક વાત વધારે વિશેષ રૂપે ખ્યાલમાં રાખજો - આલસ્યને એકદમ જ ત્યાગી દો. કોઈ પણ સત્કર્મમાં અનિચ્છા કે આલસ્ય તદન વર્જિત છે. કોઈને કોઈ પ્રકારે સેવામાં જે કષ્ટ થાય છે, એને આનંદ સાથે ગ્રહણ કરો.

●

જે થાય છે તે થશે, સંપૂર્ણ સત્ય છે. પોતાના અને બીજાના જીવનનો ઈતિહાસ ઉઠલાવીને જોવાથી જણાશે કે મનુષ્ય સ્વયમ્ કેટલું કરી શકે છે, અને અલક્ષ્ય શક્તિના અદૃશ્ય વિધાનથી કેટલું સંઘટિત થાય છે. આ જગત એ પરમ પિતાની ઈચ્છાથી સુચારુ રૂપે નિયમિત છે, અને "તેઓ અમને જે અવસ્થામાં રાખશે અને લાવશે તે જ અમારે સ્વીકારવું પડશે." આ સિદ્ધાંતને જેટલો અપનાવી શકશો તેટલો જ નિર્ભરતાનો ભાવ દૃઢ થશે તથા ઈશ્વરી શક્તિ પ્રત્યે ભક્તિ અને વિશ્વાસથી પ્રેમ-નેત્રો ઉન્મીલિત થશે.

●

ચારે બાજુથી સામંજસ્ય રાખીને મૌન કરી શકો તો વધારે સારું, ઈંગિત કે ઈશારાનો આધાર લીધા વગર જેટલો સમય વ્યતીત કરી શકો.

●

આદેશ પાલન કરવો તે જ સૌથી મોટી સેવા.

●

સત્યસ્વરૂપ, સુખસ્વરૂપ, આનંદસ્વરૂપ એકમાત્ર ભગવાન. માનવ-જીવનનો એકમાત્ર ઉદ્દેશ્ય ભગવાનની પ્રાપ્તિ.

●

જેનો ત્યાગ થઈ જાય છે તેનો જ ત્યાગ કરવાની વાત ઊભી થાય છે. જે નિત્ય સત્ય તે જ ગ્રહણ.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# માના સ્વરૂપ વિષે

- મહામહોપાધ્યાય પં. ગોપીનાથ કવિરાજ.

(શ્રી શ્રી માની સેવામાં દીદી ઉત્તરકાશીમાં છે. દીદીની ડાયરીમાંથી અમુક ભાગ વાંચ્યા પછી મહામહોપાધ્યાય પંડિત ગોપીનાથ કવિરાજજીનો દીદી પર એક પત્ર આવ્યો છે. શ્રી શ્રીમાના સ્વરૂપ વિષેનું તાત્ત્વિક વિવરણ સમજાવતાં તેઓ લખે છે :)

''માના આવિર્ભૂત સ્વરૂપ વિષે એક સવાલ, એ સંબંધી ઊભો થાય છે, પરંતુ આપની ડાયરીમાં ઉક્ત પ્રશ્નનું કાંઈ સમાધાન નથી. મારો વિચાર છે કે એની મીમાંસા કરી લેવી યોગ્ય છે. એ કહેવાની આવશ્યકતા નથી કે હું આ પ્રશ્ન સામાન્ય પાઠકોની માનસિક સ્થિતિ પરથી કરું છું.

માનું શરીર સાધારણ મનુષ્યોના શરીરથી ભિન્ન છે એમાં કંઈ સંદેહ નથી. સાધારણ માનવો, દેવતાવર્ગ સુદ્ધાં, ગુણોને અધીન હોય છે. કર્મને આશ્રય બનાવીને એ શરીરોનો વિકાસ થાય છે. પ્રારબ્ધ કર્મોના ફળભોગને માટે સાધારણ માનવો ભોગાયતન શરીર ગ્રહણ કરે છે. શરીર ગ્રહણ કર્યા પછી એમને કૃત કર્મોનો ફળ-ભોગ ભોગવવો પડે છે. વળી દેહાત્મબોધ અને કર્તૃત્વાભિમાન નાશ ન થયો હોવાથી એ લોકોને એ દેહાશ્રયમાં અનેક અભિનવ કાર્યોનું સંપાદન પણ કરવું પડે છે.

પરંતુ જે દેવતાઓ કે સિદ્ધ પુરુષો ઈત્યાદિ જગતના કલ્યાણ સાધન અર્થે કરુણાને વશ થઈ મર્ત્યલોકમાં અવતીર્ણ થાય છે તથા નરદેહ ધારણ કરે છે, દુઃખક્લિષ્ટ જીવોનાં દુઃખો જોઈને વ્યથિત થાય છે, તેઓ સ્વેચ્છાએ નરદેહ ધારણ કરે છે અને તેના દ્વારા જ નરલોકની સેવા કરે છે. તેઓ આનંદભાવના પુરુષો હોય છે. એમનું એકમાત્ર લક્ષ્ય હોય છે - જીવને દુઃખરાજ્યમાંથી બહાર કાઢીને આનંદભાવમાં લઈ આવવો. કરુણાની સાર્થકતા આ માર્ગમાં જ પ્રાપ્ત થાય છે. કહેવાની જરૂર નથી કે આ સર્વ મહાંપુરુષો શુદ્ધ ભાવમય હોવા છતાં સંપૂર્ણ રૂપે સર્વભાવોથી પર નથી. સાધારણ માનવમાં ત્રણ ગુણો સમાધિક રૂપે કાર્ય કરે છે, પરંતુ મહાપુરુષોમાં વિશુદ્ધ સત્ત્વગુણ એકલો જ કાર્ય કરે છે.

**માનું શરીર ગુણોથી પર છે.** મારું માનવું છે કે એક બાજુ એમનામાં એકકે ગુણ કાર્ય નથી કરતો, તો બીજી બાજુ એમનામાં જીવની ભાવનાને અનુરૂપ કે પ્રકૃતિ અનુસાર કોઈ પણ ગુણ કે ભાવ હંમેશ કામ કરતો રહે છે.

ગીતામાં શ્રીભગવાને કહ્યું છે - ''ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्।'' માને મુખેથી આ જ ભાવની અનેક વાતો સાંભળી ચૂક્યો છું. એનું શું તાત્પર્ય ? સ્વચ્છ દર્પણ સમ્મુખ જે વર્ણ ઉપસ્થિત થાય, દર્પણ પણ તદનુરૂપ વર્ણથી અનુરંજિત થઈ જાય છે - એવું લાગે છે. (વસ્તુતઃ દર્પણ સર્વદા એના શુદ્ધ સ્વરૂપમાં પ્રતિષ્ઠિત રહે છે.) **મા કોઈ પણ ભાવમાં આબદ્ધ નથી, તેથી એમને દ્રષ્ટા પોતાના રૂપમાં જોઈ શકે છે. આ જ કારણે માને જે રૂપે મેળવવાની કે જોવાની ઈચ્છા થાય છે, એ વ્યક્તિ એ જ રૂપે મેળવે છે અને જુએ છે.** ભાવાતીત હોવાથી અન્ય સર્વે ભાવો સાથે અભિન્નતા સ્થપાય છે, અથવા સર્વ ભાવોની પૂર્ણતા પ્રાપ્ત કર્યા સિવાય ભાવરાજ્યનું અતિક્રમ ન કરી શકાય.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


**શંકા - ૧ :** પરંતુ મા ભાવ વિશેષમાં પ્રતિષ્ઠિત છે એવું માની લઈએ તો કહેવું પડશે કે સર્વાતીત, સર્વમય, મુક્ત સ્વભાવ એમનામાં અપ્રકાશિત છે. એ સ્થિતિમાં જે ભાવમાં તેઓ પ્રતિષ્ઠિત હશે તે જ ભાવમાં સર્વવિજયી થઈને, એમાં વિરાજશે, અન્ય ભાવ એમનો સંસ્પર્શ નહીં કરી શકે. આલોકની સીમામાં જે રીતે અંધકારને માટે જરીકે સ્થાન નથી હોતું, બરાબર તે જ રીતે એક શુદ્ધ ભાવના ક્ષેત્રની સીમામાં અન્ય એક્કે ભાવનો આવિર્ભાવ ન થઈ શકે. મા જો સાચે જ વિશુદ્ધ માતૃભાવમાં વિરાજતી હોય તો ગમે તે વ્યક્તિ જ્યારે એમના સંસ્પર્શમાં આવશે ત્યારે સર્વાતિશયી ભાવે માતૃભાવનો અનુભવ કરશે. એના મનમાં છો ને બીજો કોઈ ભાવ કેમ ન હોય, એ અભિભૂત થઈ જશે. એ જેવો માની નિકટ આવશે તેવો જ, જ્ઞાનમાં હોય કે અજ્ઞાનમાં, એ માને "મા" માનીને ધારણા બનાવવાને મજબૂર થશે. અન્ય કોઈ ભાવ એના મનમાં નહીં આવી શકે. પ્રત્યેક શુદ્ધ ભાવનો આવો જ અસીમ પ્રભાવ હોય છે.

**શંકા -૨ :** જો મા ભાવાભીત થઈ જાય તો કહેવું પડશે કે તેઓ કોઈ પણ ભાવમાં પ્રતિષ્ઠિત નથી, બલ્કે બધા જ ભાવોમાં સમરૂપે પ્રતિષ્ઠિત રહીને પણ તેઓ અપ્રતિષ્ઠિત અને નિરાલંબ બ્રહ્મ ભાવમાં, નિત્ય સ્વરૂપમાં, સર્વદા વિરાજમાન છે. એ ક્ષેત્રમાં ભાવશુદ્ધિનો પ્રશ્ન નથી ઊભો થતો. જે કોઈ જે દૃષ્ટિએ એમને જોવા માગશે, એની દૃષ્ટિમાં તેઓ એ જ રૂપે પ્રકાશશે. એમનો પોતાનો કોઈ નિજ ભાવ નથી, તેથી ભાવુકના ભાવમાં જ એમનો ભાવ છે. આ સ્થિતિમાં ભાવુકનો ભાવ નાશ નથી પામતો. કોઈ એમને માતૃભાવે, તો કોઈ પિતૃભાવે કે મિત્રભાવે જોઈ શકે છે. આ ઉપરાંત બીજા ભાવોમાં પણ જોઈ શકે. તેઓ એક પણ ભાવને અધીન ન હોવા છતાં બધા જ ભાવોમાં દૃષ્ટિગોચર થઈ શકે છે. સાત્ત્વિક સત્તા અને ગુણાતીત સત્તાનું પાર્થક્ય મારા ખ્યાલથી આ જ પ્રમાણે પરિસ્ફુટ થશે.

હવે અહીં પ્રશ્ન એ ઊભો થાય છે કે ઘનિષ્ઠ ભાવે માના સંસ્પર્શમાં રહેવા છતાં ભોલાનાથજીના મનમાં ક્ષુદ્ર પ્રવૃત્તિ શા માટે ઉત્પન્ન થઈ હતી ? જો એમ કહીએ કે મા ગુણાતીત છે, ગુણોના ખેલમાં બાધા આપવાનો એમનો સ્વભાવ નથી, તો પછી ભોલાનાથજી જે કંઈ વિચારતા કે કરતા તે એમના ભૂતપૂર્વ સંસ્કારોની પ્રેરણાથી કરતા હતા. મા એનું પૃષ્ઠપોષણ નહોતાં કરતાં કે નહોતાં ખંડન કરતાં. આમાંથી એમ સમજવું જોઈએ કે મા ગુણાતીત છે. જો કે લાંબા ગાળા સુધી માના સંપર્કમાં રહેવાથી ભોલાનાથજીના મનમાં અને જીવનમાં અસાધારણ ઉત્કર્ષ થયો હતો એમાં લેશમાત્ર સંદેહ નથી. માટે એમ માની લેવું જોઈએ કે મા વિશુદ્ધ સત્ત્વમયી છે. જો આપણે એ ન સ્વીકારીએ તો એમના સંસર્ગને પરિણામે ભોલાનાથજીના જીવનનું એક્કે પરિવર્તન બોધગમ્ય નથી થતું. કારણ કે ગુણાતીત વસ્તુના સંસ્પર્શથી મનુષ્ય આપોઆપ પુષ્ટિ લાભ કરે છે. પોતાના ભાવનો પરિહાર કરીને ભાવાંતર ગ્રહણ ન કરી શકે; જેમ કે સૂર્યનાં કિરણો ઓરડામાં પ્રવેશીને ગૃહસ્થીની વસ્તુઓને કેવળ પ્રકાશમાન કરે છે, કોઈ નવીન વિશિષ્ટ વસ્તુની સૃષ્ટિ નથી કરતાં, બિલકુલ એ જ રીતે નિર્ગુણ ચૈતન્ય સત્તાના પ્રભાવથી પ્રત્યેક આધારની બીજગત વિશિષ્ટતાને અભિવ્યક્ત કરે છે. જે આધારમાં જે નથી, તે અભિવ્યક્ત ન થઈ શકે.

**આની વાસ્તવિક મીમાંસા અત્યંત સરળ છે. મારા વિચાર પ્રમાણે :-**

'સાત્ત્વિક-સત્તા અને ગુણાતીત-સત્તા' વચ્ચે એટલું જ પાર્થક્ય છે કે સાત્ત્વિક થઈને સાત્ત્વિક ભાવનો આવિર્ભાવ થાય છે - મલિન ભાવ પૂર્ણ રૂપે નાશ નથી પામતો. જ્યારે ઉક્ત પ્રભાવશાળી 'સાત્ત્વિક-સત્તા' નિષ્ક્રિય થઈ જશે, ત્યારે જ પેલા બધા અભિભૂત થયેલા મલિન ભાવોને પુનઃ પ્રબળ થવાનો મોકો મળશે. સત્ત્વગુણના પ્રભાવથી માત્ર મનનો સામયિક તિરોભાવ થાય છે. પરંતુ નિર્ગુણ સત્તાના પ્રભાવથી મલિન ભાવ ક્રમશઃ ઉત્તેજિત થઈને વર્દ્ધિત થતો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


રહે છે, સંસ્કારગત મલિનતા આદિ વૃત્તિરૂપે પ્રગટ થતી રહે છે, અને ધીમે ધીમે નિવૃત્ત થતી રહે છે. ચરમના ક્ષણોમાં એવી સ્થિતિ આવી જાય કે જ્યારે મલિનતાના સંસ્કારો પણ નથી રહેતા. એટલા માટે જ આ નિર્મળતા સામયિક નથી બલ્કે ચિરસ્થાયી છે. પછીથી જ્યારે સદ્‌ગુણોમાં પણ નિષ્ક્રિયતા આવે ત્યારે ગુણમુક્ત વિશુદ્ધ ચૈતન્યનો આવિર્ભાવ થાય છે, એના પ્રભાવથી જ જીવ મુક્તિલાભ કરે છે. સાત્ત્વિક મહાપુરુષોના સત્ત્વગુણના પ્રભાવથી સત્ત્વવૃદ્ધિ થાય છે, સાક્ષાત્ રૂપે ચૈતન્યલાભ નથી થતો; પરંતુ ગુણાતીત પુરુષના પ્રભાવથી સંસ્કાર જતા રહે છે અને ક્રમશઃ જીવ મુકતિપદ પર આરૂઢ થઈ જાય છે.

ભોલાનાથજી વિષેની માની ઉપદેશવાણી તથા ભોલાનાથજીના જીવન-પરિવર્તન દ્વારા જ એ ગૂઢ રહસ્યને બરોબર સમજી શકાય છે. આપ આ તત્ત્વ વિષે મા સાથે સહેજ ચર્ચા કરશો અને મને જણાવશો.''

(આ પત્રની ચર્ચા સાથે બીજી પણ વાતો થઈ. માએ કહ્યું :

''ગોપીનાથ, 'નાથ' છે ને - એટલે ગુપ્ત વાતો બહાર કાઢી દે છે.... ''

થોડી પોતાની વાતો કહ્યા પછી માએ કહ્યું : ''આ શરીરને મુખેથી આ જાતની વાતો કંઈ વધારે નથી નીકળી. તમે લોકો એ જુઓ છો કે આ શરીરની બીજાઓ પાસે શિક્ષા-દીક્ષા સંબંધિત કાંઈ વાતો નથી થતી. સ્વતઃ સમયાનુયાયી જ્યારે સ્વાભાવિક રૂપે નીકળે છે તે જ નીકળી રહ્યું છે. તમે લોકો આ કર્મો અને ભાવોને જોઈને જે હોય તે તમારા વિચાર પ્રમાણે સમજી શકો છો કારણ કે પહેલેથી જ પરિચય છે. સત્યનો પ્રકાશ (પ્રગટ થવું) સ્વાભાવિક છે. નામ, ભાવ અને કર્માદિમાં યોગાયોગ પણ સ્વાભાવિક છે. નામ ગોપી છે એટલે ગુઢતત્ત્વનું રહસ્ય એની પાસે સ્પષ્ટ થઈ જવું સ્વાભાવિક છે. આ શરીરનો જે પ્રકારનો તારતમ્યહીન ભાવ છે તે જ પ્રકારની વાતો તમે બધાં સાંભળશો.

●

''શ્વાસ-શ્વાસમાં નામ કરવાની વાત જે કહેવામાં આવી છે, શ્વાસો બાજુ લક્ષ્ય રાખવાનું કહેવામાં આવે છે, એનો શો અર્થ છે જાણો છો ? શ્વાસ છે વાયુ. વાયુ તો સર્વવ્યાપક છે. ત્યાં જો લક્ષ્ય રહે તો એ જ રીતે ભાવ પણ સર્વવ્યાપી થઈ શકે. આ બધાં સહાયક કર્મોને લેવાં પડે છે, આથી ચિત્ત શુદ્ધ થાય છે. વાયુની ગતિ તો વિવિધ ભાવોના તરંગો છે. આ બધું શું છે જાણો છો ? વાસના - કામના, આ જ ગતિઓને સ્થિર કરવી જોઈએ. કોઈ પણ આશ્રય કેમ ન હોય, વિભિન્ન અગ્રમાંથી એક અગ્ર ન થવાય તો જે સમગ્ર છે, એ જ એકને નહીં જાણી શકો.''

- શ્રી શ્રી મા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# સ્વ. યોગશ બ્રહ્મચારીના જીવનનું એક યાદગાર વર્ષ

## (આશ્રમના એક વૃદ્ધ બ્રહ્મચારીની જીવનકથા)

- શ્રીમતી આર. રત્તન સિંઘ

"શોધો અને તમને મળશે. (બાઈબલ.)

યોગેશદાનો અનુભવ તે ઈશુના આ શબ્દોનું સાચે જ એક ઉત્તમ ઉદાહરણ છે. યોગેશદા કોઈ એવી વ્યક્તિની શોધમાં હતા કે જે એમને પરમાર્થ-માર્ગ ચીંધે, અને આ ઈચ્છા એમને માતાજી પ્રત્યે દોરી ગઈ.

આ લેખમાં, યોગેશદાના પ્રારંભિક અનુભવમાં માતાજીની કૃપા પ્રત્યક્ષ દેખાય છે. પ્રત્યેક શંકામાં, પ્રત્યેક શોધમાં 'એમનો' પ્રેમાળ હસ્ત આગળ આવીને સાધકને સ્નેહપૂર્વક, સહજતાથી માર્ગમાં અગ્રસર કરે છે.

૧૯૨૫-૨૬ની વાત છે. ઢાકાની 'હેલ્થ લેબોરેટરી'માં માસિક રૂા ૬૦/- ના પગારે યોગેશદા નોકરી કરતા હતા. નાની ઉંમરથી જ એમને સાધુજીવનનું આકર્ષણ હતું. એમણે સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લીધો હતો અને સ્વદેશી ચળવળમાં વિશ્વાસ ધરાવતા હતા, જેને લીધે એમને જેલવાસ પણ ભોગવવો પડ્યો હતો.

એમણે સાંભળ્યું કે એક મહિલા ઢાકામાં આવ્યાં છે, અને એમના પતિ સાથે શાહબાગમાં મુસલમાન નવાબના બગીચામાં રહે છે; તેઓ ધુમટાનું આવરણ રાખે છે, દૈનિક ગૃહકાર્યો સંભાળે છે, છતાં એમનાં અસ્વાભાવિક આકર્ષણ અને દૈવી શક્તિઓથી તેઓ પ્રસિદ્ધ થયાં છે.

શ્રીઅરવિંદના એક શિષ્ય સરકારી નોકરીને કામે અવારનવાર ઢાકા આવતા. એમણે પણ બગીચાના બનાવો વિષે યોગેશદાને થોડી વાતો કરી. એક વિશાળ હૉલ હતો જ્યાં પહેલાં નવાબોની મહેફિલો જામતી, ગાન અને નૃત્યો થતાં. એ જ હૉલમાં હવે માતાજી અઠવાડિયામાં બે વાર જઈને જે થોડા લોકો આવતા તેમની સાથે ભજન-કીર્તન કરતાં. એ દિવસોમાં કોઈ એમને પ્રણામ નહોતું કરતું, તેઓ પણ કોઈને સ્પર્શ કરતાં નહીં કે કોઈ એમને સ્પર્શ કરતું નહીં.

યોગેશદા માતાજીનાં દર્શન કરવા ગયા. પહેલાં તો એમણે ચરણોનાં જ દર્શન કર્યાં, કારણ કે એમનું મુખ સંપૂર્ણતઃ આવરણમાં હતું. એક વાર અચાનક એમણે માને ઘરમાંથી કંઈક બહાર ફેંકતાં જોયાં, અને ત્યારે માના બંગડીઓવાળા હાથની ત્વરિત ગતિ-ક્રિયા એમની નજરમાં આવી.

માતાજી ભોલાનાથ સાથે કીર્તનમાં આવતાં, અને સંગીતના તાલ સાથે હાથથી તાલ આપતાં તથા કીર્તન કરતાં. એક વાર માતાજીએ ભોલાનાથને કહ્યું કે તેઓ યોગશદાને ભજન ગાવાનું કહે. એમણે ગાયું પણ ખરું. ત્યારથી એમનું ગાવાનું અઠવાડિયામાં બે વાર નિયમિત થઈ ગયું. લગભગ એ સમયે કીર્તન દરમ્યાન માનું મુખ નિરાવરણ રહેતું. યોગેશદા આશ્ચર્યચકિત થઈ ગયા માનું ઉજ્જવલ પ્રકાશિત સૌંદર્ય જોઈને.

માનું મુખ, એનો પ્રકાશ, એના પર છવાયેલી આભા જોઈને અંજાઈ ગયા.

દર વખતે કંઈક અભૂતપૂર્વ બનતું. વારંવાર માતાજી ભાવસમાધિમાં આવી જતાં. જ્યારે જ્યારે માતાજી આવતાં ત્યારે શિર નીચું કરીને જમીનને સ્પર્શ કરીને પ્રણામ કરતાં અને પછી કોઈક વાર ખૂબ ત્વરાથી આળોટતાં.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


એવું લાગતું જાણે ગરદન અને અસ્થિ હોય જ નહિ. આંખોમાંથી અશ્રુપાત થતો.

આવા એક કીર્તનમાં હંમેશની જેમ ગાતાં ગાતાં મા ફરતાં હતાં. યોગેશદા નીચે બેઠા હતા. એકાએક માતાજી એ બાજુ આવ્યાં, એક ચરણ એમની પીઠ પર મૂક્યો અને ભોલાનાથજીની આંગળી પકડીને યોગેશદાના ખભા ઉપર ચઢીને ઊભા રહ્યાં. બીજી જ ક્ષણે પ્રણામની સ્થિતિમાં જમીન પર સૂઈ ગયાં. યોગેશદા આભાં બની ગયા. પછીથી કોઈએ એમને પૂછ્યું કે એમને કેટલું વજન લાગ્યું ત્યારે એમણે કહ્યું, "જરીકે નહિ." એમને જરા પણ ભાર લાગ્યો ન હતો !

પાંચમે દિવસે કીર્તનમાં હંમેશની જેમ થોડા લોકો આવ્યા હતા. યોગેશદા અત્યંત ડઘાયેલાની જેમ બેસી રહ્યા હતા, રાહ જોતા હતા કે માતાજી એમને કંઈક આધ્યાત્મિક દોરવણી આપે. માતાજી હાથમાં ફૂલોનો હાર લઈને આવ્યાં, ભોલાનાથજીને હાર આપ્યો. ત્યાર બાદ હાથ વડે તાલ આપતાં આપતાં કીર્તનમાં ફર્યાં. એકાએક એમના મુખમાંથી નીકળ્યું, "હરિઓમ્" અને તરત જ ભાવમાં આવી ગયાં. થોડી વાર પછી "એમણે" હાર માગ્યો, દોરી તોડી નાખી, ફૂલો છૂટાં કર્યાં અને ત્યાં બેઠેલા લોકો પર ફૂલો ફેંક્યાં. એક ફૂલ યોગેશદાના કપાળ પર વાગીને નીચે પડી ગયું. માતાજીએ કહ્યું કે જે લોકોને ફૂલ મળ્યું હોય તેઓ આવીને પ્રણામ કરી શકે છે.

યોગેશદા ન ગયા. એમને થયું કે મને ફૂલ નથી મળ્યું કારણકે ફૂલ તો જમીન પર પડી ગયું હતું. અન્ય લોકોએ પ્રણામ કર્યા. યોગેશદા ઘેર ગયા અને રડી પડ્યા. એમણે એ દિવસે રાંધ્યું પણ નહિ. એમની આછી પાતળી પથારી પર પડી રહ્યાં.

બીજી કીર્તનસભામાં એ ન ગયા. એક વ્યક્તિ સંદેશો લઈને આવી ત્યારે શાહબાગ પહોંચ્યા. માતાજીએ પૂછ્યું કે તેઓ શું કરે છે ? પરણેલા છે ? માતા-પિતા ક્યાં છે ? પગાર શું મળે છે ? અને આવી જાતના બીજા પ્રશ્નો પણ પૂછ્યા. ત્યાર પછી એમ પણ પૂછ્યું કે એમને નોકરીમાંથી રજા મળી શકે એમ છે કે નહિ, અને મળે તો કેટલી, અને જો જરૂર પડે તો કેટલી જલ્દી?

એમણે ઑફિસમાં તપાસ કરીને માતાજીને કહ્યું કે એકી સાથે ત્રણ મહીનાની રજા મળી શકે એમ છે. વધારે લાંબી રજા મેળવીને પાછા આવવાનું માતાજીએ કહ્યું.

એમણે એ પ્રમાણે કર્યું. પાછા આવ્યા ત્યારે માતાજીએ ઈશારાથી ભોલાનાથજીને કહ્યું કે સહુને બહાર જવાનું કહી દરવાજો બંધ કરો જેથી તેઓ યોગેશદાને જે કહેવાનું છે તે કહી શકે. માતાજીએ પહેલવહેલું "પ્રાઈવેટ" કોઈને આપ્યું હોય તે આ હતું. આના પછી જ "પ્રાઈવેટ" વાત કરવાની લોકોની શરૂઆત થઈ.

એકાંત મળતાં જ માતાજીએ યોગેશદાને જણાવ્યું કે એમને એક અત્યંત અઘરું કાર્ય સોંપવાનાં છે, પણ માત્ર થોડાક સમય માટે જ; એમણે લાંબી રજા લેવાની છે અને એક વર્ષ માટે ભિક્ષા માગીને સાધુજીવન વ્યતીત કરવાનું છે; આ વાત કોઈને જણાવવી નહિ, માતાજીએ જે કાંઈ કહ્યું છે તે પણ કોઈને કહેવું નહિ અને જો એ દરમ્યાન માતાજી કે એમના સહયાત્રીઓ કદી પણ ક્યાંય મળે તો ઓળખાણ બતાવવી નહિ; ફાલ્ગુનના પહેલા દિવસથી એમણે ભિક્ષાની શરૂઆત કરવી અને પહેલવહેલી ભિક્ષા એમના ભાઈ પાસેથી માગવી.

પ્રથમ હિંદુ-મુસ્લિમ હુલ્લડમાંથી ઢાકા ત્યારે તાજું જ બહાર નીકળ્યું હતું. તેથી જાનનું જોખમ હતું. અવારનવાર ખૂના-મરકી થતાં હતાં. યોગેશદા રાત્રે મોડા ઘેર જવાને બદલે મિત્રોને ઘેર રહી જતા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


જ્યારે એમણે લાંબી રજા લીધી, ત્યારે માતાજીએ કહ્યું કે એમનો પગાર શાહબાગમાં સાચવવામાં આવશે, અને એમાંથી જરૂર પૂરતો જ એમને અપાશે જેથી તેઓ એમનાં માતાને મળવા જઈ શકે, પરંતુ ત્યાં પણ એમણે ત્રણ દિવસ માટે જ રહેવું.

ઘેર પહોંચીને એમણે બારણું ખખડાવ્યું ત્યારે મધરાત થઈ ગઈ હતી. બધાંને ખૂબ આશ્ચર્ય થયું કે આટલા મોડા શા માટે આવ્યા હશે ! એમણે કહ્યું કે રજા લઈને કુંભમેળામાં જઉં છું એટલે બધાને મળવા આવ્યો છું. એમના ભાઈ ઘરમાં નહોતા. કોઈ કાર્યથી તેઓ બહારગામ ગયા હતા અને પત્નીને દસ રૂપિયા આપતા ગયા હતા. પોતાની માના ચરણસ્પર્શ કરીને યોગેદાએ ભાડા માટે થોડાક પૈસા માગ્યા. તરત એમનાં ભાભીએ પેલા દસ રૂપિયા એમના હાથમાં મૂકી દીધા. આમ માતાજીના આદેશાનુસાર પ્રથમ ભિક્ષા ભાઈ તરફથી મળી. ભાઈ હાજર ન હોવા છતાં માતાજીની કૃપાથી આમ બન્યું. માતાજીની સર્વજ્ઞ દૃષ્ટિ એમના ભક્તોનાં સર્વ કાર્યોને આ રીતે પ્રભાવિત કરે જ છે.

થોડો ખારો સૂકો મેવો, એક કામળો અને એક લોટો લઈને યોગેશદાએ ઘર છોડ્યું. માતાજીના આદેશ પ્રમાણે ત્યાં કોઈને ખબર ન પડે એવી જગાએ માથાના કેશ તથા દાઢી મૂંડાવ્યા. હવે એક વર્ષ સુધી એમણે વાળ કાપવાના ન હતા. હરદ્વારની ટિકિટ ખરીદ્યા પછી એમની પાસે બહુ થોડા પૈસા બચ્યા.

ટ્રેનની મુસાફરીમાં કોઈ જાતની અડચણ ન પડી. એમની પાસે ખાવાનું પૂરતા પ્રમાણમાં હોવાથી કોઈ મુસાફર પાસે માગવું ન પડ્યું. ભિક્ષા માગવાના વિચારમાત્રથી એમને ક્ષોભ થતો. ''નવા અને અજાણ્યા લોકોમાં તેઓ અજાણ્યા હતા, અજાણ્યા કાર્ય માટે, અજાણ્યા સ્થળોએ જતા હતા. ભિક્ષા કેવી રીતે માગવી ? સૌથી મુશ્કેલ વાત તો એ હતી.'' છતાં એમને ખબર હતી કે હવે લાંબો વખત એને પાછું ઠેલાય એમ નહોતું. એમણે માનસિક તૈયારી તો કરવી જ પડો.

હરદ્વારમાં ભયંકર ઠંડી હતી. બાંગલાદેશની ગરમ આબોહવા પછી આવી ઠંડીથી એ ડઘાઈ ગયા. પૂરતાં વસ્ત્રો પણ નહોતાં. ટ્રેનમાં રાત્રે કામળામાં ટૂંટિયું વાળીને બેસી રહ્યા. બહાર પ્લેટફોર્મ પર આવ્યા ત્યારે વરસાદ પડતો હતો તેથી ઠંડી વધારે હતી. ત્યાં એક બીજા સાધુ સાથે જોડાયા, અને બંન્ને જણ સ્નાન માટે ઘાટ બાજુ ચાલ્યા. એક પંડો કંઈક રૂપિયા મળશે એવી આશાથી પાછળ પડ્યો. થોડી વારમાં એને લાગ્યું કે કંઈ મળે એમ નથી એટલે છૂટો પડ્યો.

નવા આવેલા જાણીને એક છોકરાએ કહ્યું કે હરકી પૈડી કે બ્રહ્મકુંડ જાઓ. હવે વરસાદ વધ્યો હતો. યોગેશદા કામળો ઓઢીને સ્નાન માટે ગંગાજી તરફ ગયા. પાણી એટલું બધું ઠંડું હતું કે ડૂબકી ખાતાં જ ખૂબ ધ્રૂજવા માંડ્યા. એમણે કદીયે વિચાર્યું નહોતું કે દુનિયામાં કશે પણ આટલી ઠંડી હોઈ શકે ! ગરમાવા માટે એમણે રસ્તા પર આંટા મારવાનું શરૂ કર્યું. વરસાદ બંધ પડી ગયો. વિશાળકાય છત્રીઓ નીચે થોડીક બેઠકો ખાલી પડેલી હતી. એક જગ્યાએ બેસી ગયા. એટલામાં એક પંડો આવ્યો ને ત્યાંથી ખસી જવાનું કહ્યું, એ એની જગ્યાહતી. વળી પાછો વરસાદ શરૂ થયો. બાજુની બેઠક પર ગયા, ત્યાં પણ એવું જ બન્યું. ઊભા ઊભા ધ્રૂજતા હતા ત્યાં કોઈએ ભોલાગિરિ આશ્રમમાં જવાનું સૂચવ્યું.

ત્યાં પહોંચ્યા ત્યારે ખબર પડી કે ત્યાંના પૂજ્ય સાધુ ધ્યાનસ્થ હતા. ઢાકામાં એમના ઘણા શિષ્યો હતા. યોગેશદાસ નામના એક ધનિક ગૃહસ્થે ઢાકામા ભોલાગિરિને નામે મંદિર પણ બંધાવ્યું હતું. મહાત્માએ દર્શન

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


આપવાનું શરૂ કર્યું ત્યારે અસંખ્ય લોકોએ પ્રણામ કર્યા. પહેલી વાર યોગેશદાએ ભક્તોને સાષ્ટાંગ પ્રણામ કરતા જોયા. એમણે પોતાનું નામ યોગેશ કહ્યું, ત્યારે મહાત્માએ એમને પેલા મંદિર બાંધનાર વ્યક્તિ માન્યા, પરંતુ જ્યારે જાણ્યું કે એમ નથી ત્યારે આંખો મીંચીને ફરી ધ્યાનસ્થ થઈ ગયા. યોગેશદા ત્યાંથી જતા રહ્યા.

હવે વિચારવા લાગ્યા કે ક્યાં જવું. એક છોકરાએ આવીને ગંગા પાર જવા સૂચવ્યું અને કહ્યું કે ત્યાં રહેવા માટે ઘણી જગાઓ છે, અને હોડીવાળો મફત લઈ જશે. એ જગા લક્ષ્મણઝૂલા પાસે હતી, પરંતુ કુંભમેળાની અપાર ભીડને લીધે ત્યાં ઘણી ખરી કુટિયાઓ ભરેલી હતી. શોધતાં શોધતાં એમને આખરે આશરો મળ્યો - ફક્ત એક છાપરું અને માટીથી લીંપેલી ભીંતો ને જમીન, પણ બારણું નહિ. એમણે અહીં રહેવાનું નક્કી કર્યું. એ રાત્રે ખૂણામાં ટૂંટિયું વાળીને પડી રહ્યા, પેટમાં કંઈ પડ્યું ન હોવાથી કે અપૂરતાં કપડાંથી ગરમાવો પણ નહિ. બીજે દિવસે થોડાં ડાંખળાં ને ડાળીઓ વીણી લાવ્યાં જેથી બારણું બનાવી શકાય ને ઠંડા પવનથી બચી શકાય. પરંતુ જેવાં પાંદડાં સૂકાઈ ગયાં કે વચ્ચે ખાલી જગાઓ પડી ગઈ અને હિમ જેવો ઠંડો પવન અંદર આવવો શરૂ થયો. કપડાનાં ટુકડા એકઠા કરીને જગાઓ વચ્ચે ઠૂંસવાનો પ્રયત્ન કર્યો, પણ એનાથી માંડ પવન રોકાતો.

અહીં એમણે થોડા દિવસો પસાર કર્યા. કુદરતના અપૂર્વ ભવ્ય સૌંદર્ય આગળ આ અગવડો મામૂલી લાગી. વિશાળકાય પર્વતો આટલા પાસે છે તે જોઈને એમને અતિશય આનંદ થયો. એવું લાગતું કે જાણે ખીણમાં વહેતી પવિત્ર નદીના ભવ્ય પ્રવાહમાં પર્વતો પગ બોળીને ઊભા છે ! એમના પોતાના દેશમાં (બંગાળમાં) આવું દૃશ્ય કોઈ દિવસ જોવા નહોતું મળ્યું.

શારીરિક અગવડોનો એમને વાંધો નહોતો, પણ ભિક્ષા માગવાનું મુશ્કેલ હતું. ઘણીવાર ભૂખ્યા રહી જતા. કોઈ વાર અન્નક્ષેત્રનો ઘંટ વાગે ત્યારે તેઓ બીજા સાધુઓ સાથે થઈ જતા, અને પૂરતું ભોજન મળતું પણ ખરું. ઘણી વાર રોટલીઓનો ઢગલો મળતો, પણ એમનો ખોરાક ભાત હોવાને લીધે રોટલી ખાવાને ટેવાયેલા નહોતા. ગંગા કાંઠે ખડક પર બેસીને રોટલાના ટૂકડા કરી પાણીમાં ફેંકતા. મોટાં માછલાં આવીને કટકા લઈ જતાં, જે જોવાની એમને મજા આવતી.

બીજા સાધુઓએ એમને કહ્યું કે ફક્ત દસ રૂપિયામાં બદરીનાથ જઈ શકાય છે, એક સંસ્થા છે જે બધી સગવડ કરી આપે છે.

એક દિવસ એક છોકરાએ આવીને ખાલી પડેલી બીજી કુટિયા બતાવી. યોગેશદા એમાં રહેવા ગયા. અંદર એક ઊંચો પત્થર હતો જેમાં ઉપર એક બાજુ ખાડા જેવું હતું. એમણે ત્યાં સાફ કર્યું ને વિચાર્યું કે ખાવાનું મૂકીને ખાવા માટે આ ફાવે એવું હતું, લોટામાં હાથ નાખીને ફંફોળીને ખાવા કરતાં આ સારું હતું.

કુંભનો દિવસ પાસે આવતો જતો હતો. એમને ખબર હતી કે માતાજી આવવાનાં છે. એમણે મનમાં વિચાર કર્યો કે માતાજી આવશે તો મને શોધી કાઢશે જ. બીજે જ દિવસે તેઓ એક ખડક પર બેઠા હતા ને એમણે માતાજીને આવતાં જોયાં, સાથે ભક્તો પણ હતા. એમને તો આદેશ હતો કે એમણે પરિચય ન બતાવવો, છતાં ખૂબ આતુરતા હતી કે માતાજી મને જુએ. એટલે એમણે નક્કી કર્યું કે હું કુટિયામાં જતો રહીશ અને એટલા જોરથી ભજન ગાઈશ કે માતાજી મને ઓળખી જશે.

એમણે અવાજ ઊંચો કરીને ગાવાનો પ્રયત્ન કર્યો પણ અહો આશ્ચર્ય ! ગળામાંથી અવાજ જ ન નીકળે ! ગળું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


જાણે રુંધાઈ ગયું હતું. ખૂબ પ્રયત્ન કર્યો પણ અવાજ ન જ નીકળ્યો.

આ જ માતાજીની રીત હતી એમને ઓળખી કાઢવાની !

માતાજીની મંડળી રસ્તા પરથી પસાર થઈ ગઈ. યોગેશદા દોડતા બહાર આવ્યા, પણ બધાની પીઠ જતી દેખાઈ. ત્યાં જ ભોલાનાથજીએ જોયું ને બોલ્યા, "એઈ યોગેશ !" પણ હસતા હસતા પસાર થઈ ગયા. થોડી જ વારમાં પાછા આવ્યા, યોગેશદાના હાથમાં દસ રૂપિયા મૂકીને જતા રહ્યા. યોગેશદા આશ્ચર્યચકિત થઈ ગયા. કેવો અદ્‌ભુત બનાવ અને કેવી અદ્‌ભુત રીત પૈસા આપવાની કે જ્યારે એમને બદરીનાથ જવા માટે એટલા જ રૂપિયાની જરૂર હતી !

આવી અનેક રીતો છે માતાજીની પોતાને પ્રગટ કરવાની, આવાં અનેક ગુપ્ત કાર્યો છે જેમાં માતાજી એમની કૃપા અને સ્નેહ દર્શાવે છે ! જે લોકો માતાજીની કૃપાની છાયામાં પણ આવી શકે છે તે લોકો ખરેખર ધન્ય છે.

કુંભની સમાપ્તિ પછી યોગેશદાએ એમની યાત્રા આગળ વધારવાનો નિશ્ચય કર્યો. કેટલાક સાધુઓએ એમને એક જગ્યા બતાવી જ્યાં બીજા સાધુઓ રહેતા હતા. પણ ત્યાં ભીડ બહુ હતી, વળી તેઓ ત્યાંની સંસ્થાના સભ્ય પણ ન હતા. એમને ભોજન તો મળ્યું પણ રાત ક્યાં પસાર કરવી ? એક જ સ્થાન હતું - મકાનના પતરાના છાપરા નીચે. એ રાત્રે તેઓ ત્યાં રહ્યા. વહેલી સવારે એમના માથા નીચેની પોટલી કોઈ ખેંચી રહ્યું હોય એમ લાગ્યું. જોયું તો એક મોટો વાંદરો પોટલું ખેંચવા મથી રહ્યો હતો. છેવટે એમણે બેઠા બેઠા જ સમય પસાર કર્યો.

બીજે દિવસે ઋષિકેશ બાજુ ચાલવાનું શરૂ કર્યું. કોઈકે એમને ચેતવ્યા કે આગળ બધે જંગલ છે અને હિંસક પશુઓનો ભય છે, તેમ છતાં આગળ જઈને એક સ્થળે રાતવાસો કરી, ઋષિકેશ પહોંચ્યા.

ફરી કોઈ છોકરો આવ્યો અને કાલી કમલીવાળાનો મઠ બતાવ્યો. બપોરનો ભોજન વહેંચાવાનો સમય હતો. ઘણા સાધુઓ ઊભા હતા. એમને પણ ત્યાં જોડાવા માટે કહેવામાં આવ્યું. સાધુઓ ગળાની આજુબાજુ કપડું વીંટી રાખે છે અને એનો છેડો પહોળો કરીને એમાં ભિક્ષા લે છે. યોગેશદા પાસે આવું કપડું નહોતું. એમણે બધું લોટામાં ભરવું પડતું, અને લોટાનું મોઢું એટલું સાંકડું હતું કે ખાવાનું લેતાં મુશ્કેલી પડતી. એમની રીતો બીજા સાધુઓ કરતાં જુદી પડતી હતી. એક માણસે એમને પીરસતી વખતે પૂછ્યું, " કેટલા વખત પહેલાં સાધુ થયા છો ?" એમને શરમ આવી. નવા નિશાળિયા હતા એ વાત ચોખ્ખી દેખાતી હતી. રાંધ્યા વગરનું સીધું લેવામાં એમને મુશ્કેલી હતી, કારણકે રાંધવા માટેનું કાંઈ સાધન પાસે નહોતું કે રહેવાની કોઈ જગ્યા પણ નહોતી. 'ક્ષેત્ર'માં રહેવા માટે સભ્ય થવું પડતું જે એમને માટે શક્ય નહોતું.

બદરીનાથ ન જઈ શક્યા, કારણકે યાત્રા ગઈ જ નહિ.

યોગેશદાને યાદ આવ્યું કે દેહરાદૂનના વનવિભાગમાં એમનો એક મિત્ર કામ કરતો હતો. એમણે ચિઠ્ઠી મોકલી, બીજે જ દિવસે જવાબ આવ્યો કે એમના મિત્ર રામેશ્વર બૅનર્જીને એમને મળીને આનંદ થશે.

ગીચ જંગલો અને ખૂબ ઊંચા ઊંચાં વૃક્ષો જોઈને યોગેશદાને ભયમિશ્રિત લાગણી થઈ. એમણે જીવનમાં કદી ભય અનુભવ્યો નહોતો, પણ આ ઊંચાં ઊંચાં વૃક્ષો એમને ભયભીત કરતાં હતાં. તેઓ ડોઈવાલા પહોંચ્યા. ત્યાં સરકારી નોકરો બધા ઑફિસરોને સલામ કરતા હતા, એમને પણ કરી. ત્યાંથી એમના મિત્ર સાથે દેહરાદૂન ગયા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દેહરાદૂનમાં એમનું આ પ્રથમ આગમન હતું, જ્યાં પછીથી એમણે ઘણાં વર્ષો પસાર કરવાનાં હતાં.

એમના મિત્રને કાશ્મીર જવાનું હતું. એમણે યોગેશદાને પણ સાથે આવવાનું કહ્યું, પરંતુ યોગેશદાનો નિયમ તો પગપાળા જવાનો હતો તેથી બંન્નેએ શ્રીનગરમાં ભેગા થવાનું નક્કી કર્યું. ત્યાં પહોંચતા એમને એક મહીનો લાગ્યો. શ્રીનગરને રસ્તે ચાલતાં અનેક મોટરો એમની બાજુમાંથી પસાર થતી. હૉર્નના અવાજ પરથી એમને ટૂંકા રસ્તાઓની માહિતિ મળતી. આ રીતે યાત્રા ટૂંકી થતી ગઈ. એક અંગ્રેજે એમને ચાલતા જોયા એટલે પૂછ્યું કે ક્યાં જાઓ છો ? ''શ્રીનગર'' સાંભળીને એમને ગાડીમાં બેસી જવાનું કહ્યું, પણ આભાર દર્શાવીને તેઓ ચાલતા જ આગળ વધ્યા.

એક કૂલીએ આવીને પૂછ્યું કે ક્યાં જાઓ છો ? એમણે કહ્યું, ''આશ્રમ''. કૂલીએ એક લાકડાનું ઘર બતાવ્યું, જ્યાં નાગા સાધુઓ રહેતા હતા. કેટલાક સાધુઓ એક મોટા વાસણમાં ભાંગ બનાવતા હતા. એમને રહેવાની રજા તો મળી પણ ભોજન માટે આશ્રમના બીજા ભાગમાં જવાનું કહ્યું. ત્યાં એમને સીધું આપવામાં આવ્યું, પણ રાંધવાનું અશક્ય હોવાથી એમણે બીજા સાધુઓમાં એ વહેંચી દીધું. દર વખતે ભોજન માટે ૮-૧૦ સાધુઓ આવતા.

એક દિવસ હંમેશની માફક એમણે ચોખા વહેંચ્યા. એમને ખ્યાલ ન રહ્યો કે મુખ્ય સાધુ ત્યાં આવી પહોંચશે. એ જ્યારે આવ્યા ત્યારે પૂરતો ભાત વધ્યો નહોતો. અન્ય સાધુઓએ યોગેશદા પર આરોપ મૂક્યો કે બધો ભાત ખાઈ ગયા, કારણ કે સાચવવાની જવાબદારી એમની હતી. આ બનાવ પછી યોગેશદા ત્યાંથી ચાલ્યા ગયા.

હવે તેઓ પહેલગામ બાજુ જવા નીકળ્યા. બસ સ્ટેન્ડથી કુલીઓ એમને એક આશ્રમમાં લઈ ગયા. રાત્રે સાધુઓ એ અન્નક્ષેત્રમાં જમવા આવતા. સાધુઓમાં એક બંગાળી હતા જેમણે યોગેશદાને પોતાના દેશના તરીકે ઓળખ્યા. બંન્ને જણ સાથે દૂર દૂર ચાલવા જતા અને ભજનો ગાતા. યોગેશદાના મધુર અવાજથી પ્રભાવિત થઈને એ સાધુ એક સ્વામી શિવાનંદ પાસે ગયા અને એમને વિષે કહ્યું. સ્વામીજીએ એમને આશ્રમમાં આવવાનું આમંત્રણ આપ્યું. ત્યાં બીજા સાધુઓ પણ રહેતા હતા. ત્યાં આશ્રમના બગીચામાં એમને ભજન ગાવાનું કહ્યું. એમણે સ્વામી વિવેકાનંદ-રચિત શિવસ્તુતિ ગાઈ. મધુર સ્વરમાં ગાયેલા એ ગીતમાં એમના સરસ ભક્તિભાવે સ્વામીજીને ખૂબ પ્રભાવિત કર્યા. તે પછી ઘણી વાર સ્વામીજી એમને ગાવા માટે બોલાવતા.

જ્યારે યોગેશદા આ પ્રસંગ વિષે મને કહેતા હતા ત્યારે હું મંત્રમુગ્ધ થઈ ગઈ. પ્રત્યેક ઘટનાનું સ્મરણ કરતી વખતે, પ્રત્યેક ક્ષણ એમના મનમાં પુનર્જીવિત થઈ ગઈ. એમણે ફરી એ ગીત મારી આગળ ગાયું, એમનો તરડાયેલો વૃદ્ધ અવાજ કોમળ અને સૂરીલો બની ગયો અને મુખ ઉજ્જવ થઈ ગયું, આંખોમાં ભક્તિની ચમક આવી ગઈ, શરીરમાં જોમ અને શક્તિ આવી ગયાં. એમની દૃઢ શ્રદ્ધા ને ભક્તિ જોઈને કોઈ પણ નાસ્તિકના મનની શંકા-કુશંકાનો ભૂક્કો થઈ જાય ! એમના શબ્દ-પ્રવાહને સમજવાનો પ્રયાસ કરતી હું એમના મુખ સામે તાકી રહી. વચ્ચે અટકી અટકીને શબ્દો ફરી ફરીને બોલતા, એનો અર્થ મને સમજાવતા. ખરેખર, તેઓ દ્રવીભૂત થઈ ગયા હતા.

યોગેશદાએ થોડા દિવસો પહેલગામમાં ગાળ્યા. પછી ક્ષીરભવાની મેળામાં જવાનો કાર્યક્રમ ઘડ્યો. એ પવિત્ર સરોવરની યાત્રા અસંખ્ય લોકો કરતા હતા. થોડા દિવસોની મુસાફરી હતી તેથી ખાવા-પીવાની, વાહનોની અને ત્યાં રહેવાની સગવડ કરવાની હતી. બધા નીકળવાની તૈયારીમાં હતા, ત્યાં જ એમના વન-વિભાગના ઑફિસર મિત્રનો એક સંદેશવાહક દોડતો આવ્યો, ''અરે, આખરે તમને ખોળી કાઢ્યા !'' એ લોકોએ યોગેશદાને બધા આશ્રમોમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


જઈને શોધ્યા હતા. યોગેશદા મિત્રને ત્યાં ન ગયા, કારણ કે ક્ષીરભવાનીની યાત્રા કરવાનો એમણે સંકલ્પ કર્યો હતો તેથી વિચાર બદલવાની ના પાડી.

મેળામાં જઈ આવ્યા પછી તેઓ મિત્ર સાથે જોડાઈ ગયા અને અમરનાથની યાત્રા કરી. શ્રાવણી પૂર્ણિમાએ દર્શનનું માહાત્મ્ય છે પણ એ લોકો એક મહીનો વહેલા ગયા હતા, કારણ એમના મિત્રની રજાઓ પૂરી થતી હતી.

અમરનાથ-યાત્રાનું ચઢાણ ત્રણ તબક્કામાં કરવાનું હતું. ત્રીજો પડાવ હિમાચ્છાદિત ગુફામાં તંબૂમાં હતો. સમુદ્રતટથી ૧૦,૦૦૦ ફૂટ ઊંચે એ સ્થળે ઝાડ-પાન ન હતાં. હતું ફક્ત થોડું આછું ઘાસ અને બરફ. ઊંચાણમાં તો એકલો બરફ જ હતો. તંબૂમાં ખિચડી ચઢવા મૂકીને સ્નાન કરવા ગયા. પાછા આવ્યા ત્યારે ખિચડી કડક ચકતા જેવી થઈ ગઈ હતી, ફરીથી ગરમ કરવી પડી. તંબૂ પાસે પાણી ટપકતું જોઈને એમને નવાઈ લાગી. તપાસ કરતાં જાણ્યું કે એ પંચતરણી નદી હતી. જળસ્રોતનું મૂળ શોધવા માટે બરફમાં ચાલ્યા, ત્યારે જોયું કે ગુફાના પાછલા ભાગે સમતલ ભૂમિમાંથી એ આવતું હતું. એ થીજી ગયેલું સરોવર હતું, ઉપર બરફ અને નીચે પાણી.

બીજી એક જગાએ પહાડ ચઢતાં એક મોટો આગળ નમી પડેલો પત્થર માર્ગની ઉપર લટકતો હતો. બરફથી છવાયેલા એ સમગ્ર પ્રદેશમાં આટલો જ ખુલ્લો પત્થર હતો. ત્યાં ઊભા રહીને એ લોકોએ ફોટા પડાવ્યા. બે જંગલી ટટ્ટુઓ એ જ વખતે આવીને ફોટામાં સામેલ થઈ ગયા !

એમની સાથેના ગાઈડ પંડાઓ હતા. યોગેશદાની ઈચ્છા હતી કે અમરનાથની ગુફામાં સૌ પહેલાં પહોંચી જવું, જેથી ખબર પડે કે કોઈ ત્યાં લિંગ સાથે બનાવટ નથી કરતું. લોકોને કહેતા સાંભળ્યા હતા કે પંડાઓ લિંગ બનાવે છે, પરંતુ ગુફામાં દાખલ થતાં જ યોગેશદાએ વિશાળ સંપૂર્ણ હિમ-લિંગનાં દર્શન કર્યાં. તરત કૅમ્પમાં પાછા ફરવાનું હતું. ગુફામાં કે ગુફાની આજુબાજુ કોઈથી રહી શકાય એમ નહોતું.

ત્યાંથી પહેલગામ થઈને શ્રીનગર પાછા ફર્યા. મિત્ર દેહરાદૂન ગયા, યોગેશદા થોડું વધારે રોકાયા. ત્યાંથી જમ્મૂ જતાં એમને એક મહીનો થયો. કાશ્મીરનું સંપૂર્ણ રોકાણ ત્રણ મહીનાનું થયું.

જમ્મૂના સ્ટેશન પર એમને તાવ આવ્યો. પ્લૅટફૉર્મ પર સૂઈ ગયા. ટ્રેન આવી ને મુસાફરો ચાલ્યા ગયા. એટલામાં કોઈએ એમને બોલાવ્યા. જોયું તો ચાની દૂકાને બેઠેલો ગાર્ડ બોલાવતો હતો. એણે પૂછ્યું કે ક્યાંથી આવો છો અને ક્યાં જવાનું છે. એણે દવાની ગોળીઓ આપી તથા પોતે પૈસા ચૂકવીને રોજ એમને દૂધ મળે એવી વ્યવસ્થા કરી આપી. બે દિવસ પછી એણે પાછા આવીને તપાસ કરી તો જાણ્યું કે એમને ઝાડા થઈ ગયા હતા. એમણે થોડી ગોળીઓ ખાઈને બાકીની ફેંકી દીધી હતી. ગાર્ડે એની ડ્યૂટી સુધી ટ્રેનમાં એમને મફત મુસાફરી કરવા દીધી, અને ત્યાંથી સહારનપુરની ટિકિટ ખરીદી આપી. ત્યાં કુલીએ એમને દેહરાદૂનની બસમાં બેસાડ્યા. બસ ભરાઈ એટલે ઊપડી. રસ્તામાં પંક્ચર પડ્યું, રીપેર થયું. ફરી પંક્ચર પડ્યું ત્યારે રસ્તો સૂમસામ હતો તેથી કોઈની મદદ મળે તેમ ન હોવાથી ડ્રાઈવરે ટાયરમાં ઘાસ ભર્યું. મહામુશ્કેલીથી પહાડ ચઢાયો ત્યાં ફરી પંક્ચર પડ્યું. હવે બસ આગળ જાય તેમ ન હતું, એટલે મુસાફરોને ચાલતા જવાનું કહેવામાં આવ્યું. યોગેશદા બહુ અશક્ત અને થાકેલા હોવાથી ચાલી શકે એમ નહોતા. કોઈકે એમનો સામાન ઊચકીને દેહરાદૂન પહોંચતા કર્યા. બસ સ્ટેન્ડ પર લીંબૂનું શરબત પીધું ત્યારે થોડી સ્ફૂર્તિ આવી.

કરણપુરમાં એક મિત્રનું ઘર શોધી કાઢ્યું. ત્યાં ડૉક્ટર દ્વારા તપાસાવ્યું ત્યારે ખબર પડી કે મૅલેરિયા હતો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


ડૉક્ટરે ગોળીઓ આપી જે એમણે ખાધી નહિ. થોડા દિવસમાં સાજા થઈ ગયા.

હવે એક વરસ પૂરું થવા આવ્યું હતું. એમણે માતાજીના આદેશાનુસાર શાહબાગ જવાનું હતું. એમના મિત્રએ એમને રાજશાહી જઈને અટલ ભટ્ટાચાર્યને મળવાનું કહ્યું. યોગેશદાને ખબર નહોતી કે અટલ ભટ્ટાચાર્ય જ એ વ્યક્તિ હતી જેમની પાસે એમનો પગાર સચવાતો હતો. યોગેશદાએ તો થોડા રૂપિયા ઉધાર માગ્યા. અટલને પણ ત્યારે ખબર પડી કે જેમના રૂપિયા એને સાચવવા આપવામાં આવ્યા હતા તે આ યોગેશદા જ હતા. ટ્રેનના ભાડા માટેના પૈસા લઈને યોગેશદા શાહબાગ પહોંચ્યા.

એમનું આગમન થતાં જ ભોલાનાથજીએ એમને ઓળખી લીધા. માતાજી ભાવસમાધિમાં હતાં તેથી મળી ન શકાયું. યોગેશદાને વાળ કપાવવા માટે મોકલવામાં આવ્યા. યાત્રાએથી પાછા ફર્યા બાદ એમણે પ્રથમ ભોજન લેવાનું હતું ચરુનું. (હવનના અગ્નિમાં રાંધેલો દૂધ-ઘીવાળો ભાત.) તે પછી તેઓ નોકરીમાં હાજર થયા.

માતાજી બીજે જવાનાં હતાં. યોગેશદા એમના મિત્રોને તથા સગાંઓને મળવા ગયા. તે જ વખતે નવાબની બધી જ મિલ્કત સરકાર લઈ લેવાની હતી. બેગમ પ્યારીબાનૂની વ્યક્તિગત મિલ્કત શાહબાગ હતી, અને તેઓ ત્યાં રહેવા આવવાનાં હોવાથી એ જગા ખાલી કરવાનું કહેવામાં આવ્યું. ભોલાનાથજીનો સામાન તથા કાલી મૂર્તિને એક મિત્રને ત્યાં મૂકવામાં આવ્યાં. તે વખતે મંદિર બન્યું ન હતું, માત્ર મૂર્તિ હતી અને નિત્ય પૂજા થતી હતી.

અને આ રીતે યોગેશદાના જીવનનો ભિક્ષુ-કાળ સમાપ્ત થયો. આ એક અત્યંત અદ્‌ભુત શરૂઆત હતી માના ચરણોમાં અર્પિત એમના આજીવન ભક્તજીવનની ! તેમ છતાં, જે વ્યક્તિએ પચાસથી પણ વધારે વર્ષો માતાજી સાથે ગાળ્યાં, એમના વિચારોમાં તથા લાગણીઓમાં આ તો માત્ર એક ડોકિયું જ કહેવાય ! અંતરના ઊંડાણમાં જે પ્રકાશ હતો તે તો એકલા યોગેશદા જ જાણે !

•

## માતૃ-મહિમા

ॐ लक्ष्मीप्रदानसमये नवविद्रुमाभां, विद्याप्रदानसमये शरदिन्दुशुभ्राम्।
विद्वेषिवर्गविजये हरिनीलवर्णाम्, अम्बां त्रिलोकजननीं प्रजनीं प्रपद्ये॥

ધન આપતી વખતે (મા લક્ષ્મીનો) અંબાનો રંગ નવવિદ્રુમમણિ જેવો રક્ત હોય છે, વિદ્યાદાન સમયે (મા સરસ્વતીનો) રંગ શરદના ચંદ્ર જેવો શુભ્ર હોય છે, શત્રુ કે દ્વેષ કરનારાની ઉપર વિજય માટે (મા કાલીનો) રંગ નીલ હોય છે - આવી ત્રૈલોક્યજનની પ્રજનન કરનારી મા અમ્બાને શરણે જાઉં છું.

•

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# મુક્તિનાથ દામોદરકુંડ માહાત્મ્ય

- પરિવ્રાજક

## દામોદરકુંડ માહાત્મ્ય

પવિત્ર તીર્થોમાં હિમાલયના દુર્ગમ સ્થાનોમાં આધ્યાત્મિક પરમાણુ વધારે પ્રમાણમાં હોવાથી સાધક ત્યાં નિવાસ કરે, તો આ પરમાણુઓનો પ્રત્યક્ષ પ્રભાવ પડે છે, અને ભજન, ધ્યાનમાં સહાયક થાય છે. પરંતુ શ્રદ્ધા ભક્તિથી યાત્રા કરવાથી અંતઃકરણની તો શુદ્ધિ થાય છે જ.

પાવન દામોદાર કુંડની યાત્રા દુર્ગમ અને અસંભવ જેવી, જન માનવ - જાનવર - વૃક્ષો પણ કોઈ જગ્યા પર નથી મળતાં અને જીવનની આશા છોડી, વર્ષમાં ચાર - પાંચ સાધકો જતા હોય છે.

ભૂલોક પર ભગવાન નારાયણનું અનાદિ કાલીન આ સ્થાયી નિવાસ મનાય છે, જેમ શિવજીનું કૈલાસ. પરંતુ આ પૃથ્વીનું સ્વર્ગ મનાય છે. કૈલાસ માનસરોવર પણ આ પ્રદેશમાં છે. પરમ કૃપાળુ પરમાત્માની કૃપાથી આ યુગના ભૌતિક વિજ્ઞાનને લીધે આ યાત્રા કરવી શક્ય થઈ છે. દામોદરકુંડ એ તપોરત ભગવાન વિષ્ણુના ગંડ સ્થલમાંથી પ્રવાહિત ગંડકી નદીનું ઉદ્‌ગમ સ્થાન છે અને શાલિગ્રામ શિલાનું ઉદ્‌ગમ સ્થાન પણ આ જ છે - એટલે શાલિગ્રામ ક્ષેત્ર પણ અહીંયાં જ છે.

વારાહપુરાણમાં આનું અનુસંધાન મળે છે. ભગવાન નારાયણ ભગવતી વસુંધરાને કહે છે :

अहमस्मिन् महाक्षेत्रे धरे पूर्वमुखस्थितः।

शालिग्रामम् महाक्षेत्रं भूमे भागवतप्रियः॥

હે ધરે, ભાગવતોમાં પ્રિય હું નારાયણ અહીંયાં પૂર્વાભિમુખે સદા વાસ કરે છે.

અહીંયાં મારું પ્રિયસ્થાન ચક્રવાકતીર્થ દામોદરકુંડ છે, અને ચક્ર અંકિત શાલિગ્રામ શિલા, જયાં ત્યાં જોવામાં આવે છે. આ શિલામાં નિરન્તર હું વાસ કરું છું, આ ગોપ્ય છે તે જાણજો.

અહીંયાં દામોદરકુંડમાં જે ત્રણ રાત્રિવાસ કરે છે, તે અશ્વમેધ, વાજપેય અને રાજસૂય યજ્ઞનું ફળ પામે છે.

स्थलेऽस्मिन् वर्तते मूर्तिरूपा बहुरुपाय।

चर्तुविंशतभूतानां जातय सन्ति तत्रैव मुक्तिदा॥

निष्ठन्ति मूर्तयः सर्वा नानारूपा ह्यनेकशः॥

શિવજીએ કહ્યું કે હે પાર્વતિ, આ સ્થાનમાં મોક્ષ દેવાવાળા, ચોવીસ અવતારવાળા શાલિગ્રામની મૂર્તિ પ્રાપ્ત થાય છે અને બીજા દેવતાની મૂર્તિ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે આ તીર્થ વૈષ્ણવો માટે મહાપવિત્ર અને આસ્તિક ભક્તો માટે પરમ તીર્થ છે.

## મુક્તિનાથ માહાત્મ્ય

શ્રી મુક્તિનાથ ધામ, વૈષ્ણવોમાં, સર્વશ્રેષ્ઠ અને સર્વપૂજ્ય તીર્થ છે. શૈવમતમાં પણ મહત્વપૂર્ણ તીર્થ છે. ભગવાન શ્રીહરિ અહીંયાં પર્વતરૂપમાં અને ભગવાન શંકર પર્વતસ્થ શિવલિંગ સ્થિત છે. અહીંયાં નદી દેવિકા ગંડકી અને ચક્રવર્તીનો સંગમ છે. રાજર્ષિ ભરતે અહીં જ તપસ્યા કરી હતી અને વારહપુરાણ અનુસાર ગજગ્રાહનું યુદ્ધ અને ગજનો ઉદ્ધાર અહીં થયો હતો. જે ત્રિવેણી નદીમાં સ્નાન ઈત્યાદિ કરે છે અને શિવનું પૂજન કરે છે, તેનો પુનર્જન્મ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


થતો નથી.

तीर्थे त्रिधारे यः स्नात्वा संतृप्य पितृदेवता ।

महायोगिमभ्यर्चन् न भूयां जननभाग भवेत्॥

મુક્તિનાથ ધામ, શાલિગ્રામ ક્ષેત્રમાં જ છે. ગંડકી નદીને નારાયણી, શાલિગ્રામી પણ કહે છે - મુક્તિનાથ ૫૧ શક્તિપીઠોમાંની એક પીઠ છે. આ રીતે મુક્તિનાથ એ વૈષ્ણવ, શૈવ, શાક્ત, ગાણપત્ય અને સૌર, પાંચ પ્રકારના ઉપાસકોનું મહાન તીર્થ છે.

વારાહ-પુરાણમાં આનું વિશદ વર્ણન છે :

श्री विष्णुरुवाच :

अहं लोकहितार्थाय तपस्तपतु समुद्यतः।

त्वत दर्शन वरानभीपसन्य, त्वद्दर्शनसमुत्सुकः॥

त्वद्दर्शनमनुप्राप्य कृतार्थोऽसि जगत्पते।

શ્રી શિવ-ઉવાચ :

मुक्तिक्षेत्रमेव देव दर्शनाद्देव मुक्तिदम्।

गण्डस्वेदोद्भवो यत्र गण्डकी सरिता परा।।

भविष्यति न सन्देहो यस्या गर्भं भविष्यति।

सर्वे वेदाश्च यज्ञाश्च सर्वे तीर्थानि चाप्युतः॥

वसिष्यामि सदैवात्र गण्डक्यां जगतां पते।

तीर्थानां परमं तीर्थं मङ्गलानां च मङ्गलम्॥

स्मरणात् दर्शनात् स्पर्शात् निष्पापो जायते नरः।

यत्र सा परमा पुण्या गण्डकी भुक्तिमुक्तिदा॥

શ્રી વિષ્ણુએ શિવજીને પ્રણામ કરી કહ્યું :

હું સંસારની હિત કામનાથી તપ કરું છું. આપના દર્શનની બહુ ઉત્સુકતા હતી. જગત પ્રત્યે આપના દર્શનથી મારા મનોરથ સફળ થાય.

ભગવાન શંકર બોલ્યા, ''ભગવન્, આ મુક્તિક્ષેત્ર છે. આના દર્શનમાત્રથી મનુષ્યો મુક્તિના અધિકારી થઈ જાય છે. અહીં આપના કપાલમાંથી પ્રકટ થયેલી નદીઓમાં શ્રેષ્ઠ ગંડકી નદી થઈ છે, જેની અંદર, આપ સુશોભિત હશો - આમાં કોઈ સંશય નથી. આપ જગતના સ્વામી છો. આપનો જ્યારે અહીં નિવાસ હશે, તો આપના સંપર્કમાં શિવ, બ્રહ્મા અને સમસ્ત દેવતારૂપી યજ્ઞ, તીર્થ બધાં જ આ તીર્થમાં ગંડકીમાં નિવાસ કરશે. આ પરમ મંગળથી મંગળ છે. તેના સ્મરણથી, દર્શનથી, સ્પર્શથી મનુષ્ય પાપમાંથી છૂટી જાય છે. આની સમકક્ષ કોઈ વિધિ નથી. ભક્તિ - મુક્તિ આપવાવાળી, પરમ પુણ્યા ગંડકી છે. આ સ્થાન પરમ મંગલકર તીર્થ થશે.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# મુક્તિનાથ - દામોદર કુંડ યાત્રા - વિવરણ

- ગોપાલદાસ

હિમાલયમાં ફરવાની, બરફ આચ્છાદિત પહાડોનું દર્શન કરવાની, નાંચતાં કૂદતાં ઝરણાંઓ, લીલી હરિયાળી અને ઊંચાં દેવદારોનાં વૃક્ષો આ બધી સ્મૃતિ કૈલાસની યાત્રાની સ્મૃતિમાં હજુ તરવરે છે, તેથી હિમાલય જવા માટેની આંતરિક લાલસા બની રહેતી. અચાનક રમણરેતીના પ.પૂ. સ્વામી શ્રી ગુરુશરણાનંદજી મહારાજે દામોદરકુંડ અને મુક્તિનાથ જવા માટે સ્વામીજીને અને મને કહ્યું. સ્વામીજીને હાર્ટનો પ્રૉબ્લેમ હોવાથી જવાની ના પાડી, પણ મને અવશ્ય જવાનું કહ્યું, એટલે બધાં ફોર્મ ભરી, ડૉકટરી તપાસ કરી તૈયાર થઈ ગયો; પણ બે દિવસ પહેલાં સમાચાર આવ્યા કે નેપાલ સરકારની પરવાનગી નથી. નેપાલમાં જવા માટે ભારતીય નાગરિકોને પાસપોર્ટની જરૂર પડતી નથી, ફક્ત ફોટો, આઈ.ડી. જોઈએ. અમારી યાત્રા ફોર્મમાં એવું લખેલું કે ભારતીય નાગરિકના રૂા. ૭૫,૦૦૦/- અને બાકીના સૌએ રૂા. ૭૫,૦૦૦/- વત્તા ૭૦૦/- ભરવાના તથા તેમના જે તે દેશનો પાસપોર્ટ રાખવાનો રહેશે. આથી ગુરુશરણાનંદજીએ જ મને ભારતનું ફોટો આઈ.ડી. કરાવી લેવા કહ્યું.

ઑગસ્ટ ૩૦ના રોજ મારાં તથા પૂર્ણાનદજીનાં તમામ કાગળિયાં તૈયાર થઈ ગયાં. ગુરુશરણાનંદજીને મેં ફોન કર્યો કે હું આ કાગળો આપવા આવું છે. એમણે કાર મોકલી. તેમાં હું સ્વામીજી સાથે ગયો. મારા કાગળો જોયા. મેં કહ્યું મારી તૈયારી હજી બાકી છે, નડીયાદથી મારાં ગરમ કપડાં, બૂટ વિ. મંગાવવાનાં છે. તો કહે, "તુમકો ક્યા ચાહિએ.... મૈં સબકુછ દૂંગા," અને અંદરથી સુંદર પીળું જાડું સ્વેટર આપ્યું. પછી મોટો ઓવરકોટ આપવા માંડ્યા. મેં ના પાડી, બુટ નેપાલથી ખરીદી લઈશું તેમ કહ્યું. થોડીવાર બાદ મને કહે, "ઈસ યાત્રામેં, બેટા, હો સકે ઉતના મૌન રખના ઔર ખૂબ જપ કરતે રહના. ક્યા જપ કરના કૈસે કરના, વો સબ યે (ભાસ્કરાનંદજી તરફ આંગળી કરીને) બતાયેંગે." પછી કહે, "સંધ્યા કરતે હો ?" મેં હા પાડી. તો કહે પંચપાત્ર હૈ ? મેં ના પાડી. ત્યારે ખોટો ગુસ્સો કરી કહે, "તો ફિર કૈસે સંધ્યા કરતે હો ? એક મિનિટ રુકો" કહી અંદર ગયા. વેલવેટનું જ્વેલરી બોક્સ લઈ આવ્યા. તેમાં ચાંદીનાં પંચપાત્ર હતાં. મને તે આપ્યું. મેં ના પાડી પરંતુ આગ્રહથી આપ્યું. ગુરુશરણાનંદજીનો આવો પ્રેમ મેળવી અમે વૃંદાવન પાછા ફર્યા. બીજે દિવસે ગુરુવાર ૩૧ ઑગષ્ટ હતી. વહેલી સવારથી ૯ વાગ્યા સુધી સ્વામીજી મૌન રાખતા, છતાં તે દિવસે ઉઠી સ્નાનાદિથી પરવારી આસન પર નિત્યકર્મ પાઠ - જપ કરવા બેઠા. મને બોલાવ્યો. સામે બેસાડી કહે, "આજે હું બોલીશ. તું મુક્તિનાથની યાત્રામાં જાય ત્યારે ..... વિ.વિ. સમજાવ્યું." આશ્ચર્ય એ કે મશીનની જેમ ખૂબ જપ થવા માંડ્યા. બહુ પ્રયત્ન પણ કરવો પડતો નહીં અને આનંદ આવતો. આ સ્થિતિ તે દિવસથી શરૂ થઈ તે મુક્તિનાથ દામોદર કુંડની યાત્રા પૂરી કરી દિલ્હી આવ્યો ત્યાં સુધી રહી. આ બધી કૃપા સ્વામીજીની ! હજી પણ તે યાદ કરીને આ લખું છું ત્યાં આંખોમાં પાણી આવી જાય છે. બપોરે જમીને અમે સ્વામીજીને પ્રણામ કરીને રમણરેતી જવા નીકળ્યા. સાંજે નીકળતાં પહેલાં અમને યાત્રીઓને એક મોટી અને એક નાની બૅગ આપવામાં આવી. માથા પર પહેરવાની હૅટ તથા ગરમ ટોપી મને આપી. સાંજે સ્વામીજીની પૂજા થઈ, નાનું મંદિર, તુલસીનાં કુંડાં વિ. ખૂબ સામાન સાથે અમે ઉપડ્યા. બે બસો કરી. દિલ્હીથી માતૃભક્તો રજતભાઈ તથા અમલાબહેન પણ આવ્યા હતાં. ગુરુશરણાનંદજી અમારી બસમાં જ હતા. રસ્તામાં ઠેર ઠેર મથુરા, ફરીદાબાદ, વિ.વિ. જેવા ગામોમાં બસોને રસ્તામાં રોકાવતા. લોકલ ભક્તો હાર-તોરા, બૅન્ડ વાજાં, અને ખૂબ ખૂબ પ્રસાદ લઈ આવેલા. અમને સૌને હાર પહેરાવ્યા, સૂકામેવાના પૅકેટ, ગળ્યું દૂધ, ફળો, પેંડા, વિ. ખૂબ આપ્યાં.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દિલ્હીમાં ગુરુશરણાનંદજીનો આશ્રમ છે. ત્યાં તો ખૂબ જ ભીડ હતી. ચાર બ્લૉકસ દૂરથી સ્વામીને વાજતે ગાજતે લઈ ગયા ફૂલો ઉછાળતા હતા.

બીજા દિવસે ૯ વાગે એરપોર્ટ જવા નીકળ્યા. સ્વામીજી પણ અમારી સાથે હતા. બસ ઉપડતાં પહેલાં ભક્તોની ભીડ તેમને પ્રણામ કરવા આવી. સ્વામીજીએ મને એક પૅકેટ પકડાવી દીધું. મેં પ્રસાદ માની ખિસ્સામાં મૂકયું. પછીથી જોયું તો તે એક લાલ બટવા જેવું હતું, જેની અંદર ચાંદીના બે સિક્કા હતા. દિલ્હી એરપોર્ટ પર ભીડ ખૂબ હતી. અમે અંદર પહોંચ્યાં. મહારાજ છેક આગળ દરવાજા પાસે બેઠા હતા. મને જોતાં જ મારો બોર્ડિંગ પાસ માગી બીજો લાલ આપ્યો, જે ફર્સ્ટ ક્લાસનો હતો. કાઠમાંડુની ફ્લાઈટ ફક્ત દોઢ કલાકની હતી. ત્યાંથી ૨૦ જણાની કેપેસીટી વાળા નાનાં પ્લેનોમાં પોખરા ગયા. સાંજ સુધીમાં સૌ પોખરા આવી ગયાં. અહીંથી યાત્રાની અવ્યવસ્થા - ગૂંચવણો શરૂ થઈ.

૬ વાગે જોમસોમ જવા નીકળી ગયા. નીકળતાં પહેલાં સૌને એક થાળી, બે વાડકી, ૧ ગ્લાસ વિ. આપ્યાં. પોખરાથી ફરીથી ૨૦ જણાના પ્લેનમાં બેસી અમે જોમસોમ આવ્યા. પોખરામાં તળાવ છે. ટુરીસ્ટ પ્લેસ છે. જોમસોમમાં પણ હોટેલ્સ અને દુકાનો, અહીં સવારના થોડાક કલાકો જ પ્લેન આવી શકે છે. પછી એર ટ્રાફિક બંધ થાય છે. અમે ૩ ગ્રુપમાં આવ્યા એ વાદળાં પવન શરૂ થઈ ગયાં આથી બાકીના લોકો આવી ના શક્યા.

જોમસોમમાં પણ સુંદર હોટેલોમાં બધાંને રહેવાનું હતું. વાદળાં અને વરસાદ હોવાથી અમને બે દિવસ અહીં રહેવું પડ્યું. એક દિવસે અમે જમ્યા બાદ ગંડકી નદીમાં શાલિગ્રામ શોધવા ગયા. સ્વામીજીએ અમને ગોળ લખોટી જેવા શાલિગ્રામ શોધી લાવવા કહ્યું ચારે તરફ મોટા પહાડો હતા, વચ્ચે મોટું વિશાળ મેદાન હતું અને તે નદીના પટમાં અમે હતા. તડકો સુંદર હતો પરંતુ પવન અને ઠંડી હતી. ખાસ શાલિગ્રામ મળ્યા નહીં. પરંતુ બહાર ફરવાનું સુંદર લાગ્યું. જોમસોમથી બરફના પહાડો એકદમ નજીક દેખાય છે.

જોમસોમથી મુક્તિનાથ હેલિકૉપ્ટરમાં ગયા. નેપાલ એરફોર્સનું રશિયન બનાવટનું મોટું હેલિકૉપ્ટર હતું. જેમાં ૨૦ થી ૨૫ લોકો સામાન સાથે બેસી શકતા. તેમાં ૧૫ મિનિટમાં તો મુક્તિનાથ આવી ગયા ત્યાં બધા સાધુ - મહંતોને સારી સારી રૂમો આપી ગુરૂશરણાનંદજી એક ૧૫૦ વર્ષ જૂની - ભંગાર - તુટેલી ધર્મશાળામાં રહ્યા. હું પણ તેમની સાથે તેમની રૂમમાં જ રહ્યો. આમ તમે ગુરુશરણાનંદજીને મળો તો રાજસિક ઠાઠથી રહેતા સ્વામી લાગે. તેમનાં પૂજાનાં સાધનો સોના-ચાંદીના, પાદુકામાં પણ નંગ જડેલાં છે, તેમની ઉપર રાજા - મહારાજા જેવી છત્રી ધરીને સૌ ચાલતા હોય. વિદ્વાન અને ભક્ત પણ ખરા. તે સ્વામી આ ધર્મશાળામાં રહ્યા. અમારી આ ધર્મશાળામાં મોટા મોટા ઓરડા હતા. લાઈટ, પાણી, બાથરૂમ, સંડાસ હતાં નહીં. બારી હતી પરંતુ બારીના દરવાજા તૂટી ગયા હતા. ઉપરની સીલીંગ જે ધૂમાડાથી કાળી પડી ગઈ હતી. આવી જગ્યામાં એક ખૂણામાં સ્વામીજીએ તેમનું સ્થાન બનાવ્યું. એમની બાજુમાં ૪ ફુટ દૂર મારો બિસ્તર પાથરવામાં આવ્યો. આખો વખત સ્વામીજીનો સત્સંગ - વાતો થતી, જેનો ખૂબ જ આનંદ આવતો. પછી તેમની પૂજાનાં દર્શન થયાં. મારો ખૂબ ખ્યાલ રાખતા ૨૦૦ જેટલા યાત્રીઓનું ગ્રુપ હતું, જેમાં ૬૦ સાધુઓ, ૧૪૦ ગૃહસ્થો, તેમાં સફેદ કપડાંવાળો હું, સાધુઓમાં જુદો તરી આવતો અને તેમાંય ગુરુશરણાનંદજીનું વિશેષ ધ્યાન. આથી ઘણાને એમ લાગતું કે આ તેમનો મુખ્ય શિષ્ય હશે. મુક્તિનાથમાં નારાયણનું મંદિર છે. પાછળથી જ પહાડમાંથી ગંડકી નદી નીકળે છે. નદીની ધારા મંદિર તરફ વળીને ગાયનાં મુખમાંથી ૧૦૮ ધારાઓ પડે તેવું હતું. અમે એક દિવસ સૌ ત્યાં ગયા. ૧૦૮ ધારામાં ચાલી બરફ જેવા ઠંડા પાણીમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


નાહ્યાં. બહુ ઠંડુ પાણી હતું. માથું ફાટી તમ્મર આવી જાય તેવું થયું, તેથી ૫૪ ધારા સુધી તો માથું પલળે તેમ સ્નાન કરતો ઝડપથી ચાલ્યો પછી ધારાઓ ખભા ઉપર પડવા દીધી. આવી રીતે બધાંએ સ્નાન કર્યું. બીજા દિવસથી લગભગ સૌને શરદી ઉધરશ કફ થઈ ગયેલાં. મુક્તિનાથના મંદિરના આંગણામાં ભવ્ય પૂજા થઈ. મંદિરના મોટા શાલિગ્રામને બહાર લાવી તેનો અભિષેક કર્યો. ગુરુશરણાનંદ તથા બીજા મહંતોએ આ બધી પૂજા કરી. પછી ચાંદીનાં તથા સોનાનાં ૧૦૮ તુલસી પાન ચડાવ્યાં. ભવ્ય ભોગ અને આરતી થયાં. મને સ્વામીજીએ તુલસી તૈયાર કરાવી સાથે લઈ જવાનું કહેલું. તે મુજબ વૃંદાવનમાં શ્લોક બોલી તુલસી તોડી, ધોઈ, સૂકવી, ચંદન, કાળાતલ લગાવી - સૂકી થઈ એટલે ડબામાં ભરી સાચવીને લાવેલો, તે તુલસી મેં દામોદર કુંડમાં પધરાવી. અહીં મુક્તિનાથ ભગવાન ઉપર, મારા માટે તુલસી પૂર્ણાનંદજી તૈયાર કરી લાવેલાં. તે એક પાન, શ્લોક-મંત્ર બોલી - સર્વને, યાદ કરી ચડાવેલાં. બીજા દિવસે ત્યાં જ એ મંદિરમાં શિવજીનો અભિષેક-પૂજા થયાં. તે દિવસે આખા મુક્તિનાથ ગામનાં બધાંને જમાડ્યાં.

મુક્તિનાથમાં એક મહત્ત્વની ઘટના બની તે લખવાની રહી ગઈ. અમે જે દિવસે આવ્યાં અને જૂની ધર્મશાળામાં રહ્યાં ત્યાં બાથરૂમ તો હતી નહીં. સવારે ઊઠ્યા. ગુરુશરણાનંદજી સ્ટીલનું ડોલકું લઈ અંધારે જંગલમાં જઈ સ્નાન કરી આવ્યા. એ આવ્યા અને મને કહે, "ઉઠ ગયે ?" મેં હા પાડી. પછી કહે, "જાઓ શૌચ - સ્નાન કર આઓ. ઇસ મકાન કે પીછે બાયેં સે રાસ્તે મેં જાના, વહાં સુંદર ઝરના હૈ ઔર આગે નીચે શૌચ જા સકોગે. ડબ્બા હૈ ?" મેં ના પાડી એટલે તેમનું ડોલકું આપ્યું. તે લઈ હું પાછાળ ગયો. સવારની ઠંડી હતી. બરફના પહાડો દેખાતા હતા. અજવાળું પૂરું થયું ન હતું. મેં ઝરણા નજીક એક પત્થરને લાત મારી. એ જરા મોટો કાળો હતો. એટલે આતુરતાથી ઉઠાવી જોયો. એ શાલિગ્રામ હશે એવું લાગ્યું. એને બાજુમાં મૂકી સ્નાન શૌચ પતાવી, પત્થર લઈ રૂમમાં આવ્યો. સ્વામીજીને પૂછતાં સંકોચ થયો. છેક સાંજે સ્વામીજીને સંકોચાતાં બધી વાત કરી. એમણે તે પત્થર મંગાવી જોયો. મને કહ્યું, "યે તો બડા અચ્છા શાલિગ્રામ હૈ. પૂજા મેં રખને લાયક હૈ."

મને થયું કે ભગવાન શાલિગ્રામ સવારના પહોરમાં મારા શોધ્યા વગર સૌથી પહેલાં મારી પાસે આવ્યા. અમારા આખા ગ્રુપમાં મુક્તિનાથમાં સૌ પહેલાં શાલિગ્રામ મને મળેલા. સ્વામીજી દરરોજ સાંજે સત્સંગ-પ્રવચન કરતા તે દિવસે પ્રવચનમાં કહ્યું, "યહાં ખૂબ શાલિગ્રામ મિલતે હૈ, હમારે એક સંત કો સુબહ શૌચ જાતે સમય શાલિગ્રામ મિલા !" શાલિગ્રામ એક પ્રકારના ફોસિલ્સ છે. શંખ અને છીપની છાપ પડી હોય તેમ ચક્ર કહે. શાલિગ્રામ કાળા પત્થરના હોય. રોજ સત્સંગમાં મને કહે - "બેટા, મેરે લિએ તુમ શાલિગ્રામ ઢૂંઢના" એક દિવસ હું અને બીજા યુવાન સાધુ શાલિગ્રામ શોધવા નીકળ્યા. મને ૬૫ અને તેમને ૨૫ થી ૩૦ મળ્યા.

બીજા દિવસે સવારે ગુરુશરણાનંદજીને મારા શાલિગ્રામ બતાવ્યા, જેમાંથી એમણે ૪૫ જેટલા રાખી લીધા. મને કહે આ ધોઈ - કોરા કરી, સુગંધ લગાડી અને મને આપજે. મેં તે મુજબ કર્યું. તેમણે યાત્રીઓને ચાંદીની ડબીમાં ચાંદીના તુલસીપત્ર સાથે એક શાલિગ્રામ આપ્યું મને પૂછ્યું તને આપું ? મેં ના પાડી. શાલિગ્રામ લઈને તેની પૂજા કરવી પડે. મેં કહ્યું મારે તો સ્વામીજીની સેવામાં જ બધું આવી ગયું. તો કહે ખાલી ડબ્બી આપું ? મેં તેની પણ ના પાડી.

મુક્તિનાથમાં ત્રીજા દિવસે સવારે મને કહે, "ચલો" એટલે અમે બહાર નીકળ્યા. તેમનું કમંડળ મેં ઉપાડી લીધું અને તેઓ મારા ખભે હાથ મુકી ચાલવા લાગ્યા. તેમના બીજા ભક્તો ધસી આવ્યા મદદ કરવા તથા સ્વામીની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


સાથે જવા. તો સૌ ને કડક અવાજમાં રોક્યા, "હમારે પીછી પીછે કોઈ નહીં આવે." અમે વાતો કરતા મુક્તિનાથના મંદિર તરફ ચાલ્યા. મને ખબર ન હતી કે શું કાર્યક્રમ છે. પરંતુ અમે છેક મંદિરે પહોંચી ગયા. આખા રસ્તે વાતો કરવાની મઝા આવી. મને કહે, "તુમકો ઔર કુછ કરને કી આવશ્યકતા નહીં હૈ."

મને કહે, "હમારી ઈચ્છા તુમકો દામોદર કુંડમે એક રાત્રિ રહને કા કહને કી હૈ" હું ખુશ થયો. ઠંડીના હિસાબે બધાંને ૩૦ મિનિટ માટે દામોદરકુંડથી પાછા મુક્તિનાથ લાવવાના હતા.

આ તરફ એક ભક્ત બહેનની તબિયત સારી નહોતી તેમને ખાસ હેલિકોપ્ટરમાં બેસાડી અહીં લાવેલા. તેમને લઈ જઈ સારી રીતે મુક્તિનાથની પૂજા કરાવી. આ સમયે હું, અમલાબેન અને રજતભાઈ હાજર હતા. અમે ફક્ત ૮-૯ જણે શાંતિથી પૂજા કરી. ગુરુશરણાનંદજીની સાથે આવી સુંદર પૂજા કરવાનો લ્હાવો મળ્યો.

દામોદર કુંડ જવાનું અઘરું હતું. નેપાલ એરફોર્સ ગ્રીન (રશીયન મોડલ) હેલિકોપ્ટરમાં ૨૦ માણસો લઈ ઉપડે. ખૂબ ઊંચે જાય લગભગ ૨૦,૦૦૦ ફીટ. સુધી અને પર્વત ઓળંગી પાછળ ઉતરે. દામોદર કુંડ લગભગ ૧૬,૦૦૦ ફીટની ઉંચાઈ પર છે. પહેલાં ૨૦ જણાને લઈ હેલીકોપ્ટર જાય અડધે રસ્તે એક સપાટ મેદાન ઉપર ૧૦ ને ઉતારી ઉપર આગળ જાય. પછી આ બાકીના ૧૦ ને ઉતારી આવે. અમે ગયા ત્યારે બપોર હતી. પરંતુ વાદળો અને પવનના લીધે અંધારુ થઈ જશે એવું લાગ્યું. ઠંડી ખૂબ હતી. દામોદરકુંડ ખૂબ નાનું સરોવર છે. માનસરોવરની પરિધિ ૭૬ કી.મી. છે. જ્યારે દામોદર કુંડની પરિક્રમા પાંચ -દસ મિનિટમાં કરી શકાય. અમે ડુબકીઓ લગાવી સ્નાન કર્યું. સ્વામીજી, માં, સંતરામ મહારાજ, કુટુંબીજનો, સત્સંગીઓ સર્વેને યાદ કર્યાં. સ્વામીજીએ લખી આપેલ મંત્ર બોલી બોલીને એક એક કરીને તુલસીનાં પાન કુંડમાં પધરાવ્યાં. એક બોટલ પાણી ભરી લીધું. દોડીને હેલિકોપ્ટરની જગ્યા (હેલીપેડ) પાસે આવી બેઠા ! ત્યાં તો શેરપાઓએ ગરમ ચા, બિસ્કીટ આપ્યાં. પછી ગરમ ખીચડી ખાવા આપી. પાણી પણ આપ્યું. મારે શાંતિથી બેસી જપ કરવા હતા પરંતુ ગ્રુપના સભ્યો બહુ ઉત્સુક હતા, આથી શાંતિ ન હતી. ચારે તરફનાં શિખરો પર બરફ હતો, પવન સારો હતો. વળતાં હેલિકોપ્ટર અમને લઈ, સીધું જોમસોમ ગયું. મુક્તિનાથ દામોદરકુંડ જોમસોમમાં ૩ દિવસ રહ્યા. રોજ ભંડારા અને સાંજે સત્સંગ થાય. હેલિકોપ્ટરમાંથી નીચે પહાડો, નદીઓ, ઝરણાં, કોતરો વિ.નું બહું સુંદર દૃષ્ય જોવા મળતું. એક મોટા વિસ્તારમાં અમેરિકાના ગ્રાઉન્ડ કેન્યોન જેવા મોટા મોટા કોતરો હતા. હિમાલયની એક સુંદરતા એ છે કે અહીં ઠેરઠેર પાણીનાં નિર્મળ ઝરણાં અને ધોધ જોવા મળે. રોજ સાંજે જોમસોમમાં સત્સંગ થતો. એક દિવસ કોઈ પ્રશ્નના ઉત્તરમાં એક વાર્તા કહી જેનો સાર હતો. ભગવાન જે કાંઈ કરે છે તે સારું જ હોય છે. શરૂમાં આપણને લાગે છે કે ઠીક ના થયું, મને અન્યાય થયો વિ. પરંતુ અંતમાં ખબર પડે કે સારું જ થયું.

હવે યાત્રાથી થાક્યો હતો. ઘર (સ્વામીજી) યાદ આવતા હતા. ૨૧મીએ બે નાનાં પ્લેનો બદલી કાઠમાંડુ આવ્યાં ત્યાંથી ઈન્ડીયન એરલાઈન્સના મોટા પ્લેનથી દિલ્હી આવી ગયાં. ત્યાં યાત્રીઓનું ફરીથી બેન્ડવાજાથી સ્વાગત થયું. હું દહેરાદુન ગયો અને સ્વામીજીને મળ્યો. આમ બાર દિવસની યાત્રા બહુ સારી રીતે પૂરી થઈ. આવી સુંદર યાત્રા સ્વામીજીની કૃપા વગર થઈ શકી હોત નહીં.

બધા સંકલ્પોની પૂર્ણાહૂતિ હોય છે, તેમ, આ પ્રવાસ પણ પૂરો થયો, અને નિર્વિઘ્ને બધું પૂરું થયું તેની શાંતિ પરમાત્મા મને આપે. આવો આધ્યાત્મિક સંકલ્પ આ પથ પર અગ્રેસર થવા માટે પ્રગટ થતો રહે તેવી પ્રાર્થના સાથે વિરમું છું.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# અઘટન આજે પણ ઘટે છે.

(એક સત્ય કથા)

- પરિવ્રાજક

અમરનાથની યાત્રામાં ઘણી વાર બરફનાં તોફાનોમાં બરફના પહાડો ધસી પડતા, જાનમાલનું નુકશાન થયાના સમાચારો તો સાંભળીએ જ છીએ. આવી એક હોનારત ૧૯૯૫માં બની હતી, અને લગભગ ૧૨૫ થી ૧૩૦ માણસો બરફ નીચે દબાઈને મૃત્યુ પામ્યા હતા. મૃતકોની યાદી તેમનાં સ્વજનોને મોકલી આપવામાં આવી હતી. આ યાત્રીઓમાંથી એક ભક્ત કેવી અદ્‌ભુત રીતે સંતની અને ભગવાનની કૃપાથી બચી ગયા તેની આ કહાણી છે. તેમને મુખેથી સાંભળેલી આ એક સત્ય ઘટના છે.

આ ભાઈ બરફના અંતરાલમાં વહેતા તણાઈ આવ્યા. એમને એક કુટીયામાં એક સિદ્ધ સંતે જડી બુટ્ટીથી જીવનદાન આપ્યું. છ મહીના સુધી એમને સ્મૃતિ ન હતી કે પોતે ક્યાં છે, કેવી રીતે બચ્યા છે. છ મહીના બાદ સ્મૃતિ જાગૃત થઈ અને પહેલી જ વાર એમણે પૂછ્યું "હું ક્યાં છું ?" ત્યાં રહેતા સંતે કહ્યું, "તમે નદીમાં તણાતા આવતા હતા અને અહીંયાં રહેતા સંતે તમને બચાવી આશ્રમમાં રાખ્યા હતા. સ્વસ્થ થયા બાદ તમે બધું જ કામ તેમને કહેવામાં આવ્યા પ્રમાણે કરતા, ફક્ત દ્વાદશ અક્ષરનું તમે રટણ કરતા હતા." આ મંત્ર એ ભક્તને શ્રી ડોંગરેજી મહારાજે આપ્યો હતો. ત્યાર પછી એ સંત નામે લક્ષ્મણદાસ એમને પાછળની નાની કુટિયામાં લઈ ગયા, જ્યાં એક મહાત્મા જમીનથી અદ્ધર સિદ્ધાસનમાં વિરાજમાન હતા. એમની દૃષ્ટિમાં કરુણા હતી. એમણે કહ્યું, "હવે અહીંયાં જ રહો અને આધ્યાત્મિક જીવન યાપન કરો."

થોડા સમય પછી સંત લક્ષ્મણદાસે એમને કહ્યું કે પાછળ રહેતા મહાત્મા તમને યાદ કરે છે. એટલે તેઓ તે કુટિરમાં ગયા, જ્યાં એ મહાત્મા પૂર્વવત્ત સિદ્ધાસનમાં જમીનથી અદ્ધર વિરાજમાન હતા. એમણે ભક્તને પૂછ્યું, "તમારું સંસારમાં કોણ છે ?" ત્યારે ભક્તે બધી વિગતો કહી અને ઉમેર્યું કે એક પુત્રીનાં લગ્ન બાકી છે. મહાત્માએ કહ્યું કે તમે સંસારની જવાબદારી પૂરી કરી આ જ જીવન યાપન કરજો.

પેલા સંત લક્ષ્મણદાસને મહાત્માએ કહ્યું, "આમને હરદ્વાર થઈને મુંબઈ સુધી પહોંચાડી આવો." અત્યાર સુધી એ ભક્ત ટાટ (કંતાન) પહેરતા, પણ એમને લક્ષ્મણદાસે ધોતિયું - પહેરણ આપ્યાં. પછી એમને સાથે લઈને નીકળ્યાં. આશ્ચર્ય કે થોડી જ ક્ષણોમાં એ લોકો હરદ્વારના સ્ટેશન પર ઊભા હતા. લક્ષ્મણદાસે એમને મુંબઈ સુધીની ટિકિટ, રસ્તા માટે ફળ - મિઠાઈ આપ્યાં, તે ઉપરાંત આગળ ઘેર જવા માટે રૂ. ૫૦૦/- પણ આપ્યા, અને એકાએક ભીડમાં અદૃશ્ય થઈ ગયા.

ઘેર પહોંચ્યા ત્યારે સૌને અત્યંત આશ્ચર્ય થયું. જ્યારે ભક્તે સમસ્ત ઘટના સંભળાવી ત્યારે સહુએ ઈશ્વરનો આભાર માન્યો. સમય જતાં પુત્રીનાં લગ્ન થઈ ગયાં ત્યારે એમણે ધર્મપત્નીને કહ્યું, "ચાલો આપણે પહેલાં સંતના દર્શન માટે જઈએ" ઋષિકેશ પહોંચીને તપાસ કરતાં ખબર પડી કે ઋષિકેશમાં આવી કોઈ કુટિયા કે સંત કોઈએ જોયા નથી, એટલે તેઓ પાછા ફર્યાં.

થોડા સમય પછી ઓમ્‌કારેશ્વરમાં આવીને સ્વામી કેદારનાથજીને મળ્યા. નર્મદા મૈયાને કાંઠે એકાંત સ્થાન હોવાથી "શ્રી શ્રી આનન્દમયી તપોભૂમિ"માં રહી ગયા. હાલમાં પણ ત્યાંજ છે અને ત્યાં પણ એમને એ મહાત્માનાં દર્શન થાય છે. આવા ભૌતિકયુગમાં આજે પણ આવી પ્રત્યક્ષ ઘટના બને છે જેનું આ પ્રત્યક્ષ પ્રમાણ છે.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# શ્રીમદ્ ભગવદ્ ગીતા

પ્રવક્તા : સ્વામી વિદિતાત્માનંદજી

સંકલન : હીના સંઘવી

(ગયા અંકથી ચાલુ)

लोकेऽस्मिन् विविधा निष्ठा पुरा प्रोक्ता मयानघ।

ज्ञानयोगने सांख्यानां कर्मयोगेन योगिनाम् ॥

હે નિષ્પાપ ! આ લોકમાં જ્ઞાનયોગી જ્ઞાનીઓની અને કર્મયોગી યોગીઓની (એમ) બે પ્રકારની નિષ્ઠા મેં પહેલાં કહી છે. (ભ.ગી. ૩/૩)

ભગવાન જાણી ગયા કે અર્જુન નિષ્પાપ છે, પાપરહિત છે, નહીં તો આપણા જેવા સામાન્ય માણસ તો ન સમજ્યા હોઈએ તો યે જણાવીએ કે ''હા, બરાબર છે, સાચી વાત છે.' તો પછી આપણે શીખી જ ના શકીએ ને ! પણ અર્જુનને દેખાવ કરવામાં જરા યે રસ નથી. એને જ્ઞાનમાં ઉન્નતિમાં રસ છે. તેથી તેણે સાચી વાત જણાવી. અને તેથી ત્રીજા અધ્યાયમાં ભગવાને તેને કર્મયોગનું સુંદર શિક્ષણ આપ્યું.

પછી, ચોથા અધ્યાયના પ્રારંભમાં કહે છે :

इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम्।

विवस्वान्मनवे प्राह मनुरिक्षाकवेऽब्रवीत्॥

(પહેલાં) મેં આ અવિનાશી યોગ સૂર્યને કહ્યો હતો,

સૂર્યે મનુને કહ્યો અને મનુએ ઈક્ષ્વાકુને કહ્યો. (ભ.ગી. ૪/૧)

આમ, ભગવાને અર્જુનને ત્રીજા અધ્યાયમાં જે જ્ઞાન આપ્યું તેની મહત્તા બતાવી. જો આ જ્ઞાન મેં અગાઉ સૂર્યને આપ્યું હતું. આમ જ્ઞાન તો પરંપરાથી અનાદિકાળથી ચાલતું આવે છે. એ જ્ઞાન મેં તને આપ્યું.' એટલે વળી પાછી અર્જુનને શંકા થઈ. 'ભગવાન ! આપ કહો છો આદિકાળમાં આ જ્ઞાન આપે વિવસ્વતને આપ્યું. પરંતુ આપનો જન્મ તો અત્યારના કાળમાં થયો છે. આપ મારાથી ઉંમરમાં બહુ મોટા નથી.' 'બન્ને મિત્રો હતા, સખા હતા. તેથી સ્વાભાવિક રીતે અર્જુનને શંકા થઈ. તો પછી એવું કેવી રીતે બને કે સૃષ્ટિના પ્રારંભકાળમાં આપે આ જ્ઞાન આપ્યું?' એટલે ભગવાને અર્જુનને અવતારનું સુંદર રહસ્ય સમજાવ્યું. જો અર્જુન આવો સરળ ન હોત તો આપણને આ જ્ઞાન મળ્યું ન હોત. ચોથા અધ્યાયમાં ભગવાને આ રીતે જ્ઞાનની વાત કરી. વળી પાછો અર્જુન પ્રશ્ન કરે છે અને આમ પાંચમા અધ્યાયનો પ્રારંભ થાય છે.

अर्जुन उवाच :

संन्यास कर्मणां कृष्ण पुनर्योगं च शंससि।

चच्छ्रेय एतयोरेकं तन्मे बूहि सुनिश्चितम् ॥

હે કૃષ્ણ ! (એક બાજુ) તમે કર્મોના યોગની પ્રશંસા કરો છો તો એ બંન્નેમાંથી જે કલ્યાણકારી હોય તે એક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મને સારી રીતે નિશ્ચિત કરીને કહો (ભ.ગી. ૫/૧)

હે ભગવાન ! એક બાજુ આપ, કર્મના સંન્યાસની, કર્મના ત્યાગની પ્રશંસા કરો છો અને બીજી બાજુ, 'તું કર્મ કર, કર્મ કર એમ મને કહો છો, કર્મની પ્રશંસા કરો છો ! મને કાંઈ સમજ નથી પડતી.'

વિચાર કરો, ભગવાન કેવા હશે ! 'મારે યુદ્ધ નથી કરવું' એમ કહી આરંભમાં અર્જુને હથિયાર હેઠાં મુકી દીધાં. કહેવા લાગ્યો 'હું તો સાધુ બનવા તૈયાર છું. श्रेयो भोक्तुं भैक्ष्यमपीह लोके। हत्वार्थकामांस्तु गुरूनिहैव भुञ्जीय भोगान् रुधिरप्रदिग्धान्॥ ગુરુજનોના લોહીથી ખરડાયેલા ભોગને ભોગવવા એના કરતાં હું તો સાધુ બની જઈશ. બસ, ભગવાન ! મને સંન્યાસની દીક્ષા આપી દો.' પરંતુ ભગવાન એને યુદ્ધ કરવાનું કહે છે, એને સંન્યાસની દીક્ષા આપતા નથી, છતાં યે પાછા એની આગળ સંન્યાસની પ્રશંસા કર્યા કરે છે ! એક બાજુ ભગવાન, અર્જુનને કહે છે, 'સંન્યાસી તો બનવું જ જોઈએ.' બીજી બાજુ કહે છે, 'તું તો કર્મ જ કર.' અર્જુન મુંઝાય છે. અને એ રીતે જાણે કે આડકતરી રીતે મને કહો છો મારે સંન્યાસી બનવું જોઈએ અને પાછા 'તું કર્મ કર', સૂચના મને એવી આપો છો !' જે લોકો તબીબી શાખામાં જાય તે ડૉક્ટર થઈને ખૂબ બધા રૂપિયા કમાય, પણ 'તું તો વાણિજ્ય શાખામાંથી' એના જેવું આપ કહો છો ! પ્રશંસા એકની કરો છો ને જાતે બીજું કરવાનું કહો છો ! આમ, વળી પાછો અર્જુનને પ્રશ્ન થયો - સંન્યાસ, કે કર્મયોગ ? એટલે ભગવાને પાંચમા અધ્યાયમાં સુંદર વિવેચન કર્યું છે. 'એવું નથી કે સંન્યાસ અને કર્મયોગ જુદા છે. બંન્ને એક જ છે. પણ 'તું તો વાણિજ્ય શાખામાંથી' એના જેવું આપ કહો છો ! પ્રશંસા એકની કરો છો ને જાતે બીજું કરવાનું કહો છો ! આમ, વળી પાછો અર્જુનને પ્રશ્ન થયો - સંન્યાસ કે કર્મયોગ ? એટલે ભગવાને પાંચમા અધ્યાયમાં સુંદર વિવેચન કર્યું છે. 'એવું નથી કે સંન્યાસ અને કર્મયોગ જુદા છે. બંન્ને એક જ છે, પણ તું હમણાં કર્મ કર. કર્મયોગનો પ્રારંભ કરીશ તો તું સંન્યાસ માટે બરાબર તૈયાર થઈ જઈશ. પછી તું સંન્યાસી બની જઈશ.' એમ કહીને ભગવાન પાંચમા અધ્યાયની સમાપ્તિ કરે છે.

તે પછી અર્જુન પૂછે છે, 'હું યોગી સંન્યાસી બની જાઉં તો કેવું જીવન જીવવાનું થાય ? છઠ્ઠા અધ્યાયમાં ભગવાન આનું વર્ણન કરે છે.

योगी युञ्जीत सततमात्मातं रहसि स्थितः।

एकाकी यतचित्तात्मा निराशीरपरिग्रहः॥

યોગીએ એકાંતમાં એકલા રહી ચિત્તને તથા શરીરને વશ કરીને, આશારહિત અને પરિગ્રહરહિત બનીને અંતઃકરણને સદા (યોગાભ્યાસમાં) જોડવું. (ભ.ગી. ૬/૧૦)

જો, આવું થવું પડશે. તો સંન્યાસી બન્યો કહેવાય. માત્ર ભગવાં કપડાં પહેર્યે સંન્યાસી ન થવાય. ભગવાન સંન્યાસીના જીવનનું, યોગીના જીવનનું સુંદર નિરૂપણ કરે છે :

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि।

ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः॥

યોગયુક્ત અંતઃકરણવાળો અને સર્વત્ર સમદૃષ્ટિવાળો, સર્વ પ્રાણીઓમાં પોતાને અને પોતાનામાં બધાં પ્રાણીઓને રહેલાં જુએ છે. (ભ.ગી. ૬/૨૦)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


જે સર્વ પ્રાણીઓમાં રહેલા આત્માનાં દર્શન કરે છે અને આત્મામાં સર્વ પ્રાણીઓનાં દર્શન કરે છે એનું નામ છે યોગી. અર્જુન ખૂબ એકાગ્રતાથી, ઉત્સાહથી સાંભળી રહ્યો છે, ભગવાન આગળ કહે છે, 'યોગયુક્ત અંતઃકરણવાળો અને સર્વત્ર સમદૃષ્ટિવાળો, સર્વ પ્રાણીઓમાં પોતાને અને પોતામાં બધાં પ્રાણીઓને રહેલાં જુએ છે. જે સર્વ પ્રાણીઓમાં પોતાની જેમ સુખ અથવા દુઃખને સમાન જુએ છે તે યોગી શ્રેષ્ઠ છે.

અર્જુને તરત જ જાહેર કરી દીધું, 'ભગવાન ! આપ કહો છો સર્વ પ્રાણીઓમાં રહેલા આત્મામાં જેની બુદ્ધિ સ્થિર છે, જે સર્વ પ્રાણીઓમાં પોતાની જેમ સુખ અને દુઃખને સમાન જુએ છે, જે સમદર્શી છે. એનું નામ પંડિત. ગાયમાં, હાથીમાં, કૂતરામાં કે ચાંડાળમાં અંદર જે પરમાત્મા રહેલો છે એનાં જે દર્શન કરી શકે છે તે ખરો પંડિત છે. ભગવાન ! મારે આવા પંડિત બનવું છે. પરંતુ આવા સમદર્શી થવા માટે આપે જે યોગની વાત કરી તે મને કોઈ રીતે યોગ્ય લાગતી નથી.

चञ्चलं हि मनः कृष्ण प्रमाथि बलवद्दृढम्।

तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम्॥

કેમ કે હે કૃષ્ણ ! મન ચંચળ, વિહ્વળ કરનાર, બળવાન અને દૃઢ છે. તેનો નિગ્રહ વાયુની જેમ અત્યંત દુષ્કર છે એમ હું માનું છું. (ભ.ગી.૬/૩૪)

હે ભગવાન ! હવે ખરેખર મારી એક વાત ઉઘાડી પાડી દઉં છું. મારું મન અત્યંત ચંચળ છે.

ભગવાન કહે, 'તો શાંત કર એમાં શું ?'

'ભગવત્ ! એ બહુ હઠીલું છે. વારંવાર છટકી જાય છે.'

'એને પાછું બોલાવી લાવ.'

'એવું કરું છું. છતાં વળી પાછું ભાગી જાય છે. કોઈ રીતે મારું મન કાબૂમાં આવતું નથી. એના કરતાં તો આ વાયુને પકડવો સરળ છે. પરંતુ આ મનને કાબૂમાં લેવું અશક્ય છે.'

તરત ભગવાને કહ્યું, 'વાંધો નહીં.' આમ, અર્જુન પ્રશ્ન પૂછે છે અને ભગવાન તેનો સુંદર જવાબ આપે છે, ઉકેલ આપે છે. ભગવાન જુએ છે કે આ બધા સરળ હૃદયના સંન્નિષ્ઠાતી પુછાયેલા પ્રશ્નો છે. ભગવાન શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ જવાબ આપે છે.

असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम्।

अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते॥

હે મહાબાહો ! ખરેખર મન ચંચળ અને વશ કરવું મુશ્કેલ છે. તે પણ હે કૌન્તેય ! સંન્યાસ અને વૈરાગ્યથી તે વશ કરાય છે. (ભ.ગી. ૬/૩૫)

અર્જુન ! વાત બરાબર છે તારી. મન છે તો એવું જ. છતાં અભ્યાસ દ્વારા અને વૈરાગ્ય દ્વારા તેને વશ કરી શકાય છે. પરંતુ અર્જુનને વળી પાછો વિચાર આવ્યો. કે 'આ અભ્યાસ અને વૈરાગ્ય બરાબર છે. સંન્યાસી બની જાઉં. આપ કહો છો એવા પ્રકારની જીવનરીતિનો સ્વીકાર કરું, બધી વસ્તુનો ત્યાગ કરું અને માત્ર આત્મજ્ઞાનમાં જ મારા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મનને હું નિષ્ઠ બનાવું. શાસ્ત્રોનાં શ્રવણ, મનન તથા અભ્યાસની અંદર જ હું સતત રત રહું. આમ, ઘરબાર છોડી દીધું, કર્મ છોડી દીધું, બધી સિક્યોરિટી (સલામતીઓ) બેન્ક એકાઉન્ટ બધાનો ત્યાગ કરી દીધો અને સંન્યાસી બની ગયો. પરંતુ યોગની કે જ્ઞાનની સાધના કરતો હોઉં અને ધારો કે સાધના પૂરી ના થાય, જે જ્ઞાન પ્રાપ્ત કર્યું એ જ્ઞાનમાં પુરી નિષ્ઠા ના થાય, તો શી ગતિ થાય ? પહેલાં પ્રશ્ન પૂછતો હતો કે હું તો કર્મ નહીં કરું, હું તો સંન્યાસી બની જઈશ. અને ભગવાને જ્યારે સંન્યાસીનું વર્ણન કર્યું ત્યારે કહે, 'સંન્યાસી બની જાઉં, પણ સાધના પૂરી ના થાય અને જ્ઞાનમાં નિષ્ઠા ના આવે તો શું થાય ? ત્યારે ભગવાન કહે છે :

पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते।

न हि कल्याणकृत्कश्चिद् दुर्गतिं तात गच्छाति॥

હે પાર્થ ! આ લોકમાં કે પરલોકમાં તેનો વિનાશ થતો જ નથી. હે તાત ! શુભ કર્મ કરનારો કોઈ (મનુષ્ય) દુર્ગતિને પામતો નથી. (ભ.ગી. ૬/૪૦)

તો આપણને ખબર પડી કે સંન્યાસ ગ્રહણ કર્યો હોય, બધી વસ્તુનો ત્યાગ કર્યો હોય તેથી આપણે કંઈ નિરાધાર નથી બની જતા. ભગવાન કહે છે 'હંમેશાં હું તો આગળ છું જ.' એક જન્મમાં અધૂરી રહેલી સાધના બીજા જન્મમાં ત્યાંથી જ આગળ વધે છે. વળી પાછા તારે નવેસરથી યાત્રા શરૂ કરવી નહીં પડે. છોડ્યું હશે ત્યાંથી જ બીજા જન્મમાં તારી યાત્રા શરૂ થશે. 'પણ ભગવાન ! બીજા જન્મમાં મને શું જ્ઞાન હોય કે આગલા જન્મોમાં હું શું હતો અને સાધનામાં કેટલે હતો ?' આપણે જન્મીએ ત્યારે અબૂધ હોઈએ છીએ. ભૂતકાળનું, પૂર્વજન્મનું કાંઈ જ્ઞાન હોતું નથી. પૂર્વ જન્મમાં મેં શું શાસ્ત્રનું શ્રવણ કર્યું હશે તેનું જ્ઞાન મને ના હોય. ભગવાન કહે છે, 'તું ચિંતા ના કર.

तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम्।

यतते च ततो भूयः संसिद्धौ कुरुनंदन॥

હે કુરુનંદન ! આ જન્મમાં તેને પૂર્વજન્મની બુદ્ધિનો સંયોગ થાય છે, અને પછી ફરીથી સિદ્ધિને માટે તે યત્ન કર છે. (ભ.ગી.૬/૪૩)

'તને ખબર પણ નહીં પડે. હું ખેંચીશ તને. તારા પૂર્વાભ્યાસની સાથે હું પોતે તારી બુદ્ધિનો સંયોગ કરી આપીશ,' ભગવાન કહે છે. પોતાના નિર્ણય વગર, સંકલ્પ વગર માણસ અધ્યાત્મમાં જાણે કે ના ખેંચાતો હોય તેમ જ્યાંથી પેલી યાત્રા અધૂરી છૂટી હોય ત્યાંથી જ ચાલુ કરે છે. આમ, ભગવાને અર્જુનને નિમિત્તે, આપણને હૈયાધારણ આપી છે.

અર્જુનની આવી જીજ્ઞાસાને કારણે ભગવાન પછી તો અર્જુન ના પૂછે તો યે પોતાનું વક્તવ્ય ચાલુ રાખે છે. આમ, ભગવાને જ્ઞાન-વિજ્ઞાન યોગનો સુંદર પ્રારંભ કર્યો સાતમા અધ્યાયની અંદર. ભગવાન આ અધ્યાયમાં સૃષ્ટિની ઉત્પત્તિની પ્રક્રિયા બતાવે છે. ભગવાન સૃષ્ટિની ઉત્પત્તિનું કારણ પણ છે અને કાર્ય પણ છે. ભગવાન કહે છે મારી પરા અને અપરા એમ બે પ્રકૃતિ છે. પરા પ્રકૃતિ એ છે જીવરૂપ, અને અપરા પ્રકૃતિ છે ગુણમયી માયા. આ બેના સંયોગથી સર્વ ભૂતોની ઉત્પત્તિ છે. 'માયામાં ફસાયેલું જગત મને જાણતું નથી, પણ જેઓ મારે શરણે આવે છે તે માયાને તરી જાય છે, ઘડપણ તથા મરણથી છૂટી જાય છે, આવા લોકો બ્રહ્મને, અધ્યાત્મને ઈત્યાદિને સારી રીતે જાણે છે,' એમ કહી ભગવાન સાતમો અધ્યાય પૂર્ણ કરે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


પછી આઠમા અધ્યાયની અંદર અર્જુન પ્રશ્ન કરે છે. ભગવાન ઘણી વાર ચકાસી જુએ છે કે અર્જુન ધ્યાનપૂર્વક સાંભળી રહ્યો છે કે નહીં. ઘણી વખત તો વક્તા બોલ્યા કરે અને તે શ્રોતાનું ધ્યાન ના હોય. એટલે, સાતમા અધ્યાયને અંતે એવી એક-બે વાતો મુકી દીધી કે તરત જ અર્જુનના મનમાં પ્રશ્ન થયો. ભગવાન આ બધું શું કહે છે ? મેં તો કોઈવાર આ વિષે સાંભળ્યું નથી. તેથી પૂછે છે : किं तद् ब्रह्म किमध्यात्मम्..

ભગવાન ! આ બ્રહ્મ કોને કહેવાય ? અધ્યાત્મ કોને કહેવાય ? અધિભૂત કોને કહેવાય ? અધિદૈવ કોને કહેવાય ? અર્જુને અગાઉ સાંભળ્યા ન હોય તેવા ઘણા શબ્દો ભગવાને સાતમા અધ્યાયના અંતમાં આપ્યા. પરંતુ અર્જુન સંપૂર્ણપણે સાવધાન છે. અર્જુન કોને કહેવાય ? આપણા આ અધ્યાયમાં અર્જુનને આપણે બરાબર જાણી લઈએ, જેથી આપણને ખબર પડે કે કેવી રીતે આપણે ભગવાનના આ ઉપદેશનું શ્રવણ કરવું. અર્જુનનું ગુણ-અધિકારત્વ ખૂબ અગત્યનું છે. આપણે પણ આવા ગુણ કેળવવા જોઈએ અને અધિકારત્વ પ્રાપ્ત કરવું જોઈએ.

અર્જુનના પ્રશ્નોના જવાબમાં ભગવાન વિગતે બધું સમજાવે છે, કહે છે આ દેહમાં પોતે અધિયજ્ઞ છે. અંતકાળે જે આ અધિયજ્ઞનું ભગવાનનું સ્મરણ કરતો દેહ છોડે છે તે મારા - (ઈશ્વર) ભાવને પામે છે. આત્મનિષ્ઠ કેવી રીતે થવાય તેનું સુંદર નિરૂપણ ભગવાને આઠમા અધ્યાયમાં કર્યું છે. યોગી હોય તેની અંતિમ સમયે કેવી ગતિ થાય તે વિગતે સમજાવે છે. મૃત્યુ કેવી રીતે સુધારી લેવું, એટલે કે જીવન કેવી રીતે જીવી જવું એનું જ્ઞાન ભગવાનને આ અધ્યાયમાં આપ્યું છે :

तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युद्धय च।

मच्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यसंशयः॥

માટે સર્વ કાળે તું મારું સ્મરણ કર અને યુદ્ધ કર. મારામાં અર્પણ કરેલા મન અને બુદ્ધિવાળો તું નિઃસંશય મને જ પામીશ (ભ.ગી.૮/૭)

હે અર્જુન ! સર્વકાળે મારું સ્મરણ કર. અને युद्ध च। તારું કર્તવ્ય કર્મ કર. જે કંઈ કર્તવ્ય કર્મ કરતો દક્ષ્ય તે કરતાં કરતાં સતત મારું સ્મરણ કર, અને જરૂર તું મને પ્રાપ્ત કરશે.

ભગવદ્ગીતાના નવમા અધ્યાયના બીજા શ્લોકમાં ભગવાન કહે છે.

राजविद्या राजगुह्यं पवित्रमिदमुत्तमम्।

प्रत्यक्षावगमं धर्म्यं सुसुखं कर्तुमव्ययम्॥

આ જ્ઞાન સર્વ વિદ્યાઓનો સ્વામી, (સર્વ) સહસ્યોનો રાજા, પવિત્ર, ઉત્તમ, ધર્મયુક્ત, પ્રત્યક્ષ અનુભવ કરી શકાય એવું, આચરણમાં મુકવું સહેલું અને અવિનાશી છે. (ભ.ગી. ૧/૨)

અર્જુન ! આ જે જ્ઞાન, વિદ્યા હવે હું તને પ્રદાન કરવાનો છું, प्रवक्ष्यामि - આ વિશે વ્યાખ્યાન આપવાનો છું એ વિદ્યા રાજવિદ્યા છે. રાજવિદ્યાનો અર્થ છે विद्यानाम् राजा - વિદ્યાઓનો રાજા. વિદ્યાઓનો રાજા. વિદ્યાઓનો રાજા એટલે અનેક બધી વિદ્યાઓથી જે જ્ઞાન પ્રાપ્ત થતું નથી તે આ વિદ્યાથી પ્રાપ્ત થાય છે. ઉપનિષદમાં વર્ણન આવે છે કે જેમને ઘણી વિદ્યાઓનું જ્ઞાન હતું બધાં શાસ્ત્રોનું જ્ઞાન હતું એવા મહાન નારદમુનિ સનતકુમાર પાસે જાય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


છે અને પોતે શું શું જાણે છે એનું વર્ણન કરતાં કહે છે કે એકેએક શાસ્ત્ર હું જાણું છું. એમાં સંગીત યે આવી જાય અને નૃત્યકલા પણ આવી જાય - રસોઈની વિદ્યાથી માંડીને બધી વિદ્યાઓ આવી જાય. આગળ કહે, ''હું વેદ પણ જાણું છું, પુરાણ પણ જાણું છું. ઈતિહાસ પણ જાણું છું.'' સનતકુમારે પૂછ્યું, ''તો પછી મારી પાસે કેમ આવવું પડ્યું ?'' નારદજીએ જવાબ આપ્યો, ''ભગવાન ! આ આટલું જ્ઞાન મેળવ્યા પછી પણ હું શોકમાંથી મુક્ત ન થયો. આપ મને શોકથી પાર કરો.'' સનતકુમારે પૂછ્યું, ''પણ શોકમાંથી મુક્ત કરે એવું જ્ઞાન મારી પાસે છે તેની તને ક્યાંથી ખબર પડી ?'' નારદજીએ કહ્યું, ''આપના જેવા ઋષિઓ પાસેથી સાંભળ્યું છે કે આનું જ્ઞાન હોય તો શોકમાંથી મુક્ત થઈ જવાય. આ જ્ઞાન, રાજવિદ્યા છે. બીજી બધી વિદ્યાઓમાંથી મને આનંદ આવે પણ એ બધી, વિદ્યાઓ ક્યારેય પણ મને શોકમાંથી કે અપૂર્ણતામાંથી મુક્ત ના કરી શકે.'' બીજી વિદ્યાઓ આપણને જે તે વિષયના અજ્ઞાનમાંથી મુક્ત કરે. પણ એમાંની એકેય વિદ્યા એવી નથી જે આપણને દુઃખમાંથી મુક્ત કરે. બીજી બધી વિદ્યાઓ અપરા વિદ્યા કહેવાય છે. તેમાં જેમ જેમ આપણે ઊંડે ખોતરતા જઈએ તેમ તેમ નવું નવું નીકળતું જાય. આત્મવિદ્યા સિવાયની કોઈ પણ વિદ્યાનો ક્યારેય અંત જ નથી. કારણ, આ બધી અનાત્મા વિષેની, દ્વૈત વિષેની વિદ્યાઓ છે. અને અનાત્માનું ક્યારેય પણ નિરુપણ ન થઈ શકે. આ બધું જ્ઞાન વર્ષોથી ચાલતું આવ્યું છે અને ચાલ્યા જ કરવાનું છે. વૈજ્ઞાનિકોને વ્યસ્ત રાખવા માટે આ દ્વૈત પૂરતું છે. પણ એનાથી ક્યારે કોઈને સંતોષ નથી. ગમે તેવો મહાન વૈજ્ઞાનિક હોય, મહાન ચિંતક હોય એને સંતોષ ન થાય કે મેં બરાબર જ્ઞાન પ્રાપ્ત કર્યું. જેમ જેમ આ વિશે જ્ઞાન પ્રાપ્ત કરતો જાય તેમ તેમ તેને સમજાતું જાય કે વધારે ને વધારે એવાં કેટલાંય જ્ઞાનનાં ક્ષેત્રો છે જેને મારે કરવાનાં બાકી છે. આ રાજવિદ્યા એ એક જ જ્ઞાન એવું છે, यज्ज्ञात्वा ज्ञातत्यं नावशिष्यते। જે જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી કંઈ પણ જાણવાનું બાકી રહેતું નથી.

ઉપનિષદ્ આ એક જ જ્ઞાનની વાતં કરે છે. શ્વેતકેતુ એક બહુ જ તેજસ્વી વિદ્યાર્થી હતો. બાર વરસ સુધી તે ગુરુકુળમાં રહીને ભણ્યો. બધી વિદ્યાઓ ગ્રહણ કરીને, ગ્રેજ્યુએટ થઈને ઘરે આવ્યો. ઘરમાં વૃદ્ધ પિતાજી હતા. ઘેર આવીને અક્કડ થઈ ફરતો હતો. એનો ગર્વ જાણે માય જ નહીં ! વિદ્યામાં તો વિનય જોઈએ. પિતાએ જોયું કે પુત્ર તો અક્કડ થઈ ગયો છે, અભિમાની થઈ ગયો છે, એ આવી કેવી વિદ્યા ભણ્યો ? પિતાજીએ શ્વેતકેતુને પાસે બોલાવીને પેલી રાજવિદ્યા વિષે પૂછ્યું. ''બેટા ! એવા વિષયનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે તે ગુરુકુળમાં ગુરુજીને ક્યારેય પૃચ્છા કરી ?'' શ્વેતકેતુએ પૂછ્યું, ''કયો એવો વિષય ?'' પિતાજી કહે, ''એવો વિષય જે જણાવાથી બધું જણાઈ જાય, જે ન સાંભળ્યું હોય તે સંભળાઈ જાય, જેનો વિચાર - મનન ન કર્યું હોય તે પણ મનન થઈ જાય, જેનું જ્ઞાન પ્રાપ્ત ન કર્યું હોય એ બધી વસ્તુનું જ્ઞાન થઈ જાય. એવું જ્ઞાન તેં પ્રાપ્ત કર્યું ?'' શ્વેતકેતુને નવાઈ લાગી. ''એવું તે જ્ઞાન હોય ક્યાંયે ?'' પિતાજીએ કહ્યું, ''હા, ઉપનિષદ્માં તે છે. ઉપનિષદ્ એવું જ્ઞાન આપે છે, એવી રાજવિદ્યા શીખવે છે. બીજી બધી વિદ્યા પવિત્ર છે, પરંતુ જે વિદ્યા પ્રાપ્ત કરવાથી જીવનની સર્વ તૃષ્ણા તૃપ્ત થઈ જાય એ છે રાજવિદ્યા. રાજવિદ્યા અર્થાત્ વિદ્યાઓની રાજા અથવા એમ પણ કહેવાય કે રાજાઓની વિદ્યા. ભગવાને આગળ કહ્યું, इमं विवस्वते ..... આમ, રાજાઓથી ચાલી આવતી વિદ્યા પણ ખરી. બીજું જ્ઞાન ભલે મેળવો પણ જે જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી સર્વ પિપાસા શાંત થઈ જાય છે એવું અદ્ભુત જ્ઞાન છે.

વળી, राजगुह्यम् । ગુહ્ય એટલે ગોપનીય, છુપાયેલી વસ્તુ અને આ તો (राजगुह्यम् - બધીય છુપાયેલી વસ્તુઓમાં, ગુપ્ત વસ્તુઓમાં પણ સર્વશ્રેષ્ઠ છે. અર્થાત્ મૂલ્યવાન વસ્તુઓમાં સૌથી વધુ મૂલ્યવાન, જેને આપણે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છુપાવી રાખવી જોઈએ અને ગમે ત્યાં પ્રગટ કરવી ના જોઈએ. આ એવી છુપાયેલી છે, જે તને ક્યારે ય ના જડે. જેમ વધારે શોધે તેમ તારાથી વધુ દૂર રહે. કારણ, ક્યાં શોધ કરવી એની જ ખબર નથી પડતી. એનું એક સુંદર દૃષ્ટાંત છે.

એક ટ્રેનમાં ફર્સ્ટ ક્લાસના એક ડબ્બામાં બે મુસાફરો સાથે મુસાફરી કરે. એક નીચેના પાટિયા પર સુતેલો, બીજો ઉપરના પાટિયા પર. બંન્ને મુસાફરો મદ્રાસથી દિલ્હીની યાત્રા કરી રહ્યા છે. નીચેના પાટિયા પર જે હતો તે મદ્રાસનો એક કરોડપતિ શેઠ હતો. એની બેગમાં ખૂબ મોટી રકમ હતી. ઉપરના પાટિયે જે હતો તે નામીચો ઠગ હતો. શેઠ પાસે જે મોટી રકમ બેગમાં ભરેલી છે તે કેવી રીતે તફડાવી લેવી તેની યોજના સાથે રેલ્વેમાં તેણે એવી વ્યવસ્થા કરી કે બંન્નેને સાથે સીટ મળે, આ ઠગને ચીડવવા માટે હોય કે ગમે તે હોય, સાંજ પડી એટલે શેઠે પેલી બ્રીફકેસ સીટ નીચેની બેગમાંથી કાઢી, ખોલી અને પેલા ઠગને દેખાય તે રીતે અંદરની નોટોનાં બંડલ ગણવા માંડ્યો. ગણવામાં ઘણી વાર થઈ. કેટલા બધા રૂપિયા હશે ! પેલો ઠગ જાણે કે જોતો નથી છતાં ત્રાંસી આંખે જુએ છે. શેઠે નોટોનાં બંડલો ગણી બ્રીફકેસમાં નોટો પાછી મુકી દીધી અને બ્રીફકેસ બેગમાં મુકી દીધી. રાત પડી. સૂવાનો સમય થયો. ઠગ બાથરૂમમાં ગયો. તે પાછો આવ્યો ત્યારે શેઠજી તો સુઈ ગયેલા. થોડો સમય થયો ન થયો અને શેઠજીનાં નસકોરાં બોલવા માંડ્યાં. સુખી માણસોનું આ એક લક્ષણ છે ને ! ઠગે જોયું કે શેઠ બરાબર ઉંઘમાં પડી ગયા છે. તે ધીમે રહીને ઉપરથી નીચે ઉતર્યો. ડબ્બામાંની લાઈટો બંધ હતી. માત્ર એક ભૂરી નાઈટ લાઈટ ચાલુ હતી. ઠગ તસ્કરવિદ્યાનો અઠંગ નિષ્ણાત હતો, જરા પણ અવાજ કર્યા વિના પેલી પેટી ખોલીને તેમાંથી બ્રીફકેસ બહાર કાઢી તાળું પણ અજબ કરામતથી ખોલી નાખ્યું. પણ બ્રીફકેસ ખાલીખમ ! પેલાં નોટોનાં બંડલ ક્યાં ? કદાચ બ્રીફકેસમાંથી કાઢી બેગના તળિયે કે બેગના કોઈ ચોર ખાનામાં મુક્યાં હોય ? આખી બેગ ફેંદી વળ્યો - ઉપર નીચે, આડે, અવળે, જાતજાતનાં ખાનાં હતાં. બધાં ખાનાં જોઈ વળ્યો. પૈસા ક્યાંયે મળ્યા જ નહી ! કોણ જાણે ક્યાં અદ્રશ્ય થઈ ગયા ! ઠગ ખૂબ નિરાશ થઈને સુઈ ગયો. પણ એને થોડી નિરાંત હતી. હજી દિલ્હી આવવાને એક દિવસ અને એક રાતની વાર હતી. હા, હજી આડે એક રાત હતી. દલ્લો હાથ કરવા માટે હજી પૂરતો સમય હતો. સવાર પડી. બંન્ને જણે વારાફરતી શૌચકર્મ પતાવ્યું. બંન્ને જણ વાતો કરે, નાસ્તાપાણી સાથે કરે. તે સિવાય લાંબી મુસાફરી ખૂટે કેમ ? સાંજ પડી. શેઠ પણ અળવીતરા. એમણે વળી પાછી પેલી બ્રીફકેસ બેગમાંથી કાઢી. પેલાં નોટોનાં બંડલ પાછા ગણવા લાગ્યા. ઠગ તો આશ્ચર્યમાં પડી ગયો. બ્રીફકેસમાં આ બંડલો ! આગલી રાતે તો તેણે ચીવટથી બધું તપાસી જોયેલું ત્યારે બ્રીફકેસ ખાલી હતી તો પછી નોટોનાં આ બંડલો ! ઠીક છે. આજે રાત્રે વાત છે. શેઠને પણ ખબર પડશે કે કો'ક ભેટી ગયો. આગલી રાતની જેમ જ બંન્ને પાછા વારાફરતી શૌચાલય વિધિ પતાવીને આવીને સૂઈ ગયા. વળી શેઠનાં નસકોરાં બોલવાં શરૂ થયાં. ઠગ નીચે ઉતર્યો. આજે તો એણે નિર્ણય લઈ લીધો. આજે છોડીશ નહીં. પૈસા લૂંટીને જ જંપીશ. વળી બેગ ખોલી, બ્રીફકેસ સાવ ખાલી ખમ ! બેગમાં પણ ક્યાંયે પૈસા ન મળ્યા. ''હું' શેઠ પહોંચેલી માયા લાગે છે. એમણે નોટોનાં બંડલ એમની પાસે જ રાખ્યાં હશે, પણ આજે તો શેઠ બચી શકવાના નથી. હું એ મેળવીને જ રહીશ.' ધીમે રહીને પછી તેણે શેઠનાં ખિસ્સાં ફંફોસવા માંડ્યાં. ક્યાંયે પૈસા હાથ લાગ્યા નહીં. બેગમાં સઘળે, ઓશિકાની નીચે, ઈંચે ઈંચ જગ્યા તપાસી વળ્યો. પણ રે જાદુ ! પૈસા કેવા ને વાત કેવી ! ઠગ નિરાશ થઈ ગયો. અંતે સુઈ ગયો. પણ ઊંઘ જ આવી નહીં. પોતાના કસબમાં ક્યાંયે ઉણપ ન હતી. તો પછી પૈસા કેમ ન મળ્યા ? સવાર પડી દિલ્હી આવવાની તૈયારી હતી. વહેલા વહેલા શૌચકર્મથી પરવારી સૌ ઊતરવાની તૈયારી કરવા લાગ્યા. પેલા શેઠ ખુશખુશાલ હતા, ઠગની નિરાશાનો કોઈ પાર ન હતો, પૈસા તો ઠીક, એને પોતાનો કસબ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લજાયાનું પારાવાર દુઃખ હતું. એ શેઠને પૂછ્યા વિના રહી ન શક્યો. શેઠને તેણે પ્રણામ કર્યા. શિષ્ય શિષ્ય સ્તેઽહં શાધિ માં ત્વાં પ્રપન્નમ્। ગુરુ ! એક તમે મને મળ્યા. જીંદગીમાં મને ક્યારેય આવો અનુભવ નથી થયો. પૈસા સગી આંખે જોયા હોય અને છતાં એ હું તફડાવી શક્યો ન હોઉં. મને એક વસ્તુ કહો. મારે આપના પૈસા જોઈતા નથી પરંતુ આપે ક્યાં સંતાડ્યા હતા કે મને મળ્યા જ નહીં ! શેઠ ખડખડાટ હસી પડ્યા. કહે, ''આ તો રાજગુહ્ય છે. આ તો એકદમ ગોપનીય વસ્તુ છે. કોઈને કહેવાય નહીં, છતાં તને આટલી ઉત્કંઠા છે તો કહું છું. તું સૂતા પહેલાં બાથરૂમ જતો ત્યારે તારા ઓશિકા નીચે હું નોટોનાં બંડલ મુકી દેતો. પેલો બિચારો બધે શોધ્યા કરે પણ એને ખ્યાલ સુદ્ધા ન આવે કે હું જે શોધી રહ્યો છું તે મારા ઓશિકા નીચે જ છે ! જ્યારે હું સ્વયં સુખ, શાંતિ, મુક્તિ બધું જ છું. છતાં સતત અન્યત્ર શોધ્યા કરું છું ! માનવીને કલ્પના ના આવે કે પોતે જે શોધી રહ્યો છે એ પોતે જ છે. અને માટે રાજગુહ્ય. ગુહ્યોમાં - ગોપનીય વસ્તુમાં રાજા છે.

•

## વિશ્વાસ

પ્રત્યેક પ્રાર્થનાનો છે જવાબ તારી પાસ, ઓ વિશ્વના નિયંતા તારો કેટલો વિશ્વાસ.
તું શબ્દમાં છે ૐ ને લયમાં છે તું જ તાલ, અસ્તિત્વમાં આ ચાલતા અનંત શ્વાસોચ્છ્વાસ.
તિમિરના ઊંડા દલતલે તું એક કિરણ આશ, ઝંઝાના ઝાંઝવામાં તું પૂરે અમિટ પ્યાસ.
શ્રદ્ધાની એક કેડી પર દીવાનો તું ઉજાસ, માનવના મહેકતા વને તું પ્રેમની સુવાસ.

- જયશ્રી મહેતા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# વૃન્દાવનના પ્રસિદ્ધ સંત શ્રી ઉડિયા બાબાજી

- અનુવાદક : જયા કણિયા

શ્રી ઉડિયા બાબાજીનો જન્મ સોમવાર ભાદ્રપદ કૃષ્ણા સપ્તમી વિક્રમ સંવત્ ૧૯૩૨માં બ્રાહ્મણ કુળમાં જગન્નાથપુરીમાં થયો હતો. પિતાનું નામ વૈદ્યનાથ મિશ્ર હતું. બાળકનું નામ આર્તત્રાણ પાડ્યું. અન્ય બાળકોની જેમ એને રમતગમતમાં કશો રસ ન હતો અને પ્રકૃતિ નબળી હતી. ચાર વર્ષની વયથી બાર વર્ષની વય સુધી ઘરમાં જ ઉડિયા ભાષા, ગણિત તથા સાધારણ સંસ્કૃતનો એણે અભ્યાસ કર્યો. કુટુંબીજનોની ઈચ્છા એને આગળ ભણાવવાની નહોતી, પણ આર્તત્રાણની ઈચ્છા વધારે અભ્યાસ કરવાની હતી. આથી કોઈને જાણ કર્યા વગર એ ગૃહત્યાગ કરી ચાલ્યો ગયો. મૂળથી જ વૈરાગ્યભાવ પ્રબળ હતો, આધ્યાત્મિક વિદ્યા પ્રાપ્ત કરવાની તીવ્ર ઈચ્છા હતી, અને ઉત્તમ સાધક થવાની તાલાવેલી હતી.

પોતાની આ શોધમાં એ દરિદ્ર ભિક્ષુક તરીકે મુશ્કેલીઓ ઝીલતો, રખડતો, રઝળતો, ભ્રમણ કરતો રહ્યો. અનેક સાધુસંતોના સંપર્કમાં આવ્યો, જેના પરિણામે કાળે કરી આધ્યાત્મિક સાધનામાં બહુ ઊંચી કક્ષાએ પહોંચ્યો. તેમ છતાં એને જેવા ગુરુની શોધ હતી તેવા ગુરુ હજી મળ્યા નહીં. એને જ્યોતિષીઓએ કહ્યું હતું કે એનું જીવન ટૂંકું છે, તેથી સંન્યાસ ગ્રહણ કરવાનો નિશ્ચય કર્યો. આર્તત્રાણનું નામ હવે દંડીસ્વામી પૂર્ણાનંદ તીર્થ થયું. પછીથી ઉડિયાબાબા તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

સાત દિવસ સુધી "હું કોણ છું ?" "આ દુનિયા શું છે ?" - આવા પ્રશ્નો મનમાં આવતા રહ્યા. તે પછી સમાધિની સ્થિતિમાં તેઓ જનસમાજથી દૂર રહેવા માંડ્યા.

એમની શ્રીવૃન્દાવનધામમાં સ્થાયી નિવાસ કરવાની ઈચ્છા હતી. સંવત ૧૯૯૪માં વૃન્દાવનમાં "શ્રીકૃષ્ણાશ્રમ"ની સ્થાપના થઈ. ભક્તો, સાધકો તેમ જ સામાન્ય લોકોથી આશ્રમ ભરેલો રહેતો. આશ્રમની ખ્યાતિ દૂર સુધી પ્રસરી. ત્યાં આનંદ જ આનંદ હતો; આધ્યાત્મિક ચર્ચાઓ, અને ભજન-કીર્તન થયા કરતાં. હજારો લોકો આવીને પ્રશ્નો પૂછતા અને બાબાજી સચોટ ઉત્તરો આપતા. પ્રવચનો થતાં અને જ્ઞાનનો પ્રચાર થતો.

ધીમે ધીમે બાબાજીનું સ્વાસ્થ્ય નબળું પડતું ગયું. ચૈત્ર કૃષ્ણા ચતુર્દશીએ વિ.સં. ૨૦૦૫ને અશુભ દિને સત્સંગમાં એક પાગલ જેવો માણસ આવ્યો અને બાબાજીના મસ્તક પર ત્રણ વાર પ્રહાર કર્યો. બાબાજી જરીકે અસ્વસ્થ ન થયા કે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહીં. પ્રણવનો જપ કરતાં કરતાં એ મહાન સંતે દેહ ત્યાગ કર્યો. એમ કહેવાય છે કે એમને મૃત્યુની જાણ હતી.

## ઉડિયાબાબાના ઉપદેશો :

દોષોનું ચિંતન કરતા રહેવાથી દોષદૃષ્ટિ થાય છે. આ સૌથી મોટો દોષ છે. જે બીજાના દોષો જોયા કરે એવાની પાસે બેસવું નહીં, અને એવાં પુસ્તકો પણ વાંચવાં નહીં. ખરું પૂછો તો દોષ અને ગુણ બંન્નેની ઉપેક્ષા કરવી જોઈએ, પરંતુ દોષોની તો સર્વથા ઉપેક્ષા કરવી જોઈએ. બીજાના દોષો કહેવા - સાંભળવાથી બહુ હાનિ થાય છે. જો સાંભળવું જ હોય અને સંભળાવવું જ હોય તો ભગવાનના ગુણો જ સાંભળવા તથા સંભળાવવા.

ભક્તનાં દુઃખો ભક્તિના બળથી દૂર થઈ જાય છે, કારણકે ભક્ત એક અબોધ બાળક સમાન છે; તેથી નિષ્કામ ભક્તનાં દુઃખો ભગવાન પોતે જ દૂર કરે છે. પરંતુ જ્ઞાની દુઃખ સહન કર્યા કરે છે, અને એની નિવૃત્તિની એને કશી ચિંતા નથી, કારણકે વાસ્તવમાં એ તો એક દ્રષ્ટામાત્ર છે, સુખ કે દુઃખ સાથે એને કશો સંબંધ જ નથી. આથી જ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્ઞાનના અધિકારી બહુ જ જૂજ હોય છે. ભક્તને એના ઈષ્ટ સાકાર ભગવાનનું ધ્યાન સહજમાં થાય છે, પણ જ્ઞાની માટે ચિત્રનું ધ્યાન બહુ કઠિન છે. પોતાના ચરમ લક્ષ્યને એક વાર જોવું તે જ્ઞાન કહેવાય છે, અને એને વારંવાર જોવું તે ધ્યાન કહેવાય છે. જ્ઞાની સ્વયમ્‌થી ભિન્ન બધું ભૂલી જાય છે, અને ભક્ત તો સ્વયમ્ પોતાને જ ભૂલી જાય છે.

રાગ-દ્વેષ ત્રણ પ્રકારના હોય છે :

(૧) જેવી પત્થર પર કોતરેલી રેખા. (૨) જેવી રેતી પર દોરેલી રેખા. (૩) જેવી પાણી પર પાડેલી રેખા.

સંસારી માણસના રાગ-દ્વેષ પત્થર પર કોતરેલી રેખા જેવા છે, કે જે આજન્મ જતા નથી. ઉપાસકોમાં જે રાગદ્વેષની ભાવના હોય છે તે રેતીમાં દોરેલી રેખા જેવી છે, કે જે પ્રેમનો વંટોળ ચાલતાં જ ખલાસ થઈ જાય છે અને બ્રહ્મવેત્તાઓના રાગદ્વેષ પાણી પર દોરેલી રેખા જેવા હોય છે, પાણી પર રેખા દોરો કે તત્ક્ષણ જતી રહે છે. આ જ રીતે બ્રહ્મવેત્તાઓના રાગદ્વેષ બીજી ક્ષણ સુધી પહોંચતા જ નથી.

ઉપાસનામાં ભાવની જ પ્રધાનતા હોય છે. જ્યારે પોતાના ઈષ્ટ સિવાય ભગવાનના અન્ય રૂપમાં પ્રેમ થાય ત્યારે એ ભાવના ઉપાસનામાં પ્રધાન વિઘ્ન ઉપસ્થિત કરે છે. જુઓ, એક પતિવ્રતા સ્ત્રી એના પતિ સિવાય બીજા પુરુષ સામે આંખ ઊંચી કરીને જોવા પણ નથી ઈચ્છતી, પછી ભલે ને એ પુરુષ અતિ રૂપવાન, બળવાન કે મધુર પ્રકૃતિનો હોય. આ જ પ્રમાણે ભક્ત પોતાના ઈષ્ટરૂપ સિવાય ભગવાનનું અન્ય સ્વરૂપ સામે આવે તો નિરખવા નહીં ચાહે, પછી તે સ્વરૂપ ગમે તેટલું ચિત્તચોર હોય. આ જ નિષ્ઠાની દૃઢતા કહેવાય છે.

નામ-જપનો અભ્યાસ કરવાથી નામ મધુર લાગે છે. જેમ ધ્યાન કરનારને દિવ્ય ગંધ, દિવ્ય દર્શનાદિ ચમત્કારોનો અનુભવ થાય છે, તેવા જ અનુભવો નામજપ કરનારને પણ થશે. જેનામાં ભગવાનનાં દર્શનની ઉત્કંઠા હોય તેને ભગવાન તે જ ક્ષણે દર્શન આપશે. વિશ્વાસ હોય તો કેવળ નામજપથી પણ ભગવાનનાં દર્શન થાય છે. જે કામ અધિક કરે છે તે ભજન પણ અધિક કરશે. જે કામ નથી કરતો તેનાથી ભજન પણ નહીં થઈ શકે. હા, ભજન ધીમે ધીમે વધારવાથી કામ આપોઆપ ઓછું થઈ જશે. જો ભજનમાં અત્યંત લગન હોય તો ઘરબાર છોડીને એકાંતમાં ભજન થઈ શકે. ભજનમાં કોઈ વિઘ્ન નાખી શકતું નથી. એટલા માટે પહેલાં અભ્યાસ કરવો જોઈએ, થોડાક સમય માટે ભજન-કીર્તનાદિ કરવાં જોઈએ, અને થોડીક વાર ગુણાનુવાદ કરવા જોઈએ. આમ કરવાથી ભજનમાં મન જામી જશે.

આજકાલ આત્મજ્ઞાનીઓ તો બહુ મળે છે, પરંતુ આત્મપ્રેમી કોઈ વિરલા જ દેખાય છે. જ્ઞાનનો અર્થ "જાણવું" એમ થાય છે, પણ જ્ઞાન તો હોય, પણ પ્રેમ ન હોય તો પરિણામ શું આવવાનું ? આપણે જોઈએ છીએ કે જ્ઞાનીને જોઈ આપણને એના પ્રત્યે કંઈ આકર્ષણ થતું નથી, પરંતુ એક પ્રેમી તરત આપણને આકર્ષે છે. આથી આપણને જણાય છે કે ભગવાનનું મુખ્ય સ્વરૂપ પ્રેમ જ છે. સૂકા જ્ઞાનથી કશો લાભ થતો નથી. જે ભગવાનનો ભક્ત છે એને તો ભગવાન પોતે જ જ્ઞાન આપે છે, એમાં તો જરીકે સંશય નથી. એટલા માટે જ્ઞાની તથા ભક્ત એ બંન્નેએ પ્રેમી થવાની બહુ જરૂર છે. જ્ઞાનીને પહેલાં વૈરાગ્ય થાય છે, પછી જ્ઞાન. ભક્તને પહેલાં ભક્તિ થાય છે, પછી પ્રેમ અને પછી વૈરાગ્ય. નિરંતર ચિંતનથી પ્રેમ થાય છે, અને પછી કુદરતી રીતે જ ચિત્ત બધી બાજુથી ખસી જાય છે.

માનસી ભાવ પેદા કરવો એ ભક્તનું મુખ્ય કર્તવ્ય છે. ભક્તનો સિદ્ધાંત તો પ્રેય છે જે ધન ખર્ચવાથી મળી શકે નહીં. જે લોકો શરીર દ્વારા ગુરુની, સંતની કે ભગવાનની સેવા કરે છે, તેમને જ માનસી ભાવની પ્રાપ્તિ થાય છે. આ ભાવની દૃઢતા કેવળ સેવાથી જ થાય છે.

- સ્વામી અખંડાનંદ સરસ્વતીના સૌજન્યથી

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# શ્રીમદ્ ભાગવત

- વૈદેહી પાર્થિવકુમાર અધ્યારુ

મૂ.શ્લો. अवतारा ह्यसंख्येया हरेः सत्त्वनिधेर्द्विजाः। यथाऽविदासिनः कुल्याः सरसः स्युः सहस्रशः॥ २६॥

શ્રી.દી. अनुक्तसर्वसंग्रहार्थमाह – अवतारा इति। असङ्ख्येयत्वे दृष्टान्तः – यथेति। अविदासिन उपक्षयशून्यात्। 'दसु उपक्षये' इत्यस्मात्। सरसः सकाशात्कुल्याः क्षुद्रप्रवाहाः ॥ २६॥

અનુવાદ : હે બ્રાહ્મણો, ક્ષય ન પામે તેવા સરોવરમાંથી જેમ હજારો નહેરો (ઝરણાં) નીકળે છે તેમ ખરેખર, સત્ત્વનિધિ શ્રીહરિમાંથી અસંખ્ય અવતારો થાય છે. ॥૨૬॥

શ્રી.દી. અવતરણિકા : જે અવતારોનો ઉલ્લેખ કરવામાં નથી આવ્યો, (શ્રી હયગ્રીવ, હરિ, હંસ, પૃશ્નિગર્ભ, વિભુ, સત્યસેન, વૈકુણ્ઠ, અજીત, સાર્વભૌમ, વિશ્વક્સેન, ધર્મસેતુ, સુધામ, યોગેશ્વર, બૃહદ્ભાનુ) આ સર્વ અવતારોને સમાવી લેવા માટે કહે છે - 'अवताराः इति।' અસંખ્ય અવતારો માટે દૃષ્ટાંત આપે છે, 'यथा इति।' 'अविदासिनः' ક્ષય ન પામે તેવા, 'दसु' ધાતુ ઉપક્ષયે એટલે 'ક્ષય થવો' તે અર્થમાં છે. આ 'सरसः' સરોવરમાંથી 'कुल्याः' ક્ષુદ્ર પ્રવાહો ॥૨૬॥

મૂ.શ્લો. ऋषयो मनवो देवा मनुपुत्रा महौजसः। कलाः सर्वे हरेरेव सप्रजापतयस्तथा॥ २७॥

શ્રી.દી. विभूतीराह – ऋषय इति॥ २७॥

અનુવાદ : પ્રજાપતિસહિત ઋષિઓ, મનુઓ, દેવતાઓ, મહાબળવાન મનુપુત્રો - એ સર્વે શ્રીહરિની જ કલારૂપ છે. ॥૨૭॥

શ્રી.દી. : વિભૂતિઓનું વર્ણન કરે છે. 'ऋषय इति।' ॥૨૭॥

મૂ.શ્લો. एते चांशकलाः पुंसः कृष्णस्तु भगवान्स्वयम्। इन्द्रारिव्याकुलं लोकं मृडयन्ति युगे युगे॥ २८॥

શ્રી.દી. तत्र विशेषमाह – एते चेति। पुंसः परमेश्वरस्य केचिदंशाः केचित्कलाविभूतयश्च। तत्र मत्स्यादीनामवतारत्वेन सर्वज्ञत्वसर्वशक्तिमत्त्वेऽपि यथोपयोगमेव ज्ञानक्रियाशक्त्याविष्करणम्। कुमारनारदादिष्वाधिकारिकेषु यथोपयोगमंशकलावेशः। तत्र कुमारादिषु ज्ञानावेशः। पृथ्वादिषु शक्त्यावेशः। कृष्णस्तु भगवान्साक्षान्नारायण एव। आविष्कृतसर्वशक्तित्वात्। सर्वेषां प्रयोजनमाह। इन्द्रारयो दैत्यास्तैर्व्याकुलमुपद्रुतं लोकं मृडयन्ति सुखिनं कुर्वन्ति॥ २८॥

અનુવાદ : આ સર્વે પરમેશ્વરના (શક્તિના આવેશરૂપ) અંશ અને (જ્ઞાન કે બોધ) કલારૂપ છે. પરંતુ શ્રીકૃષ્ણ તો સ્વયમ્ ભગવાન છે. (આ સર્વે અવતારો) ઈન્દ્રના શત્રુરૂપ અસુરોથી પીડાયેલા લોકને યુગે યુગે સુખી કરે છે. ॥૨૮॥

શ્રી.દી. : તે માટે વિશેષ કહે છે. - 'एते च इति।' 'पुंसः' પરમેશ્વરના, કેટલાક અંશો છે, કેટલીક કલાઓ એટલેકે જ્ઞાનરૂપી વિભૂતિઓ છે. તેમાં મત્સ્ય વગેરે અવતારરૂપે સર્વજ્ઞતા, સર્વશક્તિમત્તા હોવા છતાં ઉપયોગ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


પ્રમાણે જ જ્ઞાન, ક્રિયા અને શક્તિનું પ્રાકટ્ય છે. સનત્કુમારો, નારદજી વગેરે અધિકારીઓમાં ઉપયોગ પ્રમાણે (તે તે અવતારકાર્યને અનુરૂપ) (ભગવદ્) અંશ અને કલાનો આવેશ છે. તેમાં સનત્કુમારોમાં જ્ઞાનનો આવેશ છે, પૃથુ વગેરેમાં શક્તિનો આવેશ છે. પરંતુ કૃષ્ણ તો સ્વયમ્ 'ભગવાન્' સાક્ષાત્ નારાયણ જ છે, સર્વશક્તિઓનું પ્રાકટ્ય હોવાથી. સર્વ (અવતારોનું) પ્રયોજન કહે છે. 'ઇન્દ્રારયः' દૈત્યો, તેમના દ્વારા 'વ્યાકુલમ્' પીડાયેલા ઉપદ્રવ પામેલા, 'લોકમ્' લોકને 'મૃડયન્તિ' સુખી કરે છે. ॥૨૮॥

મૂ.શ્લો. जन्म गुह्यं भगवतो च एतत्प्रयतो नरः। सायंप्रातर्गृणन्भक्त्या दुःखग्रामाद्विमुच्यते॥ २९॥

શ્રી.દી. एतत्कीर्तनफलमाह - जन्मेति। गुह्यमतिरहस्यं जन्म। प्रयतः शुचिः सन्। दुःखग्रामात् संसारात्॥ २९॥

અનુવાદ : ભગવાનના આ રહસ્યમય જન્મો સવાર-સાંજ પવિત્ર થઈને જે મનુષ્ય ગાય છે, તે દુઃખના સમુદાયરૂપ (સંસાર)માંથી છૂટી જાય છે. ॥૨૯॥

શ્રી.દી. : આ (અવતારો)ના કીર્તનનું ફલ કહે છે. 'जन्म इति।' 'गुह्यम्' અતિરહસ્યમય જન્મ પ્રયતઃ પવિત્ર થઈને, 'दुःखग्रामात्' દુઃખના સમુદાયમાંથી અર્થાત્ સંસારમાંથી (મુક્ત થાય છે.) ॥૨૯॥

મૂ.શ્લો. एतद्रूपं भगवतो ह्यरूपस्य चिदात्मनः। मायागुणैर्विरचितं महदादिभिरात्मनि॥ ३०॥

શ્રી.દી. विमुच्यत इति यदुक्तं तत्र कथं देहद्वयसंबन्धे सति तद्विमुक्तिरित्याशङ्क्य देहद्वयसंबन्धस्य भगवन्मायोत्थाविद्याविलसितत्वादेतच्छ्रवणादिजनितविद्यया तन्निवृत्तिरूपपद्यत इत्याशयेनाह - एतदिति पञ्चभिः। अरूपस्य चिदेकरसस्यात्मनो जीवस्यैतत्स्थूलं रूपं शरीरं भगवतो या माया तस्या गुणैर्महदादिरूपैर्विरचितम्। क्व आत्मनि। आत्मस्थाने शरीरं कृतमित्यर्थः॥ ३०॥

અનુવાદ : ખરેખર, પ્રાકૃતરૂપરહિત, જ્ઞાનસ્વરૂપ જીવનું આ રૂપ ભગવાનની માયાના મહત્તત્ત્વ વગેરે ગુણોથી આત્મામાં કલ્પેલું છે. ॥૩૦॥

શ્રી.દી. અવતરણિકા : (સંસારમાંથી) છૂટી જાય છે - એમ જે (ઉપરના શ્લોકમાં) કહ્યું ત્યાં (જીવની) બે દેહ (સ્થૂલ અને સૂક્ષ્મ)ના સંબંધમાં તેની મુક્તિ કેવી રીતે થાય તેવી આશંકા કરતાં બે દેહનો સંબંધ ભગવાનની માયામાંથી ઉત્પન્ન થયેલી અવિદ્યાથી રચાયેલો હોવાથી આ અવતારકથાના શ્રવણ, કીર્તન વગેરેથી ઉત્પન્ન થતી વિદ્યા વડે તે બે દેહની નિવૃત્તિ શક્ય બને છે એવા આશયથી 'एतद् इति।' થી પાંચ શ્લોક દ્વારા કહે છે -

રૂપરહિત જ્ઞાનરહિત એક જ રસના સ્વરૂપવાળું સ્થૂલરૂપ અર્થાત્ શરીર. ભગવાનની જે માયા છે તેના મહત્તત્ત્વાદિરૂપ ગુણો વડે રચાયેલું છે. ક્યાં ? 'आत्मनि' આત્મામાં; આત્માના સ્થાનમાં શરીરને રચેલું છે, તેવો અર્થ છે. ॥૩૦॥

મૂ.શ્લો. यथा नभसि मेघौघो रेणुर्वा पार्थिवोऽनिले । एवं द्रष्टरि दृश्यत्वमारोपितमबुद्धिभिः॥ ३१॥

શ્રી.દી. कथमित्यपेक्षायां स्वरूपावरणेन तदध्यासत इति सदृष्टान्तमाह - यथेति।

यथा वाय्वाश्रितो मेघौघो नभस्याकाशेऽबुद्धिभिरज्ञैरारोपितः। यथा वा पार्थिवो रेणुस्तद्गतं

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


धूसरत्वाद्यनिले। एवं दृष्टर्यात्मनि दृश्यत्वं दृश्यत्वादिधर्मकं शरीरमारोपितमित्यर्थः॥ ३१॥

અનુવાદ : અજ્ઞાનીઓ દ્વારા આકાશમાં વાદળાંના સમૂહનો, અથવા વાયુમાં પૃથ્વીના રજકણોનો (અથવા તેના ધૂસરપણાનો) આરોપ કરવામાં આવે છે તેમ અજ્ઞાનીઓ દ્વારા (દેહાદિના) દ્રષ્ટા (આત્મા)માં દૃશ્ય (દેહાદિ)નો આરોપ કરવામાં આવે છે. ॥૩૧॥

શ્રી.દી. અવતરણિકા : (આત્મામાં શરીરનો આરોપ કેવી રીતે થાય છે તેની અપેક્ષામાં સ્વરૂપના આવરણ દ્વારા (આત્મા ઉપર) તેનો (શરીરનો) અજ્ઞાની લોકો અધ્યાસ કરે છે, તે દૃષ્ટાંત સાથે કહે છે - 'यथा इति।' જેમ વાયુને આધારે રહેલાં વાદળાં (મેઘસમૂહ) 'नभसि' આકાશમાં 'अबुद्धिभिः' અજ્ઞાનીઓ દ્વારા આરોપિત કરવામાં આવે છે, અથવા જેમ પૃથ્વીની રજ અથવા રજમાં રહેલું ધૂસરપણું વગેરે વાયુમાં (આરોપિત કરવામાં આવે છે.) તેમ 'द्रष्टरि' આત્મામાં 'दृश्यत्वम्' દૃશ્યત્વ વગેરે ધર્મોવાળું શરીર આરોપિત કરવામાં આવે છે, તેવો અર્થ છે. ॥૩૧॥

મૂ.શ્લો. अतः परं यदव्यक्तमव्यूढगुणव्यूहितम्। अदृष्टाश्रुतवस्तुत्वात्स जीवो यत्पुनर्भवः॥ ३२॥

શ્રી.દી. किंच अतः स्थूलाद्रूपात्परमन्यदपि रूपमारोपितमित्यनुषङ्गः। कथंभूतं तत्। यदव्यक्तं सूक्ष्मम्। तत्र हेतुः - अव्यूढगुण-व्यूहितम्। व्यूहः करचरणादिपरिणामः। तथा अव्यूढा अपरिणता ये गुणास्तैर्व्यूहितं रचितम्। आकारविशेषरहितत्वादव्यक्तमित्यर्थः। एतदेव कुतस्तत्राह। अदृष्टाश्रुतवस्तुत्वात्। यच्चाकारविशेषवद्वस्तु तदस्मदादिक्दृश्यते। श्रूयते वा इन्द्रादिवत्। इदं तु न तथा। तर्हि तस्य सत्त्वे किं प्रमाणं तत्राह। स जीवो जीवोपाधिः 'जीवो जीवेन निर्मुक्तो' 'जीवो जीवं विहाय' इत्यादौ जीवोपाधो लिङ्गदेहे जीवशब्दप्रयोगात्। जीवोपाधितया कल्प्यत इत्यर्थः। ननु स्थूलमेव भोगायतनत्वाज्जीवस्योपाधिरस्तु किमन्यक्ल्पनयेत्यत आह। यद्यस्मात्सूक्ष्मात्पुनर्भवः पुनर्जन्म। उत्क्रान्तिगत्यागतीनां तेन विनाऽसंभवादिति भावः।॥ ३२॥

અનુવાદ : આનાથી (સ્થૂલ રૂપથી) જે અન્ય (ઈન્દ્રિયાતીત) સૂક્ષ્મરૂપ છે તે, આકારમાં (કર, ચરણ વગેરેમાં) પરિણામ ન પામેલા ગુણોથી રચાયેલું છે. તે (સૂક્ષ્મ શરીર અતિસૂક્ષ્મ હોવાથી) દેખાતું નથી. (દુર્વિતર્ક્ય હોવાથી) સાંભળવામાં આવતું નથી. (આત્મામાં આરોપિત હોવાથી) તે જ સૂક્ષ્મ શરીર (જીવ) છે, કે જેનાથી પુનર્જન્મ થાય છે. ॥૩૨॥

શ્રી.દી. : વળી, 'अतः' સ્થૂલ રૂપથી 'परम्' પણ અન્ય રૂપ (સૂક્ષ્મ શરીર) આરોપિત કરવામાં આવે તેમ સંબંધ છે. તે (સૂક્ષ્મ શરીર) કેવી રીતે બનેલું છે ? 'यद् अव्यक्तम्' જે સૂક્ષ્મ (રૂપ) છે તે માટે હેતુ કહે છે - 'अव्यूढगुणव्यूहितम्' 'व्यूहः' એટલે હાથ-પગ વગેરે રૂપાંતરવાળું. તે પ્રમાણે (અર્થાત્ હાથ-પગ વગેરે આકારમાં પરિણત) નથી થયું તે 'अव्यूढः' (સૂક્ષ્મશરીર) આકારમાં પરિણામ ન પામેલા ગુણોથી રચાયેલું છે; વિશેષ પ્રકારના આકાર વગરનું હોવાથી અવ્યક્ત છે તેવો અર્થ છે.

આ સૂક્ષ્મશરીરને ક્યા હેતુથી અવ્યક્ત કહે છે ? તે વિષે કહે છે. 'अदृष्टाश्रुतवस्तुत्वत्' જે વિશેષ આકારવાળી વસ્તુ છે તે આપણા બધાની જેમ દેખાય છે અથવા ઈન્દ્ર વગેરે વિષે સાંભળવામાં આવે છે, પરંતુ તેમ આને (સૂક્ષ્મ શરીરને જોઈ કે સાંભળી શકાતું) નથી, તો પછી તેના હોવાનું શું પ્રમાણ છે તે માટે કહે છે - 'स जीवः' તે લિંગદેહ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


છે. લિંગ શરીરની ઉપાધિવાળો આત્મા તે જીવ. ''લિંગ શરીરથી છુટેલો જીવ'' ''(ગુણોથી છુટેલો) જીવ, જીવપણું આપનારા લિંગશરીરને છોડીને .....'' ૧૧-૨૫-૩૬, વગેરેમાં આત્મામાં આરોપિત લિંગદેહ (સૂક્ષ્મશરીર) માટે જીવ શબ્દનો પ્રયોગ કર્યો હોવાથી આત્માને જીવ કહે છે. આત્માની ઉપાધિરૂપે તેને (સૂક્ષ્મ શરીરને) કલ્પવામાં આવે છે તેવો અર્થ છે.

હવે શંકા કરવામાં આવી છે કે સ્થૂલશરીર ભોગોનું આશ્રયસ્થાન હોવાથી (એ જ) આત્માની ઉપાધિરૂપ છે, તો અન્ય (સૂક્ષ્મશરીર)ની કલ્પના શા માટે કરવી જોઈએ ? તે માટે કહે છે - 'यद्' જેનાથી, સૂક્ષ્મ શરીરથી 'पुनर्भवः' પુનર્જન્મ થાય છે.

''ઉત્ક્રાંતિ, ગતિ, આગતિ'' જુઓ (બ્રહ્મસૂત્ર ૨-૩-૧૯) તેના વિના અસંભવિત છે તેવો ભાવ છે. ॥૩૨॥

•

राम त्वन्नाममहिमा वर्ज्यते केन वा कथम् यत्प्रभावादहं राम ब्रह्मर्षित्वमवाप्तवान् ॥

હે રામ ! તમારા નામની મહિમા કોણ કેવી રીતે વર્ણવી શકે, જેના પ્રભાવથી મેં બ્રહ્મર્ષિપદ પ્રાપ્ત કર્યું ?

- વાલ્મીકિ

बंदउँ नाम राम रघुबर को। हेतु कृसानु भानु हिमकरको ॥

राम नाम कलि अभिमत दाता। हित परलोक लोक पितुमाता ॥

અગ્નિ, સૂર્ય ને ચંદ્રના કારણરૂપ રામ-રઘુવરના નામને વંદન કરું છું. રામનું નામ કલિયુગમાં ઈચ્છિત આપનાર છે, પરલોકમાં હિત કરનાર અને આ લોકમાં પિતા-માતા સમાન છે.

- તુલસીદાસ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# વિશેષ સમાચાર




**અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશને યોજેલ "પૂર્ણ બ્રહ્મ નારાયણી શ્રી શ્રી માં આનંદમયી ચૉક" નામકરણવિધિ સમારોહ**

અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશને તા. ૧૬-૧૧-૨૦૦૦ને ગુરુવારના રોજ પાલડી ખાતે નૂતન ફેલોશીપ હાઈસ્કુલ પાસેના ચૉકને "પૂર્ણ બ્રહ્મ નારાયણી શ્રી શ્રી માં આનંદમયી ચૉક" નામકરણવિધિના એક સમારોહનું આયોજન કર્યું હતું. મુખ્ય મહેમાન પદે ભારત સરકારના માજી ઊર્જામંત્રી ડૉ. ઉર્મિલાબહેન પટેલ હતા તથા પ્રમુખ સ્થાને અમદાવાદ શહેરના મેયર, શ્રી હિમંતભાઈ પટેલ. સમારંભનું આયોજન ખૂબ - સુંદર રીતે કરવામાં આવ્યું હતું. વિશાળ ભક્ત વૃંદ, નાગરિકો તથા કોર્પોરેશનના અધિકારીગણ, ડે. મેયર શ્રી સોલંકી તથા મ્યુનિ. કૉર્પોરેશન કોંગ્રેસ પક્ષના નેતા શ્રીમતી હેમાબહેન ઉપસ્થિત હતાં.

"શ્રી શ્રી માં આનંદમયી સંઘ" તરફથી પૂજ્યવર્ય શ્રી સ્વામી ભાસ્કરાનંદજી તથા અમદાવાદ "શિવાનંદ આશ્રમ"માંથી પૂ. સ્વામી શ્રી અધ્યાત્માનંદજી પધાર્યા હતા.

પૂ. અધ્યાત્માનંદજીએ એમના પ્રવચનમાં કહ્યું કે પૂર્ણ બ્રહ્મ નારાયણી માની વૈશ્વિક મહિમા જોતાં આ ચોકનું નામ આપીને આપણે કેટલું સમ્માન કરી શકીએ ? પરંતુ એમણે જ્યારે ચંડીપાઠનું પુસ્તક મા સામેધરીને એમાં માને "ઑટોગ્રાફ" કરવાની વિનંતિ કરી ત્યારે માએ માત્ર એક ટપકું કર્યું. મા સ્વયં કહેતાં "બિંદુમેં સિંધુ" પૂ. અધ્યાત્માનંદજીએ કહ્યું, આ ચૉકનું નામકરણ તે પણ બિંદુમાં સિંધુ જેવું છે."

શ્રી શ્રી માના એકનિષ્ઠ ભક્ત સ્વામી પરબ્રહ્માનંદજીના અકથ પરિશ્રમથી તથા ભીમપુરા આશ્રમના સહકારથી આ મહિમામય કાર્ય સુસંપન્ન થયું.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# આશ્રમ સમાચાર

- નવીન અસ્તી

**ભીમપુરા :** નવરાત્રિમાં પાઠાત્મક ૧૨ ચંડીપાઠનું પારાયણ. શિવ-મંદિરનું નિર્માણ-કાર્ય સમાપ્ત થઈ ગયું છે. એનું ઉદ્ઘાટન-પ્રતિષ્ઠા-કાર્ય મહા મહીનામાં શિવરાત્રિ પહેલાં કરવામાં આવશે. પૂ. સ્વામી ભાસ્કરાનંદજી ઉપસ્થિત રહેશે, તથા મહાશિવરાત્રિપૂજનમાં પણ પૂ. સ્વામીજીની પુણ્ય સન્નિધિ રહેશે.

**કનખલ :** દુર્ગાપૂજા, શરદ-પૂર્ણિમાએ લક્ષ્મીપૂજા, કાળી ચૌદશે રાત્રે ૧૨.૦૦ થી ૩.૦૦ કાલીપૂજા, નવા વર્ષે અન્નકૂટનું આયોજન, દશેરાને દિવસે શ્રી શ્રી માને સ્પર્શ કરીને ભક્તોના પ્રણામ. સંયમ સપ્તાહની પૂર્ણાહુતિએ શ્રી શ્રી માને સ્પર્શ કરીને ભક્તોના પ્રણામ.

**વારાણસી :** ૮ સપ્ટે. સ્વ. ગોપીનાથ કવિરાજના જન્મદિને વિદ્વત્-ગોષ્ઠીનું આયોજન. ૧૨ સપ્ટે. સાંજે દિવ્ય જીવન સંઘના બ્રહ્મલીન સ્વામી શ્રી ૧૦૦૮ શિવાનંદજીની ચરણ-પાદુકાનું આશ્રમમાં સ્વાગત તથા ત્રણ દિવસ નિવાસ. મહાત્માઓ દ્વારા પ્રવચનમાં શ્રી શ્રી માને શ્રદ્ધાંજલિ અર્પણ. ૧૭ સપ્ટે. કન્યાપીઠમાં સંસ્કૃત દિવસનું આયોજન.

**વૃન્દાવન :** જન્માષ્ટમીએ શ્રી છલિયાની પ્રતિષ્ઠાને દિવસે વિશેષ કાર્યક્રમો. ૬ સપ્ટે. થી શ્રીમદ્ ભાગવત-સપ્તાહ.

**દહેરાદૂન :** શ્રી રામમંદિર પ્રતિષ્ઠા - દિવસનો ઉત્સવ, તથા અખંડ રામાયણ-પાઠ.

**કલકત્તા :** દુર્ગાપૂજા, લક્ષ્મીપૂજા, કાલીપૂજા, અન્નકૂટનું આયોજન. ૨૬ ડિસે. વાર્ષિક નામયજ્ઞ થશે.

**તારાપીઠ :** ગુરુપૂર્ણિમા-ઉત્સવ, સત્સંગ, ભજન, ચંડીપાઠ, શ્રી શ્રીમાની વિશેષ પૂજા, શિવમંદિરમાં વેદપાઠ, રુદ્રાભિષેક, બટુક-કુમારિકા-પૂજન.

**પૂના :** કન્યાપીઠની કન્યાઓ ગુરુ-પૂર્ણિમાએ ઉપસ્થિત. ધામધૂમથી ઉત્સવ-આયોજન.

•

# શોક સમાચાર

પૂજ્ય મા ના બહુ જૂના ભક્તોમાંના એક શ્રી નટવરભાઈ જે. પટેલનું દશેરાના દિવસે અમેરિકામાં દુઃખદ અવસાન થયું. તેઓની ઉમર ૯૩ વર્ષની હતી. એમણે પૂ માં ના દર્શન ૧૯૩૬માં સૌ પ્રથમ વડોદરાના પ્રતામનગર સ્ટેશને કર્યાં હતા. તેમને પૂ. દીદીમાએ દીક્ષા આપી હતી. તેઓ વર્ષો સુધી સેસન્સ જજ તરીકે રહ્યા. ત્યાર બાદ રીટાયર થઈ મહેન્દ્ર મીલ, કલોલમાં થોડાં વર્ષ મેનેજરની પદવી સંભઆળી. નિવૃત થયેલ અને ન્યુયોર્કમાં લોંગ આઈલેન્ડમાં તેમના પુત્ર બિપિનભાઈ સાથે રહેતા હતા.

એક વાર પાદરામાં તેઓએ પૂ. મા ને નિમંત્રીને સત્કાર્યા હતા. આજે પણ કનખલમાં તેમના પરિવાર તરફથી હર વર્ષે ગૂરૂપૂર્ણિમાની પૂજા શ્રી શ્રી માંની સમાધિ ઉપર થાય છે. સદ્ગત્ શ્રી નટુભાઈ તેમની પાછળ તેમના પત્ની કમળાબેન તથા પુત્ર બિપિનભાઈ પુત્રવધુ વર્ષાબેન અને પૌત્ર સમીર તથા પૌત્રી નિમિષાને છોડી પૂ. મા ના શ્રી ચરણોમાં પહોંચી ગયા છે.

•

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ॐ नित्यं नमामि जननि तव पादयुग्मं
संसारतापभयनाशकरं सुगौरम्।
मुक्तिप्रदं सुखकरं शुभदं सदैवं
शरणागतस्य मम श्रीशरणं हृदिस्थम्॥

शरणागतोऽहम् शरणागतोऽहम् शरणागतोऽहम्

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

॥ ॐ मा ॥

॥ मातृशरणम् ॥


# INDIA'S BEST NETWORKING
## TRAINING INSTITUTE IMPARTING TRAINING ON

ADVANCED DIPLOMA IN NETWORKING TECHNOLOGIES

**Novell Netware, Microsoft Windows N.T., Networking, Internet / Intranet, VB, C, C+, C++, Java, Oracle, E-commerce, Power Builder**

Enroll Now & Avail Sp. Discount with Job Assistance

OTHER COURSES & SOFTWARE COURSES ALSO AVAILABLE

MAKING YOU "MASTERS IN NETWORKING"

**G.E.C. LTD.**

24, Alishan Complex, Nr. Sardar Patel Char Rasta,
Stadium Road, Ahmedabad - 380 009. Phone : 644 2699
Visit our web site at :- http://www.cmsinstitute.com

CMS is one of the largest I.T. Conglomerates in INDIA. and G.E.C. Ltd. is their franchisee


॥ ॐ मा ॥


# Namaste Bharat

**Dealing In Block Printed, Tie & Dye, Batik, Applique, Hand Embroidery, Cushion Covers, Bed-spreads, Table Linen, Dress Materials, Dupattas & Gift Articles**

57/B, Swastik Society, Off. C.G. Road, Navrangpura, Ahmedabad - 380 009.
Phone : 6441841 Visit us at : http://namastebharat.the shoppe.com


CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ॐ भवतापप्रणाशिन्यै
आनन्दघनमूर्तये ।
ज्ञानभक्तिप्रदायिन्यै
मातस्तुभ्यं नमो नमः ॥

એચ. કે. અધ્યારુ ચેરિટેબલ ટ્રસ્ટ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

## ❄ Branch Ashrams ❄

15. NEW DELHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kalkaji, New Delhi-110019 (Tel : 011-6826813)

16. PUNE : Shree Shree Ma Anandamayee Ashram,
Ganesh Khind Road, Pune-411007, (Tel : 020-5537835)

17. PURI : Shree Shree Ma Anandamayee Ashram,
Swargadwar, Puri-752001, Orissa.

18. RAJGIR : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Rajgir, Nalanda-803116, Bihar (Tel : 06112-55362)

19. RANCHI : Shree Shree Ma Anandamayee Ashram, Main Road,
P.O. Ranchi-834001, Bihar (Tel : 0651-312082)

20. TARAPEETH : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Chandipur-Tarapeeth, Birbhum-731233, W.B.

21. UTTARKASHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kali Mandir, P.O. Uttarkashi-249193,

22. VARANASI : Shree Shree Ma Anandamayee Ashram,
Bhadaini, Varanasi-221001, U.P.
(Tel : 0542-310054+311794)

23. VINDHYACHAL : Shree Shree Ma Anandamayee Ashram, Ashtabhuja Hill,
P.O. Vindhyachal, Mirzapur-231307, (Tel : 05442-42343)

24. VRINDAVAN : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Vrindavan, Mathura-281121 U.P. (Tel: 0565-442024)

IN BANGLADESH :

1. DHAKA : Shree Shree Ma Anandamayee Ashram,
14, Siddheshwari Lane, Dhaka-17 (Tel : 405266)

2. KHEORA : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Kheora, Via-Kasba, Brahmanbaria.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

REGISTERED WITH THE REGISTRAR OF NEWSPAPERS
FOR INDIA AS NO. 65433/97

रत्ना ऑफसेट्स लिमिटेड कमच्छा, वाराणसी, फोन-३९२८२०

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માં આનન્દમયી

# અમૃત વાર્તા



CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# SHREE SHREE ANANDAMAYEE SANGHA

## ❄ Branch Ashrams ❄

1. AGARPARA : Shree Shree Ma Anandamayee Ashram, P. O. Kamarhati, Calcutta-700058 (Tel : 033-5531208)
2. AGARTALA : Shree Shree Ma Anandamayee Ashram, Palace Compound, P.O. Agartala-799001. West Tripura (Tel : 0381-208618)
3. ALMORA : Shree Shree Ma Anandamayee Ashram, Patal Devi, P.O. Almora-263602, (Tel : 05962-33120)
4. ALMORA : Shree Shree Ma Anaudamayee Ashram, P.O. Dhaul-China, Almora-263881, (Tel : 05962-62013)
5. BHIMPURA : Shree Shree Ma Anandamayee Ashram, Bhimpura, P.O. Chandod, Baroda-391105, (Tel : 02663-833208
6. BHOPAL : Shree Shree Ma Anandamayee Ashram, P. O. Bairagarh, Bhopal-462030, M.P. (Tel : 0755-521227)
7. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram, Kishenpur, P.O. Rajpur, Dehradun-248009 (Phone : 0135-734271)
8. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram, Kalyanvan, 176, Rajpur Road, P.O. Rajpur, Dehradun-248009, (Phone : 0135-734471)
9. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram. P.O. Raipur Ordnance Factory, Dehradun-248010
10. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram, 47/A Jakhan, P.O. Rajpur, Dehradun,
11. JAMSHEDPUR : Shree Shree Ma Anandamayee Ashram, Near Bhatia Park, Kadma, Jamshedpur-831005, Bihar
12. KANKHAL : Shree Shree Ma Anandamayee Ashram, P.O. Kankhal, Hardwar-249408, (Tel : 0133-416575)
13. KEDARNATH : Shree Shree Ma Anandamayee Ashram, Near Himlok, P.O. Kedarnath, Chamoli-246445,
14. NAIMISHARANYA : Shree Shree Ma Anandamayee Ashram, Puran Mandir, P.O. Naimisharanya, Sitapur-261402, U.P.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# મા આનન્દમયી અમૃત વાર્તા

## શ્રી શ્રી મા આનન્દમયીના દિવ્ય જીવન
## તથા
## દિવ્ય વાણીવિષયક ત્રૈમાસિક પત્રિકા

વર્ષ - ૫ એપ્રિલ, ૨૦૦૧ સં - ૨

-: સંપાદક સમિતિ :-
સ્વામીશ્રી ભાસ્કરાનંદજી
ઉત્તરા ચિનુભાઈ
બ્રહ્મચારિણી વસુમતીબહેન
નિરંજન મહેતા

-: મેનેજીંગ સંપાદક :-
શ્રી પાનુ બ્રહ્મચારી

-: વાર્ષિક લવાજમ :-

| | |
|---|---|
| ભારતમાં | રૂ. ૬૦/- |
| વિદેશમાં | યુ. એસ. ડૉલર ૧૨/- |
| એક અંકની છૂટક કિંમત | રૂ. ૨૦/- |

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# "હરિ કથા હી કથા, ઔર સબ વૃથાવ્યથા"

- મા આનન્દમયી

શ્રી શ્રી મા આનન્દમયીના સર્વ ભક્તોને

## "મા આનન્દમયી સેવા સમિતિ (MASS, Inc.) USA"

તરફથી સપ્રેમ

જય મા.

આ સમિતિ (MASS, Inc.) અમેરિકામાં પેન્સીલવેનીયા રાજ્યમાં સ્થાયી થઈ રજીસ્ટર થઈ છે. પૂ. શ્રી શ્રી માના ભક્તોનાં ધાર્મિક કાર્ય, સત્સંગ તથા જનસેવાનું ધ્યેય ધરાવતી આ સંસ્થાએ અમેરિકાની સરકાર તરફથી (Tax - Exemption) કર મુક્તિ મેળવી છે. સંસ્થાનો નંબર છે : 23 - 29675 જે IRS Code 501 (C) (3) ને સુસંગત રહેશે.

ઉત્તર અમેરિકામાં વસતા માતૃભક્ત જનોને વિનંતિ કે "મા આનન્દમયી અમૃતવાર્તા" ત્રિમાસિકનું લવાજમ સમિતિને (MASS, Inc.) મોકલવું. ચાર ભાષાઓમાં (અંગ્રેજી, હિન્દી, ગુજરાતી અને બંગાળી)માં પ્રસિદ્ધ થતી આ દિવ્ય-માતૃ સત્સંગપૂર્ણ પત્રિકાનો લવાજમ દર : વાર્ષિક બાર ડોલર ($12) લેખે જે ભાષામાં રસ હોય તે માટે મોકલવા વિનંતિ છે.

વધુ માહિતિ માટે સંપર્ક સાધો :

**મહાદેવ પટેલ**

C/o. MA Ananadmayee Seva Samiti, Inc.
212, Moore Road, Wallingford 19086 - 6843
Tel. : 610 - 876 -6862
Fax : 610 - 876 - 1351
email : devpatel@netscape.net

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

—Courtesy : GOYAL STUDIO, DEHRADUN

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# માતૃવાણી

(વિનાશક ભૂકંપની વિભીષિકામાં સપડાયેલા સર્વ જનો માટે આત્મબળ પૂરું પાડનાર શ્રી શ્રી માની આ વિશેષ વાણી વિપત્તિમાંથી બહાર આવવા માટે શું શું કરવું તે - અહીં આપી છે.)

જેમની સૃષ્ટિ એમના વિધાનમાં, જગતમાં બધું જ. એમનું સ્વયં બધું. કર્મગતિનું જ્યાં જે અવસ્થામાં પ્રયોજન છે, પ્રગટ થતું જઈ રહ્યું છે. એમના પર નિર્ભર, એમનું જ સ્મરણ સર્વાવસ્થામાં કર્તવ્ય. તેઓ વિપદ આપીને વિપદોનો નાશ કરે છે. દુઃખહરણ, કાલહરણ, એમનું જ શરણ લેજો. ત્યારે જ શાંતિની આશા.

●

ભગવાન બાજુથી જ તો મનુષ્યને શાંતિની આશા છે. સંસારનું રૂપ તો આવું જ છે. સંસારમાં શાંતિની આશા વ્યર્થ છે. મનમાં સરળતા ન હોય તો ધર્મની દિશા બરોબર પકડાતી નથી, તેથી ઘણી વાર આ જાતની સ્થિતિ આવી શકે છે. કઈ દિશા સાચી છે એનો નિશ્ચય નથી થઈ શકતો. બધી જ અવસ્થાઓમાં એ કર્તવ્ય છે કે ભગવાન પર નિર્ભર રહે. એમની પાસે પ્રાર્થના કરે.

●

બધી જ મુશ્કેલીઓની અંદર પણ ભગવાન પર નિર્ભર રહો. જપ-ધ્યાન કરો. આત્મોન્નતિની ચેષ્ટા કરો. સંસારનાં ભાવ-રૂપ સાથે રાખીને કોઈ કદી પણ ભગવાનને પ્રાપ્ત નથી કરી શકતું. જેમના ચિંતનને, જેમના રૂપને હૃદયમાં રાખવાથી શાંતિ મળે, એમને સ્મરણમાં રાખવા જોઈએ. જ્યાં સુધી તેઓ વિઘ્નનાશક રૂપે પ્રગટ ન થાય, ત્યાં સુધી એમને પકડી રાખવાનો પ્રયત્ન કરો.

●

સંસારયાત્રામાં કદી પણ કોઈ સુખી નથી થતું. પરમાર્થયાત્રા એ જ પરમ સુખનો માર્ગ છે. તે જ પોતાના માર્ગ પર સ્વયં ચાલવાની ચેષ્ટા કરો, જ્યાં સુખ-દુઃખનો પ્રશ્ન નથી. અભિમાનશૂન્ય પરમાનંદ પ્રત્યે.

●

બધાંને જ કહી દેજો, કેવળ ધૈર્યના આશ્રયમાં બધા જ વિષયોમાં એમના ચરણોમાં નિર્ભર રહો.

●

સર્વરૂપમાં, સર્વભાવમાં તેઓ જ તો. જ્યારે જે થાય છે, થાય, તેઓ જ કરાવે છે, તેઓ જ કરે છે, તેઓ જ સાંભળે છે. સર્વ વિષયોમાં એમના પર જ નિર્ભર રહો.

●

વિપદ માનવ ઉપર જ આવે છે. વીરોની માફક ધૈર્ય-શૌર્યનો આશ્રય લો. એમનું વિધાન છે એમ માનીને એમનું શરણ લેવાની ચેષ્ટા કરો.

●

ભગવાન ઘણી વાર વિપદા આપીને વિપદનો નાશ કરે છે. બધી જ સ્થિતિમાં એમના પર નિર્ભર રહો. ભગવાનના નામથી ક્યારેય કોઈનું ખરાબ નથી થયું, કર્મ અનુસાર જે ભોગવવું પડે. ઠાકુરનું નામ લેવાથી બધાં જ કાર્યોમાં મંગળ થાય છે.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


ભગવાન જ્યારે જે રૂપે રાખે, બધું જ મંગળ માનવું જોઈએ. એમના પર નિર્ભર રહેવાની ચેષ્ટા કરવી જોઈએ તેઓ જ તો પાલક, ચાલક, યથા સર્વસ્વ છે.

●

વિપદ વખતે ધૈર્ય ધારણ કરવું જોઈએ. આફત-વિપદ માનવની પાછળ પડેલાં હોય છે. આમાં જેઓ ધીર-વીર હોય છે, તેઓ જીતી જાય છે. સમય હંમેશા એક સરખો નથી રહેતો. આવા સમયમાં એમના પર વિશેષ રૂપે નિર્ભર રહેવું આવશ્યક છે. ખબર નથી તેઓ કઈ આફત દ્વારા આ આફતને દૂર કરી દેશે ! ક્યારેક ક્યારેક તેઓ વિપદ આપીને વિપદ હરણ કરી લે છે. માટે જ એમનું નામ વિપદ-ભંજન છે.

●

દિવસ તો એક સરખો નથી પસાર થતો. નિરાશ થઈને ભાંગી ન પડવું જોઈએ. આમ છતાં એમને ભરોસે નિર્ભર રહો. સગવડ-અગવડ વખતે એમને પોકારો. જમીન પર પડી જવાય તો ફરી એ જ જમીનના ટેકાથી ઊભા થવું પડે. પરિણામે, સર્વ વિષયમાં ચેષ્ટા કરવી તે કર્તવ્ય છે.

●

વિપદને વિપદ ન ગણો. વિપદ વિષે વિચારવું તે જ પાપ છે. કેવી વિપદ ? તેઓ જે કંઈ કરે છે, બધું જ મંગળ છે. કોઈ પણ સ્થિતિમાં માણસે ભાંગી ન પડવું. હંમેશ માત્ર સ્મરણ કરો - 'ગુરુદેવ, તમે મારે માટે જે સારું છે તે જ કરી રહ્યા છો.' આવું જગતમાં થતું રહે છે. ધન અને પ્રાણની ઉપરથી જ જો પસાર થઈ ગયું તો જવા દો. પ્રાણ સચવાઈ રહે. આવી જ ભગવાન પાસે પ્રાર્થના કરો. (અર્થાત્ ભગવાનને પ્રાર્થના કરો કે મોટી વિપત્તિ આવવાની હોય તો ધનહાનિ દ્વારા એ પસાર થઈ જાય, અથવા તો પ્રાણનું સંકટ હોવા છતાં સ્પર્શ કર્યા વિના ઉપરથી જ ચાલી જાય. શૂળીનો ઘા સોઈથી ગયો એમ માનવું.)

●

હંમેશા ધૈર્યનો આશ્રય લો. હે ભગવાન, તમે જે કંઈ કરો છો, મારા મંગળ માટે. સહ્ય કરવાની શક્તિ આપો આ જ પ્રાર્થના છે: ભગવત્-કૃપા વગર કંઈ નથી થતું. બધી જ ભગવત્-કૃપા છે. ધૈર્યને આધારે બધું સહન કરતાં કરતાં, એમનું નામ લેતાં લેતાં આનંદથી રહો.

●

(જેમનાં સ્વજનો મૃત્યુ પામ્યાં છે તેમને માટે વિશેષ રૂપે કરણીય:)

એનું મન આટલું બધું ખરાબ (દુ:ખી) કેમ છે ? અનિત્ય સંસાર, એને માટે આટલી બધી ચિંતા કરીને કેમ મન ખરાબ કરો છો ? કર્તવ્યપાલન કરતા જાઓ ધીર-વીર થઈને. તેઓ જ બધું કરાવી રહ્યા છે, આટલું યાદ રાખો. તેઓ જે કંઈ કરાવશે તે જ બરોબર છે. એમના હાથમાં યંત્રવત્ પોતાની જાતને રાખવાની ચેષ્ટા કરો. આટલી ચિંતા ન કરો.

●

'ભગવાન મૃત્યુના મોઢામાંથી હજી સુધી બચાવી રહ્યા છે' - ભાગ્ય છે. ભગવાન પર જ નિર્ભર રહો. વાસનાજનિત જે કષ્ટ છે, બાધા-વિઘ્નથી આવે છે, એની અંદર પણ એમનો કરુણાહસ્ત સત્ય છે, સમજીને માનવું પડશે. અસ્થિર થવાથી ન ચાલે. અસ્થિર ભગવાનને માટે થવું પડે. હજી સુધી એમનો અવાજ નથી સંભળાયો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


અમૂલ્ય સમય નકામો ચાલ્યો જાય છે. વિષય-વાસનામાં અસ્થિર થઈને મન અને શરીરને કલેશિત ન કરવાં જોઈએ.

●

કર્મચક્રમાં માનવની આ દુર્ગતિ છે. કર્તવ્ય (છે) સત્કર્મ કરવું. કર્મફળને તેઓ નથી છોડતા. પિતાજી-માતાજી ધર્મનિષ્ઠ છે. તેઓ (અર્થાત્ ગતાત્મા) બધું બરાબર મૂકીને આજે ગત થઈ ગયા. આવા દુઃસમયમાં એમને શરણે જાઓ.

●

(એના) શરીર માટે રડવાનું (કે) અનુતાપ ન થાય કેવળ ચેષ્ટા કરો. બધાંને જ પરંતુ આ જ યાત્રા કરવી પડશે. પોતપોતાના પથના સંબલનું પ્રયોજન છે. જે લોકો એમના આશ્રિત છે, તે લોકોને એમના ચરણોમાં જ છોડી દો. તત્જ્ઞાનમાં સેવા. કેવળ નિર્ભર.

●

"આ જ સંસારનો નિયમ છે." ધૈર્યનો આશ્રય લેવો જ પડશે. સંસારનું જે રૂપ છે, તે જોઈ લીધું ને ? ભગવાન પ્રત્યે મન પરોવવાથી શાંતિ. ઈચ્છાથી કે અનિચ્છાથી જપ-ધ્યાનમાં જેટલો અધિક સમય આપી શકાય, દુર્દૈવથી એટલી જ બચવાની આશા છે.

●

આત્માનો ધ્વંસ ક્યાં ? બધાંમાં જ તે જ પ્રાણવાયુ તથા આત્મા. શરીરનું જ પરિવર્તન. શરીર જેટલું સહ્ય કરી લે, નિત્ય રહેતું નથી. આ બધી વાતો આવે સમયે મન માનતું નથી એ પણ સત્ય છે, મનનો ધર્મ છે હાહાકારમાં તરફડવું, મનનો આવેગ પ્રગટ કરવો. પણ સ્વયં જ પોતાની જાતને અહીં સંભાળવી પડશે, બીજો શો ઉપાય છે ?

●

જે માર્ગમાં શાંતિ છે, તે જ પંથનો યાત્રી છે એ. યાત્રા કરવી પડશે જ્યાં જરા (વૃદ્ધત્વ) નથી, મૃત્યુ નથી, બધું જ વર્તમાન છે. કોનું મૃત્યુ ? મૃત્યુના રૂપમાં કોણ ? એ દિશામાં પ્રત્યક્ષ થયા વિના આ દુઃખસાગરમાંથી મુક્તિ નથી. જેમના સ્મરણથી આ દુઃખમાંથી ચિર નિવૃત્તિ, એ દિશા લઈને બંધુ અવિરામ રહેવાની ચેષ્ટા કરે.

●

દુઃખનાં આવેદનો, નિવેદનોને ભગવાનની નિકટ મૂકીને પ્રાર્થના કરવી જોઈએ. એમને બધું જ જણાવવું જોઈએ. તેઓ તો મંગલમય છે.

●

બીજી એક વાત છે - સમયને અધીન જે સુખ-દુઃખ છે તે સ્થાયી નથી રહેતું. માટે કશામાં વ્યસ્ત ન રહો. જેમને ખ્યાલ હોય છે તેમનો પણ સમય ચાલી જાય છે. ઊંચી આશામાં હલેસાં મારો. ફળની આશા ન કરીને કેવળ કર્મ કરતા જાઓ.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# માતૃલીલા

એક વાર વિંધ્યાચલ આશ્રમમાં કોઈએ માને પૂછ્યું : મા, આશ્રમ તો સાધુ-સંતો માટે હોય. ગૃહસ્થોને શી જરૂર ?

**મા :** બાબા, સાધુ-સંતોને આશ્રમની શી જરૂર ? તેઓ તો ઝાડ નીચે પણ રહી શકે. આશ્રમ તો ગૃહસ્થો માટે હોય છે કે જેથી તેઓ આવે, પૂજા-પાઠ કરે, પ્રભુનું નામ લે, સાધન કરીને જીવન સફળ કરે.

●

વિંધ્યાંચલમાં એક દિવસ ખૂબ વરસાદ પડતો હતો. એવી ઘનઘોર વર્ષામાં કોણ જાણે ક્યાંથી ત્રણ પહાડી બાળાઓ માથા પર શાકની ટોપલી સાથે આશ્રમમાં આવી પહોંચી. માએ બધું જ શાક ખરીદી લેવડાવ્યું. થોડીક વાર પછી શોધવા છતાં એ બાળાઓને કંઈ પત્તો ન મળ્યો. કોઈએ પૂછ્યું માને, તો માએ કહ્યું : ગંગા, જમુના અને સરસ્વતી જ ત્રણ રૂપોમાં આવ્યાં હતાં. ત્રણે દેવીઓ કૃપા કરીને દર્શન આપી ગયાં.

●

"સત્સંગ શું ? સ્વ-અર્થાત્ એ જ ભગવાન, સચ્ચિદાનંદ-સ્વરૂપ, આત્મસ્વરૂપ જે કહો છો ને. સ્વનો સંગ, સ્વ-અંગ અર્થાત્ સર્વ અંગ જ ભગવાનનાં, નિત્ય પ્રકાશિત. તે સંગ થવા માટે. તેથી જ કહેવામાં આવે છે અંગ, એટલે સત્સંગ કરો, સ્વ-અંગ થવા માટે.

●

જગદીશ બાબૂ : મા, કંઈ જ ગમતું નથી.

**મા :** ન ગમવાની જ વાત છે. કારણકે તમે લોકો તો આનંદની મૂર્તિ છો. ખંડ આનંદ તમને એનામાં કેવી રીતે રાખી શકે ? અખંડ આનંદનું આસ્વાદન તમારી અંદર મોજુદ છે. જુઓ, બજારમાં જતી વખતે તમે લોકો ઘણી વાર કહો છો કે ત્યાંથી આ શાક લાવજો, પેલું શાક લાવજો. એનું કારણ એ છે કે એ શાક તમે ખાધાં છે, અને એમના સ્વાદથી પરિચિત થઈ ગયા છો, એટલા માટે જ ફરીથી ભોગ કરવા માટે એને ખરીદવાનું કહો છો. તે જ રીતે તમારા પ્રત્યેકમાં સચ્ચિદાનંદનું આસ્વાદન છે, અને સંસારમાં એ જ આનંદની શોધમાં ચક્કર મારો છો. કોઈ વાર ધારો છો કે આનંદ કદાચ ધનમાં છે, કોઈ વાર સન્માનમાં, કોઈ વાર દીકરા - દીકરીમાં - આ જ રીતે કોઈ ને કોઈ પણ ચીજ એ સચ્ચિદાનંદનો આનંદ નથી આપતી. તેથી જ શાંતિ નથી પ્રાપ્ત કરી શકતા. કંઈ પણ સ્થાયી રૂપે ગમતું નથી.

જગદીશ બાબૂ : તો પછી ઉપાય શો છે ?

**મા :** નામ લેતા રહો. સર્વદા નામ લો, એથી બધું મેળવશો. શાંતિ, મુક્તિ બધું જ નામથી પ્રાપ્ત થાય છે.

અમૂલ્યકુમાર : જો શાંતિ-મુક્તિ નામથી પ્રાપ્ત થઈ જાય તો ગુરુની કંઈ જરૂર નથી ?

**મા :** સારું પિતાજી, તમે જો એમ ધારો છો કે ગુરુ વગર તમારું કામ થઈ જશે તો એમાં દોષ શો છે ? તમે આમ જ નામ કરતા જાઓ, એનાથી થઈ જશે. જગત્માં કોઈ ચીજ વ્યર્થ નથી જતી. આ જેમ ઝાડ પરથી પાંદડું પડી રહ્યું છે, તે પણ વૃથા નથી. તમે લક્ષ્ય કરો કે ન કરો, એ પણ તમારા પર એની છાપ મૂકતું જાય છે. કદાચ સમય આવે એ ફરી જાગી ઉઠશે. તેથી નામ કરવાથી ફળ પ્રાપ્ત કરશો જ. હા, એ બરાબર છે કે જેમ રોગી ઘણા દિવસ માંદો રહે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


તો દુર્બળ અને સામર્થ્યહીન થઈને વિચાર કરવા માંડે કે જો કોઈ એની પથારી પાસે બેસત તો એ એને પકડીને ઊઠી શકત. એકલા ઊઠવું - બેસવું એને માટે અસંભવ થઈ જાય છે, આ જ પ્રમાણે કોઈ કોઈ પોતે સાધના કરતાં કરતાં કલાંત અને નિરાશ થઈને વિચાર કરે કે જો કોઈ એક ગુરુ હોત તો એને સહારે એ વધારે આગળ વધી શક્યો હોત. મનુષ્ય ઉપલક્ષ્ય વગર ચાલી નથી શકતો, માટે જ ગુરુની આવશ્યકતા હોય છે. એનો મતલબ એવો નથી કે ગુરુ વગર ભગવાનને ન બોલાવી શકાય.

●

ડૉ. ગોપીનાથ કવિરાજ : માની વાતો સાંભળીને અને એમના ભાવોને ધ્યાનથી જોયા પછી મેં શાસ્ત્રો સાથે એને મેળવી જોયું, તો એવા નિર્ણય પર પહોંચ્યો છું કે મામાં પૂર્ણજ્ઞાનની સ્થિતિ છે.

●

શાહબાગમાં એક મુસલમાન ફકીરની કબર હતી. માએ બતાવી, અને એ ફકીર વિષે કહ્યું, "હું જે દિવસોમાં બાજિતપુરમાં રહેતી હતી, એ દિવસોમાં પહેલવહેલી આ ફકીર સાથે મારી મુલાકાત થઈ હતી. જાણે કે ફકીર સાહેબ મને અહીંયાં બોલાવી લાવવા માટે બાજિતપુર ગયા હતા."

ફકીર સાહેબનું સ્થૂળ શરીર તો ઘણાં વર્ષો પહેલાં છૂટી ગયું હતું. મા સાથે એમની જે મુલાકાત થઈ તે અશરીરી અવસ્થામાં.

**મા :** પહેલી વાર જ્યારે પિતાજી. સાથે મુલાકાત થઈ હતી ત્યારે મને એવું લાગ્યું કે "જાણે તેઓ અરબ દેશના કોઈ મહાપુરુષ છે. ત્યાં સુધી હું એ નહોતી જાણતી કે અરબ નામક કોઈ દેશ છે કે નહીં, અને છે તો ક્યાં છે ? મેં જ્યારે ભોલાનાથને કહ્યું કે મેં અરબ દેશના કોઈ મહાપુરુષને જોયા, તો ભોલાનાથ આશ્ચર્ય સાથે બોલ્યા - "તમે હિંદૂ દેવી-દેવતાને બદલે આ બધું શું જોવા લાગ્યાં ? આનો અર્થ હું નથી સમજ્યો." પછીથી શાહબાગ આવ્યા પછી આ કબર જોઈ ત્યારે તપાસ કરવાથી ખબર પડી કે અરબ દેશના એક ફકીર અહીંયા આવીને થોડા દિવસ હતા. પછી આ જ બાગમાં એમનો શરીરાંત થઈ ગયો. નવાબ પરિવારના લોકો ફકીર સાહેબને શ્રદ્ધાની દૃષ્ટિથી જોતા હતા, તેથી એમની કબર બાગમાં બનાવવામાં આવી. પિતાજી (ફકીર) સાથે એક શિષ્ય પણ હતો, અને ઢાકામાં શિષ્ય સાથે પિતાજી જોડે મુલાકાત થઈ હતી.

પ્રશ્ન : ઢાકામાં કેટલી વાર આપની સાથે મુલાકાત થયેલી ?

**મા :** ફક્ત એક વાર.

જે સ્થાન પર મુલાકાત થઈ હતી તે સ્થાન એમણે બતાવ્યું, અને એક ઝાડી પણ બતાવી.

**મા :** ઘણી વાર આ ઝાડીમાંથી ધૂપની મહેક નીકળતી.

વર્ષો પહેલાં કીર્તનમાંથી નીકળીને મા સીધાં એક કબર પાસે જઈ ઊભા રહ્યાં. માના મુખમાંથી અજબ સ્વરો અને ધ્વનિ નીકળવા માંડ્યાં અને નમાજ પઢતી વખતે મુસલમાનો જે પ્રકારની આંગિક ક્રિયાઓ કરે છે તે બધી થઈ. નવાબજાદી પ્યારીબાનૂની પુત્રવધૂ બોલી, "આ તો કુરાનની આયતો પઢી રહ્યાં છે."

આ એ જ ફકીરની કબર હતી. માએ પછી ફકીરના શિષ્યની પણ કબર બતાવી. ફકીરની કબરની ચોપાસ જાળી બંધાયેલી હતી, અને શિષ્યની કબર ખુલ્લી અને ઘણાં બધાં વૃક્ષોના સમૂહ નીચે હતી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


•

આશ્રમમાં આંબાના ઝાડમાંથી મધ ઝરતું હતું તે વિષયમાં -

**મા :** આ અસંભવ નથી. વૃક્ષોને પણ પ્રાણ હોય છે. મનુષ્યનું ચરિત્ર જો સત્સંગને લીધે ઉન્નત થાય તો વૃક્ષોનું કેમ ન થાય ?

માએ એમની કુટિયાની ઉત્તરમાં એક વૃક્ષ તરફ ઈંગિત કરીને કહ્યું કે એ વૃક્ષમાંથી ટપ-ટપ કરતું એક વાર મધ ટપકતું હતું. ઝાડ નીચે થાળી મૂકીને અમે સંગ્રહ કર્યો હતો.

•

જો 'અંતર' જાણવું હોય તો 'બહાર' ને છોડવાથી (જ) કામ નહીં ચાલે, માટે જ 'એમણે' સંસારના ચિત્રની અંદર (અંતર)ની છવિ અંકિત કરી રાખી છે. આ જગતને જાગ્રત્‌નો આભાસ પણ કહેવામાં આવે છે. જગતના ક્ષણિક આનંદમાં મુગ્ધ ન થઈને અંતર્યામીનું શરણ લેવાની ચેષ્ટા કરો.

**- શ્રી શ્રી મા.**

જીવન સદાચારથી જ શોભે છે.
પોતાનાં ભૂલ-દોષો કબૂલીને રાજી રહેવું એ છે આત્મશુદ્ધિનું ઈંધન.
જ્ઞાનભંડારનું અને શક્તિમંદિરનું પ્રવેશદ્વાર છે નમ્રતા.
જીવન-ઉન્નતિ માટે નિયમિત રીતે, અખંડપણે એકાંતસેવન અને મૌનપાલનનો સબળ સંકલ્પ કરી તેને પાર પાડવાનો પ્રામાણિક પ્રયાસ કરવો જોઈએ.

**- પરિવ્રાજક**

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# પ્રયાગરાજ પૂર્ણ-કુંભની ઝલક

નવી શતાબ્દીનો પ્રથમ પૂર્ણકુંભ કંઈક નવીનતા સાથે આવશે એવી આશા રાખીએ. યુગોથી પ્રયાગરાજની મહિમા ગવાય છે અને યુગો સુધી ગવાશે. વિશ્વનો આ એકમાત્ર વિશાળ મેળો છે કે જે નદીની રેતાળ ભૂમિ પર થાય છે. ગંગા-યમુના-સરસ્વતીની આ ભૂમિ મહાપવિત્ર છે. દર વર્ષે એ જળના ગર્ભમાં ડૂબી જાય છે, તથા વર્ષા પૂરી થતાં આ વિશાળ બાલુકા-ભૂમિ જ્ઞાનગંગાની ત્રિવેણીમાં અવગાહન કરવા માટે જિજ્ઞાસુઓને આમંત્રે છે.

તીર્થરાજ પ્રયાગની મહિમા ગોસ્વામીજી ગાય છે :

तीरथराजु दीख प्रभु जाई।
सचिव सत्य श्रद्धा प्रियनारी। माधव सरिस मीतु हितकारी॥
चारि पदारथ भरा भँडारू। पुन्य प्रदेस देस अति चारू॥
छेत्र अगम गढ गाढ सुहावा। सपनेहुँ नहिं प्रतिपच्छिन्ह पावा॥
सेन सकल तीरथ बर बीरा। कलुष अनीक दलन रन धीरा॥
संगमु सिंहासनु सुठि सोहा। छत्रु अखय बटु मुनि मन मोह।
चँवर जमुन अरू गंग तरंगा। देखि होहिं दुख दारिद भंगा॥
सेवहिं सुकृति साधु सुचि, पावहिं सब मन काम।
बंदी वेद पुरान गन, कहहिं बिमल गुनग्राम॥ (अयोध्याकांड - 105)

પ્રભુ શ્રીરામચંદ્રજીએ તીર્થોના રાજા પ્રયાગનાં દર્શન કર્યાં. એ રાજા (પ્રયાગરાજ)નો મંત્રી 'સત્ય' છે, 'શ્રદ્ધા' પ્રિય પત્ની છે, વેણીમાધવ જેવા હિતેચ્છુ મિત્ર છે, ચાર પદાર્થો - ધર્મ, અર્થ, કામ, મોક્ષથી એનો ભંડાર ભરેલો છે, અને એ પુણ્યમય પ્રાંત એનો સુંદર દેશ છે. પ્રયાગ ક્ષેત્ર તે જ દુર્ગમ મજબૂત અને સુંદર કિલ્લો છે કે જેને પાપરૂપી શત્રુ સ્વપ્નેય નથી મેળવી શકતા. સંપૂર્ણ તીર્થ જ એના શ્રેષ્ઠ અને વીર સૈનિકો છે કે જેઓ પાપરૂપી સેનાને મસળી નાખનાંરા રણધીરો છે. ગંગા-યમુના-સરસ્વતીનો સંગમ એનું અત્યંત સુશોભિત સિંહાસન છે. અક્ષયવટ એનું છત્ર છે કે જે મુનિઓનાં મનને પણ મોહિત કરે છે. જેને જોવાથી દુઃખ અને દારિદ્રય નાશ પામે છે એવું ગંગા-યમુનાની તરંગોવાળું (શ્વેત-શ્યામ) ચામર છે. પુણ્યાત્મા પવિત્ર સાધુઓ એની સેવા કરે છે અને સઘળા મનોરથો પૂર્ણ કરે છે. વેદ-પુરાણોનો સમૂહ એના ભાટ છે કે જેઓ એના નિર્મળ ગુણોને વખાણે છે.

માઘ માસમાં જ્યારે ભગવાન સૂર્ય મકર રાશિમાં પ્રવેશે છે, ત્યારે લોકો તીર્થરાજ પ્રયાગમાં આવે છે. તુલસીદાસજી આગળ કહે છે :

माघ मरकत रबि जब होई। तीरथपतिहिं आव सब कोई॥

આ યુગયુગાંતરથી ચાલી આવેલી પરંપરા છે. આ જ પરંપરામાં શ્રીશ્રીમાના સત્સંગનું આયોજન થતું તીર્થરાજની પવિત્ર ભૂમિમાં. ભક્તો આ પવિત્ર સ્થળે માનું સાન્નિધ્ય લાધતા. મુમુક્ષુ સાધકોને વળી આથી વિશેષ શું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


જોઈએ ? આજે પણ પ્રયાગરાજની પવિત્ર રેતીમાં 'શ્રી શ્રી આનન્દમયી સંઘ' તરફથી શ્રી શ્રી માના શિબિરનું આયોજન કરવામાં આવે છે.

ઈ.સ. ૧૯૭૭માં શ્રીશ્રીમાની ઉપસ્થિતિમાં થયેલો પ્રયાગરાજનો અંતિમ પૂર્ણકુંભનો મેળો હતો, અને ૧૯૮૨માં શ્રી શ્રી માની ઉપસ્થિતિમાં ત્યાં જ અર્ધકુંભ મેળો હતો.

તો આવો, આપણે ૧૯૭૭ના પૂર્ણકુંભ મેળામાં માની ઉપસ્થિતિની થોડીક ઝાંખી મેળવીએ.

આત્માનંદજી એમની 'માતૃલીલા'માં લખે છે :

"૬ ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૭૭માં માતાજી મોટર દ્વારા વારાણસીથી અલ્હાબાદ રવાના થયાં. એક રાત માટે મા ૩૧, જ્યોર્જ ટાઉનમાં સ્વ. નીરજનાથ મુખર્જીને ત્યાં રહ્યાં. શ્રી શ્રી માના આગમનના અડધા કલાકની અંદર ઉત્તર પ્રદેશના રાજ્યપાલ ડૉ. ચેન્ના રેડ્ડી લખનઉથી માના દર્શનાર્થે આવ્યા. ૭ જાન્યુઆરીએ નિર્વાણી અખાડા દ્વારા આયોજિત શાહી શોભાયાત્રામાં શ્રી શ્રી માને લઈ જવામાં આવ્યાં. સહુ પ્રથમ અખાડાના મહામંડલેશ્વરગણ શોભાયાત્રામાં આગળ ચાલ્યા. એમની પાછળ કીર્તન-મંડળી હતી. તે પછી આપણા આશ્રમની શ્રીનારાયણશિલા (કે જે માના મોસાળ પક્ષથી ચાલી આવેલી) એક પાલખીમાં હતી. એમની પાછળ રજત સિંહાસન એક પૈડાવાળા ગાડામાં ઉપર મૂકવામાં આવ્યું હતું. એની પાછળ મહામંડલેશ્વર ગીતા ભારતીજી હતાં. મેળાના મુખ્ય દ્વાર સુધી પહોંચવાના ચાર માઈલ પહેલાં આ શોભાયાત્રા શરૂ થઈ હતી, જે નિર્વાણી અખાડા આગળ પૂરી થઈ. ત્યાંથી માતાજી એમના સંઘના શિબિરમાં પધાર્યાં. ૧૦ અને ૧૧ જાન્યુઆરીએ ૧૦૮ મહાત્માઓને સવિધિ ભોજન કરાવવામાં આવ્યું, તથા પ્રત્યેકને કામળો ભેટ આપવામાં આવ્યો. સંધ્યાકાળે લગભગ ૧૨ મહામંડલેશ્વરોએ આપણા સત્સંગ મંડપની શોભા વધારી. બધાનાં પ્રવચનો થયાં. તે પછી આરતી થઈ. આરતી પછી એમને ભોજન કરાવ્યું. ૧૪, ૧૯ અને ૨૪ તારીખોએ મુખ્ય શાહી સ્નાનોને દિવસે શાહી શોભાયાત્રામાં શ્રી શ્રી માની ઉપસ્થિતિ હતી. શ્રી શ્રી માના સ્નાનની રીત આવી હતી - ઢીંચણ સુધીના જળમાં મા ઊતરતાં અને નીચાં નમીને શ્રી શરીરના મસ્તક ઉપર જળ છાંટતાં. તે વખતે પાસે હાજર રહેલા ભાગ્યશાળીઓ બે-ચાર ટીપાં જળનાં પામી જતા.

૧૯ જાન્યુઆરી મુખ્ય સ્નાનનો દિવસ હતો. ઘણા દિવસોથી વરસાદ ચાલુ હતો, ખૂબ ઠંડી હતી. મૌની અમાવસ્યાની તિથિ. આ જોઈ માએ હસતાં હસતાં કહ્યું : "તપસ્યા કરવી તે આપણા (આ) સમયની ભાવના નથી, તેથી ભગવાને એમની અસીમ કૃપા અને કરુણાથી બધાંને આજે ઉપાધિરહિત કરી દીધાં છે; ધનિક, દરિદ્ર, સાધુ, ગૃહસ્થ બધા જ આજના આ પુણ્યમય દિવસે મુશ્કેલી સહન કરતાં કરતાં પોતાના એક જ લક્ષ્ય પ્રત્યે જઈ રહ્યા છે. બધાને આજે ખુલ્લા પગે, ભીના, લપસણા, કાદવમાં ખૂંપાયેલા માર્ગે ત્રિવેણીના પવિત્ર જળમાં ડુબકી લેવાને યોગ્ય બનાવવા માટે ભગવાન આકાશગંગાના જળથી સ્નાન કરાવીને બધાને પવિત્ર બનાવી રહ્યા છે."

માતાજી અવાર નવાર એ જ કહે છે, "જે કંઈ થાય છે તે મંગળ માટે જ થાય છે." માતાજી પ્રત્યેક વસ્તુમાં સર્વદા એની મંગલમય દિશાને દર્શાવે છે.

કુંભના નિવાસ દરમ્યાન માતાજી અત્યંત આનન્દસ્વરૂપમાં હતાં. ચારે બાજુ મહાત્માઓનો સત્સંગ તથા સ્નાનાર્થે આવેલા કરોડો યાત્રિકોના પુણ્યમય ભાવથી વાયુમંડળ પવિત્ર હતું. એ પવિત્ર ભાવનો માતાજીની શારીરિક અવસ્થા પર પણ પ્રભાવ પડતો હતો. માતાજીને આપણે અનેક વાર આમ કહેતાં સાંભળ્યાં છે, "તમારા લોકોનો શુદ્ધ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


ભાવ જ આ શરીરનું ભોજન છે," તથા "આ શરીરને અન્નજળની આવશ્યકતા નથી." આવા સામૂહિક વિશ્વાસ અને આસ્થાનું મહત્વ સર્વ ઉપસ્થિત જનોએ અનુભવ્યુ. બધા અખાડાવાળાઓ માતાજીને પોતપોતાના શિબિરમાં પધારવાનું આમંત્રણ આપતા હતા. મા પણ સર્વ સ્નેહપૂર્ણ આમંત્રણોને સ્વીકારતાં હતાં. મહર્ષિ મહેશ યોગીએ સ્વીટ્ઝરલેન્ડથી માતાજીને કૃપાયાચના કરતો પત્ર લખીને પ્રાર્થના કરી હતી કે એમની અનુપસ્થિતિમાં એમના ભક્તોને માતાજી અવશ્ય આશીર્વાદ આપે.

સ્વ. રંજીત બેનર્જીએ 'પૂર્ણકુંભ પ્રયાગ' નામક લેખમાં એ દિવસોનું વર્ણન આ પ્રમાણે કર્યું છે :

"૧૮ જાન્યુઆરીએ માના નિર્દેશનમાં અખંડ રામાયણનું આયોજન કરવામાં આવ્યું. લોકોની ભીડ નદીના પ્રવાહની માફક માના દર્શન માટે ઊભરાતી હતી, જેમાં ભિક્ષુકો, રાજ્યપાલ, અધિકારીઓ, રાજા-મહારાજા, પ્રાદેશિક તથા કેન્દ્રીય સરકારી મંત્રીગણ વગેરે બધા હતા."

શ્રી શ્રી માની કુટિયા તથા આપણો શિબિર રેડિયો અને દૂરદર્શનના લોકોથી ભરપૂર હતો. ૨૨ જાન્યુઆરીએ પ્રધાનમંત્રીના આવવાની તૈયારીઓ થતી હતી.

મૌની અમાવસ્યાની પવિત્ર તિથિ ૧૮ મીની રાતે ૯.૨૫ કલાકે થતી હતી અને ૧૯ મીની સાંજે ૭.૫૪ સુધી રહેવાની હતી. યોગાનુયોગ એવો બન્યો કે ૧૮ મીની રાતના સાડા આઠ વાગ્યાથી જે વરસાદ શરૂ થયો તે ૧૯ મીની રાતના સાત વાગ્યા સુધી સતત ચાલુ રહ્યો, અર્થાત્ શાહી સ્નાનના સંપૂર્ણ સમય દરમ્યાન વર્ષા વરસતી રહી.

એ વર્ષાને બધાએં વખાણી. એને ઉપરવાળાના આશીર્વાદ માંન્યા. ૧૯મીની શોભાયાત્રાનું વર્ણન કરતાં બેનર્જી લખે છે :

"પ્રાતઃકાળે સાડા પાંચ વાગે કીર્તન કરતાં કરતાં આપણા આશ્રમની ભક્ત-મંડળી નિરંજની અખાડા પર શોભાયાત્રામાં યોગદાન કરવા નીકળી પડી. એ સ્થળ સંગમથી થોડાક જ ફલાંગ દૂર હતું. માતાજીને મોટરમાં લઈ ગયાં. બીજા મહામંડલેશ્વરગણ આવ્યા ત્યાં સુધી મા મોટરમાં જ બેસી રહ્યાં શોભાયાત્રાની શરૂઆતમાં ભગવાન કાર્તિકેય હતા કે જેઓ શક્તિના દેવતા છે. તેમ જ નિરંજની અખાડાના પ્રમુખ છે. ત્યાર પછી નિરંજની અખાડાના મહામંડલેશ્વરો અને સાધુઓ હતા. તે પછી આપણા આશ્રમના વિગ્રહ શ્રીનારાયણશિલા તથા પદ્મનાભજી હતા. પછી શ્રી શ્રી મા રૌપ્ય સિંહાસન ઉપર વિરાજમાન હતાં. સિંહાસન એક જીપની ઉપર હતું, અને અમે લોકો કીર્તન કરતાં કરતાં સાથે ચાલતાં હતાં. એ સમય લગભગ સવારના સાડા છ વાગ્યાનો હતો કે જ્યારે શોભાયાત્રા સંગમ બાજુ આગળ વધી. વર્ષા ચાલુ હતી, માર્ગ લપસણો હતો. સેંકડો ચંપલો કાદવમાં ખૂંપાયેલી હતી. આખરે અમે સંગમ સુધી પહોંચી ગયાં. માતાજી થોડે દૂર સુધી ચાલીને ગયાં. પછી માતાજીએ પાસે ઊભેલા ભાગ્યશાળીઓ પર જળ છાંટ્યું અને તરત જ પાછા ફર્યાં. માતાજીની સાથે આવેલી મહિલાઓએ ખૂબ ત્વરાથી જળમાં ડુબકી મારી અને ભીનાં વસ્ત્રોમાં જ માતાજી સાથે પાછાં વળ્યાં. મેં થોડી વધારે વાર રોકાઈને ધીમે ધીમે સ્નાન કર્યું, કલકત્તાના મારા સ્વજનો - સંબંધીઓ માટે એક મોટા વાસણમાં જળ ભરીને હું પાછો આવ્યો. હું જ્યારે આપણા શિબિરે આવ્યો ત્યારે સવારના પોણા નવ થયા હતા. માતાજી અર્ધો કલાક પહેલાં જ આવ્યાં હતાં. કલકત્તાથી આવેલાં એક બહેન નિરંજની અખાડામાં જ બેભાન થઈ ગયાં હતાં. માતાજીએ એમની ગાડીમાં બેસાડીને એમને આશ્રમના શિબિરે પહોંચતાં કર્યાં, માતાજીએ પછી શિબિરમાં ઉપસ્થિત સર્વેની ઉપર ત્રિવેણીનું પવિત્ર જળ છાંટ્યું, ત્યાર બાદ વિશ્રામ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



કરવા પધાર્યાં.''

આજથી લગભગ ૨૩ વર્ષ પૂર્વેની શ્રી શ્રી માની ઉપસ્થિતિના પૂર્ણકુંભની આ ઝાંખી આપણને તીર્થરાજ ત્રિવેણી તટ પર વારંવાર કુંભપર્વે માતૃસ્મૃતિ પ્રત્યક્ષ કરાવશે. આપણા સંઘના કાર્યકર્તાઓ આજે પણ આ પરંપરા જાળવી રાખવાનો પ્રયાસ કરે છે. આપણે એમનો આભાર માનવો ઘટે, અને આ પરંપરા નિરંતર જળવાઈ રહે એવી માને પ્રાર્થના કરીએ.

●

# તીર્થયાત્રાનું ફળ કોને મળે ?

अदम्भको निरारम्भो लघ्वाहारो जितेन्द्रियः। विमुक्तः सर्वसङ्गैर्यः स तीर्थफलमश्नुते॥

જે પાખંડી નથી, નવાં નવાં કાર્યો શરૂ નથી કરતો, ઓછો આહાર કરે છે, ઈન્દ્રિયો જેના વશમાં છે, બધી આસક્તિઓમાંથી મુક્ત છે, તે તીર્થનું ફળ પામે છે.

अक्रोधोऽमलमतिः सत्यवादी दृढव्रतः। आत्मोपमश्च भूतेषु स तीर्थफलमश्नुते॥

જેને ક્રોધ નથી, જેની બુદ્ધિ નિર્મળ છે, જે સત્ય બોલે છે, જે વ્રતપાલનમાં દૃઢ છે, સર્વ પ્રાણીઓને પોતાના આત્મા સમાન માને છે, તે તીર્થનું ફળ મેળવે છે.

(સ્કન્દપુરાણ)

# ગુરુ-તીર્થ

दिवा प्रकाशकः सूर्यः शशी रात्रौ प्रकाशकः। गृहप्रकाशको दीपस्तमोनाशकरः सदा॥
रात्रौ दिवा गृहस्यान्ते गुरुः शिष्यं सदैव हि। अज्ञानाख्यं तमस्तस्य गुरुः सर्वं प्रणाशयेत्॥
तस्माद् गुरुः परं तीर्थं शिष्याणामवनीपते॥

સૂર્ય દિવસે પ્રકાશે છે, ચંદ્રમા રાત્રે પ્રકાશે છે, દીપક ઘરમાં પ્રકાશે છે, સદા અંધકારનો નાશ કરે છે. ગુરુ શિષ્યના હૃદયમાં રાત-દિવસ સદૈવ પ્રકાશે છે. ગુરુ શિષ્યના સંપૂર્ણ અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે છે. હે રાજન્! શિષ્યો માટે ગુરુ તે જ શ્રેષ્ઠ તીર્થ છે.

(પદ્મપુરાણ, ભૂમિખંડ)

# માતા-તીર્થ - પિતા-તીર્થ

नास्ति मातृसमं तीर्थं पुत्राणां च पितुः समम्। तारणाय हितायैव इहैव च परत्र च॥
वेदैरपि च किं विप्र पिता येन न पूजितः। माता न पूजिता येन तस्य वेदा निरर्थकाः॥
एष पुत्रस्य वै धर्मस्तथा तीर्थं नरेष्विह। एष पुत्रस्य वै मोक्षस्तथा जन्मफलं शुभम्॥

પુત્રોના આ લોકના તથા પરલોકના કલ્યામ અર્થે માતા-પિતા સમાન બીજું એક્કે તીર્થ નથી. જેણે માતા-પિતાનું પૂજન નથી કર્યું, તેને વેદોનું શું પ્રયોજન ? પુત્ર માટે માતા-પિતાનું પૂજન તે જ ધર્મ છે, તે જ મોક્ષ છે અને તે જ એના જન્મનું શુભ ફળ છે.

(પદ્મપુરાણ, ભૂમિખંડ)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


હજી પણ કોઈ કોઈ વાર દર્શન આપીને આ સંતાન પર ઉપકાર કરે છે. ઈષ્ટ દેવતા બધાંના નિર્ધારિત છે, પ્રકાશિત થતા રહે છે, તેઓ સર્વદા એમના આશ્રિતો પર કૃપાદૃષ્ટિ રાખે છે. મોકો જોઈને મેં શ્રી શ્રી માના ચરણોમાં કથાપ્રસંગે નિવેદન કર્યું.

•

ચંદ્રભાગા નદીના તટ પર પંઢરપુરની સ્થાપના એક નૌકારૂપે ભવસાગરના સંતરણ માટે થઈ છે. ત્યાં પંઢરીનાથ એક નાવિક રૂપે તમને પાર ઊતારવા માટે ઊભા છે, અને સર્વાધિક મહત્ત્વપૂર્ણ વાત તો એ છે કે તેઓ એ કામ નિઃશુલ્ક કરે છે. આ રીતે એમણે એમની સમક્ષ આત્મસમર્પણ કરનાર કોટિ-કોટિ જનોનો ઉદ્ધાર કર્યો છે. પોતાની જાતને એમના હાથોમાં સોંપીને આ સંસારમાં તમે અમર્ત્ય થઈ જશો.

- સ્વામી શિવાનન્દ (દિવ્ય જીવનસંઘ)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# મા યાદ આવે છે.

૧૯૩૭નું વર્ષ. માતાજી કલકત્તા પધાર્યાં છે. થોડા દિવસ રહીને ઢાકા જવાની વાત છે. ભાઈજી (જ્યોતિષચંદ્ર રાય) તરત એમનાં કાકા-કાકી (ગંગાચરણ દાસગુપ્ત તથા એમનાં પત્ની પૂર્ણમયી દેવી) ને માના આગમનની સૂચના આપવા ગયા, પરંતુ જઈને જોયું તો કાકીને પગે વાગ્યું છે ને ચાલવામાં તકલીફ થાય છે, તેમ છતાં માનાં દર્શન કરવાની તાલાવેલી છે. ભાઈજી રીક્ષા કરીને કાકીને મા પાસે લઈ ગયા. માનો કક્ષ બંધ જોયો એટલે કાકીને દરવાજાની બહાર બેસાડીને કહ્યું, ''આવો પગ લઈને ભીડમાં ન જશો, હું તમને ઘેર મૂકીને પાછો આવીશ.''

થોડીક વારમાં બહાર આવતાં જ શ્રી શ્રી માએ પૂર્ણમયી દેવીને જોઈને આનંદપૂર્વક કહ્યું, ''તુમસે મેરા વિશેષ પ્રયોજન થા. તુમ ક્યા મેરે સાથ ઢાકા જા સકોગી ?'' પૂર્ણમયી દેવીએ વિચાર કર્યો - આ પગે હું સરખી રીતે ચાલી પણ નથી શકતી તો જઈશ કેવી રીતે ? છતાં મા કહે છે તો કંઈ અગવડ નહીં પડે. એમણે કહ્યું, ''આપ લઈ જશો તો ચોક્કસ જ જઈ શકીશ.''

ઢાકા જવાને આગલે દિવસે ગંગાચરણ બાબૂને ઘેર જઈને માએ કહ્યું, ''પિતાજી, માને શું મને આપશો ?'' એમણે તરત અનુમતિ આપી. બીજે દિવસે શ્રી શ્રી માની સાથે પૂર્ણમયી દેવી, ભાઈજી, બાબા ભોલાનાથ તથા સ્વામી અખંડાનંદજી વગેરે ઢાકા જવા રવાના થયાં. ઢાકા સ્ટેશને પહોંચીને માએ કોઈને કહ્યું કે તેઓ પૂર્ણમયી દેવીને ભાઈજીનાં પત્ની મણિકુંતલા દેવીને ઘેર મૂકી આવે.

પૂર્ણમયી દેવી મણિકુંતલા દેવીનાં માશી હતાં. ભાઈજી માના શ્રીચરણોમાં આત્મસમર્પણ કરીને આશ્રમમાં જ રહેતા, જેથી એમનાં પત્ની સહેજ અસંતુષ્ટ હતાં, આશ્રમમાં ખાસ આવતાં પણ નહીં. ભાઈજી પણ ઘેર જતા નહીં.

ઘણા દિવસે માશીને મળવાનું થયું એટલે મણિકુંતલા દેવી પોતાનું મન ખાલી કરવા મંડ્યાં. એમનું મા પ્રત્યેનું કટુ વલણ જોઈ પૂર્ણમયી દેવી અકળાઈ ગયાં, છતાં માનો આદેશ હતો. એમને મનમાં થયું, ''સતત આવી અભદ્ર વાતો સાંભળવી પડે છે, વળી પગે સારું નથી તેથી પોતે ચાલીને મા પાસે જઈ નથી શકતાં, એવું કયું જરૂરી કાર્ય મા એમના દ્વારા પૂરું કરાવી રહ્યાં છે ? જ્યારે આવા વાતાવરણમાં રહેવું અસહનીય થઈ ગયું ત્યારે મા તરફથી કહેણ આવ્યું.

મા પાસે પાછા ફર્યાં, માએ તરત બારણું બંધ કરીને કહ્યું, ''મા, તમને અહીં લાવી છું કોઈ એક જરૂરી કામ માટે. તમારા વગર આ કામ નહીં થાય. જ્યોતિષે ક્યારેક આ શરીરને કહેલું કે એમનાં પત્ની લીંબૂથી દૂધ ફાડીને પનીર બનાવીને સંદેશ બનાવે છે, એમાં લીંબૂની સુગંધ રહે છે, બીજાં પણ જાતજાતનાં પકવાનો બનાવે છે. એમના જેવું બીજું કોઈ બનાવી નથી શકતું. જ્યોતિષ તો અસ્વસ્થ છે, થોડાક દિવસમાં જ અહીંથી જતો રહેશે. તમે ગમે તેમ કરીને એની પત્ની દ્વારા એને નિમંત્રણ અપાવીને એને ખવડાવવાની વ્યવસ્થા કરો, અને સાંભળો, આ વાત બીજું કોઈ ન સાંભળે. આ શરીરે કહ્યું એ વાત જ્યોતિષ કે જ્યોતિષની પત્ની કોઈને ખબર ન પડે. તમે એ ઘરમાં રહો, અને રહીને બુદ્ધિથી આ કામ કરજો.''

આ સાંભળીને પૂર્ણમયી વિચારમાં પડી ગયાં. ફરી એમને એ ઘરમાં જવું પડશે, અને વળી જે પતિનું નામ સાંભળતાં જ અસંતુષ્ટ થાય અને ફાવે તેમ બકે, એના દ્વારા એના પતિને આમંત્રિત કરાવીને ખવડાવવું તે કેટલું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


અસંભવ કાર્ય છે ! છતાં જ્યારે માનો આદેશ છે ત્યારે પાલન તો કરવો જ રહ્યો, અને માની કૃપાથી એ કાર્ય પાર પડશે જ.

આમ વિચારો કરતાં કરતાં પૂર્ણમયી એમનાં ભાણી મણિકુંતલાને ઘેર આવી પહોંચ્યાં. કંઈ પણ ખાધા-પીધા વગર સૂઈ ગયાં. મણિકુંતલાએ ભોજન માટે બોલાવ્યાં, ત્યારે એમણે કહ્યું, "હું નહીં જમું, મારું મન ઠીક નથી." પૂછ્યું, "માશી, શું થયું છે ? તમે જમ્યા વગર સૂઈ જશો તે શું મને ગમશે ? તમારું મન કેમ ખરાબ છે તે મને તો દિલ ખોલીને કહો." વારંવાર પૂછ્યા પછી આખરે માશીનો જવાબ મળ્યો, "જો, આટલાં વર્ષો પછી હું તારે ઘેર આવી છું. આવીને જોયું કે જ્યોતિષ ઘરમાં પણ નથી આવતો. તું પણ એનું નામ સહન નથી કરી શકતી. આટલી ઉંમરે જ જ્યોતિષ ગૃહત્યાગી ને વૈરાગી થઈ ગયો ! તારા મનનું દુઃખ તો હું સમજી શકું છું, પણ શું મને આ બધું સારું લાગે છે ? આ જોઈને તો મારું મન ખૂબ અશાંત થાય છે." ભાણેજ બોલી, "એ તો મારા ભાગ્યની વાત છે. એને લીધે તમે જમ્યા વગર રહો તે કંઈ સારું કહેવાય ?"

આમ સતત આગ્રહ થતો રહ્યો, પૂર્ણમયીએ લાગ જોઈને યોગ્ય અવસર જાણી કહ્યું, "સારું, હું જમીશ, પણ હું જે કહું તે કરવાની તું હા પાડ." મણિકુંતલા માની ગઈ. માશી બોલ્યાં, "મારી બહુ જ ઈચ્છા છે કે હું અહીં રહું ત્યાં સુધીમાં એક દિવસ જ્યોતિષને આમંત્રણ આપીને, એને જે જે વસ્તુ ભાવે છે તે બનાવીને, મારી સામે બેસાડીને ખવડાવ. કહે, ખવડાવશે ને ?" આ સાંભળીને મણિકુંતલા આભા બની ગયાં. કંઈક અચકાતાં બોલ્યાં, "મારા આમંત્રણથી શું એ આવશે.?" માશીએ કહ્યું કે "એ જવાબદારી મારી છે, હું ગમે તે રીતે સમજાવી મનાવીને લાવીશ." આખરે કોઈને મોકલીને એક દિવસ ભાઈજીને આમંત્રિત કર્યાં.

માએ કહ્યું હતું તે પ્રમાણે ખાવાનું બનાવડાવીને માશીએ સામે ઉપસ્થિત રહીને જ્યોતિષને પરિતૃપ્ત કરીને ખવડાવ્યા. મણિકુંતલા પણ, મનમાં ક્ષોભ રહેવા છતાં, આટલા બધા દિવસો પછી પતિને આ રીતે જમાડી શકવાથી મનોમન અત્યંત પ્રસન્ન થયાં.

ધર્મપત્નીના હાથનું બનાવેલું આ અંતિમ ભોજન ભાઈજીએ ખાધું. તે પછી તરત મા સાથે ઢાકાથી કલકત્તા થઈને દેહરાદૂન અને ત્યાંથી કૈલાસ-માનસરોવરની યાત્રા કરી. માનસરોવરના તટ પર ભાઈજીનો વિદ્વત્ સંન્યાસ થયો. યાત્રાથી પાછા ફરતી વખતે ખૂબ અસ્વસ્થ થયા. અલ્મોડા પહોંચીને માતૃ-દર્શન કરતાં કરતાં, માતૃનામ કરતાં કરતાં, માતૃચરણોમાં નિત્ય સ્થિતિ પ્રાપ્ત કરી.

કરુણામયી મા જાણતાં હતાં કે ભાઈજી ફરી પત્નીને મળશે નહીં. ઋણાનુબંધ તેમ જ ભાઈજીની ઈચ્છા પૂર્ણ કરવા માટે માએ ભાઈજીએ કોઈક વાર પત્નીની રસોઈની કરેલી વાત યાદ રાખીને કેવી સુવ્યવસ્થા કરી આપી.

અઘટનઘટનાપટીયસી માની લીલા કોણ સમજી શકે !

●

શ્રી શ્રી મા પૂનાના ભક્ત એસ. ટી. નંદાને ત્યાં વિરાજમાન્ હતાં. ગૃહસ્થના ઘરમાં માતાજી નથી રહેતાં, તેથી નંદા પરિવારે એમના વિશાળ બગીચામાં ઘાસની કુટિયા બનાવડાવી હતી. નંદાજી, એમનાં પત્ની પ્રમીલાજી તથા કુટુંબીજનો મા સાથે પધારેલા સંતોની પણ તન-મનથી સેવા કરતાં હતાં. શ્રી હરિબાબાજી મહારાજ, મહામહોપાધ્યાય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



ગોપીનાથ કવિરાજ તથા અન્ય મહાત્માઓ આવ્યા હતા. નિત્ય નિયમથી સત્સંગ, કીર્તન થતાં અને ભક્ત-સમાગમ થતો.

બે-એક મકાન છોડીને એક મોટું બગીચાવાળું મકાન હતું. એ મકાનના માલિકનાં પત્ની શ્રીમતી મિશ્રી નાગપાલની તબીયત સારી ન હોવાથી, હવાફેર માટે મુંબઈથી પૂના આવ્યાં હતાં. રોજ સાંજે વરંડામાં બેઠાં બેઠાં જોતાં કે પાડોશના મકાનમાં બહુ અવરજવર ચાલે છે, ગાવાનો ને પ્રવચનોનો અવાજ સંભળાય છે, નક્કી કોઈ મહાત્મા આવ્યા લાગે છે, પણ દર્શન તો નથી થયાં.

એક દિવસ કામવાળી બાઈને પૂછ્યું, "બાઈ, તને ખબર છે ત્યાં કોણ આવ્યું છે ?" બાઈ કહે, "તમને ખબર નથી ! કહે છે કે કોઈ 'બંગાળી જાદૂગરણી આવી છે." આ સાંભળીને એમનું કુતૂહલ વધ્યું. નક્કી કર્યું કે એક વાર તો જઈને જોવું જ કે કેવી છે એ જાદૂગરણી ! પણ નજીક ન જવું, રખે ને જાદૂબાદૂ કરી દે !

બાઈને તપાસ કરવા મોકલી કે ક્યારે મળવા જઈ શકાય. બાઈ ખબર લાવી કે લગભગ બે મહીનાથી એક માતાજી આવ્યાં છે, કાલે જતાં રહેશે. એ વખતે સાંજના ચાર વાગ્યા હતા. એ બહેન તરત ઊભા થઈ ગયાં, "ચાલ, અત્યારે જ દર્શન કરી આવીએ." બાઈએ કહ્યું, "હમણાં ન જશો. પહેલી વાત એ કે અડધા કલાક પછી તમારો દવા પીવાનો સમય થશે, તે ઉપરાંત સાહેબ આવીને જાણશે કે તમે બહાર ગયાં છો તો મારા પર ચીઢાશે. એટલા માટે તમે ન જાઓ તો સારું."

પરંતુ માની ઈચ્છાથી જ આપણામાં ઈચ્છા જાગે છે, યોગાનુયોગ પણ થઈ જાય છે. મિશ્રી નાગપાલને થયું કે પતિને તો દેવી-દેવતામાં યે શ્રદ્ધા નથી, જો એમને ખબર પડી કે આવી અસ્વસ્થ તબીયતે હું ગઈ છું તો ગુસ્સો કરશે જ. તેમ છતાં કોઈ અદૃશ્ય શક્તિના આકર્ષણથી તત્ક્ષણ ઊભાં થઈને નીકળી પડ્યાં. મનમાં નક્કી કર્યું કે માતાજીની પાસે નહીં જાઉં, દૂરથી દર્શન કરીને આવતી રહીશ, એમાં કેટલી વાર લાગવાની છે ?

નંદાના મકાન પાસે જઈને જોયું કે કોઈ મોટરો કે લોકો દેખાતા નથી. થોડાં ઉદાસ થઈ ગયાં. બીતાં બીતાં ઝાંપાની અંદર ગયાં. થોડેક દૂર જઈને જોયું તો એક પ્રૌઢવયસ્ક મહિલા (શોભા દી) નળ નીચે કપડાં ધુએ છે. એમને પૂછવાથી જાણવા મળ્યું કે મા ભક્તો સહિત ખડકવાસલા ગયાં છે અને કલાક પછી પાછાં ફરશે. સેવિકા બાઈએ કહ્યું, "એટલી બધી વાર ઊભા રહેવાની જરૂર નથી, ચાલો જલદી જતાં રહીએ." પરંતુ શેઠાણી દર્શન કર્યા વિના પાછાં કેમ ફરે ? બોલ્યાં, "થોડીક વાર રાહ જોઈએ. આવી જ ગઈ છું તો હવે જોયા વગર નહીં જાઉં." દવા પીવાનો સમય થયો એટલે બાઈ ઉતાવળ કરવા મંડી, પણ "જાઉં જાઉં", કરવા છતાં તેઓ જઈ નહોતાં શકતાં. મનમાં ચિંતા હતી કે પતિદેવ માંદી પત્નીને ઘરમાં નહીં જુએ તો બૂમાબૂમ કરી મૂકશે. પણ પગમાં જાણે બેડી પડી હોય તેમ ખસી ન શકી. આખરે વિચાર કર્યો કે દર્શન તો નથી થયાં પણ માતાજી કેવાં છે તે તો પૂછું. જે બહેન કપડાં ધોતાં હતાં. તેમની પાસે જઈને પૂછ્યું, "હું માંદી છું, દવા પીવાનો વખત થઈ ગયો છે. આવી છું તો દર્શન કરવા, પણ દર્શન થયાં નથી. જવું પડે એમ છે. તો તમે જ કહી દો ને કે માતાજી કેવાં છે ?"

ઉત્તર મળ્યો, "માતાજીને જોવાથી જ તમને ખબર પડશે કે માતાજી કેવાં છે."

એટલામાં જોયું તો ઘણી મોટરો લાઈનસર ઝાંપામાંથી અંદર પ્રવેશી રહી છે. તેઓ બાજુ પર ખસી ગયાં. પહેલી મોટર આગળ જઈને બગીચામાં બનાવેલી એક કુટિયા સામે ઊભી રહી ગઈ. ગાડીનો દરવાજો ખુલતાં વેંત

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



જાણે એક પ્રકાશની છટા પ્રસરી ગઈ, આંખો અંજાઈ ગઈ ! ક્ષણવારમાં એ જ્યોતિપુંજે કુટીરમાં પ્રવેશ કર્યો. પાછળથી જ દર્શન થયાં. એમણે સ્પષ્ટપણે જોયું કે એ ચરણો ભૂમિસ્પર્શ કર્યા વગર કુટીરમાં પ્રવેશી ગયા.

નાનપણમાં મિશ્રીદેવીએ દાદીને મોઢે સાંભળેલું કે દેવ-દેવીઓ ચાલે ત્યારે એમના ચરણો જમીનને અડકે નહિ. તો શું આ દેવી છે ? એ જ જાદૂગરણી હોવાં જોઈએ.

ત્યાં સુધીમાં "જાદૂગરણી"ની ક્રિયા આરંભ થઈ ચૂકી છે તે સમજી ન શક્યાં ! શરીર અશક્ત છે તે પણ ભૂલી ગયાં. યંત્રવત્ માની કુટિયા બાજુ જવા મંડ્યાં કે ત્યાં જ સેવિકાએ કપડું ખેંચીને સાવધાન કર્યાં, "મેમસાહેબ, ખબરદાર, જાદૂગરણી પાસે ન જતાં, બહુ મોડું પણ થઈ ગયું છે, મહેરબાની કરીને ઘેર ચાલો." મિશ્રીદેવી ગણકાર્યા વિના અને એની મદદ વિના જ સીધાં કુટિયાના બારણા પાસે જઈને ઊભાં રહી ગયાં, પણ આ શું ? બારણું તો બંધ છે, અંદર કેવી રીતે જઉં ? એ તો કોઈને ઓળખતાં નથી, અને વળી માતાજીને મળવું જ નહીં એવું નક્કી કર્યું હતું. એ બધી વાતો ક્યાં ગઈ ? અત્યારે તો એવી હાલત છે કે માતાજીને જોવાની તાલાવેલી લાગી છે, કેવાં દેખાય છે તે પણ ખબર નથી ! ત્યાં જ માની કૃપા !

કેટલાક માણસો ફળ-ફૂલની મોટી મોટી છાબડીઓ લઈને મા પાસે આવ્યાં. એક મહિલાએ દરવાજો ખોલ્યો. એ દર્શનાર્થીઓની પાછળ પાછળ મિશ્રીદેવી પણ અંદર ઘુસી ગયાં. ઓરડામાં ખાસ કંઈ સાજ-શણગાર નહોતાં. સફેદ ચાદર પાથરેલી એક પાટ પર એક અનિર્વચનીય સૌંદર્યમંડિત દિવ્ય પ્રસન્ન મૂર્તિ વિરાજમાન્ હતી. એ સૌંદર્ય અપાર્થિવ હતું. એક ખૂણામાં ઊભાં રહીને એકધાર્યું એમણે મા સામે જોયા કર્યું, પોતાનું અસ્તિત્વ જ જાણે ભૂલી ગયાં ! બધાંએ પ્રણામ કર્યા બાદ માએ ટોપલીમાંથી ફળ-મિઠાઈ સ્વહસ્તે લઈને દરેકને આપી. મિશ્રીદેવીની સામે જોઈને એમને નજીક બોલાવ્યાં, સસ્મિત કહ્યું, "માઁ, તુમ આ ગઈ, ઠીક હો તો." મિશ્રીદેવી અવાક્ ! નાના નાના, કોમળ, સુંદર હાથોમાં ફળ-મિઠાઈ લઈને માએ એમને આપવા હાથ લંબાવ્યો.

આ બાજુ મિશ્રી દેવીની અવસ્થા વિચિત્ર હતી. તેઓ જાણતાં હતાં કે સાધુ-મહાત્માનાં દર્શન કરવા ખાલી હાથે ન જ જવાય, તેથી સેવિકાથી સંતાડીને છાનેમાને બે સફરજન લેતાં આવ્યાં હતાં. પરંતુ અહીંયાં તો ટોપલે ટોપલા ભરીને ફળ-મિઠાઈનો જાણે ઢગલો છે. પેલાં બે સફરજન કાઢીને આપવામાં એમને સંકોચ થયો. સુદામાની જેમ કપડાં નીચે બે સફરજન સંતાડી દીધાં, ફેર એટલો કે સુદામા દરિદ્ર હતા, ને મિશ્રીદેવી ધનસંપત્તિવાન્, છતાં કોઈ જાતની પૂર્વ યોજના ન હોવાથી, તેમ જ મનમાં કિંચિત્ અનિશ્ચિતતા હોવાથી સમર્પણની ભાવના વગર બે ફળ લેતા આવ્યાં હતાં. અહીં આવ્યા પછી દર્શનની તીવ્ર ઈચ્છા થઈ, ઘેરથી પણ માંદગી હોવા છતાં દર્શનની ઈચ્છાથી જ તો આ સાહસ કર્યું હતું, અને મા તો અંતર્યામી છે.

મિશ્રીદેવીએ ધાર્યું હતું કે દર્શન કરીને સત્વર તાબડતોબ ઘેર પાછાં આવી જશે, પણ અહીંયાં તો એવી હાલત છે કે માને જોયાં હૈયું ધરાતું જ નથી. માએ પ્રસાદ લેવા બોલાવ્યાં. પ્રસન્નતાથી ભાવવિભોર થઈને, પાસે જઈને માને પ્રણામ કર્યા, માતાજી તો ફળ આપી રહ્યાં છે, પણ લેવાં કેવી રીતે ? એમના હાથ તો પેલાં બે સફરજન પકડીને કપડા નીચે ઢંકાયેલા છે ! આધારને શૂન્ય કર્યા વગર પૂર્ણ કેમ કરાય ?

આખરે સાહસ કરીને સંકોચ સાથે એમણે સફરજનો માની પાટ નીચે સરકાવી દીધાં, અને મા પાસેથી ફળ-મિઠાઈ લીધાં. માતાજીએ ફળ ખાવાની મુદ્રાથી પોતાના મુખ પાસે હાથ લઈને કહ્યું, "માઁ, તુમ્હારે સેવ બહુત

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



મીઠે હૈં.''

ક્યાં સુધી દર્શનમાં મગ્ન થઈને ઊભા રહ્યાં, ખબર નથી. એકાએક કોઈ બોલ્યું, ''અરે, શ્રીમતી નાગપાલ, તમે ક્યાંથી ?'' મિશ્રી દેવીને પહેલાં તો શરમ આવી કે એમને આમ અહીંયાં જોઈને આ વ્યક્તિ શું વિચારશે, પણ તરત જ બીજો વિચાર આવ્યો ને શાંતિ થઈ કે આ વ્યક્તિ પાસેથી મા વિષે જાણી શકાશે. એ જ ભાઈ એમને ઘેર ઊતારી ગયા.

ઘરમાં પેસતાં જ ખબર પડી કે પતિદેવનો સંદેશો છે કે કોઈ કાર્યવશ એમને ઘેર આવતાં મોડું થશે. મિશ્રીદેવીના મુખમાંથી અનાયાસ નીકળી પડ્યું, ''બધી માતાજીની જ કૃપા.''

તે પછી તો શ્રી નાગપાલ તથા શ્રીમતી નાગપાલ માના એકનિષ્ઠ ભક્તો થઈ ગયાં. પૂનામાં I.C.S. કૉલોનીમાં એમનો એક બંગલો હતો જે એમણે માના શ્રીચરણોમાં અર્પણ કરી દીધો. એ જ સ્થળે આશ્રમ બન્યો. એમના દ્વારા નિર્મિત કુટીરમાં જ માનું નિવાસસ્થાન બન્યું.

•

સર્વ ધર્મોની એક ધારા, બધી ધારાઓ જ એક, આપણે સર્વ પણ એક.

- શ્રી શ્રી મા.

સોમસ્તુતિ:

હે સોમ, ઉદિત સૂર્યનાં અમે નિત્ય દર્શન કરીએ. સુખપૂર્વક વૃદ્ધાવસ્થા પસાર કરીએ. નિર્ઋતિ અમારાથી દૂર થઈ જાય. અમને મૃત્યુના મુખમાં ન નાખો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# સંત-સમાગમ

## સ્વામી ભોલા ગિરિ

મનુષ્યના સ્વાભાવિક શ્વાસની સંખ્યા ૨૧૬૦૦ માનવામાં આવે છે. તેથી પ્રતિશ્વાસ સાથે નામનો સંબંધ રહેવો તે અજપાનું ગૂઢ તાત્પર્ય છે. આમ ન કરી શકાય તો પણ નિત્ય જપ ભલે એકવારમાં થાય કે ભલે ખંડ-ખંડમાં જુદે જુદે વખતે થાય, પણ ૨૧૬૦૦થી ઓછા ન થવા જોઈએ.

પ્રત્યેક મનુષ્યે દરરોજ પોતાની આવકમાંથી થોડો અંશ દાન માટે જુદો કાઢવો જોઈએ.

## શ્રી વિજયકૃષ્ણ ગોસ્વામી

મોક્ષ એ અધ્યાત્મ-સાધનાનું અંતિમ સોપાન નથી. એનાથી પણ મહાન વસ્તુ છે. કેટલાયે સિદ્ધ તથા ભક્ત મહાપુરુષો મુક્તિ પ્રાપ્ત કરીને પણ રડે છે, પરમ વસ્તુને અભાવે અશાંત-ચિત્ત છે. મુક્ત થવાથી શું થાય ? એનાથી જીવન સફળ નથી થતું. મોક્ષ કરતાં પણ મોટી વસ્તુ છે. જાણો છો એ કઈ ? એનું નામ છે ભગવત્-પ્રેમ, કે જેને માટે મુક્ત પુરુષો પણ અત્યંત દુઃખનિવૃત્તિ પામ્યા છતાં હાહાકાર કરે છે. એ દરેકને નથી મળતો.

## શ્રી સતીશચંદ્ર મુખોપાધ્યાય

(સાધનાના ત્રણ સ્તરો છેઃ) (૧) શિશુભાવે જીવ-સેવા. પ્રત્યેક જીવ તે ભગવાનનું સંતાન કે શિશુ છે એમ માનીને જીવમાત્રની સેવા કરવી, એ મારા દેશ, જાતિ કે સંપ્રદાયનો છે એમ માનીને નહીં. (૨) શાસ્ત્રાનુવર્તન, (૩) ભગવદારાધન. એ ત્યારે થાય કે જ્યારે ભગવાન સાથે સાક્ષાત્ સંબંધ સ્થપાય. આ ત્રણ સ્થિતિઓને પાર કર્યા પછી સાધન-દશા સમાપ્ત થા છે, અને ભજનનો આરંભ થાય છે.

## સ્વામી શ્રી વિશુદ્ધાનંદ પરમહંસ

યોગીને માટે કંઈ પણ અસંભવ નથી. એ ઈશ્વરથી અભિન્ન છે. માયા ઈશ્વરની જેમ યોગીની પણ શક્તિ છે. જે ઈશ્વરનો આદર્શ જેટલા પ્રમાણમાં પ્રાપ્ત કરી શકે, એ એટલો જ મહાન યોગી છે. જ્યાં સુધી એ માયાને નિયંત્રિત ન કરી શકે ત્યાં સુધી એ સાધક છે. એને સ્વવશ કરી લીધા પછી યોગી થાય છે. યથાર્થ ઉપાસક ઈશ્વર છે, ઉપાસ્ય છે મહાશક્તિ.

(શંકા : શું ઈશ્વર અને મહાશક્તિ એક નથી ?)

આગમાં લોઢાનો ટુકડો નાખો. એક કલાકની અંદર એ તપીને લાલ થઈ જશે. એ તપ્ત લોઢાને જો કાપડનો સંપર્ક થઈ જાય તો એ અગ્નિના પ્રભાવથી તત્કાળ ભસ્મ થઈ જશે, પરંતુ એ જ લોઢું જ્યારે ઠંડું પડી જશે ત્યારે એ કાર્ય નહીં કરી શકે. અહીં લોઢું એટલે ઈશ્વર અને અગ્નિ એટલે મહાશક્તિ. આ બંન્ને તત્ત્વો નિત્ય સંયુક્ત રહે છે. મનુષ્ય મહાશક્તિરૂપી શુદ્ધ અગ્નિતત્ત્વની ઉપાસના નથી કરી શકતો, એનાથી યુક્ત ઈશ્વરની કરી શકે છે. ઈશ્વરને પ્રાપ્ત કર્યા વિના મહાશક્તિ સુધી પહોંચવું અસંભવ છે.

જેમ અગ્નિમાં હાથ નાખો તો એનું દાઝવું નિશ્ચિત છે તેમ મંત્ર-જપનો પ્રભાવ અવશ્યંભાવી છે.

એક નાનકડા મંત્રમાં જે શક્તિ છે, તે સમસ્ત વિશ્વમાં ઉપલબ્ધ શક્તિના પૂંજીભૂત સ્વરૂપમાં પણ સંભવ નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


શક્તિ-ગુણના વિકાસથી સમયનું માપ બદલાઈ જાય છે. સતોગુણી વૃત્તિ ઉદીપ્ત થાય ત્યારે જપ અધિક, અને તમોગુણની વૃદ્ધિમાં ઓછા થાય છે. કાલનું સંકર્ષણ કરવું એ ચૈતન્યનું કામ છે. આ જ કાલ-સંકર્ષણ-શક્તિ છે.

યોગી સર્વવ્યાપક છે. એને શરીર વડે ક્યાંય જવું- આવવું નથી પડતું. એ અવર્ણનીય અનંત શક્તિથી યુક્ત છે. અષ્ટસિદ્ધિઓથી ઉપર ઈચ્છાશક્તિનો ભોક્તા છે. એનાથી સંપન્ન થઈને એ પ્રયોજનાનુસાર સમસ્ત ઐશ્વરિક કાર્યો કરે છે કે કરી શકે છે. ત્યાર બાદ એક એવો સમય આવે છે જ્યારે એને આ ઈચ્છાશક્તિને મહા ઈચ્છામાં અર્પણ કરવી પડે છે. ત્યારે એની અનંત અપરિચ્છિન્ન આનંદ-સ્વરૂપમાં સ્થિતિ થાય છે. એ દશામાં યોગીને કોઈ પણ કાર્ય માટે ઈચ્છા નથી કરવી પડતી. એનાં બધાં કામો મહા ઈચ્છાથી સ્વતઃ થતાં રહે છે. આશ્રિતોના દુઃખનાશ માટે કોઈક વાર એ વિજ્ઞાનનું પ્રકાશન જરૂરી છે.

(યોગીએ શક્તિ કે વિભૂતિનું પ્રદર્શન કરવું યોગ્ય છે કે નહિ તેના ઉત્તરમાં)

જેઓ શિક્ષાર્થી છે અને હાલમાં જ માર્ગમાં પ્રવેશ્યા છે, તેમને માટે યોગ-વિભૂતિઓનું પ્રદર્શન કરવું તે અનુચિત તથા હાનિકારક છે, કારણકે એનાથી અહંકાર કે આસક્તિની વૃદ્ધિ થઈ શકે છે. એમણે આ બધી શક્તિઓને એવી રીતે ગુપ્ત રાખવી જોઈએ કે નિકટતમ સંપર્કમાં રહેનારી વ્યક્તિને પણ એની જાણ ન થાય. પરંતુ જે સિદ્ધયોગીઓ અધિકારી થઈ ગયા છે, એમને માટે આ નિયમ નથી. એમને અહંકાર નથી, થવાની સંભાવના પણ નથી. એમની દૃષ્ટિમાં એમને આ શક્તિઓનું કંઈ પ્રયોજન નથી. એ શક્તિઓ પર એમણે પૂરેપૂરો જય પ્રાપ્ત કર્યો છે; પરંતુ પ્રથમ - પ્રવિષ્ટ જિજ્ઞાસુને માટે પ્રયોજનાનુસાર શક્તિઓનું પ્રદર્શન જરૂરી છે. દેખાડ્યા વગર અને ક્રમરહસ્ય સમજાવ્યા વગર એમને માટે સૂક્ષ્મતત્ત્વમાં પ્રવેશવું મુશ્કેલ છે. પ્રથમ-પ્રવેશાર્થી (નવા નિશાળિયા)નો વિશ્વાસ દ્રઢ કરવા માટે એ જરૂરી છે. સામાન્ય રીતે લોકો જેને અસંભવ ગણે છે તે અસંભવ નથી રહેતું. સિદ્ધયોગી માટે કોઈ પણ વસ્તુ અસંભવ નામે છે જ નહીં, કારણકે શક્તિને અધીન જ બધું છે. તેથી શક્તિ આયત્ત થયા પછી બધું જ થઈ શકે. અઘટનનું ઘટન મહાશક્તિને જ અધીન છે.

(યોગમાર્ગમાં શક્તિનો વિકાસ થવો જરૂરી છે કે સરળ વિશ્વાસ ?)

બંન્ને સિદ્ધાંતો સાચા છે. પહેલી અવસ્થામાં જ્યારે ચિત્ત ચંચળ હોય છે ત્યારે નિષ્ઠા ને વિશ્વાસ ક્યાંથી આવે ? પ્રત્યક્ષ જોયા વગર એક વાર નહીં પણ વારંવાર વિભિન્ન અવસ્થાઓમાં અપરોક્ષાનુભવ મેળવ્યા સિવાય મનુષ્યનું મન ઘણી વાર શાંત નથી થતું. ઉપરના રાજ્યમાં વિશ્વાસ જ મુખ્ય છે, પરંતુ આરંભમાં પ્રત્યક્ષ જ્ઞાન થવું જોઈએ કે જેથી વિશ્વાસનો આવિર્ભાવ થઈ શકે.

(વિભૂતિઓમાં શ્રેષ્ઠ કઈ ?)

ઈચ્છા, જ્ઞાન અને ક્રિયાશક્તિ - આ જ ત્રિક્રમ સર્વશ્રેષ્ઠ છે. એમાં પણ ઈચ્છાશક્તિ સૌથી ઉપર છે. જ્ઞાનશક્તિ પ્રાપ્ત કરવાથી અશેષ, વિશેષ લાભ, જ્ઞાન-લાભ થાય છે અર્થાત્ સર્વગત જ્ઞાત થઈ શકે એમાં કંઈ સંદેહ નથી. ક્રિયાશક્તિ આપત્ત કર્યા પછી સર્વકર્તૃત્વ આવી જાય છે.

(એને જ તો યોગશાસ્ત્રમાં વિશોકાસિદ્ધિ કહી છે, જેનું સ્વરૂપ છે સર્વજ્ઞાતૃત્વ અને સર્વભાવાધિષ્ઠાતૃત્વ) બરાબર છે, પરંતુ એની ઉપર રહે છે ઈચ્છાશક્તિ. એ તમારી વિશોકાસિદ્ધિની પણ ઉપરની વસ્તુ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઈચ્છાશક્તિ પ્રાપ્ત થયા પછી એના વડે જ જ્ઞાનશક્તિ તથા ક્રિયાશક્તિનું પણ કાર્ય થઈ જાય છે. ઈચ્છાથી જ સર્વજ્ઞાન થાય છે. ઈચ્છાથી જ સર્વક્રિયા પણ થઈ શકે. ઈચ્છાશક્તિ પ્રાપ્ત થતાં પ્રાકૃતિક ઉપાદાન લઈને જ્ઞાન તથા ક્રિયાશક્તિ કામ કરી શકે. આ જ વિજ્ઞાન છે. વિજ્ઞાનના અનંત પ્રકારો છે - સૂર્યવિજ્ઞાન, ચંદ્રવિજ્ઞાન, નક્ષત્રવિજ્ઞાન, સમયવિજ્ઞાન ઈત્યાદિ. પરંતુ ઈચ્છાશક્તિ એ વિજ્ઞાન નથી.

(ઈચ્છાશક્તિ અને ઈચ્છામાં ભેદ છે ને ?)

અવશ્ય, અજ્ઞાનાવસ્થામાં ઈચ્છા રહે છે, પરંતુ જ્ઞાન પૂર્ણ થયા પછી જ ઈચ્છા ઈચ્છાશક્તિનું રૂપ ધારણ કરે છે.

(શું ઈચ્છા એ ખરી રીતે શક્તિ નથી ?)

શક્તિનો અર્થ છે ચૈતન્ય. જ્યાં સુધી આત્મા અચેતન રહે છે અર્થાત્ જ્ઞાન પ્રાપ્ત નથી થતું ત્યાં સુધી એની ઈચ્છા તે ઈચ્છામાત્ર છે, ઈચ્છાશક્તિ નથી. જ્ઞાન પ્રાપ્ત કરવાનો અર્થ જ છે આત્મસ્વરૂપ કે બ્રહ્મસ્વરૂપનો સાક્ષાત્કાર.

(એ સાક્ષાત્કાર પછી પણ ઈચ્છા રહે છે ?)

અવશ્ય રહે છે પરંતુ મહાઈચ્છારૂપે. એ ન રહે તો પરમેશ્વરનું ઈશ્વરત્વ ક્યાંથી હોય ?

(ઈચ્છાશક્તિ એ જ તો ચરમશક્તિ છે. એ મેળવવાથી યોગીમાં ઈશ્વરત્વ આવી જાય છે. એ જ શું ચરમ સિદ્ધિ છે ?)

ના, બર્હિમુખી શક્તિઓમાં ઈચ્છાશક્તિ મુખ્ય છે. સૃષ્ટિ-રાજ્યની દૃષ્ટિએ આ સર્વપ્રથમ શક્તિ છે એમાં શંકા નથી. પરંતુ આ પણ ચરમ નથી. અંતે યોગી અંતર્મુખ થઈને ઈચ્છાશક્તિને પણ શ્રીભગવાનના ચરણોમાં અર્પણ કરી દે છે. ઈચ્છાશક્તિના અર્પણની સાથોસાથ આહ્લાદિની અથવા પરમાનંદરૂપા શક્તિનો આવિર્ભાવ થાય છે. જ્યાં સુધી ઈચ્છાનિવૃત્તિ ન થાય ત્યાં સુધી આનંદનો ઉદય ક્યાંથી થાય ? ઈચ્છાનિવૃત્તિની સાથે જ યોગી મહાશક્તિના પૂર્ણાનંદમય અંકમાં પ્રવેશલાભ કરે છે. ત્યાર પછી અનુકૂળ તથા પ્રતિકૂળ ભાવ સરખા થઈ જવાથી આનંદનું પ્રવેશલાભ કરે છે. ત્યાર પછી અનુકૂળ તથા પ્રતિકૂળ ભાવ સરખા થઈ જવાથી આનંદનું પણ ભેદન થાય છે, ત્યારે જ ચૈતન્યરાજ્યમાં પ્રવેશ થાય છે. અંતે શિવ-શક્તિનું અભેદ-જ્ઞાન થતાં એની સાથે જ પોતાના સ્વરૂપનું પણ તાદાત્મ્ય થઈ જવાથી યોગીમાં સ્વાતંત્ર્યનો ઉન્મેષ થાય છે. આ જ પૂર્ણતા છે.

## શ્રી રામકૃષ્ણ પરમહંસ

(વેદાંતમત પ્રમાણે પ્રકૃતિ અને પુરુષની ચર્ચા) :

એ કેવી રીતે, જાણો છો ? જેમ સાપ ચાલે પણ છે અને કોઈ વાર ચુપચાપ પડ્યો રહે છે. જ્યારે એ નિશ્ચલ હોય છે ત્યારે એ પુરુષભાવ છે - પ્રકૃતિ ત્યારે પુરુષ સાથે એકાત્મતા પામેલી હોય છે. અને જ્યારે સાપ ચાલતો હોય ત્યારે પ્રકૃતિ પુરુષથી પૃથક્ થઈને કાર્ય કરતી હોય છે.

(માયા ઈશ્વરની જ શક્તિ છે, ઈશ્વરમાં જ રહેલી છે, તો પછી ઈશ્વર શું આપણી માફક માયાબદ્ધ છે ?) :

એવું નથી. માયા ઈશ્વરની જ છે તથા ઈશ્વરમાં સદા વિદ્યમાન હોવા છતાં પણ ઈશ્વર કદી યે માયાબદ્ધ નથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


હોતા. જેમ કે સાપ જેને કરડે તે મરી જાય, સાપના મોંમાં સર્વદા વિષ હોય છે, સાપ એ જ મુખ વડે સદા ખાતો અને ગળતો રહે છે, પરંતુ એ પોતે મરતો નથી. આ પણ બરાબર એવું જ છે.

(સાંખ્યદર્શનની ચર્ચા ચાલે છે.) : સાંખ્યદર્શનનું કથન છે કે 'પુરુષ' અકર્તા છે, એ કંઈ જ કરતો નથી, પ્રકૃતિ જ બધું કરતી હોય છે, પુરુષ સાક્ષી બનીને એ કાર્યોને જોયા કરે છે, પ્રકૃતિ પણ પુરુષ વિના સ્વયં કોઈ કાર્ય કરવાને સમર્થ નથી. અરે ભાઈ, જે ઘરમાં લગ્ન-પ્રસંગ હોય ત્યાંની સ્થિતિ નથી જોઈ કે ? ગૃહસ્વામી આદેશ આપીને પોતે બેઠા બેઠા તમાકૂ પીએ છે, પરંતુ ઘરમાં ગૃહિણી કે જેના કપડામાં હળદરના ડાઘ છે, ક્યારેક અહીં ક્યારેક ત્યાં દોડાદોડ કરે છે કે આ કામ થયું કે નહીં, પેલું કામ કર્યું કે નહીં - એ બધો જ બંદોબસ્ત કરતી હોય છે, અને વચ્ચે વચ્ચે ગૃહસ્વામી પાસે હાજર થઈને હાથ-શિર હલાવતાં "અમુક કામ આ રીતે થયું છે, અમુક એ રીતે થયું છે, આ કામ કરવાનું છે, પેલું કરવાની જરૂર નથી" વગેરે વાતો એમને કહેતી જાય છે. ગૃહસ્વામી તમાકૂ પીતા પીતા એ વાતો સાંભળતા જાય છે ને હોંકારો કરતા માત્ર માથું હલાવીને એમની સમ્મતિ આપે છે. પેલું પણ એમ જ સમજવું જોઈએ."

અરે, સમ્માનનીય વ્યક્તિનું સમ્માન ન કરવાથી ભગવાન રુષ્ટ થાય છે. એમની (ભગવાનની) શક્તિથી જ તો એ શ્રેષ્ઠ બન્યા છે, એમણે જ તો એમને શ્રેષ્ઠ બનાવ્યા છે - એવા લોકોની અવજ્ઞા કરવાથી એમની (ભગવાનની) અવજ્ઞા થાય છે.

(સ્વામી વિવેકાનંદ વિષે) : કેશવ (શ્રી કેશવચંદ્ર સેન - બ્રહ્મોસમાજ) તથા વિજય (સંત શ્રી વિજયકૃષ્ણ ગોસ્વામી)ની અંદર એક એક બત્તીની શિખાની જેમ (જ્ઞાનની) શિખાનો પ્રકાશ થઈ રહ્યો છે. તથા નરેંદર (વિવેકાનંદ)ની અંદર જ્ઞાનસૂર્ય વિદ્યમાન છે, મને એ દેખાય છે, નરેંદરની અંદર એવી અઢાર શક્તિઓ રહેલી છે.

(ગોપાલની મા નામક એક ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત કરેલી વ્યક્તિ વિષે) :

એ રૂપનું સર્વદા દર્શન મળે તો કલિકાલમાં શરીર ન રહી શકે, માત્ર એકવીસ દિવસ સુધી શરીર રહીને સૂકા પાંદડાની જેમ ખરી પડે.

(પ્રશ્ન : ઈશ્વર તો એવા પક્ષપાતી નથી કે એક પર કૃપા કરે ને બીજા પર નહીં..... ઈત્યાદિ) :

હું શું કરું રે ? 'મા' મને એવું દેખાડી રહી છે કે એમનામાં (અર્થાત્ ન પ્રાપ્ત કરેલી વ્યક્તિમાં) સાંઢ જેવો પશુભાવ રહેલો છે, તેથી આ જન્મમાં એમને ધર્મલાભ નહીં થાય. આવી સ્થિતિમાં હું કરી યે શું શકું ? અને આ તું શું કહે છે ? ઈચ્છા તથા ચેષ્ટા કરવાથી જ શું લોકો આ જન્મમાં જેવા થવા માગે તેવા થઈ શકે છે ?

આ રીતે સંસાર અનિત્ય તથા અસત્ છે એનો તમને ખરેખર બોધ જેવો થશે તેવા જ તમે એને પ્રેમ કરવાનું છોડી દેશો, હૃદયમાંથી આસક્તિનો ત્યાગ કરીને વાસનારહિત થઈ જશો. તમે એનો ત્યાગ કરી દેશો તે સાથે જ જગત્કારણ ઈશ્વરનો તમને સાક્ષાત્કાર થશે. આમ જેને ઈશ્વર-દર્શન થાય તે સર્વજ્ઞ બન્યો કે બીજું કંઈ, એ તમે જ કહો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



## શ્રી નીમ કરોલી બાબા

જો લગન સાચી(ને) ઊંડી હોય તો ગુરુ સ્વયં ખેંચાઈ આવે છે.

ગુરુ ગમે તેવા હોય - એ પાગલ પણ હોઈ શકે કે સાધારણ વ્યક્તિ પણ. જો તમે એને ગુરુ માની લીધા છે તો એ અધિપતિઓના પણ અધિપતિ છે.

(પ્રશ્ન : હું સાધના કેવી કરું ?) : એ વિષે માથું દુઃખાડવાની જરૂર નથી. બસ, હનુમાન્‌જીની જેમ રામ-રામ વારંવાર જપ્યા કરો.

જો તમે કોઈ ચીજ ખાલી નહીં કરો તો એને ભરશો કેવી રીતે ?

તમારી આધ્યાત્મિક ઉન્નતિ માટે જે ચીજોની આવશ્યકતા પડશે, ઈશ્વર તમને આપશે. પરંતુ તમે કોઈ પણ ચીજને પકડીને ન બેસો.

કામુકતા, લોભ, ક્રોધ તથા આસક્તિ એ નરકનાં જ દ્વારો છે.

ઠેર ઠેર ઈશ્વરને શોધતા ફરવાથી વધારે સારું એ છે કે દરેકમાં ઈશ્વરને જુઓ.

આત્મબોધના માર્ગમાં આસક્તિ એ સૌથી મોટો પત્થર છે.

જો મરતી વખતે તમારું ધ્યાન કેરીમાં હોય તો તમે કીડારૂપે જન્મ લેશો. જો એક શ્વાસની પણ આકાંક્ષા તમારી અંદર રહી જાય તો તમારે ફરી જન્મ લેવો પડશે.

## શ્રી સંતદાસ બાબાજી

(જીવનમુક્તિ વિષે :) બહારનો વ્યવહાર જોઈને કોઈનું સામર્થ્ય નથી કે જીવનમુક્તને ઓળખી શકે. જીવન્મુક્ત એ ખરેખર જીવન્મુક્ત છે કે નહીં તેના અનુભવનો એક સરળ ઉપાય છે, તે એ કે સામાન્ય રીતે મનુષ્ય બીજાનો વિચાર કરતી વખતે એના દોષો કે ગુણો જોઈને એ જ આધારે એના ચરિત્રનું મૂલ્યાંકન કરે છે. જે ગુણી હોય એની પ્રશંસા અને દોષયુક્તની નિંદા કરે છે. પરંતુ આવા વિચારના મૂળમાં છે અજ્ઞાન. જ્યાં સુધી આપણી અંદર કર્તૃત્વાભિમાન દેખાય છે. કોઈ જો સારું કે ખોટું કામ કરે તો એને એ કર્મનો કર્તા માનીને સારો કે ખોટો કહેવામાં આવે છે. પરંતુ કર્તૃત્વાભિમાન ખલાસ થઈ ગયા પછી આગળ ઉપર એને એવો અનુભવ થાય છે કે સમસ્ત સંસાર અભિમાન વડે બંધાયેલો છે, માટે કોઈ પોતાને સારાં તો કોઈ નરસાં કર્મોનો કર્તા માને છે. ખરી રીતે આત્માભિમાનને લીધે જ આ જાતનો બોધ થાય છે અને લૌકિક દૃષ્ટિએ એ બરાબર જ છે. પરંતુ અભિમાન જતું રહ્યા પછી દેખાશે કે કોઈ એક્કે કર્મનો કર્તા નતી. કર્તા એક પરમ પુરુષ, એક પરમા શક્તિ છે. જે આધાર પાસેથી એ જેવું કર્મ કરાવશે, તે એવા જ કર્મમાં પ્રવૃત થશે. એમાં કર્તાનું સ્વાતંત્ર્ય નથી. દુનિયા એ આધારને જ દોષી કે ગુણી ગણશે. જાગતિક દૃષ્ટિએ એ સાચું પણ છે. જીવન્મુક્ત પુરુષની દૃષ્ટિ આ પ્રકારની નથી હોતી. એ સ્પષ્ટપણે જુએ છે કે સર્વ કર્મોનું વાસ્તવિક કર્તૃત્વ એકમાત્ર મહાશક્તિમાં છે, જીવમાં નથી. તેથી જીવકૃત કોઈ પણ કર્મ માટે હકીકતમાં જીવ જવાબદાર નથી. એનામાં અભિમાન હોવાને કારણે જ જીવને ઉત્તરદાયી ગણવામાં આવે છે, પરંતુ એ લૌકિક દૃષ્ટિ છે. સાચે તો પુતળી જો સારી રીતે નાચે તો એમાં એનું મહત્ત્વ નથી, જો મહત્ત્વ માનવું હોય તો તે છે નચાવનારનું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



જો કોઈની આવી દૃષ્ટિ ખુલી ગઈ હોય તો એવાને જીવન્મુક્ત માનવો જોઈએ. જીવન્મુક્ત પુરુષ એકમાત્ર મહાશક્તિનું જ કર્તૃત્વ જુએ છે. આ જ જીવન્મુક્તિનું લક્ષણ છે.

## બાબા શ્રી સીતારામદાસ ઓંકારનાથ

(શાસ્ત્રમાં અનુભૂતિની વાતો બહુ મળે છે, પરંતુ જ્યાં સુધી કોઈ મહાપુરુષનાં વાક્યો સાથે સાધનાની અનુભૂતિનો સરખી રીતે મેળ ન બેસે ત્યાં સુધી સાધન સ્થિર ન રહી શકે.)

(બાબાજીના સાધક-જીવનમાં :)

..... અંદરથી કેવળ 'રામ-રામ' ઉચ્ચારણ થવા માંડ્યું. ધીમે ધીમે એ પણ બંધ થઈ ગયું. પછી 'ઉઁઉઁ'નો ધ્વનિ નીકળવા માંડ્યો. ક્રમશઃ એ પણ સમાપ્ત થઈ ગયો. પછી અંદરથી સર્પગર્જનની જેમ કુંડલિનીનો સ્વર એટલા જોરથી થવા માંડ્યો કે મને આશંકા થઈ કે એનાથી સાથીઓની નિદ્રા ન તૂટી જાય. થોડીક વારમાં આંખો ઊંચે ચઢીને ભ્રૂમધ્યમાં સ્થિર થઈ ગઈ. તે વખતે દેખાયું કે વૃત્તાકાર જ્યોતિ સામે છે. ચાર કલાક આમાં જ પસાર થઈ ગયા.

.... ત્યારે ચારે બાજુ મને પ્રકાશ જ પ્રકાશ દેખાયો. જીવમાત્રમાં અભેદ-દર્શન થવા માંડ્યું. એ ભાવાવેશમાં મેં કૂતરા સાથે બેસીને ભોજન કર્યું હતું.... મેં અનુભવ્યું પણ ખરું કે અંદર 'નાદ' ચાલૂ છે. એ વખતે કોઈ વસ્તુમાં મન નહોતું લાગતું.

.... ઘણાં વર્ષો વીતી ગયાં ..... હું શાસ્ત્રાનુસાર પ્રાતઃથી સાયંકાળ સુધી હોમ, વૈશ્વદેવ, તર્પણ, શ્રાદ્ધાદિ કરવામાં પરોવાયેલો રહેતો. થોડા દિવસમાં એ પણ બંધ થઈ ગયું. હાથનું જળ હાથમાં જ રહી જતું. એવી સ્થિતિમાં સંધ્યાદિ નિત્યકર્મ તથા મંત્રજપ પણ જતાં રહ્યાં. બધું જ ધીરે ધીરે ઓમ્કારમાં પરિણત થઈ ગયું. ત્યાર પછી મેં પૂર્વોપદેષ્ટા યોગીને કહ્યું, ''મારી બધી ક્રિયાઓ બંધ થઈ ગઈ, હવે શું કરું ?'' તેઓ બોલ્યા, ''હંમેશાં કંઈ ક્રિયાઓ કરવી પડે ?'' ..... ઓમ્કાર જપ પછી મને ભીંતના ઘડિયાળના જેવો સ્વર સંભળાવા લાગ્યો. 'હરે રામ, હરે રામ, હરે કૃષ્ણ' નામગાન નાદની સાથે સમષ્ટિમાં થતો રહ્યો. પછી આકાશનો આવિર્ભાવ થયો.

.... એક વાર વૈશાખની મધ્યરાત્રિમાં જોયું કે મારા માથાથી દક્ષિણમાં, પગમાં નૂપુર બાંધેલાં નાનાં બાળકોના નૃત્ય જેવો શબ્દ થઈ રહ્યો છે. એ નાદ સાંભળતાં જ મારું જ્ઞાન જતું રહ્યું. જ્યોતિનો આવિર્ભાવ થયો. એમાં ભગવાન એમનું એક વિશિષ્ટ રૂપ લઈને ઊભા રહ્યા અને આદેશ આપ્યો કે.જાઓ, સર્વત્ર નામદાન કરો. આ બધો અનુભવ ધ્યાનાવસ્થામાં થયો. ધ્યાન ભંગ થતાં શરીર રોમાંચિત થઈ ગયું.

આ જ રીતે અન્ય અવસ્થાઓનો અનુભવ થાય છે. આ સાધનાની પરિણતિ કઈ છે ?...

## શ્રી રામ ઠાકુર

મન, બુદ્ધિ અને પ્રાણ જ્યારે એક થઈ જાય છે ત્યારે બુદ્ધિ ન હોવાને કારણે વિચાર નથી રહેતો, તેથી એમને મેળવ્યા પછી ''મેં મેળવી લીધા'' એવો બોધ નથી રહેતો. સાકર તો સાકરનો સ્વાદ ન જાણે.

વ્યાધિ કે રોગ કે બાધા એ જ વિકાર, અર્થાત્ આવરણ છે. જ્યાં બાધા નથી ત્યાં સ્વાસ્થ્ય, પ્રકૃતિ કે સ્વભાવ છે. વિકાર એ જ દુઃખ, સ્વભાવ એ જ આનંદ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


આ દેહ જેવા અનેક દેહોનું નિર્માણ કરીને વિભિન્ન સ્થાનોમાં વિચરણ કરી શકાય. એ સૂક્ષ્મ દેહથી નહીં. આ સ્થૂળ દેહ ચતુર્દેહ કહેવાય છે, કારણ એ ચારે બાજુ વિખેરાઈ જાય છે, એ વિભૂતિ છે. એક પ્રદીપમાંથી જેમ અનેક પ્રદીપો પ્રગટાવી શકાય, બિલકુલ એ જ રીતે એક દેહમાંથી અનેક દેહોનો આવિર્ભાવ થઈ શકે. મન દ્વારા અર્થાત્ ઈચ્છાશક્તિ દ્વારા દેહના અંશોને બહાર કાઢવા પડે. એ બધા અંશો દેહમાંથી નીકળીને પાછા દેહમાં આવીને વિલીન થઈ જાય છે. અંશો જોવામાં બરોબર મૂળને અનુરૂપ હોય છે.

બધા જ આત્માઓ બધાના પરિચિત છે. મલિનતાવશ કોઈ બીજાને ઓળખી નથી શકતું. ઓળખ્યા પછી પારકાપણું ન રહે.

સત્ય=સત્ત્વ, એ જ સત્યયુગ છે. ત્રેતા=ત્રાણ. ત્રાણ થયા પછી દ્વાપર, ત્યારે માત્ર બે રહે - ભક્ત અને ભગવાન. ભક્ત જ્યારે ભગવાનથી ભિન્ન બીજું કંઈ નથી જાણતો ત્યારે કૃષ્ણલીલાનો પ્રકાશ થાય છે. પછી કલિ. તે વખતે ગૌર-નિતાઈનો પ્રકાશ થાય છે.

કાશીમાં ખરો વાસ કરાય તો કાશીનો બરોબર બધો વ્યાપાર ચિંતામાત્રમાં જાણી શકાય.

કાશી ત્રિશૂલ ઉપર સ્થિત છે. શૂલ એટલે દુઃખ કે તાપ, એ ત્રિતાપોથી ઉપર છે.

ગુરુ જે બીજ આપે, એ જ બીજ સાથે વાસ કરવો જોઈએ. એની સાથે ઘર-સંસાર માંડવો પડે, એને પ્રેમ કરવો પડે.

બીજની સાથે વસ્તુતઃ ગુરુ જ જન્મ ગ્રહણ કરે છે, માટે છોડીને જવાનો ઉપાય નથી.

ગુરુ નાવને વહેતી મૂકી દે છે. પછી શિષ્યે હલેસાં મારવાં પડે, નહીં તો માત્ર ગુરુના ધકેલવાથી શિષ્યને અત્યંત કષ્ટ પડે છે કારણકે એનાથી જીરવાતું નથી (સંભાળી નથી શકાતું.) પોતે જ હલેસાં મારવાં પડે માત્ર વેગમાં ટકવા માટે. ગુરુએ બધું આપી દીધું છે, પ્રયોજનાનુસાર શિષ્યને બધું જ પ્રાપ્ત થઈ જાય છે.

ભોગ આવતો હોય તો છો આવે, બાધા ન આપવી (અટકાવવો નહીં) - પોતાની મેળે કષ્ટ જતું રહેશે. કાળ પૂર્ણ થશે ત્યારે 'અવગુંઠન' થઈને બીજરૂપે પરિણત થઈ જશે. બાધા આપવાથી સંઘર્ષની સૃષ્ટિ થાય.

કેવળ શ્વાસપ્રશ્વાસ પર લક્ષ્ય રાખવાથી જ પ્રાણાયામ, કુંભક ઈત્યાદિ આપોઆપ થઈ જાય છે.

સુખ-દુઃખ જેવું કાંઈ નથી. છોકરા-છોકરીઓ જેમ પરસ્પર રમે છે અને આળસમાં ઝગડા-મારપીટ કરે છે, ક્યારેક રડે, ક્યારેક હસે, ક્યારેક હારે, ક્યારેક જીતે, પરંતુ જેવી મા જમવા માટે બોલાવે કે તરત જ બધી રમત છોડીને જતાં રહે છે. માની પાસે જઈને બધાં જ આનંદમગ્ન થઈ જાય છે. પૂર્વવર્તી રમતનાં સુખ-દુઃખ બધું ભૂલી જાય છે. આ પણ એવું જ છે.

દેહધારી હોવા છતાં સર્વતોભાવે દેહાતીત મહાસત્તાના રૂપમાં ગુરુદેવ સદા સમીપ વિરાજમાન્ છે. એટલું જ નહીં, પંચભૂત એમના નિયંત્રણાધીન, શાસનાધીન છે.

નિરપેક્ષ બનીને રહેવું, કોઈ પણ પક્ષમાં ન રહેવું - એનું જ નામ પ્રાણનો શૂન્ય સાથેનો સહવાસ.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# શ્રીમદ્ ભાગવત

## અધ્યાય - ૫

- વૈદેહી પાર્થિવકુમાર અધ્યારુ

અધ્યાયશ્લોક -

पञ्चमे सर्वधर्मेभ्यो हरिकीर्तनगौरवम्। व्यासचितप्रसादाय नारदेनोपदिश्यते ॥ १ ॥

અનુવાદ : પાંચમા અધ્યાયમાં વ્યાસજીનું મન પ્રસન્ન કરવા માટે નારદજી દ્વારા સર્વ ધર્મો કરતાં શ્રીહરિકીર્તનના ગૌરવનો ઉપદેશ આપવામાં આવે છે.

શ્લોક : ॥ सूत उवाच ॥

अथ तं सुखमासीनं उपासीनं बृहच्छ्रवाः। देवर्षिः प्राह विप्रर्षिं वीणापाणिः स्मयन्निव ॥ १ ॥

અનુવાદ : સૂતજી કહે છે. ત્યાર પછી સુખપૂર્વક બેઠેલા પરમ યશસ્વી, વીણાપાણિ દેવાર્ષિ નારદજીએ પાસે બેઠેલા વિપ્રર્ષિ વ્યાસજીને જાણે સ્મિત કરતા હોય તેમ કહ્યું ॥ ૧॥

શ્રી. - उप समीपे आसीनं विप्रर्षिं व्यासम्। बृहच्छ्रवाः महायशाः। स्मयन्नीषद्धसन्निवेत्यनेन मुखप्रसत्तिर्द्योत्यते। यद्वा इवेत्यनधिकारार्थम्। अहो महानपि मुह्यतीति स्मयमानः ॥ १ ॥

'उप' સમીપમાં 'आसीनम्' બેઠેલા 'विप्रर्षि' વ્યાસજી 'बृहद्श्रवाः' મહાન યશવાળા 'स्मयन्' જાણે કે સ્હેજ હસતા હોય તેવા - આ દ્વારા મુખની પ્રસન્નતા સૂચિત થાય છે. અથવા તો 'इव' જાણે કે - એમ અનધિકારના અર્થમાં છે. અહો ! (વ્યાસજી) મહાન હોવા છતાં મોહ પામે છે ! (વ્યાસજી શ્રેષ્ઠ છે, તેમને મોહ ન થવો જોઈએ.) એમ સ્મિત કરતા હોય તેમ ! ॥ ૧॥

શ્લોકઃ ॥ नारद उवाच ॥

पाराशर्य महाभाग भवतः कच्चिदात्मना। परितुष्याति शारीर आत्मा मानस एव वा ॥ २ ॥

અનુવાદ : નારદજી કહે છે. પરાશરઋષિના હે મહાભાગ્યવાન પુત્ર, આપનો શરીરાભિમાની આત્મા અર્થાત શરીર અથવા મનોમય આત્મા અર્થાત્ મન પ્રસન્ન તો છે ને ?

શ્રી. शारीरः शरीराभिमान्यात्मात्मना तेन शरीरेण कच्चित्किं परितुष्यति। मानस आत्मा मनोभिमानी तेन मनसा परितुष्यति कच्चित्नो वा ॥ २ ॥

શ્રી. દી. : 'शरीर' શરીરાભિમાની આત્મા (શરીર) 'आत्मना' તે શરીરથી 'कच्चित्' શું 'परितुष्यति' પ્રસન્ન છે ? 'मानसः आत्मा' મનોભિમાની, તે મનથી પ્રસન્ન છે ને ? ॥ ૨॥

શ્લોક : जिज्ञासितं सुसंपन्नमापि ते महदद्भुतम्। कृतवान्भारतं यस्त्वं सर्वार्थपरिबृंहितम् ॥ ३ ॥

અનુવાદ : આપે જે (ધર્માદિક) જાણવાનું ઈચ્છ્યું હતું તે સારી રીતે જાણ્યું છે (અને તેનું અનુષ્ઠાન પણ કર્યું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



છે.) કારણકે ધર્મ વગેરે સર્વ પુરુષાર્થો વડે પરિપૂર્ણ અને તેથી જ અતિ અદ્ભુત એવા મહાભારત પુરાણની રચના કરી છે.॥ ૩॥

श्री – ते जिज्ञासितं ज्ञातुमिष्टं धर्मादि यत्तत्सर्वं सुसंपन्नं सम्यक् ज्ञातम्। अपि शब्दादनुष्ठितं चेत्यर्थः।'अयि' पाठे सम्बोधनम्। सुसम्पन्नत्वे हेतु : – महदद्भुतमित्यादि। सर्वैरर्थै धर्मादिभिः परिबृंहित परिपूर्णम् ॥ ३ ॥

શ્રી અનુવાદ : 'તે જિજ્ઞાસિતમ્' જાણવા ઈચ્છિત જે ધર્માદિ તે સર્વ સારી રીતે જાણ્યા છે. 'અપિ' શબ્દ દ્વારા તેનું અનુષ્ઠાન પણ કર્યું છે તેવો અર્થ છે. 'અયિ' પાઠ હોય તો સમ્બોધનનો અર્થ લેવો. સારી રીતે જાણ્યું છે તેનું કારણ કહે છે. 'મહદદ્ભુતમ્' અતિ અદ્ભુત વગેરે શબ્દો વ્યાસજીની સુસંપન્નતાનું કારણ સૂચવે છે. (અતિ અદ્ભુત મહાભારત પુરાણની રચના કરી છે, કે જે) ધર્મ વગેરે સર્વ પુરુષાર્થોથી 'પરિબૃંહિતમ્' પરિપૂર્ણ. ॥ ૩॥

श्लोक : जिज्ञासितमधीतं च ब्रह्म यत्तत्सनातनम्। अथापि शोचस्यात्मानमकृतार्थ इव प्रभो ॥ ४ ॥

વળી, જે સનાતન બ્રહ્મ છે તેને તમે વિચાર્યું છે અને પ્રાપ્ત પણ કર્યું છે. આમ છતાં પણ હે પ્રભુ, અકૃતાર્થની જેમ કેમ શોક કરો છો ? ॥ ૪॥

श्री. किं च यत्सनातनं नित्यं परं ब्रह्म तच्च त्वया जिज्ञासितं विचारितमधीतमधिगतं प्राप्तं चैत्यर्थः। अथापि शोचसि तत्किमर्थमिति शेषः ॥ ४ ॥

શ્રી – અનુવાદ : વળી, જે 'સનાતનમ્' નિત્ય, પરબ્રહ્મ, તે પણ આપના દ્વારા 'જિજ્ઞાસિતમ્' વિચારવામાં આવ્યું છે. 'અધીતમ્' અને અધિગત, પ્રાપ્ત કર્યું છે તેવો અર્થ છે. આમ છતાં શોક કરો છો તે શા માટે ? એમ કહેવાનું શેષ છે. (તે ઉમેરી લેવાનું છે. ॥ ૪॥

श्लोकः ॥ व्यास उवाच ॥

अस्त्येव मे सर्वमिदं त्वयोक्तं, तथापि नात्मा परितुष्यते मे।

तन्मूलमव्यक्तमगाधबोधं, पृच्छाम हे त्वात्मभवात्मभूतम् ॥ ५ ॥

અનુવાદ : વ્યાસજી કહે છે – આપે કહ્યું તે બધું જ મેં (કર્યું) છે, છતાં પણ મારો આત્મા પરિતોષ પામતો નથી, તેનું કારણ સ્પષ્ટ નથી. હે નારદજી, આપ બ્રહ્માજીના દેહથી ઉત્પન્ન થયેલા છો, અને તેથી જ ગહન જ્ઞાનવાળા આપને પૂછીએ છીએ. ॥ ૫॥

श्री. – आत्मा शारीरो मानसश्च। तन्मूलं तस्यापरितोषस्य कारणम्। अव्यक्तमस्फुटम्। हे नारद, त्वा त्वां पृच्छाम। आत्मभवो ब्रह्मा तस्यात्मनो देहादुद्भूतस्तम्। अत एवागाधोऽतिगम्भीरो बोधो यस्य तं त्वाम्।

શ્રી અનુવાદ : 'આત્મા' શરીર અને મનનો 'તન્મૂલમ્' તે અપરિતોષનું કારણ 'અવ્યક્તમ્' અસ્પષ્ટ છે. હે નારદજી, 'ત્વા' આપને પૂછીએ (છીએ). 'આત્મભવઃ' બ્રહ્માજી, તેમના 'આત્મનઃ' દેહમાંથી ઉત્પન્ન થયેલા તેમને, આથી જ 'અગાધઃ' અતિગહન જ્ઞાન જેનું છે, તેવા તમને॥ ૫॥

ક્રમશઃ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# રામાયણનું કિષ્કિન્ધા

- ઉત્તરા ચિનુભાઈ

(ચૈત્ર શુક્લા નવમી, તા. ૨ જી એપ્રિલ, શ્રી રામ જન્મજયંતિ નિમિત્તે)

ભગવાન શ્રીરામ ગોદાવરી નદીને કાંઠે અત્યારના નાશિકક્ષેત્રમાં નિવાસ કરી રહ્યા હતા, ત્યારે કપટમૃગ મારીચનો વધ કરીને પ્રભુએ એને પરમ પદ પ્રદાન કર્યું, તે દરમ્યાન દશમુખ રાવણે સીતાજીનું હરણ કર્યું. સીતાની શોધમાં રામ લક્ષ્મણ સહિત નીકળ્યા, રસ્તામાં વૃદ્ધ ગીધરાજ જટાયુએ સીતાના સમાચાર આપ્યા અને પ્રાણ છોડ્યા. એની અંતિમ ક્રિયા શ્રી રામે સ્વહસ્તે કરી. એ સ્થળ મહારાષ્ટ્રમાં કર્ણાટકની નજીક આવેલું છે.

ભગવાન દક્ષિણ દિશામાં આગળ વધ્યા. શ્રીરામ (હાલના કર્ણાટકમાં) ગીચ જંગલો પસાર કરતા પંપા સરોવરને કાંઠે પહોંચ્યા. આપણાં ધર્મશાસ્ત્રોએ દર્શાવ્યા પ્રમાણે ભરતખંડમાં સાત પવિત્ર પુરીઓ, સાત પવિત્ર નદીઓ, તથા પાંચ પવિત્ર સરોવરો છે, જેમાનું એક છે પંપા સરોવર. અત્યારે જે તુંગભદ્રા નદી છે તેનું પ્રાચીન નામ 'પંપાસરસ' હતું. નદીના જળથી જે વિશાળ સરોવર બન્યું તે પણ પંપા નામનું સરોવર, અને એ એટલું વિશાળ હતું કે તુંગભદ્રાથી તદ્દન છુટું નહોતું પડ્યું. એને પશ્ચિમ કાંઠે શબરીનો આશ્રમ હતો તથા પૂર્વ કાંઠે સુગ્રીવનું નિવાસસ્થાન હતું. અત્યારે તુંગભદ્રા ઓળંગીને પંપાસરોવરને પશ્ચિમ કિનારે જવાય છે. સુગ્રીવનો મોટો ભાઈ વાલી નામે વાનર કિષ્કિન્ધા નામની વાનરનગરીનો રાજા હતો. એક વાર એક રાક્ષસ સાથે યુદ્ધ કરતાં એને વર્ષો નીકળી ગયાં. યુદ્ધ દરમ્યાન એણે સુગ્રીવને આદેશ કર્યો હતો કે એ ગુફાની બહાર ઊભો રહીને એની રાહ જુએ. આખરે ગુફામાંથી લોહીની ધારા નીકળી અને વાલી બહાર ન આવ્યો તેથી સુગ્રીવે માન્યું કે વાલી હણાયો છે. સુગ્રીવે ગુફાના દ્વાર પર મોટો ખડક મૂકીને દ્વાર બંધ કર્યું અને શોકગ્રસ્ત થઈ પાછો ફર્યો. કિષ્કિન્ધાના વાનરોએ એનો રાજ્યાભિષેક કર્યો. આ બાજુ રાક્ષસને હણીને વાલી ઉપર આવ્યો, બળપૂર્વક ગુફાને દ્વારેથી પત્થર ખસેડીને રાજનગરીમાં ગયા પછી એણે સઘળી બીના જાણી. અતિશય ક્રોધાવેશમાં એણે સુગ્રીવનો પીછો કર્યો. ભયથી થથરતો સુગ્રીવ ચારે દિશાઓમાં વારાફરતી ભાગ્યો. આ ભાગદોડમાં એ સમસ્ત પૃથ્વીમાં ફર્યો. આગળ ઉપર શ્રીરામની સહાયતા કરવા એણે સીતાની શોધમાં વાનરોને આખી પૃથ્વીનાં ચારે દિશાઓનાં સ્થળોએ મોકલ્યા, તે પ્રસંગે રામે જિજ્ઞાસા કરી કે એને ભૂગોળનું આટલું તાદશ જ્ઞાન શાથી છે ? ત્યારે સુગ્રીવે વાલીથી બચવા પોતે આ બધાં સ્થળોએ ગયો હતો તે જણાવ્યું. વાલ્મીકિ રામાયણમાં એ સ્થળોનું અત્યંત વિશદ વર્ણન છે, એમાં પૃથ્વીની ભૂગોળનું આખુંયે જ્ઞાન ભરેલું છે.

વાલીએ સુગ્રીવની પત્ની રોમાને પોતાની પત્ની બનાવી. આમ સુગ્રીવને પણ પત્ની-વિયોગ થયો. સુગ્રીવને આખરે યાદ આવ્યું કે એક રાક્ષસને મારીને વાલીએ એનાં હાડકાં પંપાને પૂર્વ કાંઠે આવેલા મતંગ પર્વત પર ફેંક્યાં હતાં, જ્યાં તપોનિધિ મતંગ ઋષિનો આશ્રમ હતો. ઋષિએ વાલીને શાપ આપ્યો હતો કે જો કદી પણ એ આ પર્વત પર પગ મૂકશે તો તે જીવિત નહીં રહે. સુગ્રીવ આ વાત જાણતો હોવાથી એના હિતચિંતક સર્વે વાનરોને સાથે લઈને ઋષ્યમૂક પર્વત પર રહેવા ગયો. મતંગ પર્વત તે ઋષ્યમૂકનો જ એક ભાગ હતો. એની ગુફાઓમાં સુગ્રીવસહિત વાનરોએ આશ્રય લીધો. રામભક્ત પવનપુત્ર હનુમાન્ પણ સુગ્રીવના મંત્રી તરીકે સાથે રહ્યા. અત્યારે તુંગભદ્રા નદીને પેલે પાર અનાગુંદી ગામ છે જ્યાં વાલીનો કિલ્લો હતો, તથા વાનર-નગરી હતી. શ્રીરામે વાલીવધ પછી એના પુત્ર અંગદનો રાજ્યાભિષેક કરાવ્યો તેથી કહેવાય છે કે 'અંગદી' શબ્દનું તેલુગુ અપભ્રંશ અનાગુંદી થઈ ગયું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


કર્ણાટકના હુબલી શહેરથી લગભગ ચાર કલાકનો રસ્તો વટાવી દક્ષિણ-પૂર્વમાં જતાં હમ્પી આવે છે કે જે ચૌદમીથી સત્તરમી શતાબ્દી સુધીના વિજયનગર કે વિદ્યાનગરના અતિ સમૃદ્ધ હિંદુ રાજ્ય તરીકે પ્રસિદ્ધ છે. એ જ પ્રાચીન કિષ્કિન્ધાનગરી છે. મતંગ પર્વત તેમ જ ઋષ્યમૂક પર્વત અત્યારે પણ જોવામાં આવે છે, અને ત્યાં સુગ્રીવની ગુફા તુંગભદ્રાને તીરે પહાડોમાં હજી પણ હયાત છે.

સૌ પ્રથમ શ્રીરામ શબરીને આશ્રમે ગયા. અત્યારે નાનું પંપાસરોવર છે, એની ચારે બાજુ પાક્કાં ચણેલાં પગથિયાં છે જેથી યાત્રિકો સ્નાન કરી શકે. વાલ્મીકિએ પંપા સરોવરનું સચિત્ર વર્ણન કર્યું છે. શ્રીરામે એમાં સ્નાન કર્યું હતું, અને પ્રાકૃતિક સૌંદર્ય જોઈ એમને સીતાનો વિરહ થયો હતો. લીલાવતાર શ્રીરામ માનવની જેમ સીતાવિયોગમાં લંબાણથી જે વચનો ઉચ્ચારે છે તે પણ રામાયણમાં ઋષિએ સુંદર રીતે વર્ણવ્યું છે. આજે ત્યાં ટેકરા ઉપર કેટલીક ગુફાઓ જોવા મળે છે, જેમાંની એક શબરીની ગુફા છે, એની અંદર શિવલિંગ સ્થાપિત છે. શબરી એક વૃદ્ધા વનવાસિની જ્ઞાની તપસ્વિની હતી. એના માથા પર જટા હતી અને એણે મૃગચર્મનાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં. સાત તપસ્વી મુનિઓની એ સેવા કરતી હતી. સાત મુનિઓ દેહમુક્ત થયા ત્યારે એમણે શબરીને આશ્વાસન આપતાં કહ્યું હતું કે ભગવાન રામચંદ્રજી જ્યારે અહીં પધારશે ત્યારે તું મુક્ત થઈને અમારા લોકમાં આવીશ. આ કારણે પ્રભુના દર્શન માટે એ વૃદ્ધા ભીલ નારી તપસ્યા કરતી પ્રતીક્ષારત રહેતી હતી. એઠાં બોરની જે પ્રચલિત વાત છે તે વાલ્મીકિના કે તુલસીદાસના રામાયણમાં નથી. વાલ્મીકિ ઋષિ રામના જ સમકાલીન હતા, તેથી એમનું રચેલું રામાયણ સૌથી પ્રાચીન છે. તેઓ કહે છે કે ઉત્તમ કંદમૂળ તથા વિવિધ જંગલી ફળોથી શબરીએ રામ-લક્ષ્મણનું સ્વાગત કર્યું, સાત ઋષિઓની તપસ્યાનું સ્થળ ક્યાં છે તે કહ્યું, અને સુગ્રીવની ગુફા કઈ જગાએ છે તેમ જ શ્રીરામે ત્યાં જવું તે સઘળું જણાવ્યું. શબરી વનવાસિની તો હતી પણ જંગલી, અસભ્ય કે અજ્ઞાની સ્ત્રી નહીં, પરંતુ એક યોગિની હતી, તપસ્વિની હતી. ભગવાન શ્રીરામે એને મુક્તિ આપી.

પંપાસરોવર જતાં વચ્ચે પહાડ ઉપર પર્વતના મધ્યભાગમાં એક ગુફામાં શ્રીરંગજી તથા સપ્તર્ષિઓની મૂર્તિઓ છે. વિશ્વામિત્ર આદિ જે ઋષિઓ નભોમંડળમાં સપ્તર્ષિરૂપે બિરાજે છે તે નહીં, પણ જે સાત ઋષિઓની સેવા શબરી કરતી હતી તેમની આ મૂર્તિઓ હોવી જોઈએ, કારણ કે શબરીના નિર્દેશાનુસાર રામ-લક્ષ્મણ ત્યાં ગયા હતા.

પંપાસરોવરથી લગભગ એક માઈલ દૂર અંજની-પર્વત છે. ખૂબ ઊંચો પહાડ છે અને ચઢાણ ઘણું કપરું હોવાથી ખાસ કોઈ ચઢી નથી શકતું. ઉપર એક ગુફામંદિર છે, જેમાં માતા અંજની તથા અંજનીપુત્ર હનુમાન્‌ની મૂર્તિઓ છે. આ સ્થાન હનુમાન્‌જીનું જન્મસ્થાન કહેવાય છે.

ઋષિ વાલ્મીકિ કહે છે કે વળી પ્રગાઢ વન ઓળંગીને રામ પંપાને પૂર્વકાંઠે પહોંચ્યા. અત્યારે ત્યાં નદી કિનારે અત્યંત પ્રાચીન 'વિરૂપાક્ષ શિવ' મંદિર છે જેને 'પ્રસન્ન વિરૂપાક્ષ' કે 'પંપાપતિ વિરૂપાક્ષ' કહે છે. પંપા તે પાર્વતીનું એક નામ છે, પંપા ત્યાંની અધિષ્ઠાત્રી છે, તેથી જ નદીના પૂર્વ કાંઠાની નગરીનું પ્રાચીન નામ પંપાપુરી હતું. આ લિંગ કેટલું પ્રાચીન છે તે ઈતિહાસકારો કે પુરાતત્ત્વવિદો હજી કહી નથી શકતા પણ એટલું તો નિશ્ચિત છે કે વિજયનગરની સ્થાપના થઈ તે પહેલાંથી આ મંદિર હતું, અને આ સ્થળનું વિરૂપાક્ષપુરી નામ પણ પ્રચલિત હતું. મંદિરનો જીર્ણોદ્ધાર કાળાંતરે થતો ગયો તેમજ નવા મંડપો તથા ગોપુરો બનતા ગયા. વિરૂપાક્ષની બાજુમાં જ હેમકૂટ પર્વત છે. ત્યાં હિંદુ તથા જૈન મંદિરો છે અને તપસ્વીઓની ગુફાઓ - મંડપો છે. એક ગુફાની બહાર વિશાળ સમતલ શિલા છે જેને 'રામશય્યા' કહે છે. વાનરોએ શ્રીરામના વિશ્રામ માટે પહાડોના ખડકો ગોઠવીને ગુફાઓ બનાવી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


હતી એમ કહેવાય છે. હમ્પીમાંના ચારે તરફના પહાડો જાણે વિવિધ આકાર તથા માપની વિશાળકાય શિલાઓ ગોઠવીને બનાવ્યા હોય તેવા છે, અને આશ્ચર્ય એ છે કે આ પત્થરો હજારો વર્ષોથી ખસ્યા નથી કે પડ્યા નથી પણ એકબીજાને ટેકે વાંકાચૂકા ગોઠવાઈને સ્થિર ઊભા રહ્યા છે. હમ્પીના પર્વતો સાચે જ નવીન પ્રકારના છે.

આ વિરૂપાક્ષ એકલું જ એવું મંદિર છે કે જ્યાં આજ દિન સુધી બ્રાહ્મણો રહે છે અને પૂજા ચાલુ છે. પૃથ્વીની ભૂગોળમાં નદીના પ્રવાહો બદલાયા છે, હજારો વર્ષોનાં વહાણાં વાયાં છે. હોઈ શકે કે પંપા સરોવર અને તુંગભદ્રા છુટાં પડી ગયાં હોય. ધરતીકંપ, નદીનાં પૂરો, અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ જેવાં કંઈ કેટલાયે કુદરતી આઘાતો કારણભૂત થઈને પૃથ્વીની ભૂગોળનાં અતિ પ્રાચીન સ્થાનો થોડાંઘણાં બદલી નાખે છે.

હવે રામ-લક્ષ્મણ (હમ્પીમાં) મતંગ પર્વત બાજુ જઈ રહ્યા છે. સુગ્રીવે ઋષ્યમૂક પર્વત ઉપરથી જોયું કે બે દિવ્ય સૌંદર્યધારી તાપસકુમારો ચાલતા આવી રહ્યા છે. એમની અનિર્વચનીય સુંદરતા સાથે એમનાં ધનુષ્ય-બાણ અને શિર પરની જટા તેમ જ મૃગચર્મ અને વલ્કલ વસ્ત્રો જોઈ એને શંકા જાગી કે આવા પુરુષો કોણ હોઈ શકે ? ભય તો એના હૃદયમાં સતત જાગૃત રહેતો હોવાથી એણે તરત હનુમાન્‌ને બોલાવીને કહ્યું, "આ બે વાલીના ગુપ્તચરો તો નહીં હોય ? તમે તરત જઈને તપાસ કરો, જો એમ હોય તો હું શીઘ્ર આ સ્થાન છોડીને ભાગી જઉં." તુલસીદાસ રામ-લક્ષ્મણની સુંદરતાનું વર્ણન કરે છે :

सरसिज लोचन बाहु बिसाला। जटा मुकुट सिर उर बनमाला॥
स्याम गौर सुन्दर दोउ भाई। .....
तहँ रह सचिव सहित सुग्रीवा। आवत देखि अतुल बल सींवा॥
अति सभीत कह सुनु हनुमाना। पुरुष जुगल बल रूप निधाना॥

સુગ્રીવના આદેશથી હનુમાન્‌જી બ્રાહ્મણ બ્રહ્મચારીનું રૂપ ધરીને રામ-લક્ષ્મણ પાસે જાય છે. બ્રહ્મચારી હનુમાન્‌જી ખૂબ સુંદર રીતે સંભાષણ કરે છે. વાલ્મીકિ કહે છે કે મતંગ પર્વત પર વિરાજમાન્ બે ભાઈઓને હનુમાન્‌જી કહે છે કે "સુગ્રીવનો હું દૂત છું, મંત્રી છું, પરંતુ મારા વાનરરૂપ પર તમને વિશ્વાસ ન થાય તેથી આ રીતે આવ્યો છું." ... ઈત્યાદિ. તુલસીદાસ આનાથી થોડુંક જુદું કહે છે, પણ તે અહીં લખવું અનાવશ્યક છે. હનુમાન્‌જીના બોલી રહ્યા પછી રામચંદ્રજી લક્ષ્મણને કહે છે કે "સંપૂર્ણ વાણી વેદવાણીની જેમ આ બોલ્યા છે, એમની ભાષા અત્યંત સુંદર છે અને સંપૂર્ણરૂપે વ્યાકરણસમ્મત છે, ઉચ્ચારો તથા શબ્દો એટલા સુંદર તથા દોષરહિત છે કે વેદના જ્ઞાતા સિવાય બીજું કોઈ આવી વાણી બોલી શકે નહીં."

આ છે રામ-હનુમાન્‌નું સર્વપ્રથમ ગરિમાયુક્ત મિલન ! ઋષ્યમૂક પાસે એક પ્રાચીન હનુમાન્ મંદિર છે, જેમાં યંત્ર સ્થાપેલું છે અને વિગ્રહ પણ છે. મતંગ પર્વત પર આ જ સ્થળે શક્ય છે કે આ પ્રસંગ બન્યો હોય. પાસે જ કોદંડરામ સ્વામી મંદિર છે જેમાં ખૂબ જ વિશાળ કાળા પત્થરના ત્રણ વિગ્રહો છે. આખુંયે સ્થાન નીરવ, નિર્જન, એકાંત છે અને તુંગભદ્રાને તીરે છે. વાલ્મીકિ રામાયણમાં તુંગભદ્રા નદીનું બારીકાઈથી કરેલું વર્ણન છે. નદીનું જળ સંપૂર્ણતઃ સ્વચ્છ અને નિર્મળ, પારદર્શક છે, એને કાંઠે રેતી નથી, પરંતુ શ્વેત નાના-મોટા પત્થરો છે, નદીના પટમાં નીચે રેતી છે, તથા પ્રવાહમાં કોઈ કોઈ ઠેકાણે મોટી મોટી શિલાઓ છે. અત્યારે પણ બિલકુલ આવા જ નિર્મળ રૂપે, શિલાઓ વચ્ચેથી નદી વહે છે, એને બન્નેં કાંઠે જરા પણ રેતી નથી !

ત્યાર બાદ સુગ્રીવ સાથે મૈત્રી થાય છે અને સુગ્રીવ એની ગુફા પાસે પ્રભુને લઈ જાય છે. અત્યારે ત્યાં એક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


કુદરતી સરોવર છે, જ્યાં સીતાએ લંકાથી પાછા ફરતાં સ્નાન કર્યું હતું, તેથી એને સીતાકુંડ કહે છે. ત્યાં પત્થર ઉપર રામ-સીતાનાં ચરણચિહ્નો પણ છે. કદાચ સીતાકુંડ તે પ્રાચીન પંપા સરોવરનો અત્યારે બચેલો એક ભાગ પણ હોઈ શકે. ચારે બાજુ ગ્રેનાઈટ પત્થરના પહાડો છે, શાંત, નિર્મળ, અત્યંત સ્વચ્છ તુંગભદ્રાનો પ્રવાહ છે. સુગ્રીવની ગુફાની બહાર પણ શ્વેત ગુલાબી (સ્ફટિક ગ્રેનાઈટ) પત્થરોનું વિશાળ પ્રાકૃતિક પ્રાંગણ છે. વાતાવરણમાં અદ્‌ભુત શાંતિ છે અને એક એવું મૌન છે જે વારંવાર પ્રભુની સ્મૃતિ કરાવે છે. સીતાજીએ રાવણના રથમાંથી નીચે વાનરો પર ફેંકેલાં ઘરેણાં તથા એક ઓઢેલું વસ્ત્ર સુગ્રીવે ગુફામાં સાચવી રાખેલાં, કે જે એણે શ્રીરામને બતાવ્યાં, અને રામ ફરી ભાવમાં આવી જાય છે !

આજે એ ગુફામાં જઈ શકાય છે. ગુફાની બહાર પત્થર ઉપર સીતાના વસ્ત્રનું ચિહ્ન જોવા મળે છે. આ ચિહ્ન પૂર્ણ પ્રાકૃતિક છે, કોઈએ ઉપરથી કોતરી કાઢેલું નથી. સાચે જ, ઉપરથી ફેંકાયેલું લાંબું વસ્ત્ર એના આડાઅવળા વળાંકો સાથે આવીને નીચે પડ્યું હોય બરોબર તેવું અને બે બાજુ વસ્ત્રની કિનારી પણ દેખાય છે.

વાલીનો વધ જે જગાએ થયો તે સ્થાન છે, તેમ જ સુગ્રીવે રામની શક્તિ તપાસવા સાત શાલવૃક્ષોને બાણ મારવાનું કહ્યું તે સપ્તતાલવેધ-સ્થાન પણ ત્યાં છે. એક જ તીરથી શ્રીરામે સાતે વૃક્ષોને વીંધી નાખ્યાં હતાં. આ સ્થાન અનાગુંદી ગામથી દક્ષિણ-પૂર્વ તુંગભદ્રાને તીરે છે, જ્યાં એક શિલા પર શ્રીરામે ધનુષ્ય-બાણ મૂક્યાનું ચિહ્ન છે. સહેજ ઉપર એક ગુફા છે, એમાં પત્થરની સપાટ વેદી છે. એમ કહેવાય છે કે વાલીનો વધ કર્યા પછી શ્રીરામે ત્યાં વિશ્રામ કર્યો હતો.

વર્ષાઋતુના ચાર મહીના રામચંદ્રજીએ લક્ષ્મણ સહિત માલ્યવાન્ પર્વત પર નિવાસ કર્યો હતો. વાલ્મીકિએ કરેલું વર્ણન આ પર્વત જોઈને અત્યારે શબ્દશઃ બંધ બેસે છે. રામ પોતે પણ લક્ષ્મણને જે કહે છે તેવું જ સ્થળ એ અત્યારે પણ દેખાય છે. એક મોટી ગુફાની બહાર શ્વેત ગુલાબી પત્થરોની વિશાળ સમતલ ભૂમિ છે, નીચે તુંગભદ્રા નદી વહે છે વગેરે શ્રીરામે રામાયણમાં ઉચ્ચાર્યું છે તેવું જ છે, "જો લક્ષ્મણ, આ સ્થળ ઈશાન બાજુથી નીચું તથા પશ્ચિમ બાજુથી ઊંચું છે, જેથી વર્ષાનું જળ અહીં નથી આવતું અને ઠંડો પવન પણ નથી લાગતો. પહાડની નીચે તુંગભદ્રા વહે છે" ઈત્યાદિ, બરોબર તેવું જ ! પાસે એક જગાએ શ્રીરામે પત્થરમાં બાણ મારીને જળ પ્રગટ કર્યું હતું, ત્યાં અત્યારે જળને ઘેરી લઈને પાળી બાંધી દેવામાં આવી છે. રામસભામંડપ છે કે જ્યાં સુગ્રીવ આદિ સાથે મંત્રણા થતી હતી. હનુમાન્‌જી સીતાનો સંદેશો લઈને લંકાથી પાછા ફરતી વખતે સુગ્રીવના મધુવનમાં ગયા હતા અને સર્વ વાનરો સાથે ઝાડ ઉપરથી તોડીને ઘણાં ફળો ખાધાં હતાં. એમનો એ કાર્યની સફળતાનો જયઘોષ હતો. માલ્યવાન્‌થી થોડેક દૂર આ મધુવન છે જ્યાં હનુમાન્‌જીનું મંદિર છે. રામચંદ્રજી પાસે પહોંચીને તેઓ શુભ સમાચાર સંભળાવે છે, એ જ સ્થળ ઉપર અત્યારે વિશાળ અને સુંદર રામમંદિર છે. આ એ જ માલ્યવાન્ પર્વત પરની ગુફા છે જ્યાં રામ-લક્ષ્મણે ચાતુર્માસ પર્યંત નિવાસ કર્યો હતો. મંદિર સ્પષ્ટ રૂપે પહાડના જ એક ભાગ જેવું દેખાય છે, પત્થરની ગુફાની અંદર-બહાર બંધાયેલું છે. શિલાની ઉપર જ શિખર બનાવી દીધું છે. સ્પષ્ટ રૂપે દેખાય છે કે શિખરની નીચે મોટી શિલાનો ભાગ છે. મંદિરની પાછળ થોડીક ઊંચાઈ પર સપાટ શિલાઓની વચ્ચેથી જળનો એક ક્ષીણ પ્રવાહ સતત વહેતો રહે છે. એની પાસે અસંખ્ય નાની નાની શિલાપિંડીઓ છે. એમ કહેવાય છે કે પિતૃશ્રાદ્ધ કરવાના હેતુથી શ્રીરામ માટે લક્ષ્મણે બાણ દ્વારા જળનો પ્રવાહ પ્રગટ કર્યો હતો. તે ઉપરાંત રામઝરૂખો અને લક્ષ્મણઝરૂખો નામની બે ટેકરીઓ પર બે મંડપો છે. આ સ્થાન પણ અત્યંત મનોરમ અને શાંતિપૂર્ણ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


રામાયણમાં આ પત્થરોને સ્ફટિકશિલા કહી છે તે સત્ય છે, કારણ કે સંસ્કૃતમાં સ્ફટિક શબ્દ વપરાય છે માર્બલ અને ગ્રેનાઈટ બન્ને માટે. હમ્પીના આ પર્વતો બેઠા ઘાટના છે. વિજયનગર કે હમ્પી નગરના રસ્તાઓ ઊતરતા ચઢતા છે, તથા આજુબાજુ ચારે તરફ ગ્રેનાઈટના જ પહાડો છે.

કિષ્કિન્ધા નગર ક્યાં છે તે વિષે હજી લોકો ખાસ જાણતા નથી, આ જ કારણે યાત્રીઓને લોકોની ભીડ કે જનરવની બાધા નથી નડતી. સ્થળની જે ગરિમા છે, ભવ્યતા છે, હૃદયને ઉદાત્ત ભાવોમાં ઊંચી સ્થિતિએ લઈ જનારી શક્તિ છે, ભગવાન રામચંદ્રજીનાં લીલાસ્થાનોમાં આ જે એક સબળ શક્તિશાળી સ્થાન છે તેનો અનુભવ સહજ રીતે થાય છે.

રામાયણના 'અરણ્યકાંડ'નો ઉત્તર ભાગ, સંપૂર્ણ 'કિષ્કિન્ધાકાંડ', 'સુંદરકાંડ'નો ઉત્તર ભાગ તેમ જ 'ઉત્તરકાંડ'નો કેટલોક ભાગ આ સંપૂર્ણ ક્ષેત્રમાં વ્યાપ્ત છે.

હનુમાન્જી માલ્યવાન્ પર્વત પર જઈને રામના ચરણોમાં નમન કરે છે અને સીતાના સમાચાર આપે છે ત્યારે શ્રીરામ હાથ પકડીને એમને ઊઠાડીને છાતી સરસા ચાંપે છે :

सुनु कपि तोहि समान उपकारी। नहिं कोउ सुर नर मुनि तनुधारी॥ ...
प्रति उपकार करौं का तोरा । सनमुख होइ न सकत मन मोरा॥
बार बार प्रभु चहइ उठावा। प्रेम मगन तेहि उठब न भावा॥
प्रभु कर पंकज कपि के सीसा। सुमिरि सो दसा मगन गौरीसा॥ ....
कपि उठाइ प्रभु हृदयँ लगावा। कर गहि परम निकट बैठावा॥

●

આ સંપૂર્ણ રામલીલાપૂત ભૂમિમાં શ્રીરામના સ્મૃતિ સાન્નિધ્યનો આનંદ લઈને યાત્રી વિજયનગર રાજ્યના અવશેષો જોવા જઈ શકે છે. સમ્રાટ કૃષ્ણદેવરાયનો રાજ્યકાળ તે વિજયનગરનો સુવર્ણયુગ કહેવાય છે. એમના રાજ્યકાળમાં ખુલ્લા બજારમાં ઢગલાબંધ સાચાં હીરા-માણેક-નીલમ અને મોતી વેચાતાં, અને રાજપ્રાસાદમાં જમીન, દીવાલો અને થાંભલા સોનાનું પતરું ચઢાવેલાં અને અમૂલ્ય રત્નો જડેલાં હતાં. પ્રખર વિદ્વાનો, પ્રકાંડ પંડિતો, ધર્માચાર્યો, કવિઓ, કલાકારો રાજદરબારમાં 'અષ્ટ દિગ્ગજો' તરીકે પ્રખ્યાત હતા. ધર્મ, ધન, સૈન્ય, શૌર્ય અને સંસ્કૃતિ સર્વ કૃષ્ણદેવરાયના કાળમાં જાણે એક સાથે ભેગાં થયાં ! વિજયનગરના જ એક ભાગમાં જમણી બાજુ છે પ્રસ્રવણગિરિ માલ્યવાન્ પર્વત; ડાબી બાજુ હેમકૂટ પર્વત અને કૃષ્ણ-મંદિર, બે ગણેશ-મંદિરો, નૃસિંહ-મંદિર, વીરભદ્ર મંદિર, શિવ-મંદિરો, વિરૂપાક્ષ-મંદિર ઈત્યાદિ; તથા સામે ઋષ્યમૂક પર્વત, મતંગ-પર્વત, ગંધમાદન પર્વત, અને રાજ્યભૂમિને જાણે આવરી લેતી તુંગભદ્રા કે જેનું જળ અત્યારે પણ સ્ફટિક જેવું પારદર્શક અને નિર્મળ છે. રાજમહેલવાળા ક્ષેત્રમાં પણ ત્રણ મંદિરોના ભગ્નાવશેષો છે તથા અત્યંત સુંદર 'હજાર રામ-સ્વામી મંદિર' સંપૂર્ણ કોતરણી અને શિલ્પો સાથે હયાત છે.

પુષ્ટિમાર્ગના અનુયાયીઓ માટે તો આ ભૂમિ ''આદિતીર્થ'' છે, કારણકે શ્રીમદ્ વલ્લભાચાર્યજી ત્યારે ''વલ્લભદીક્ષિત'' તરીકે ઓળખાતા જ્યારે એમણે વિદ્યાભ્યાસ સમાપ્ત કરીને વૃંદાવનની યાત્રા કરી, અને ત્યાર બાદ બાર વર્ષની વયે વિદ્યાનગર (વિજયનગર) પધાર્યા. પહેલું કારણ તો એ કે દક્ષિણનાં તીર્થધામોની યાત્રા કરવી હતી, અને બીજું એ કે એમના મામા રાજા કૃષ્ણદેવરાયના રાજ્યના ''દાનાધ્યક્ષ'' હતા. ત્યાં પહોંચ્યા પછી એમણે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


રાજસભાની ધર્મચર્ચા વિષે સાંભળ્યું, તેથી પોતે પણ સભામાં જઈ ભાગ લીધો. એ ચર્ચા એમણે ૨૮ દિવસ સુધી કરીને સર્વ મતોપરિ એમનો મત સ્થાપ્યો. તે વખતે કૃષ્ણદેવરાયે એમનો ભવ્યાતિભવ્ય કનકાભિષેક કર્યો, એમને ગુરુપદે સ્થાપ્યા અને ઉપાધિ આપી - ''અખંડભૂમંડલાચાર્યવર્ય મહાપ્રભુ શ્રીમદાચાર્ય'' અને ત્યારથી એ પ્રસિદ્ધ થયા 'મહાપ્રભુ નામથી. વિજયનગર કે વિદ્યાનગરની સ્થાપનામાં કારણભૂત શ્રી વિદ્યારણ્યસ્વામીના વિદ્યાકુંડ પાસે મહાપ્રભુજીની સર્વપ્રથમ બેઠક છે.

વિજયનગરના રાજમહેલના અવશેષોમાં અત્યારે શિલાનિર્મિત વિશાળ સપાટ ઓટલાઓ બચ્યા છે, જેની ઉપર ભવનોનું નિર્માણ થયું હતું. મુસલમાના આક્રમણકારોએ બાકીનું બધું સળગાવી દીધું અને બચેલું તોડીને ધ્વસ્ત કરી દીધું. આ અવશેષોમાં રાજપ્રાસાદમાં આગળ જ દાખલ થવાના દ્વાર પાસે ૧૦૦ સ્તંભવાળું વિશાળ સભાગૃહ હતું. અત્યારે એનો પણ પાયો જ બચ્યો છે. આ જ જગાએ મહાપ્રભુજીનો કનકાભિષેક રાજા કૃષ્ણદેવરાય દ્વારા થયો હતો, તેથી આ મહાપ્રભુજીની દ્વિતીય બેઠક ગણાય. બીજે દિવસે રાજાએ એના ખાનગી સભાગૃહમાં એમની પાસેથી જ્ઞાનદીક્ષા તથા મંત્રદીક્ષા લીધી હતી. આમ મહાપ્રભુજીનાં પગલાં રાજમહેલવાળા ક્ષેત્રમાં અનેક સ્થાને પડ્યાં હતાં. તે પછી કિષ્કિન્ધાના પંપાસરોવરને કાંઠે વટવૃક્ષની નીચે બેસીને એમણે ભાગવતસપ્તાહપારાયણ કર્યું હતું તે સ્થળ છે.

આમ રામાયણકાળમાં, શ્રીરામનાં ચરણારવિંદોના વિચરણને કારણે કિષ્કિન્ધાનું માહાત્મ્ય પ્રાચીનકાળથી ચાલી આવેલું, જેને મધ્યયુગમાં અક્ષુણ્ગ રાખવા માટે જ જાણે વિદ્યારણ્યસ્વામીએ તે જ પવિત્ર ક્ષેત્રમાં વિદ્યાનગર (વિજયનગર) સ્થાપ્યું અને પરવર્તીકાળમાં મહાપ્રભુજીના આગમનથી આજ દિન પર્યંત તે યાત્રાધામ તરીકે ભક્તોને આકર્ષી રહ્યું છે. વિદ્યારણ્યસ્વામી આદિશંકરાચાર્યના શ્રૃંગેરી મઠના અધિષ્ઠાતા હોવાથી શંકરાચાર્યનો એક મઠ વિજયાનગરમાં વિદ્યાકુંડ પાસે છે. આમ, રામભક્તો માટે કિષ્કિન્ધા, પુષ્ટિમાર્ગી વૈષ્ણવો માટે વિજયનગર, શાંકર વેદાન્તીઓ માટે શ્રૃંગેરી મઠના શંકરાચાર્ય શ્રી વિદ્યારણ્યસ્વામી દ્વારા સ્થાપિત વિદ્યાનગર કે વિજયનગર જ્યાં એમની સમાધિ વિરૂપાક્ષ-મંદિરની પાછળ છે, તથા શૈવો માટે 'પ્રસન્ન વિરૂપાક્ષ', શાક્તો માટે પંપાદેવીના મંદિરસહિતની પંપાપુરી (જેનું અપભ્રંશ પંપામાંથી તેલુગુ હંપા ને હંપી થઈ ગયું) તથા પંપાપતિ વિરૂપાક્ષ; આમ સર્વ સંપ્રદાયોનું આ તીર્થ છે. વળી હેમકૂટ પર્વત ઉપર જૈનોનાં ઘણાં મંદિરો છે, અને શ્રીમદ્ રાજચંદ્રનો આશ્રમ છે.

કળિયુગનો પ્રારંભ થયો લગભગ ૫,૦૦૦ વર્ષો પૂર્વે. એના પહેલાં હજારો વર્ષોનો દ્વાપરયુગ તથા એના પહેલાં હજારો વર્ષ પૂર્વનો ત્રેતાયુગ હતો જ્યારે મર્યાદાપુરુષોત્તમ રઘુવર શ્રીરામનો ભારતભૂમિમાં લીલાવતાર થયો. શ્રીરામચંદ્રજીની લીલામાં સૌથી મુખ્ય લીલાસહચર બન્યા રામપ્રિય ભક્તવર શ્રીહનુમાન્ અને કિષ્કિન્ધા બન્યું એમના સર્વપ્રથમ મિલનનું પવિત્ર સ્થાન !

रामो राजमणिः सदा विजयते।

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# આશ્રમ-સમાચાર

- નવીન અસ્તી

## ભીમપુરા આશ્રમ

આશ્રમમાં ડીસે. ૨૦૦૦ તથા જાન્યુ, ફેબ્રુઆરી ૨૦૦૧માં ઉત્સવોનો આનંદ અનેરો રહ્યો. પૂ. સ્વામી શ્રી ભાસ્કરાનન્દજી મહારાજની ઉપસ્થિતિમાં ગીતાજયંતિ નિમિત્તે તા. ૪, ૫, ૬ ડીસે. દરમ્યાન રોજ સવારમાં શ્રીમદ્ભગવદ્ગીતાનું ખંડ પારાયણ તથા સાંજના ગીતા પર પ્રવચનો થયાં. ડીસે. ગીતાનું સંપૂર્ણ પારાયણ અને ત્યારબાદ ભગવાન શ્રીકૃષ્ણનું તેમજ ગીતાજીના પ્રત્યેક અધ્યાયનું પૂજન સંપન્ન થયું. અમદાવાદના ભક્તો દ્વારા ગુજરાતના વિવિધ યાત્રાધામોનો પ્રવાસ તા. ૭ થી ૧૪ ડીસે. દરમ્યાન પૂ. સ્વામીજીના સાન્નિધ્યમાં યોજાયો. મહાકુમ્ભપર્વસ્નાન માટે પૂ. સ્વામીજીએ ડીસે. ના અંતમાં પ્રસ્થાન કરી તા. ૨૮ ફેબ્રુ. ના રોજ આશ્રમમાં પરત પધાર્યા. ભીમપુરા આશ્રમને શ્રી શ્રી સરસ્વતીપૂજા સાથે અનેરો લગાવ રહ્યો છે. પૂ. માઁ ના સાન્નિધ્યમાં આશ્રમમાં ત્રણ વખત સરસ્વતી પૂજા યોજાયેલ છે. તે પ્રમાણે પ્રતિવર્ષ મુજબ આ વર્ષે તા. ૨૯ જાન્યુ. ના રોજ આશ્રમમાં સરસ્વતીપૂજા અને હવનનું આયોજન થયું.

શ્રી સંતરામ મંદિર, નડિયાદના મહંત પ.પૂ. શ્રી નારાયણદાસજી મહારાજને પરમારાધ્યા પૂ. શ્રી શ્રી માઁ પ્રત્યે અનેરો ભાવ છે. પૂ. મહારાજશ્રી દ્વારા આશ્રમમાં નિર્માણ થયેલા **'શ્રી આનન્દેશ્વર મહાદેવ'**ના શિવાલયનો પ્રતિષ્ઠાવિધિ મહોત્સવ તા. ૨૯, ૩૦, ૩૧ જાન્યુ. દરમ્યાન સંપન્ન થયો. માતૃભક્ત સ્વર્ગીય શ્રી રમેશભાઈ પટેલના કુટુમ્બ-પરિવાર તરફથી આ પ્રતિષ્ઠા-ઉત્સવનો સંપૂર્ણ સેવાસહયોગ પ્રાપ્ત થયો. તા. ૩૧ જાન્યુ. ના રોજ શ્રી નર્મદાજયંતિ નિમિત્તે નર્મદાજીની વિશેષ પૂજા સંપન્ન થઈ. બધા ઉત્સવો પૂ. સ્વામીજીના સાન્નિધ્ય તેમજ માર્ગદર્શન હેઠળ ઉજવાયા.

પ્રજાસત્તાક દિને ગુજરાતની પ્રજાએ પ્રકૃતિનું ભીષણ સ્વરૂપ પ્રચંડ ભૂકંપના રૂપે અનુભવ્યું. આ રૌદ્રસ્વરૂપ સારાય વિશ્વમાં ઈતિહાસ સર્જી ગયું. હજારોની સંખ્યામાં એનાં સંતાનો જગત છોડી અતીતમાં પહોંચી ગયાં. આવા જ્ઞાત-અજ્ઞાત હજારો જીવોના આત્માની સદ્ગતિ અર્થે આ ઘટનાના બારમા દિવસે તા. ૬ ફેબ્રુ. ના દિને આશ્રમ તરફથી સામૂહિક તર્પણવિધિ ચાંદોદમાં નર્મદા કિનારે રાખવામાં આવી.

ફેબ્રુ. ૧૨ થી ૧૭ સુધી આશ્રમમાં સંયમ મહાવ્રતનું અનુષ્ઠાન થયું. પૂ. માઁ ના આશ્રમની પરિપાટીનું સંપૂર્ણતયા પાલન કરી વ્રતીભક્તોએ સ્વામીજીની ઉપસ્થિતિમાં તપશ્ચર્યા કરી. મ.મં. સ્વામી શ્રી દયાનન્દજી મહારાજ તથા પૂ. સ્વામી શ્રી નાગેશપુરીજી મહારાજ (ચાંદોદ)ના પ્રવચનો થયાં. લુણાવડાનિવાસી શ્રી હરિપ્રસાદ શાસ્ત્રીજીએ ઉત્સવ દરમ્યાન આશ્રમમાં નિવાસ કરી ગીતાનો મર્મ સમજાવ્યો. રામચરિતમાનસ ઉપર મ.સ. યુનિવર્સિટી, વડોદરાના હિન્દી ભાષાના નિવૃત પ્રોફેસર રમણભાઈ તલાટીએ એક દિવસ રસિક વ્યાખ્યાન આપ્યું. આ વખતના મહાવ્રત દરમ્યાન પ્રત્યેક વ્રતીએ કંઈક પામ્યાનો આનન્દ મેળવી પ્રબળ ઈચ્છા પ્રદર્શિત કરી કે આ પ્રકારના કાર્યક્રમો ફરીથી ટૂંકા સમયમાં યોજવામાં આવે.

તા. ૨૧ ફેબ્રુ. એ મહાશિવરાત્રિના મંગલદિને દર્દીનારાયણની સેવાર્થે આશ્રમમાં **"શ્રી શ્રી માઁ આનન્દમયી ચિકિત્સાલય"**નું ઉદ્ઘાટન સવારે ૧૧.૦૦ કલાકે પૂ. સ્વામીજીના વરદહસ્તે થયું. ચિકિત્સાલયમાં માનદ સેવા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


આપવાનો પ્રારંભ ડૉ. કાન્તિભાઈ શાહ (એમ.એસ.) દ્વારા થયો.

મહાશિવરાત્રિ નિમિત્તે રાત્રે ભગવાન શિવજીની ચાર પ્રહરની પૂજા થઈ, જેમાં આશરે ૬૦ ભક્તોએ પૂજનમાં ભાગ લીધો. પતિતપાવની રુદ્રદેહા માઁ નર્મદાના ઉત્તરતટે પૂ. માઁ ના આનન્દોલનોંથી વિભૂષિત પુણ્યભૂમિમાં શિવપૂજન એક અનેરો લ્હાવો છે. બીજા અને ત્રીજા પ્રહરની પૂજા વચ્ચે પૂ. સ્વામીજીએ "હરિ ૐ... શિવ ૐ.... ની ધૂન ગવડાવી વાતાવરણ ભાવમય બનાવી દીધું.

મહાશિવરાત્રિ પૂર્વે પૂ. સ્વામીજી ૩-૪ દિવસ માટે અમદાવાદમાં ડૉ. સુજાતાબહેનને ઘેર પધાર્યા, અને વચમાં એક દિવસ માટે ભુજ પાસેના ગામોમાં જઈ આવ્યા. અમદાવાદમાં એકત્રિત થયેલા માંતૃભક્તો પાસે એમણે (ગીતા તથા વિષ્ણુસહસ્રનામના સામૂહિક પાઠ કરાવ્યા.) દિવંગત આત્માઓની શાંતિ માટે તેમ જ ભૂકંપમાંથી બચી ગયેલાંઓ માટે, જેમણે સ્વજનો ગુમાવ્યાં છે તેમના આત્મબળ અર્થે બીજે દિવસે તા. ૭ ફેબ્રુ. - પૂ. સ્વામીજીના જન્મદિને ફરી એ જ ઉદ્દેશ્યથી મહામૃત્યુંજય મંત્રનો ભક્તો પાસે ૧૦૮ વાર જાપ કરાવ્યો.

**આગામી ઉત્સવોની માહિતી :**

૧. શ્રી શ્રી હનુમાન્ જયંતિ પૂજા તા. ૦૮-૦૪-૨૦૦૧ સવારે ૭.૦૦ કલાકે

૨. શ્રી શ્રી માઁ નો જન્મોત્સવ : પૂજન તા. ૧૦-૦૫-૨૦૦૧, રાત્રે ૩.૦૦ કલાકે (તા. ૧૧-૦૫-૨૦૦૧ નો પ્રાતઃ કાલ)

•

## શોક-સમાચાર

શ્રીશ્રીમાના ચરણોમાં આશ્રિત ભુજના શ્રી છગનભાઈના પરિવારનાં નાના બાળકો સહિત ત્રણ વ્યક્તિઓ અંજારના ધરતીકંપમાં અકાળ અવસાન થયું છે. શ્રી છગનભાઈનું ભુજમાં આખું મકાન ધરાશાયી થઈ ગયું, પરંતુ તેઓ ત્યારે મુંબઈમાં હોવાથી બચી ગયા છે. સદ્‌ગત વ્યક્તિઓને શાંતિ મળે તથા માતૃચરણોમાં આશ્રય મળે તે માટે સર્વ માતૃભક્તોની હાર્દિક પ્રાર્થના.

•

## વિશેષ સૂચના

ગુજરાતના મહાવિનાશક ધરતીકંપમાં લાખો લોકોનાં મૃત્યુ થયાં છે જેઓ આ વિનાશમાં બચી ગયા છે તેમાનાં લાખો ઘરબાર વિનાના થઈ ગયા છે. તેમની સહાયતા માટે ભીમપુરા આશ્રમમાં ફાળો મોકલવા ઈચ્છતા સર્વ ભક્તોને હાર્દિક વિનંતિ છે. "શ્રી શ્રી આનન્દમયી સંઘ, ભીમપુરા, (ભૂકંપપીડિતો માટે)" ચેક અથવા બૅંક ડ્રાફ્ટ આ રીતનો ભીમપુરા આશ્રમમાં મોકલવો.

•

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ॐ नित्यं नमामि जननि तव पादयुग्मं
संसारतापभयनाशकरं सुगौरम्।
मुक्तिप्रदं सुखकरं शुभदं सदैवं
शरणागतस्य मम श्रीशरणं हृदिस्थम्॥

शरणागतोऽहम् शरणागतोऽहम् शरणागतोऽहम्

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

॥ ॐ मा ॥

॥ मातृशरणम् ॥


# INDIA'S BEST NETWORKING
## TRAINING INSTITUTE IMPARTING TRAINING ON

ADVANCED DIPLOMA IN NETWORKING TECHNOLOGIES

**Novell Netware, Microsoft Windows N.T., Networking, Internet / Intranet, VB, C, C+, C++, Java, Oracle, E-commerce, Power Builder**

Enroll Now & Avail Sp. Discount with Job Assistance

OTHER COURSES & SOFTWARE COURSES ALSO AVAILABLE

MAKING YOU "MASTERS IN NETWORKING"

**G.E.C. LTD.**

24, Alishan Complex, Nr. Sardar Patel Char Rasta,
Stadium Road, Ahmedabad - 380 009. Phone : 644 2699
Visit our web site at :- http://www.cmsinstitute.com

CMS is one of the largest I.T. Conglomerates in INDIA. and G.E.C. Ltd. is their franchisee


॥ ॐ मा ॥


# Namaste Bharat

**Dealing In Block Printed, Tie & Dye, Batik, Applique, Hand Embroidery, Cushion Covers, Bed-spreads, Table Linen, Dress Materials, Dupattas & Gift Articles**

57/B, Swastik Society, Off. C.G. Road, Navrangpura, Ahmedabad - 380 009.
Phone : 6441841 Visit us at : http://namastebharat.the shoppe.com


CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ॐ भवतापप्रणाशिन्यै
आनन्दघनमूर्तये ।
ज्ञानभक्तिप्रदायिन्यै
मातस्तुभ्यं नमो नमः ॥

**એચ. કે. અધ્યારુ ચેરિટેબલ ટ્રસ્ટ**

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

NETWORKING
IMPARTING TRAINING
Novell Netware, Microsoft
VB, C, C+
Oracle,
Builder
MAKING YOU MASTERS IN NETWORKING
and with Job Assistance
SOFTWARE COURSES ALSO AVAILABLE
G.E.C. LTD.
is one of the largest I.T. Conglomerates in INDIA
and G.E.C. LTD. is their franchisee
Namaste Bharat
Table Linen
Gift Articles

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

## ❄ Branch Ashrams ❄

15. NEW DELHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kalkaji, New Delhi-110019 (Tel : 011-6826813)

16. PUNE : Shree Shree Ma Anandamayee Ashram,
Ganesh Khind Road, Pune-411007, (Tel : 020-5537835)

17. PURI : Shree Shree Ma Anandamayee Ashram,
Swargadwar, Puri-752001, Orissa.

18. RAJGIR : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Rajgir, Nalanda-803116, Bihar (Tel : 06112-55362)

19. RANCHI : Shree Shree Ma Anandamayee Ashram, Main Road,
P.O. Ranchi-834001, Bihar (Tel : 0651-312082)

20. TARAPEETH : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Chandipur-Tarapeeth, Birbhum-731233, W.B.

21. UTTARKASHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kali Mandir, P.O. Uttarkashi-249193,

22. VARANASI : Shree Shree Ma Anandamayee Ashram,
Bhadaini, Varanasi-221001, U.P.
(Tel : 0542-310054+311794)

23. VINDHYACHAL : Shree Shree Ma Anandamayee Ashram, Ashtabhuja Hill,
P.O. Vindhyachal, Mirzapur-231307, (Tel : 05442-42343)

24. VRINDAVAN : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Vrindavan, Mathura-281121 U.P. (Tel: 0565-442024)

IN BANGLADESH :

1. DHAKA : Shree Shree Ma Anandamayee Ashram,
14, Siddheshwari Lane, Dhaka-17 (Tel : 405266)

2. KHEORA : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Kheora, Via-Kasba, Brahmanbaria.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

REGISTERED WITH THE REGISTRAR OF NEWSPAPERS
FOR INDIA AS NO. 65433/97

रत्ना ऑफसेटस लिमिटेड, कमच्छा, वाराणसी, फोन-२४८८०

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માઁ આનન્દમયી

# અમૃત વાતાં

VOL.-5 JULY 2001 NO. 3

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# SHREE SHREE ANANDAMAYEE SANGHA

## ❄ Branch Ashrams ❄

1. AGARPARA : Shree Shree Ma Anandamayee Ashram, P. O. Kamarhati, Calcutta-700058 (Tel : 033-5531208)
2. AGARTALA : Shree Shree Ma Anandamayee Ashram, Palace Compound, P.O. Agartala-799001. West Tripura (Tel : 0381-208618)
3. ALMORA : Shree Shree Ma Anandamayee Ashram, Patal Devi, P.O. Almora-263602, (Tel : 05962-33120)
4. ALMORA : Shree Shree Ma Anaudamayee Ashram, P.O. Dhaul-China, Almora-263881, (Tel : 05962-62013)
5. BHIMPURA : Shree Shree Ma Anandamayee Ashram, Bhimpura, P.O. Chandod, Baroda-391105, (Tel : 02663-833208
6. BHOPAL : Shree Shree Ma Anandamayee Ashram, P. O. Bairagarh, Bhopal-462030, M.P. (Tel : 0755-521227)
7. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram, Kishenpur, P.O. Rajpur, Dehradun-248009 (Phone : 0135-734271)
8. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram, Kalyanvan, 176, Rajpur Road, P.O. Rajpur, Dehradun-248009, (Phone : 0135-734471)
9. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram. P.O. Raipur Ordnance Factory, Dehradun-248010
10. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram, 47/A Jakhan, P.O. Rajpur, Dehradun,
11. JAMSHEDPUR : Shree Shree Ma Anandamayee Ashram, Near Bhatia Park, Kadma, Jamshedpur-831005, Bihar
12. KANKHAL : Shree Shree Ma Anandamayee Ashram, P.O. Kankhal, Hardwar-249408, (Tel : 0133-416575)
13. KEDARNATH : Shree Shree Ma Anandamayee Ashram, Near Himlok, P.O. Kedarnath, Chamoli-246445,
14. NAIMISHARANYA : Shree Shree Ma Anandamayee Ashram, Puran Mandir, P.O. Naimisharanya, Sitapur-261402, U.P.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# મા આનન્દમયી અમૃત વાર્તા

## શ્રી શ્રી મા આનન્દમયીના દિવ્ય જીવન
## તથા
## દિવ્ય વાણીવિષયક ત્રૈમાસિક પત્રિકા

વર્ષ - ૫ | જુલાઈ, ૨૦૦૧ | સં - ૩

-: સંપાદક સમિતિ :-

સ્વામીશ્રી ભાસ્કરાનંદજી
ઉત્તરા ચિનુભાઈ
બ્રહ્મચારિણી વસુમતીબહેન
નિરંજન મહેતા

-: મેનેજીંગ સંપાદક :-

શ્રી પાનુ બ્રહ્મચારી

-: વાર્ષિક લવાજમ :-

| | |
|---|---|
| ભારતમાં | રૂ. ૬૦/- |
| વિદેશમાં | યુ. એસ. ડૉલર ૧૨/- |
| એક અંકની છૂટક કિંમત | રૂ. ૨૦/- |

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# અમૃત વાર્તા

## સામાન્ય નિયમો

આ પત્રિકા ચાર જુદી ભાષાઓમાં છપાય છે. - ગુજરાતી, હિન્દી, બંગાળી અને અંગ્રેજી. આ પત્રિકામાં મુખ્યત્વે શ્રી શ્રી આનન્દમયી.મા વિષેના લેખો છપાશે, તેમ છતાં સાધુ-સંતોનાં જીવન-ચરિત્રો અથવા આધ્યાત્મિક તથા જ્ઞાનવર્ધક ધાર્મિક વાર્તા પણ સ્વીકારવામાં આવશે. શ્રી શ્રીં મા વિષયક લેખો આપવાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. ભક્તોના જીવનમાંના અનુભવો, પ્રસંગો કે જે અતિશય વ્યક્તિગત ન હોય, તેમજ શ્રી શ્રી માની લીલાઓ જે ભક્તોએ નિહાળી હોય તથા શ્રી શ્રી મા વિષેની અનુભૂતિઓ હોય તે લખી મોકલવા વિનંતિ છે. ફૂલસ્કેપ પાનાની એક બાજુ પર લખી મોકલવાથી સરળ રહેશે. જોડણીની ભૂલો સુધારી, ચોખ્ખા અક્ષરે લખી નીચેના સરનામે મોકલી આપવું.

**-: લેખો મોકલવાનું સરનામું :-**

ઉત્તરા ચિનુભાઈ
૩૮, સ્વસ્તિક સોસાયટી,
નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

**-: લવાજમ મોકલવાનું સરનામું :-**

મેનેજીંગ સંપાદક
"મા આનન્દમયી અમૃત વાર્તા" (ગુજરાતી અંક)
શ્રી શ્રી માતા આનન્દમયી આશ્રમ,
ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧

---

સ્વામી શ્રી શ્રી આનન્દમયી સંઘ તરફથી મુદ્રક તથા પ્રકાશક શ્રી પાનુ બ્રહ્મચારી દ્વારા શ્રી શ્રી આનન્દમયી સંઘ, ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧ (ઉ.પ્ર.) થી પ્રકાશિત તથા રત્ના પ્રિન્ટિંગ વર્કર્સ, બી. ૨૧/૪૨, કમચ્છા વારાણસી - ૧૦ (ઉ.પ્ર.) માં મુદ્રિત. સંપાદક - શ્રી પાનુ બ્રહ્મચારી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# મા આનન્દમયી અમૃત વાર્તા

## અનુક્રમણિકા

ॐ भवतापप्रणाशिन्यै आनन्दघनमूर्तये ।
ज्ञानभक्तिप्रदायिन्यै मातस्तुभ्यं नमो नमः ॥


૦૧. માતૃવાણી ..... ૧

૦૨. શ્રી શ્રી મા આનન્દમયીનાં પ્રથમ દર્શન ..... ડૉ. આર. જે. ગલગલી ..... ૪

૦૩. શ્રી શ્રી માની સાથે ..... રેણુકા મુખર્જી ..... ૮

૦૪. અમૃત કણિકાઓ ..... પરિવ્રાજક ..... ૧૧

૦૫. ભક્તોની અનુભૂતિઓ ..... સુશીલા મૉડવેલ ..... ૧૩

૦૬. મૃત્યોર્મા અમૃતં ગમય ..... ડૉ. શુચિતા મહેતા ..... ૧૯

૦૭. આજે ગુરુપૂર્ણિમાએ ..... સ્વામી અખંડાનંદ સરસ્વતી ..... ૨૨

૦૮. કાશીમાં મૃત્યુ અને મુક્તિ ..... મહામહોપાધ્યાય ડૉ. ગોપીનાથ કવિરાજ .. ૨૫

૦૯. વેદવાણીનો અમૃતકુંભ ..... ૨૮

૧૦. અષ્ટવિનાયક ..... લક્ષ્મી ..... ૩૧

૧૧. સૂફી સંત રાબિયા ..... ૩૫

૧૨. શ્રીમદ્ ભાગવત ..... વૈદેહી પાર્થિવકુમાર અધ્યારુ ..... ૩૭

૧૩. આશ્રમ સમાચાર ..... ૪૦


CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

## "હરિ કથા હી કથા, ઔર સબ વૃથાવ્યથા"

- મા આનન્દમયી

શ્રી શ્રી મા આનન્દમયીના સર્વ ભક્તોને

## "મા આનન્દમયી સેવા સમિતિ (MASS, Inc.) USA"

તરફથી સપ્રેમ

જય મા.

આ સમિતિ (MASS, Inc.) અમેરિકામાં પેન્સીલવેનીયા રાજ્યમાં સ્થાયી થઈ રજીસ્ટર થઈ છે. પૂ. શ્રી શ્રી માના ભક્તોનાં ધાર્મિક કાર્ય, સત્સંગ તથા જનસેવાનું ધ્યેય ધરાવતી આ સંસ્થાએ અમેરિકાની સરકાર તરફથી (Tax - Exemption) કર મુક્તિ મેળવી છે. સંસ્થાનો નંબર છે : 23 - 29675 જે IRS Code 501 (C) (3) ને સુસંગત રહેશે.

ઉત્તર અમેરિકામાં વસતા માતૃભક્ત જનોને વિનંતિ કે "મા આનન્દમયી અમૃતવાર્તા" ત્રિમાસિકનું લવાજમ સમિતિને (MASS, Inc.) મોકલવું. ચાર ભાષાઓમાં (અંગ્રેજી, હિન્દી, ગુજરાતી અને બંગાળી)માં પ્રસિદ્ધ થતી આ દિવ્ય-માતૃ સત્સંગપૂર્ણ પત્રિકાનો લવાજમ દર : વાર્ષિક બાર ડોલર ($12) લેખે જે ભાષામાં રસ હોય તે માટે મોકલવા વિનંતિ છે.

વધુ માહિતિ માટે સંપર્ક સાધો :

**મહાદેવ પટેલ**

C/o. MA Ananadmayee Seva Samiti, Inc.
212, Moore Road, Wallingford 19086 - 6843
Tel. : 610 - 876 -6862
Fax : 610 - 876 - 1351
email : devpatel@netscape.net

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# માતૃવાણી

(ગુરુ-પૂર્ણિમાએ વિશેષ વાણી:)

માસ્તર કે પ્રોફેસર વગર જેમ વિશ્વવિદ્યાલયી વિદ્યાનું જ્ઞાન ન થાય, તે જ રીતે ગુરુ વિના બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ નથી થતી. આધ્યાત્મિક ઉન્નતિ, મુક્તિ કે બીજું કંઈ, બધી આ જ સમસ્યા છે.

●

ગમે તે રીતે હોય ગુરુકૃપાની આવશ્યકતા છે.જ્યાં સુધી ગુરુ ન મળે, ત્યાં સુધી મનુષ્યનું કર્તવ્ય છે - સર્વરૂપ એમનાં રૂપો, સર્વનામ એમનાં નામો, સર્વભાવ એમના ભાવો, આ જ રૂપે એમને મેળવવાની ચેષ્ટા કરજો.

●

(દીક્ષાની જરૂર ખરી કે નહીં તે વિષે:) દીક્ષાની આવશ્યકતા હોય તો સમયાનુસાર થઈ જાય છે. ભગવત્-ચિંતામાં રહેવાની ચેષ્ટા કરો. જેની આવશ્યકતા છે, તેને સમયાનુસાર તેઓ કરી દે છે, આવો વિશ્વાસ ટકી રહે.

●

ગુરુમાં વિશ્વાસ રાખીને ગુરુદત્ત બીજ, જપ કરો. ઈષ્ટ-ધ્યાન કરો. ઈષ્ટનિષ્ઠાની આવશ્યકતા છે. વારંવાર દીક્ષા લેવાથી શું થાય? જે રૂપે તેઓ પ્રગટ થયા છે, એમના જ પૂર્ણ પ્રકાશ માટે વિશેષ રૂપે પ્રયત્ન કરવો શું આવશ્યક નથી? ક્યારેક ક્યારેક શક્ય હોય તો સત્સંગ કરવો જોઈએ.

●

તારક બ્રહ્મનામ તુલસી અને સાદા ચંદનની માળામાં કરાય છે. શક્તિ મંત્ર જો ઈષ્ટ મંત્ર હોય તો રુદ્રાક્ષની માળા જપવી જોઈએ.

●

બન્ને વખત સંધ્યા કરતી વખતે જપ સમર્પણ કરો. અન્ય સમયે આત્મોન્નતિ માટે જે જપ છે, તેને સમર્પણ કરવાની જરૂર નથી. જો કોઈ વાર મન થાય કે આજે વધારે કરશો તો તે વખતે સંકલ્પિત જપ કર્યા પછી સમર્પણ કરી દો. હરતા-ફરતા, ખાતા-પીતા, સૂતા મંત્રરૂપ ભગવાનનું હૃદયમાં સ્મરણ કરતા જાઓ.

●

અંતર-સંન્યાસ એ જ સંન્યાસ છે. સંન્યાસી થવું તે ભાગ્યની વાત છે; આનંદની વાત છે. પણ સમય થઈ ગયો છે, શું એવું મનમાં વિચારો છો ? સર્વત્યાગ. સંન્યાસનો અર્થ સર્વનાશ. નાશ-ભાવ પણ નાશ પામે છે.

●

સત્સંગ મનુષ્ય-માત્રનું કર્તવ્ય છે. સત્સંગ દ્વારા સત્બુદ્ધિ અનુકૂળ થાય છે. જેટલો સત્સંગ થશે એટલું જ કલ્યાણ.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



જ્યાં સુધી બહારના ભાવે સત્સંગને અનુકૂળ નથી પ્રાપ્ત થતું, (ત્યાં સુધી) બધાંના જ હૃદયમાં જેઓ નિવાસ કરે છે તે જ વાસુદેવનું ચિંતન કરો. તે જ સંગ દ્વારા પોતાને તૈયાર કરો. જે કરવાથી સદ્‌ભાવોનો સંગ થાય, તેને અનુકૂળ કર્માદિ કરો.

●

ચોવીસ કલાક છે સાધન-ભજન માટે. ભગવાનને પામવાની ઈચ્છા વિશેષ રૂપે રાખવી તે જ કર્તવ્ય હોવું મનુષ્યમાત્ર મનુષ્યત્વની પ્રાપ્તિની ઈચ્છા રાખે, આ જ પ્રધાન કર્તવ્ય છે. જેટલો ગૃહસ્થીમાં સમય જાય, બીજો બાકીનો સમય ભગવત્‌-ચિંતનમાં વાપરવો કર્ત્તવ્ય છે. જપ, ધ્યાન, સદ્‌ગ્રથાંદિનો પાઠ, પૂજા, પ્રાર્થના, આત્મનિવેદન એમની ખાતર એમને મેળવવા, અને રડવું. સત્સંગ અનુકૂળ હોય તો પ્રયત્ન કરવો, ન મેળવાય તો સદ્‌ભાવોને હૃદયમાં સાચવી રાખવા.

●

બધાં સાથે સત્ય વાત કહેવી જોઈએ. ગુપ્ત વાતો, છુપાવવાનો કે ખોટા વ્યવહારનો મતલબ ચોરી કરવી એનાથી મન કલુષિત થાય છે, દુઃખના સાગરમાં ગોથું ખાવું પડે છે. સત્યબદ્ધ અને પવિત્ર જીવન આનંદ અને પરમ સુખને અનુકૂળ છે.

●

હાથથી કામ કરો, મનોમન ઈષ્ટ નામ જપતા રહો. આથી કામ પણ સારું થશે અને ગૃહસ્થીનું મંગળ થશે. ધર્મને છુટો પાડીને ગૃહસ્થી ચલાવવાથી દુઃખના સાગરમાં તરવું પડે છે. ગૃહસ્થી વસાવો તો ધર્મની ગૃહસ્થી વસાવો (તે) બધાંનું જ કર્તવ્ય હોવું જોઈએ.

●

કર્તવ્ય-પાલન કરણીય. ફલાફલ બાજુ જોયા વગર કર્તવ્ય-પાલન કરવું ઉચિત છે. સત્યની પ્રાપ્તિથી વધારે બીજું કોઈ કર્તવ્ય નથી. સાચું કર્તવ્ય ભગવત્‌-પ્રાપ્તિનો પ્રયત્ન કરવો (તે).

●

મનને ગુરુદેવના ચરણોમાં મૂકી દો. સત્યાનુસંધાન, સત્યપાલન મનુષ્યનું કર્તવ્ય છે. યથાશક્તિ સત્યમાં પ્રતિષ્ઠિત રહેવું જોઈએ. નીરવમાં, નિર્જનમાં ઠાકુરને લઈને દીર્ઘ સમય સુધી રહો.

●

સ્તવ-સ્તોત્ર આદિ કંઠસ્થ કર્યા પછી જ્યારે પગપાળા ચાલતા હો ત્યારે મનોમન પાઠ કરતા રહો. મનને ખાલી ન રહેવા દો. મંત્રજપ કે નામ કે સ્તોત્રપાઠ કે સ્મરણ.

●

અખંડ ભાવે મનને ભગવાન પ્રત્યે વાળો. આથી અખંડ દર્શન અને પ્રકાશની આશા છે. પૂજા, ધ્યાન, પાઠ, કીર્તન જ્યારે જે ઈચ્છા થાય, તે જ લઈને આખો વખત મનને ભગવાનના ચરણોમાં રાખવાની ચેષ્ટા કરો.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પહેલાં તો સ્નાન-આહાર સહજ ભાવે કરવાં જોઈએ જેથી સારી ઊંઘ આવે. આથી ભગવાનનું ચિંતન, ધ્યાન આદિ સહજ થશે. શરીર સ્વસ્થ રહેશે તો મનને એમની બાજુ વાળવાની સુવિધા થશે. ક્રમોન્નતિમાં, આહાર-નિદ્રામાં આપોઆપ પરિવર્તન થતું જશે.

●

આ જ સમય છે પોતાની જાતના નિર્માણનો. આશ્રય લેવો પડશે ત્યાગ અને ધૈર્યનો. પૂર્વજન્મગત સંસ્કાર-અનુયાયી આ જે દુર્ગુણો પ્રગટ થાય છે, તેમાંથી મુક્ત થવા માટે સત્ભાવ સર્વાંગીણ રૂપે હૃદયમાં સ્થાપિત કરવાની ચેષ્ટા કરો; અને નિર્લોભતામાં લોભ થવો. પહેલાં આકર્ષણ થવું. સેવામાં પોતાની જાતને સ્થિત કરો. કોઈને માટે કંઈ કરવાનું થાય તો સેવાજ્ઞાનથી કરવું. બીજી એક વાતનો વિશેષ રૂપે ખ્યાલ રાખવો - આલસ્યને એકદમ ત્યાગી દો. કોઈ પણ સત્કર્મમાં અનિચ્છા કે આલસ્ય તદ્દન વર્જિત છે. કોઈની કોઈ પ્રકારે સેવામાં જે કષ્ટ થાય તેને આનંદ સાથે ગ્રહણ કરો.

●

ગુરુ ભગવાન. એમણે સ્થાન આપ્યું છે. એમના ઉપર નિર્ભર રહો. એમની કૃપા અને આશીર્વાદ સર્વદા વરસી રહ્યાં છે. એમના પ્રત્યે ઉન્મુખ રહેવું જોઈએ. જેટલું જપ, ધ્યાન અને એમના સ્મરણમાં મનને પરોવેલું રાખશો એટલું જ મન શાંતિ બાજુ જશે.

●

'આ જગતની કોઈપણ વસ્તુ મને સ્થાયી સુખ આપી શકશે નહીં, કેવલ મૃત્યુ તરફ ખેંચી જાય છે' - આવો વિચાર હંમેશા કરવા પ્રયત્ન કરવો જોઈએ. આ જગતનું સુખ તો આપેક્ષિક, અર્થાત્ કોઈ વસ્તુની અપેક્ષા રાખીને સુખ છે. એ વસ્તુ ન હોવાથી અથવા તેનો અભાવ હોવાથી દુઃખ થાય. આ જગતમાં જે કંઈ છે તે ક્ષણભંગુર, હમણાં છે તો હમણાં પાછુ નથી આવો વિચાર મનમાં હંમેશા રાખવો જોઈએ તો જ આ જગતનું આકર્ષણ ઓછું થશે અને "એ" બાજુનું આકર્ષણ વધશે.

●

જીવનનું પ્રત્યેક કર્મ તેને સમર્પણ કરવાનો પ્રયત્ન કરવો જરૂરી છે. ખાવું, પીવું, હરવું, ફરવું, જોવું, સાંભળવું, બોલવું, બધું જ. એમના હાથનું યન્ત્ર. આ શરીરથી જે કંઈ થાય છે તે બધું એમને જ સમર્પણ કરવું. સવારના જાગ્યા ત્યારથી સૂતાં સુધી આવો ભાવ રાખવાનો પ્રયત્ન કરવો. ત્યાર પછી મનોમન એમના ચરણનું ચિંતન કરી જપ અથવા ધ્યાનના ભાવ સાથે એમના ચરણ ઉપર પોતાનું માથું ઢાળી દઈ સર્વસમર્પણનો ભાવ લઈ સૂઈ જવાનું. આમ કરતાં કરતાં ધીરે ધીરે વિચાર આવે કે લોભ ક્રોધ એ બધી ખરાબ વસ્તુ એમને કેમ અપાય? તેઓ મારા કેટલા પ્રિય પોતાના માણસ. પોતાની વ્યક્તિને કંઈ ખરાબ વસ્તુ અપાય ?

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# શ્રી શ્રી મા આનન્દમયીનાં પ્રથમ દર્શન

- ડૉ. આર. જે. ગલગલી

મારા જીવનનો એ સૌથી મહત્ત્વપૂર્ણ અને ભાગ્યશાળી દિવસ હતો. પ્રાતઃકાળના પ્રભામંડળની મુખરિત રશ્મિઓએ મને એ વાતની સૂચના આપી દીધી, એ દિવસના ઉન્મુક્ત પવને પણ કાનમાં એ વાતના માધુર્યનો કંઈક સંકેત આપી દીધો. કોઈક અજ્ઞાત ઉલ્લાસથી સમસ્ત અંતર જાણે આંદોલિત થતું હતું. આ બધી અકલ્પિત ઘટનાઓ વચ્ચેથી હું સંકેત ગ્રહણ કરવા મથી રહ્યો. મારી અંતર્ચેતના મધુર ગુંજારવ કરતી અજ્ઞાત આનંદના આમ્રવૃક્ષ પર બિરાજેલી હતી.

મધ્યાહ્ન પૂર્વે ૧૧ વાગ્યા હશે. મારા મકાન સામે એક મોટર ઊભી રહી. શહેરના પ્રતિષ્ઠિત ડૉક્ટરે એમનાં પત્ની સાથે મોટરમાંથી ઊતરીને મારું બારણું ખખડાવ્યું. મેં દરવાજો ખોલીને એમને બેસાડ્યાં. ઘરમાં મારી પત્ની જમવાના મેજ પર ભોજન પીરસતી હતી, અને હું કપડાં બદલીને કૉલેજ જવાની તૈયારી કરતો હતો. ડૉક્ટર મહોદય બોલ્યા, "આનન્દમયી માને ખૂબ તાવ છે, એમણે તમારું નામ લઈને મને કહ્યું છે કે તમને તરત તેડી લાવવા. હું તમને લેવા આવ્યો છું. મોડું ન કરો, જલદી મારી સાથે ચાલો." મેં ક્ષણવાર વિચાર્યું - હું એક શુદ્ર પ્રાણી છું, માએ મને કેમ બોલાવ્યો હશે ? મને કંઈ સમજાતું નહોતું.

મા આધ્યાત્મિક ચેતનાની સર્વોચ્ચ ભૂમિસ્થિત દુર્ગાસ્વરૂપા છે, ઈશ્વરતુલ્ય છે - આમ વિચાર ઊઠતાં જ જાણે મારા અંતરમાં અનાયાસે કોઈ અજ્ઞાત પ્રેરણાનું સંચરણ થયું હોય એવી અનુભૂતિ થઈ, અને તે સાથે જ ડૉક્ટર તથા એમનાં પત્ની એકીસાથે બોલ્યાં, "તમે ખૂબ ભાગ્યશાળી છો કે માએ તમને યાદ કર્યા છે," ડૉક્ટરે માની અસ્વસ્થતા વિષે કહેલા શબ્દો ઉપરાઉપરી આકર્ષીને મને એમના પ્રત્યે ખેંચી રહ્યા. મેજ પર પીરસેલું ભોજન છોડીને, થોડી વારમાં પાછા આવવાનું પત્નીને કહીને હું આશ્રમમાં જવા માટે નીકળી પડ્યો.

મોટરમાં બેસતાં જ આશ્રમમાં જવાના અતિશય ઉલ્લાસજન્ય આનંદથી હૃદય ભરાઈ ગયું. માતૃ-દર્શનની ઉપલબ્ધિના મહાન આનંદની કલ્પના પણ વર્ણનાતીત હતી. મહાત્માઓનાં દુર્લભ દર્શન થશે એ વિચારથી શરીરમાં વારંવાર રોમાંચ થતો હતો. પંદરેક મિનિટમાં જ મોટર આશ્રમની બહાર ઊભી રહી, અને અમે ત્રણે જણ હૉસ્પિટલ આગળથી પસાર થઈને માના સાન્નિધ્યમાં હાજર થયા.

કાર્યાલયના અધિકારીઓએ આદરપૂર્વક બેસાડ્યાં, અને માને અમારા આવવાની ખબર આપી. માએ તરત જ ઉપર બોલાવ્યો. અધિકારી મહોદય મને ઉપર લઈ ગયા. મા આસન પર બેઠાં હતાં. મધ્યાહ્ન તડકામાં એક આશ્રમવાસી બહેન હાથમાં છત્રી પકડીને સેવામાં હતાં. બીજા આશ્રમવાસીઓ ભગવત્ ભજનમાં તલ્લીન હતા. મને ઉપરના એક નાના ઓરડામાં લઈ ગયા. હું દર્શનાતુર થઈ નીચે બેસી ગયો. મારી સામે શુભ્ર વસ્ત્ર પાથરેલી એક પાટ માને માટે મૂકેલી હતી. બે-ચાર મિનિટમાં જ મા એ ઓરડામાં આવી ગયાં, અને ત્યાં વિરાજમાન થયાં.

માને જોઈને, આનંદમંદિરને જોઈને, જગન્માતાને જોઈને મેં વિનત ભાવે સાષ્ટાંગ પ્રણામ કર્યા. માનો દેહ શુભ્ર વસ્ત્રમાં શોભાયમાન હતો. એમાંથી ચૈતન્ય ઉભરાઈ રહ્યું હતું. મને જોઈને મા હસ્યાં. પ્રેમ અને માર્દવથી યુક્ત તેજોદીપ્ત નેત્રો. માની કેશરાશિ શિર પર બાંધેલી હતી. એના પર પુષ્પોની માળા લપેટાયેલી શોભી રહી હતી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એમના પ્રસન્ન મુખમંડળ પર આનંદનો અજસ્ર સ્રોત જાણે પ્રવાહિત હતો. અસ્વસ્થ શરીરમાં અપર્ણા, પાર્વતી, દુર્ગા, ચંડી, હેમાંબિકા ઈત્યાદિ સર્વે છુપાઈને ભાસિત થતાં હતાં. માના દર્શનથી મારા ચિત્તમાં અદ્‌ભુત શાંતિ વ્યાપી ગઈ. નિષ્પલક નેત્રોથી હું એમને નિરખી રહ્યો. માની કૃપામયી દૃષ્ટિ પણ મારા ઉપર જ હતી. એટલામાં કાર્યાલયના અધિકારીએ મારો પરિચય આપ્યો, "આ ડૉ. ગલગલી છે. કાશી હિંદુ વિશ્વવિદ્યાલયના રસાયણ-વિભાગમાં છે." આટલું બોલી તેઓ મૌન થઈ ગયા. ત્યારે માએ કહ્યું - તમે કાશી હિંદુ વિશ્વવિદ્યાલયમાં છો એવું સાંભળ્યું હતું. ક્યારથી છો ? તમારી સાથે સત્સંગ કરવાની ઈચ્છા હતી. તમે આવ્યા, બહુ પ્રસન્ન થઈ.

મેં કહ્યું, "મા, હું ૧૯૫૦માં એમ.એસ.સી. કરવા અહીં આવ્યો. ૧૯૫૨માં મેં એમ.એસ.સી. કર્યું, તથા ૧૯૫૬માં પી.એચ.ડી. કરીને બે વર્ષ માટે બહાર આગરા જતો રહ્યો. પછીથી ૧૯૫૯માં અહીં પ્રવક્તા તરીકે પાછો આવ્યો." માએ ફરીથી કહ્યું કે મારા આવવાથી તેઓ ખૂબ ખુશ થયાં. મેં હાથ જોડીને પ્રણામ કર્યા અને આશીર્વાદ માગ્યા.

ફરી માએ પૂછ્યું, એ આશ્રમમાં હું પહેલાં આવ્યો હતો ? જેનો મેં ઉત્તર આપ્યો, "હા, મા. એક વાર, પં. ગોપીનાથ કવિરાજનાં દર્શન કરવા અહીંયાં આવ્યો હતો.

માએ ફરી પ્રશ્ન કર્યો - જાપાનમાં શું થયું હતું તે કહો. મેં માને જાપાનવાળી ઘટનાનું વિવરણ આપ્યું, જેનો સંક્ષેપમાં સાર અહીંયાં આપું છું. જાપાનવાળી ઘટનાની સ્મૃતિથી એક અપૂર્વ અનુભવ મારી સામે આવે છે. એ એક અદ્‌ભુત ઘટના હતી !

હું જાન્યુઆરી ૧૯૬૭થી ૨૫ જૂન સુધી ઓસાકા શહેરના કંસાય અંતરૂરાષ્ટ્રીય ભવનના ૨૭ નંબરના ઓરડામાં રહેતો હતો. નિત્ય પ્રાતઃકાળે પાંચ વાગે ઊઠીને પ્રાતઃક્રિયા બાદ સ્નાન, સ્તોત્ર-પાઠ અને જપ કરતો. દિવસ આખો કોનોન વિશ્વવિદ્યાલયમાં કામ કરતો. રોજ કૉર્નફ્લેક્સ, દૂધ ને ફળ એ જ મારો આહાર હતો. એ બાબતમાં હું કટ્ટર શાકાહારી હતો. મારું જીવન સંન્યાસી જેવું હતું. જૂન મહીનાના અંતિમ સપ્તાહમાં પ્રાતઃસ્નાન ઈત્યાદિથી પરવારીને કપડાં, બૂટ પહેરીને કૉલેજ જવા માટે તૈયાર થઈને રીસર્ચ વિષેના થોડાક ગ્રાફ બનાવવા લાગ્યો. આંખો મીંચીને ચિંતન-મુદ્રામાં કોઈક પ્રયોગાત્મક ડેટા યાદ કરતો હતો, ત્યાં જ મારા જમણા ગાલ પર કોઈના શીતળ સ્પર્શની અનુભૂતિ થઈ. હું તરત ઊભો થઈ ગયો. સામે એક વ્યક્તિ ઊભી હતી. લગભગ ૫૦-૫૫ ઉંમર હશે, શુભ્ર ખાદીનાં ધોતિયું-ખમીસ પહેર્યાં હતા. કફમાં ચાંદીનાં બટન દેખાતાં હતાં, પગમાં જોડા નહોતા, શરીર સ્થૂળ, વાળ કાળા-ધોળા મિશ્ર, ઘઉં વર્ણ હતો. એમણે કહ્યું - બને તેટલા જલ્દી ભારત પાછા જાઓ. મેં પૂછ્યું - આપ કોણ છો ? કેમ આવ્યા છો ? શું ઈચ્છો છો ? આપ મને કેમ ભારત જવા માટે કહો છો ?

એ વ્યક્તિ ઉત્તર આપ્યા વગર ક્રમશઃ દરવાજા બાજુ જવા લાગી. મેં કહ્યું - હું અહીંયાં શોધ-પ્રશિક્ષણ માટે આવ્યો છું, શુદ્ધ શાકાહારી છું, ગંદે સ્થળે પણ હું કદી નથી જતો, એક સંન્યાસીની જેમ મેં મારી જાતને અહીંયાં નિયોજિત કરી દીધી છે. મારું શોધ-કાર્ય પૂરું થતાં જ હું ચોક્કસ પાછો જતો રહીશ. આપ મને કેમ હમણાં જ પાછો મોકલવા માગો છો ?

એમનો ઉત્તર હતો - તર્ક ન કરો, તમારે પાછા જવું પડશે. આમ બોલતાં બોલતાં તેઓ બારણા પાસે પહોંચી ગયા. મેં સરળ ભાવે હાથ જોડીને કહ્યું - આપની આજ્ઞા છે તો હું જતો રહીશ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


જતી વખતે એમણે હાથ લંબાવીને મારા ડાબા ખભાને સ્પર્શ કર્યો. હું બારણાથી દૂર હતો. હું એમનો લંબાવેલો હાથ જોતો રહ્યો અને તેઓ અદૃશ્ય થઈ ગયા. મારો ઓરડો અંદરથી બંધ હતો ને સામાન્ય રીતે મારા ઓરડામાં કોઈ આવતું નહોતું. રીસેપ્શનિસ્ટ પણ સવારે સાત વાગે આવતી. દરવાજાની ચાવી મારા ખિસ્સામાં પૂર્વવત્ પડી હતી. મેં તરત ચાવી કાઢીને બારણું ખોલ્યું. હું બીજે માળે હતો. ત્યાંથી ચારે બાજુ ફરી ફરીને મેં એમને શોધ્યા, પણ ન દેખાયા. મને મનમાં જિજ્ઞાસા થઈ કે એ વ્યક્તિ કોણ હોઈ શકે, ભગવાન તો નહીં હોય?

મારી સાથે બનેલી આ ઘટના વારંવાર મારા મનમાં ભમવા લાગી. પુષ્પ-પાંખડીઓ જેવો હિમપાત થઈ રહ્યો હતો, મેં ફરી દ્વાર બંધ કર્યાં, કપડાં બદલીને ફરીથી સ્નાન કર્યું. પ્રભુનું નામ-સ્મરણ કરીને વેંકટેશ્વર સ્તોત્રનો પાઠ કર્યો. તૈયાર થઈને કૉલેજ ગયો. મારા પ્રૉફેસર સમક્ષ પેલી ઘટના વર્ણવી, અને શીઘ્રાતિશીઘ્ર ભારત પાછા ફરવાની ઈચ્છા દર્શાવી. બીજે દિવસે સવારે જ હું ઓસાકા છોડીને ટોકિયો આવ્યો અને બી.ઓ.એ.સી. જેટ દ્વારા સાંજે ૫ વાગે કલકત્તા પહોંચી ગયો. એ ઘટનાના સ્મરણથી જ રોમાંચ થઈ જાય છે, વિદ્યુત્નું એક મોજું દોડી જાય છે, હજી પણ ડાબો ગાલ ઠંડો થઈ જાય છે.

માએ પ્રસન્ન મુદ્રાથી બધું સાંભળ્યું, અને પૂછ્યું - આ આશ્રમમાં કઈ જગ્યાએ એ ઠંડો આભાસ તમને થાય છે ? મેં કહ્યું - અહીંયાં પ્રભુનું સાન્નિધ્ય છે, ગોપાલ મંદિરમાં પ્રભુનું સાહચર્ય છે, પેલો વિચિત્ર આભાસ અહીંયાં નિરંતર થાય છે. મા, આપની નજીક આવવાની સાથે જ એ અનુભવ થતો જ રહ્યો છે.

આ સાંભળીને માનો આહ્લાદ વધતો ગયો. માએ પૂછ્યું - બેટા, આ દુનિયામાં કેમ આટલી અશાંતિ ને દુઃખ છે ? - મારા મુખમાંથી એકાએક શ્લોક નીકળી પડ્યો -

अपूज्या यत्र पूज्यन्ते पूज्यमानान्तु विभानना।
त्रीणिं तत्र प्रवर्तन्ते दुर्भिक्षं मरणं भयम्॥

આ રાહુનો કાળ છે તેથી દેશને માટે બહુ સારું નથી. દરરોજ કોની પૂજા કરો છો તમે ? માએ પૂછ્યું મેં કહ્યું - કેમિસ્ટ્રીની.

**મા :** તમે કયા સંપ્રદાયના છો ?

"હું વૈષ્ણવ છું, મધ્વાચાર્યના દ્વૈત - સંપ્રદાયનો છું."

**મા :** આ બધું ક્યારથી બોલવાનું શરું કર્યું ? કેમ બોલો છો ? શું બોલો છો ?

નાનપણમાં પણ કોઈ કોઈ વાર બોલતો હતો. જે કંઈ દિલથી બોલતો તે સાચું પડી જતું. જાપાનથી આવે સાત વર્ષ થઈ ગયા. શહેરના દેવી-દેવતાઓનાં દર્શન મંદિર-મંદિર ફરીને કર્યાં. પૂ. માલવીયજીના મંદિરમાં મને ત્રણ વાર પ્રભુ વિષે બોલવાનો મોકો મળ્યો. કૃષિ-સંકાયમાં, ગુર્ટૂ છાત્રાવાસમાં અને ચિકિત્સાવિજ્ઞાન-સંકાયમાં અંતર્ચેતના પર બોલ્યો. હું શું બોલ્યો, કેમ બોલ્યો, મા, એ કંઈ ખબર નથી. બોલનારો તો એ જ છે. આપ જાણો છો કોણ બોલે છે.

માએ પૂછ્યું - વારંવાર તમારા ધ્યાનમાં શું આવે છે ?

મેં કહ્યું -

उद्यन्नद्येति मन्त्रोऽयम् सौरः पापप्रणाशनः
रोगघ्नश्च विषघ्नश्च भुक्तिमुक्तिफलप्रदः।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


એ શ્લોક બોલીને મેં માને કહ્યું, - "મારી પાસે એક રોગી બેઠો છે જેને શરીરે સફેદ ડાઘા છે. માએ જોડેના ઓરડામાં બેઠેલા એક દંપતિને બોલાવડાવ્યા, જેમનાં શરીરો પર સફેદ ડાઘા હતા. બન્ને આવીને મારી પાસે બેસી ગયા. મારા મુખમાંથી ફરી શ્લોક નીકળ્યો.

પછી મેં (એનો અર્થ સમજાવતાં) કહ્યું - "તમારા ઘરની વાયવ્ય દિશામાં જમીનમાં નીચે હાડકું છે, જેથી ઘરમાં શવદોષ આવી ગયો છે. ભૈરવની પૂજા, ચાંદીનું પંચપાત્ર દાનમાં આપવાથી ઘરના દોષનું નિવારણ થઈ જશે, સાથોસાથ આ રોગમાંથી પણ મુક્તિ મળી જશે."

બપોરનો એક વાગ્યો હતો. ઉપરના ઓરડાઓમાં આશ્રમવાસીઓની તથા દર્શનાર્થીઓની ભીડ થઈ ગઈ હતી. માએ એક દંપતિને બોલાવીને કહ્યું - આમને સંતતિ નથી, શું કરવાથી સંતતિ થશે ? મેં કહ્યું - "કેતુનો દોષ છે, વૈદૂર્યમણિ પહેરવાથી સંતતિ પ્રાપ્ત થઈ શકશે." મારી વાત ચાલતી હતી, ને બીજુ બાજુ દર્શનાર્થીઓ દ્વારા શ્રીમાના ચરણોમાં પુષ્પ, માળા, પ્રસાદ, દ્રવ્ય આદિ અર્પણ થતાં હતાં. મારી ઉપર માના આશીર્વાદની કૃપાદૃષ્ટિ નિરંતર પડી રહી હતી. માનાં દર્શનથી મારા મનોરથો સફળ થઈ ગયા, અંતરમાં અપાર આનંદનો સંચાર થતો હતો.

એક આશ્રમવાસીએ થાળી ભરીને પેંડાને માનો સ્પર્શ કરાવીને પ્રસાદ રૂપે મારા હાથમાં મૂક્યા. સર્વ ઉપસ્થિત ભક્તોને વહેંચવાનો માએ આદેશ આપ્યો. માએ પૂછ્યું - "તમારે માટે પ્રસાદ ન વધ્યો ?" મેં કહ્યું, "આપની અહૈતુકી કૃપા તથા આશીર્વાદની મને પ્રાપ્તિ થઈ, આજે આશ્રમમાં જે રમ્ય અનુભૂતિ થઈ તે જ પ્રસાદ યથેષ્ટ છે. મા, આપના શ્રીચરણોમાં અર્પણ કરવા માટે હું ફળ-ફૂલ-દ્રવ્ય કંઈ જ નથી લાવી શક્યો. પણ મા, વિશ્વની બધી સંપત્તિ આપની જ છે, આપની જ વસ્તુ આપને કેમ અર્પણ કરાય ? મારું સર્વસ્વ આપનું જ છે, હું આપનો છું. મારું આ માનવ-શરીર આપના શ્રીચરણોમાં અર્પિત છે. આ વિશ્વમાં મારું પોતાનું કંઈ જ નથી, બધું જ પ્રભુનું છે, મા આપનું છે."

મેં સ્પષ્ટ રૂપે અનુભવ્યું અને જોયું કે માનાં નેત્રોમાં બ્રહ્માંડ ઝળકતું હતું. શક્તિનો પ્રબળ પ્રવાહ, એ જ તેજ, એ જ આનંદ, એ જ ઉલ્લાસ, એ જ પ્રેમ મને આત્મવિસ્મૃત કરી રહ્યો હતો. માએ કહ્યું - "પ્રસાદ તૈયાર છે, એ ગ્રહણ કરીને જજો." મેં માને કહ્યું - "મારી ધર્મપત્નીએ થાળી પીરસી રાખી હતી, હું ભોજન કરવા બેસતો જ હતો કે આપનો સંદેશો સાંભળીને તરત દર્શનાર્થે અહીં આવી પહોંચ્યો, અને તરત પાછા આવવાનો એને વાયદો આપ્યો છે. આ જગતનું સમસ્ત અન્ન મા, આપનું જ છે. મારી ધર્મપત્નીએ રાંધેલું અન્ન પણ આપનું જ છે. એ ઘર પણ આપનો જ આશ્રમ છે. મા, મને આજ્ઞા આપો કે હું ઘેર જઉં."

આટલું કહીને મેં માને પ્રણામ કર્યા. માએ મારી પીઠ પર અને માથા પર એમના કોમળ કૃપાહસ્તોથી સ્પર્શ કર્યો. હાથમાં બે સફરજન આપ્યાં. માના વરદ હસ્તના સ્પર્શથી હું કૃતકૃત્ય થઈ ગયો. જે સમયે હું પ્રસાદ લઈને નીકળ્યો, ત્યારે મા "સ્વસ્થ" થઈ ગયાં હતાં. આનંદથી ઉપસ્થિત ભક્તોને આશીર્વાદ આપતાં હતાં. હું નીચે ગયો. એક આશ્રમવાસી વૃદ્ધાએ મને આશ્રમમાં ફેરવ્યો - ભોજનાલય, ગોપાલ-મંદિર વગેરે સ્થળોએ લઈ ગયાં.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# શ્રી શ્રી માની સાથે

- રેણુકા મુખર્જી

(ત્રીસના દશકના ઉત્તરાર્ધમાં બાબા ભોલાનાથ તથા ભાઈજી (જ્યોતિષચંદ્ર રાય) સાથે શ્રી શ્રી મા આનન્દમયી ઉત્તરાખંડની સુરમ્ય પતાકા જેવા દેહરાદૂનમાં પધાર્યાં. ધીમે ધીમે શ્રી શ્રી માની દિવ્ય મહિમાનો પ્રભાવ આસપાસના પ્રદેશોમાં પડતો ગયો. અલ્મોડા, બરેલી વગેરે સ્થળોમાં માનું પદાર્પણ થયું. લોકો જાતિ-પાંતિ, ધર્મ આદિ સીમાઓ ઓળંગીને આનંદ-પ્રાપ્તિની અભિલાષાથી શ્રી શ્રી માના શ્રીચરણોમાં એકત્રિત થવા લાગ્યા. એ જ દિવસોમાં અલ્હાબાદના સુવિખ્યાત જિલ્લા જજ શ્રી નીરજનાથ મુખોપાધ્યાય સકુટુંબ માતૃ-દર્શનનું સદ્‌ભાગ્ય પામ્યા. વર્ષ હતું ૧૯૩૭. આ પરિવાર બાબા ભોલાનાથ તથા ભાઈજીનો પણ વિશેષ સ્નેહભાજન બન્યો. શ્રી નીરજનાથની જયેષ્ઠ કન્યા રેણુકાને લાંબા સમય સુધી શ્રી શ્રી મા સાથે રહીને એમની અનુપમ લીલામાં સહયોગ આપવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું હતું. એ દિવસોની મધુર સ્મૃતિઓને એમણે પોતાની રોજનીશીમાં સાચવી રાખી છે. આજે માતૃલીલાના જિજ્ઞાસુ પાઠકો માટે એ સંકલન અમૂલ્ય નિધિ છે. મૂળ ભાષા બંગાળી છે.)

**૨, જૂન, ૧૯૩૬. બરેલી :**

અમે ચારે બહેનો મિત્રો જેવી હતી. અમારી ઉંમર આ પ્રમાણે હતી - સિદૂ (૧૫), રેણૂ (૧૪), કણા (૧૩), બીથૂ (૧૨). બહુ જ ખુશીમાં અમારા દિવસો પસાર થતા હતા. અમે નૈનીતાલથી પાછાં ફરતાં હતાં, ત્યાંની વાતો થતી હતી - એક વાર અમે બગીચામાં ફરતાં હતાં, ફરવાનું ક્યારે અટકી ગયું ખબર ન પડી. અચાનક એક સમસ્યાએ મનમાં સ્થાન લઈ લીધું, ખબરે ન પડી. સમસ્યા આ હતી - ભવિષ્યમાં અમારા ભાગ્યમાં શું લખ્યું છે કોણ કહી શકે? અમે નક્કી કર્યું કે આજથી બરોબર દસ વર્ષ પછી અમે બધાં આ જ જગ્યાએ આવીશું અને પોતપોતાના અનુભવો કહીશું. અત્યારે ભવિષ્ય વિષે જે કલ્પના કરીએ છીએ તે પ્રમાણે થયું કે નહીં એ વિષે ચર્ચા થશે.

ત્યારે વિચાર કર્યો હતો કે દસ વર્ષ પછી અમારી ઉંમર ૨૪-૨૫ વર્ષની થઈ ગઈ હશે, ખૂબ મોટાં થઈ જઈશું, દુનિયામાં ઘણું બધું જાણવા-સમજવાનું હશે, સ્વાધીન તો થઈ જ જઈશું અર્થાત્ ઘરમાંથી બહાર એક ડગલું ભરવા માટે બીજાની પરવાનગી નહીં લેવી પડે ઈત્યાદિ.

દસ વર્ષ પસાર થઈ ગયાં. એ સુદૂરનો પ્રત્યાશિત સમય આજે સામે આવીને ઊભો રહી ગયો. અચાનક આટલું જલ્દી આવશે એવું ધાર્યું નહોતું. પણ હવે એ હું ક્યાં અને ક્યાં મારું એ કલ્પિત ભવિષ્ય ? આજે જ્યાં આવીને ઊભી છું તે મારી કલ્પનાની બહાર છે.

**(દસ વર્ષ બાદ) ૨, જૂન, ૧૯૪૬, સોલન :**

બીથૂ અને હું શ્રી શ્રી મા પાસે સોલનમાં છીએ. અમને બન્નેને દસ વર્ષ પહેલાની વાત યાદ છે. અમે એકબીજા સાથે વાત કરીને અમારી પ્રતિશ્રુતિની વાત માને કરી. એ પ્રતિશ્રુતિ - વચનની અમે રક્ષા ન કરી શક્યાં તેથી અમારા મનમાં ક્ષોભ હતો.

શ્રી શ્રી માએ એ વાતને બાલિશ ગણીને ઉડાવી ન દીધી. શ્રી શ્રી માને કહ્યા પછી અમને લાગ્યું કે અમે કોઈક બોજામાંથી મુક્ત થઈ ગયાં.

શ્રી શ્રી માએ કહ્યું, "જુઓ, એક જણ તમારા લોકોની વચ્ચે નથી, (૧૯૪૨માં કણાનું અવસાન થયું હતું) અને એક જણ પોતાના પરિવારમાં - એ પણ દૂર ચાલી ગઈ છે (સિદૂનાં લગ્ન ૧૯૪૨માં થયાં હતાં). હવે તમે લોકો (મનોમન એમનું સ્મરણ કરીને એકત્ર થઈ જાઓ." માએ બીજું પણ કંઈ કહ્યું હતું, કેટલીક ક્રિયાઓ પણ દેખાડી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


હતી. અમે શ્રી શ્રી માની કૃપાના પૂરમાં અવગાહન કરીને પોતે જ બનાવેલા બંધનમાંથી મુક્ત થઈ ગયાં. ત્યારે જ કદાચ એકાંતમાં એક જ પ્રાર્થના કરેલી, "મા, મારી રક્ષા કરો. માત્ર તમને જોઈશ અને તમારી જ સેવા કરીશ. મને સદા સદાને માટે અપનાવી લો."

●

**પ્રથમ દર્શન - ૨ જૂન, ૧૯૩૭ બરેલી :**

આશ્રમમાં મહારતનજીને સહુ ઓળખે છે. એમના પતિ સરદાર બલવંતસિંહ જસપાલ ત્યારે બરેલીમાં કમિશ્નરના પદ પર હતા. મહારતનજી અને મારાં માતાજી એક મહિલા ક્લબનાં સભ્યો હતાં, તેથી એકબીજાથી પરિચિત હતાં. એક દિવસ મહારતનજીએ મારાં માતાજીને કહ્યું, "એક બંગાળી માતાજી રેલ્વે સ્ટેશનની ધર્મશાળામાં આવવાનાં છે, થોડા દિવસ રોકાશે. તમારી ઈચ્છા હોય તો દર્શન માટે આવી શકો છો."

મારાં માતાજીએ થોડોક સંકોચ બતાવ્યો, કારણકે એ દિવસોમાં ઘરની ગૃહિણીનું કોઈક ધર્મશાળામાં એક અપરિચિત 'માતાજી'ના દર્શન કરવા જવું તે કંઈ સાધારણ વાત નહોતી. છતાં એમના મનને જાણે કે કોઈએ પરાણે ખેંચી લીધું ! પિતાજીની રજા લઈને મારાં માતાજી અમને ચાર ભાઈ-બહેનોને લઈને ધર્મશાળામાં પહોંચી ગયાં. હું પંદરની હતી, બીથૂ તેર, બિંદુ આઠ અને બાબૂ માત્ર વરસનો બાળક હતો. ધર્મશાળાના હૉલમાં શેતરંજી પાથરેલી હતી, એના પર એક કામળો હતો, કામળા પર એક સફેદ સાલ્લો વાળીને પાથરેલો હતો. એ સામાન્ય આસન પર અસામાન્ય પ્રતિભાયુક્ત તથા મહિમાન્વિતા શ્રી શ્રી મા વિરાજમાન્ છે !

અમે પાસે જઈને ઊભાં રહી ગયાં. (મારાં માતાજીએ પછીથી અમને કહ્યું હતું કે કેવી રીતે પહેલાં પ્રણામ - અભિવાદન કરવાં તે સમજાતું નહોતું. મનમાં જાતજાતના પ્રશ્નો ઊભરાતા હતા - એમનું બ્રાહ્મણ શરીર હશે કે નહીં ? પ્રણામ કરું કે નહીં ? ઈત્યાદિ પણ શ્રી શ્રી માની આનન્દમયી ભુવનેશ્વરી મૂર્તિ સામે શ્રદ્ધાથી મસ્તક આપોઆપ નમી ગયું.)

મારાં માતાજીએ નીચાં થઈને પ્રણામ નિવેદન કર્યાં. એમનું અનુકરણ અમે બધાંએ કર્યું. શ્રી શ્રી માએ મધુર સ્મિત કરી કુશળ-સમાચાર પૂછ્યા. મહારતનજી, બિલ્લોજી (કે જેઓ પછીથી આશ્રમવાસી થઈ ગયાં), હું અને મારાં માતાજી એટલાં શ્રી શ્રી માની પાસે બેઠાં. બીથૂ, બિંદુ, કમલ અને વિમલા (છેલ્લી બે તે બિલ્લોજીની બહેનો) તથા બીજાં થોડાં બાળકોને એક ભગવા વસ્ત્રધારી અતિ સુપુરુષ સંન્યાસી એમની સાથે લઈ ગયા કીર્તન કરવા માટે. કીર્તન ખૂબ જામ્યું. આવું કીર્તન અમે આ પહેલાં ક્યારેય સાંભળ્યું નહોતું. (એ સંન્યાસી) ભોલાનાથજીનો પરિચય થયો. બરેલીમાં એમને સહુ "પિતાજી" કહેતાં. સ્વામી અખંડાનંદજી અને દીદી સાથે પણ પરિચય થયો. અમે 'ભાઈજી'ને પણ જોયા, તેઓ સર્વદા થોડે દૂર રહેતા. કોઈ કાર્યવશ તેઓ જો મા પાસે આવતા તો ઢીંચણ ટેકવીને બેસતા, જતી વખતે મા પ્રત્યે પીઠ ન થાય તેનું ધ્યાન રાખીને વર્તતા.

અમારા જીવનના એક અભિનવ અધ્યાયનો આરંભ થયો. પ્રતિદિન પ્રાતઃકાળથી અમે બધાં એ જ ઉત્કંઠામાં રહેતાં કે ક્યારે ધર્મશાળા જઈશું ! જઈને તરત અમે શ્રી શ્રી માની પાસે બેસતાં, નાનાં બાળકો પિતાજીના ભક્ત થઈ ગયાં હતાં, ખાસ કરીને બિંદુ એનો અવાજ ઘણો મીઠો હતો. તેઓ ઘણું ખરું બિંદુને ખભા પર બેસાડી દેતા અને કીર્તનની આગેવાની કરવાનું કહેતા. પિતાજીની ભાવ-ભંગિમા એટલી આનંદદાયક હતી કે તેઓ સાધારણ રીતે વાતચીત ન કરતા છતાં એ સમજાતું. પિતાજી 'સચ્ચિદાનંદ'ની કોડીની રમત રમવા બેસતા. આ બધું જ હૉલમાં થતું.

એક દિવસની વાત મને યાદ આવે છે. અમે જ્યારે ધર્મશાળાના ઓરડામાં પેઠાં ત્યારે શ્રી શ્રી મા એમની એ સામાન્ય પથારીમાં સૂતાં હતાં. હું પાસે જઈને બેઠી કે તરત માએ કહ્યું, "મારી પીઠને જરા ઘસી શકશે ? (મલ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


મકતી હો ?) માએ પોતે જ બતાવી દીધું કે કેવી રીતે કરવું જોઈએ. માની અસીમ કૃપા સમજવાની ઉંમર મારી નહોતી, પણ આ સેવા બહુ જ ગમી, અને આ સેવાનો અવસર માએ મને જીવનમાં અનેક વાર આપ્યો છે.

ઈ.સ. ૧૯૪૭ના માર્ચ મહીનામાં શ્રી શ્રીમા કદાચ છેલ્લી વાર ઢાકા પધાર્યાં. બીજાંઓ સાથે હું પણ માની સાથે હતી. બધાં વિશેષ સ્થળો માએ પોતે જ ફેરવીને બતાવ્યાં. કેવો અપૂર્વ આશ્રમ છે ! જાણે સત્યુગનો કોઈ ઋષિ આશ્રમ હોય ! ઢાકામાં ત્યારે સહુ એક અસ્થિરતાના પરિવેશમાં હતા. શ્રી શ્રી મા લગભગ આખો દિવસ બધાં સાથે વાતચીત કરતાં રહ્યાં. રાત્રે પણ કોઈ-કોઈ વાતચીત કરતું. વીરેન્દ્ર ચન્દ્ર (એમની સાથે આગ્રામાં રહેતી વખતે અમારે સારો પરિચય હતો, પિતાજીના મિત્ર), અમૂલ્યબાબૂ અને થોડાક લોકો. હું માતાજીની પાછળ બેસીને મારી રોજનીશીમાં એ વાતચીત ટાંકવાનો પ્રયત્ન કરતી હતી. એકાએક માતાજી મારા ઢીંચણનો ટેકો લઈને સૂઈ ગયાં. એ શ્રી શ્રી માનો વિશ્રામ-સમય નહોતો, તેથી માતાજી થોડોક ટેકો લઈને સૂઈ રહે તે માટે હું એકદમ સ્થિર થઈ ગઈ. મારી બેસવાની રીત સાવ સહજ નહોતી, પણ શ્રી શ્રી માના દિવ્ય શરીરના ભારનો મને જરીકે અનુભવ ન થયો. આથી હું પોતે પણ નવાઈ પામી. જ્યારે સવાર પડવા આવી ત્યારે સહુ માને પ્રણામ નિવેદન કરી પોતપોતાની જગ્યાએ પાછા ગયા. મા પણ ઊઠી ગયાં.

આ બધી વાતો જ હવે જીવનયાત્રાનો આધાર છે. હવે બરેલીની વાત પર પાછાં ફરીએ. મારા પિતાજી ધર્મશાળામાં નહોતા જતા. એમનો 'સાધુ-દર્શન'નો બિલકુલ આગ્રહ નહોતો, પણ મારાં માતાજીને રોકતા નહીં. એક દિવસ બિંદુને ખૂબ તાવ આવ્યો. મારાં માતાજી એને લઈને ઘરમાં જ રહ્યાં. ડૉક્ટર આવશે, શહેરમાં ટાઈફોઈડના વાવડ છે, તેથી પિતાજી ઘણી ચિંતામાં છે. અચાનક ખબર આવી કે અમારી નજીકમાં જ શ્રીમતી દીક્ષિતને ઘેર શ્રી શ્રી મા પધાર્યાં છે. મારાં માતાજી અને એમની પાછળ અમે બધાં દોડતાં દોડતાં શ્રીમતી દીક્ષિતને બંગલે પહોંચી ગયાં. શ્રી શ્રી માએ સ્મિતપૂર્ણ દૃષ્ટિથી મારાં માતાજીને પૂછ્યું, "તમે લોકો પાસે જ રહો છો કે ? મારાં માતાજીએ ઈશારાથી અમારો બંગલો દેખાડ્યો. શ્રી શ્રી મા તે વખતે શ્રીમતી દીક્ષિતને ઘેરથી રવાના થતાં હતાં. ચાલતાં ચાલતાં તેઓ બગીચાના ઝાંપામાંથી અમારા મકાન સામે આવીને ઊભાં રહી ગયાં. સાથે ઘણા લોકો હતા. ડૉક્ટર આવ્યા હતા. શ્રી શ્રી માએ સ્વયં મારા પિતાજીને ઓળખી કાઢ્યા, અને કહ્યું, "પિતાજી, તમારા વગર બોલાવ્યે જ હું તમારે ઘેર ઘુસી ગઈ છું."

પિતાજી સહેજ સંકોચથી આગળ આવીને હાથ જોડીને ઊભા રહ્યા. એટલામાં મારાં માતાજીએ ખુરશી મંગાવી. શ્રી શ્રી માનું આસન પાથર્યું એટલે તેઓ બેઠાં. બિલ્લોજી કોઈક કાર્યવશ ઘરની અંદર ગયાં. એમણે બિંદુને પલંગ પર સૂતેલો જોયો ને ઊચકીને શ્રી શ્રી માની સામે લઈ આવ્યાં. મેં પણ ટેકો આપીને એને ખુરશી પર બેસાડ્યો. શ્રી શ્રી માએ એક હાર એમના ગળા પરથી લઈને બિંદુના ગળામાં પહેરાવી દીધો. થોડીક વાતચીત થયા પછી મા ગયાં, ભક્તો પણ સાથે ગયા.

મારા પિતાજી પણ બીજા દિવસથી ધર્મશાળામાં જવા લાગ્યા. આવા આકર્ષણને કોણ રોકી શકે ? ડૉક્ટરને બિંદુમાં કોઈ તાવ કે રોગનું પ્રમાણ ન મળ્યું, આથી અમે બધાં પણ ખુશ થયાં. ફરી ખુશાલીના દિવસો આવ્યા. સાંજે મારા પિતાજી એમની મોટરમાં બાબા ભોલાનાથને, શ્રી શ્રી માને, દીદીને અને અમારા લોકોમાંથી એકાદ બેને લઈને બરેલીનાં મંદિરો અને બગીચાઓમાં ફરવા લઈ જતા. એના ઘણા બધા ફોટા પણ અમારી પાસે છે.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# અમૃત-કણિકાઓ

- પરિવ્રાજક

સંસાર અથવા પર-સેવા તે કર્મયોગ.
ભગવાનની પ્રીતિ માટે કર્મ તે કર્મયોગ.
સ્વરૂપ-અનુસંધાન તે જ્ઞાનયોગ.

●

**પ્રવૃત્તિની શુદ્ધિ :**

૧. બીજાની માલિકીની વસ્તુનો મનમાં વિચાર લાવવો નહીં.
૨. બીજાનું અનિષ્ટ થાય તેવું વલણ રાખવું નહીં.
૩. જીદ્દી ન થવું, જો ઉચિત હોય તો બીજાની વાત સ્વીકારવી, પણ જો ધર્મ-જ્ઞાન-યુક્તિથી વિપરીત હોય કે એનાથી બીજાનું અનિષ્ટ થતું હોય તો પોતાના સિદ્ધાંતને વળગી રહેવું.
૪. ચોરી અને અપ્રામાણિકતા કરવી નહીં.
૫. હિંસા કરવી નહીં.
૬. વ્યભિચાર કરવો નહીં.
૭. અસત્ય બોલવું નહીં.
૮. જેમ કારણ વિશેષે ન બોલવું તે મૌન ધર્મ છે, તેમ પ્રસંગ વિશેષે ઉચિત બોલવું તે પણ ધર્મ છે.
૯. ચુગલી અને કઠોર વાણીનો ત્યાગ કરવો.

●

કર્મ હાથ વડે થાય છે, હાથ તે અન્નમય કોષ.
હાથની ક્રિયાશક્તિ તે પ્રાણમય કોષ.
શુદ્ધ કર્મનો સંકલ્પ તે મનોમય કોષ.
વિવેકમય બુદ્ધિ તે વિજ્ઞાનમય કોષ.

●

**મનમાં આ સિદ્ધાન્તો જાળવી રાખો :**

૧. તમે છો તો બીજાનું અસિતત્વ છે.
૨. તમારામાં જ્ઞાન છે તો તમે બીજાને જાણી શકો છો.
૩. તમારામાં સુખ છે તો બીજાને સુખી જાણી શકશો.
૪. હવે બીજામાંથી જ્ઞાન આવશે તો તે જ્ઞાન પરાધીન થશે.
૫. બીજામાંથી સત્તા આવશે તો તમારી સત્તા પરાધીન થશે.
૬. બીજામાંથી આનંદ લેશો તો તમારું સુખ પરાધીન થશે.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


ઈશ્વરમાં વિશ્વાસ રાખવો તે મનની દુર્બળતા નથી. ઈશ્વરમાં વિશ્વાસ તે આત્મબળ છે. ઈશ્વરમાં શ્રદ્ધા તે તમારે સમજવા માટે છે કે આખોયે સંસાર, સંપૂર્ણ, બ્રહ્માંડ, ગ્રહો - નક્ષત્રો વિગેરેમાં જે શક્તિ છુપાયેલી છે, તે જ તમને સહાય કરે છે. ઈશ્વર એટલે સર્વજ્ઞ, સર્વશક્તિમાન્.

●

"योगः कर्मसु कौशलम्।"

કર્મ કરતી વખતે આટલું ધ્યાન રાખવું.

૧. આ કર્મનું મારે માટે શું પરિણામ આવશે ?

૨. બીજા પર તેનો શો પ્રભાવ પડશે ?

૩. આ કર્મથી ઈશ્વર પ્રસન્ન થશે કે કેમ ?

૪. આ કર્મ ઈશ્વરાર્પિત છે ?

●

આ સમયે તમારી પાસે જેટલું છે તેનો જો સદુપયોગ નહીં કરો, "કમાઈને સદુપયોગ કરીશ' એમ જો વિચારશો, તો કદાપિ ધનનો સદુપયોગ નહીં કરી શકો. જો વર્તમાન ક્ષણે કમાણી ન વાપરી શકો અને ભવિષ્ય પર મુલતવી રાખશો, તો ભવિષ્યમાં સારું કામ જ કરશો તેની કંઈ ખાત્રી નથી.

●

જો તમે તમારા પોતાનામાં સ્થિર રહેશો, તો તમારી બુદ્ધિ તમારી સાથે રહેશે. જો તમે પ્રતિકૂળતામાં ધીરજ છોડી દેશો અને અનુકૂળતામાં ફુલાઈ જશો તો બુદ્ધિ તમારો સાથ છોડી દેશે. આત્મબળ વિના બુદ્ધિમાં સ્થિરતા નથી આવતી, અને બુદ્ધિની સ્થિરતા વિના કોઈ સુખી થઈ શકતું નથી.

●

દુઃખ આવ્યું છે તો જરૂર જતું પણ રહેશે. તમે જ્યારે દુઃખને તમારું સંબંધી બનાવો છો કે હું દુઃખવાળો છું, ત્યારે જ દુઃખ ટકી રહે છે. દુઃખને જો સંબંધી ન બનાવો, તો તે ચાલ્યું જશે. જેનામાં સહનશક્તિ નથી તે સુખી થતું નથી.

●

આપણાં મનને અને વૃત્તિઓને જાણવા છતાં આપણી ક્ષતિઓને, અપરાધોને અંતર્યામી પરમાત્મા માની જેમ ક્ષમા કરતા રહે છે.

●

आगम-सूत्र

चितिः स्वतन्त्रा विश्वसिद्धि हेतुः ॥ प्र.सू.१ ॥

વિશ્વનું મૂળ છે-સ્વાતંત્ર્યરૂપા ચિત્શક્તિ. એ જ સૃષ્ટિ-સ્થિતિ-સંહારનું કારણ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# ભકતોની અનુભૂતિઓ

આવી મહાન વ્યક્તિ વિષે કેવી રીતે લખવું તે ઘણું જ અઘરું છે, તેમાંય પણ આ વિભૂતિની તો વાત જ શી કરવી ! તેમને ઓળખવાં જ મહા મુશ્કેલ છે. તેમની ઓળખાણ આપવાનું સાહસ કરવું એટલે મૂગા રહીને સૂચન કરવું કે અનુભવ જ જરૂરી છે, નહિ કે તેના ગુણોનું કે વ્યક્તિત્વનું કોઈ પુસ્તકોમાંથી વિશેષણો ટાંકીને સરખામણી કે પ્રતિભા કે શ્રદ્ધા ઊભી કરી શકાય. આખી વાત જ એવી મારા પોતાના અનુભવ પરથી લાગે છે કે પૂર્ણ મન દઈને સમજવા કોશિશ કરીએ તો તેમાંનો એકાદ અણુ પણ ખ્યાલમાં આવે અને જીવનમાં શાંતિ આવી જાય. જોવામાં ને વર્તવામાં કેટલીક વાર સાવ સાધારણ લાગે, પરંતુ આખી ઘટના અને બની ગયેલા બધા બનાવો અલૌકિક જ હોય છે. દાખલા તરીકે પૂર્ણ કુંભ વખતે માતાજીએ પોતાના કેમ્પમાં સૂચના આપી કે સવારના ૭ વાગ્યા પહેલાં બહાર ન જશો, અને પછી પણ એકબીજાની સાથે રહીને જ સ્નાન કરવા જવું.

ત્યાં ૬.૦૦ વાગે તો ભયંકર હોનારત થયેલી સર્વ કોઈની જાણમાં છે, જ્યારે આ કેમ્પની સહુ કોઈ વ્યક્તિ આ સાધારણ દેખાતી સૂચનાને પૂર્ણ રીતે શિસ્તથી માનનાર હોઈ બહાર ન જવાથી બચી ગઈ.

કુંભ વખતે અલ્હાબાદમાં દાખલ થયેલા સર્વે કોઈ - એટલે દરેકે દરેક મહાત્મા તથા પંડિત નહેરુ સુદ્ધાં - કૉલેરાનાં ઈન્જેકશન લઈ દાખલ થયા હતા. એ ફરજિયાત હતું. માતાજી તો કોઈ બહારની વસ્તુ દવા જેવી કદાપિ લેતાં જ નથી. બનારસથી અલ્હાબાદ જવા નીકળ્યાં, ભાગવત સપ્તાહનો આરંભ પૂર્વસૂચિત હોવાથી એ સમયે પહોંચવાનાં હતાં. બધાંને ચિંતા થઈ કે હવે શું થશે ! બરોબર ૧૧.૦૦ વાગે હુકમ આવી ગયો કે હવે કૉલેરાની રસી મૂકાવવાની અત્યારથી જરૂર નથી. જ્યારે ૧૦ લાખ માણસોને આ જ કરવાનું હતું ત્યારે માને માટે જ જાણે કાયદો ફરી ગયો ! આવાં અનેકાનેક દૃષ્ટાંતો હું જાણું છું. શ્રીરામ અને શ્રીકૃષ્ણના સમયમાં પણ આમ જ બનતું હશે કે અવતાર કે શરીરરૂપે તેઓ આપણી વચ્ચે હોય, પરંતુ કોઈક ભાગ્યવાન જ ઓળખી શકે અને જીવનને સાર્થક કરે.

- સ્વ. કાંતિલાલ ચી. મુન્શા.

●

સ્વામી દયાનંદ સરસ્વતીનો મા સાથેનો વાર્તાલાપ :

સ્વામીજી : મા, આપ ખરેખર કોણ છો ? લોકો આપને વિષે જુદા જુદા મતો ધરાવે છે, અને કોઈ એક નિર્ણય નથી થઈ શકતો. પોતાને વિષે આપને શું કહેવાનું છે ?

માતાજી : તમે જાણવા માગો છો હું કોણ છું. અચ્છા, મને જે સમજો તે હું છું - વધારે નહિ કે ઓછું નહિ.

સ્વામીજી : આપની સમાધિ કયા પ્રકારની છે ? સવિકલ્પ કે નિર્વિકલ્પ ? એમાં મનનું અસ્તિત્વ હોય છે ?

માતાજી : અચ્છા, આ પ્રશ્નનો નિર્ણય તમારે કરવાનો છે. હું તો એટલું જ કહી શકું કે શરીર અને મનના બધા દેખાતા પરિવર્તનોની વચ્ચે હું જાણું છું કે હું હમેશાં એ જ છું. મારી અંદર સ્થિતિ - પરિવર્તન નથી. એને જે નામ આપવું હોય તે આપો. શું એ સમાધિ છે ?

●

અમદાવાદમાં શ્રી મુન્શા શેઠને બંગલે આનન્દમયી માનો ઘણીવાર મુકામ થાય છે. થોડાક વખત પહેલાં જ મને એમનાં દર્શનનો લાભ મળ્યો. એમની માતૃવત્સલ વિરલ પ્રતિભાનાં દર્શન કરવા ઘણા લોકો આવતા. એક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


વખત હું પણ ત્યાં ગઈ. બાગમાં તેઓ મુક્તાનંદરૂપે ફરી રહ્યાં હતાં. એ આનંદનો આનંદ એમના હાસ્ય દ્વારા વ્યક્ત થતો હતો. મને એમાં ઋજુ ને સરલ સ્વાભાવિકતા તેમ જ હૃદયની સચ્ચાઈનો રણકાર લાગેલો. એ હાસ્યમાં તો ગમે તેવો હઠયોગી પણ આકર્ષાઈ જાય !

એમની પાસે અનેક સ્ત્રી-પુરુષો ક્યારેક બેઠાં હોય છે. સૌની સાથે તેઓ જાણે આનંદિત હૈયે વાતચીત કરતાં જ હોય છે. આનન્દમયી મા પોતે આનંદમાં મસ્ત બની સૌની સાથે આનંદ કરે છે, નાચે છે ને ગાય છે. આમ એમની સઘળી પ્રવૃત્તિ સ્વૈચ્છિક અને સ્વાભાવિક હોય છે.

ફરી એક વાર રસ્તે ફરવા જતાં મેં સાંભળ્યું કે શ્રી આનન્દમયી મા આવ્યાં છે, અને હમણાં જ રબારીવાસ બાજુ ગયાં છે. અમે સૌ ત્યાં ગયાં, ને જઈને જોયું તો ભોળાં સ્ત્રી-પુરુષો વચ્ચે સહજ ભાવે ભળી જઈ એમણે ત્યાં આનંદમય વાતાવરણ સર્જી દીધું છે. એમણે ત્યાં ગાયું, નાચ્યાં, કૂદ્યાં, હસ્યાં. મને તો લાગ્યું કે અલગતાનો ભાવ જ જાણે એમનામાં નથી. એવી સહેજે પ્રતીતિ થઈ... શ્રી આનન્દમયી મા પોતાના સ્વત્વને આ રીતે પ્રકટાવે છે એમાં જ એમની ખરી મહત્તા છે, અને તેથી જ એમના હાવભાવ, સર્વ વૃત્તિ-પ્રવૃત્તિ આનંદમય, મંગલમય અને પવિત્ર બની રહે છે. એ હાસ્ય દ્વારા નિજ વાત્સલ્યનો પરમાનંદ રેલાવે છે, અને એમાં બીજાને રસતરબોળ કરી આત્માનંદનો અનુભવ કરાવે છે. આને આપણે ગમે તે રીતે ઘટાવીએ યોગ દૃષ્ટિએ, સાધના-જપ-તપ કે પ્રાણાયામ દૃષ્ટિએ; પણ એટલું તો સાચું છે કે જગત, જીવ, કે ઈશ્વર એ સર્વનું સાચું સ્વરૂપ સચ્ચિદાનંદ જ છે. એમાં કોઈ ભિન્નત્વને કે દ્વિધાભાવને સ્થાન નથી. ભારતનું અને આપણા હિંદુ સમાજનું એ સુભાગ્ય છે. શ્રી આનન્દમયી માના અપાર માતૃત્વને આપણે 'માતૃદેવો ભવ' ભાવથી નમીએ.

- પદ્મા ફડિયા.

●

૧૯૮૦માં હું વૃંદાવન ગઈ. ત્યાં એ વખતે શ્રીમદ્ ભાગવતની કથા ચાલતી હતી. જે દિવસે ભાગવતમાં શ્રીકૃષ્ણ-જન્મ થયો ત્યારે મેં શ્રીમાને તે જ સમયે રમકડાં આપ્યાં, અને માને કૃષ્ણરૂપે શણગાર્યાં. એ રમકડાંમાં એક ઘૂઘરીઓવાળો ઘૂઘરો પણ હતો. જ્યારે કૃષ્ણજન્મ થઈ ગયો અને પંડિતજીએ ગાયું "નંદ ઘર આનંદ ભયા જય કન્હૈયાલાલકી", ત્યારે મા તાલમાં એ ઘૂઘરો વગાડતાં રહ્યાં. પછી બીજાં બધાં રમકડાં માએ વહેંચી દીધાં, ફક્ત ઘૂઘરો એમની પાસે રાખ્યો અને બ્રહ્મચારિણી શાંતા પાઠકને આપી દીધો. સાંજે માનાં દર્શન કરવા હું અગાશી પર ગઈ, ત્યાં માએ કહ્યું, "હમને ઝુનઝુના (ઘૂઘરો) તુમ્હારે પાસ ભેજા થા, મિલ ગયા ?" મેં કહ્યું, "ના, મા, મને નથી મળ્યો." માએ બધાંને પૂછ્યું, પણ કોઈને ખબર નહોતી કે ઘૂઘરો કોની પાસે છે.

રાત્રે ૯ વાગે શિવકુટી (જે માએ મને આપી છે) માં બ્ર. શાંતા પાઠકે આવીને કહ્યું, "માએ કહ્યું છે કે હમણાં જ આપી આવ." મેં ઘૂઘરો લઈ લીધો અને મારી પૂજામાં મૂકી દીધો. પછી બધું કામકાજ પતાવીને, દૂધ પીને ૧૦ વાગે સૂઈ ગઈ. રાત્રે ૧૨ વાગે મારી આંખો ખુલી ગઈ. મને હાર્ટમાં ખૂબ દુઃખતું હતું. ખૂબ બેચેની લાગતી હતી. ઊભી થઈને હું મારી નણંદ કમલા પાંડ્યાના ઓરડામાં ગઈ. એમને જગાડીને મારી હાલત જણાવી. એ બધાંને દવા આપતાં. મને પણ દવા આપી. મેં દવા ખાધી અને દુઃખાવો સહેજ ઓછો થયા પછી શિવકુટીમાં આવીને સૂઈ ગઈ. વળી પાછો એવો જોરમાં દુઃખાવો ઊપડ્યો કે શું થશે એમ થયું. એક નાનો છોકરો નોકર મારી સાથે હતો, બીજું કોઈ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નહોતું. રાત્રે બે વાગે યાદ આવ્યું કે શ્રીમાએ ઘૂઘરો ખાસ યાદ કરીને મોકલ્યો છે. એ લઈને મેં હૃદય પર મૂકી દીધો, અને સૂઈ ગઈ. તરત જ દુઃખાવો જતો રહ્યો ને ઊંઘ આવી ગઈ. સવારે ચાર વાગે હું મૌન કરું છું એટલે આપોઆપ આંખો ખુલી જાય છે. અભ્યાસાનુસાર આંખ ઊઘડી ગઈ, એ વખતે નામનો યે દુઃખાવો નહોતો. ઘૂઘરો મારી છાતી પર પડેલો હતો. સવારે ઊઠી ત્યારે ખૂબ હળવાશ લાગતી હતી. રાત્રે આટલો સખત દુઃખાવો ઊપડેલો તે માન્યામાં આવે એમ જ નહોતું. સવારે નાહી-ધોઈને, ચા-નાસ્તો કરીને જ્યારે શ્રીમાનાં દર્શન કરવા ગઈ, ત્યારે મેં શ્રીમાને રાતના દુઃખાવાની તથા ઘૂઘરાની આખી વાત કહી. શ્રીમા બોલ્યાં, "દરદ મટી ગયું તો શું, છતાં પણ હૉસ્પિટલ જા, ડૉક્ટરને દેખાડી આવ અને હૃદયનો ફોટો પડાવી લે." માના આદેશાનુસાર હું હૉસ્પિટલ ગઈ. ડૉક્ટરે દવા આપી અને કહ્યું,"જો આજે રાત્રે ફરી દુઃખે તો કાલે હાર્ટનો કાર્ડિયોગ્રામ લઈશું."

પરંતુ બીજા દિવસની રાતે પહેલેથી જ હું ઘૂઘરો છાતી પર મૂકીને સૂતી. દુઃખાવો સહેજ પણ ન થયો. ત્યાર પછી હું રામકૃષ્ણ હૉસ્પિટલ ન ગઈ. તે દિવસથી આજ સુધી હૃદયનો દુઃખાવો થયો જ નથી. હવે તો એવું થાય છે કે ગમે તે જગાએ દરદ થાય તો પણ હું ઘૂઘરો અડકાડી દઉં છું ને બધું મટી જાય છે. એ ઘૂઘરો મારે માટે "રામબાણ" બની ગયો છે. હું ગમે ત્યાં જઉં તો પણ ઘૂઘરો મારી સાથે જ હોય છે. કીર્તનમાં પણ એ જ વાપરું છું. આ સઘળી શ્રીમાની કૃપા છે. માએ મને જાદુઈ ઘૂઘરો આપ્યો છે.

તારો જ મા સહારો, તારો જ.
કરુણાનિધાન માતા વરદાનની દાતા,
ડૂબતાને છે ઊગાર્યો
તારો જ મા સહારો.
નિર્બળની તું બળ છો,
નિર્ધનનું તું જ ધન,
સુખ-શાંતિનો ભંડારો
તારો જ મા સહારો.
જય મા.

- સુશીલા મૉડવેલ

●

પરમ સ્નેહાળ, પ્રાતઃ સ્મરણીયા, પ્રતિપલજપનીયા, લીલાવિલાસમયી શ્રી શ્રી મા આનન્દમયીનાં પ્રથમ દર્શન મને સપ્ટેમ્બર ૧૯૭૦માં થયાં. મથુરાના વૈષ્ણવ કુટુંબમાં જન્મી હોવાથી સાધુસંતોમાં આસ્થા તો હતી જ. મા વિષે મારા સસરા સ્વ. જયનારાયણદાસ 'દાદા' કે જેમને બધા 'દાદા' નામે જ ઓળખે છે, ખૂબ વાતો કરતા જેથી મારી માનસિક સ્થિતિ વિચિત્ર થઈ ગઈ હતી. એક બાજુ દર્શનની તીવ્ર આતુરતા, બીજી બાજુ એક જાતનો ભય જે સ્વરૂપદાદાએ મારી સામે ઊભો કર્યો હતો અને જેને લીધે એક વિશેષ પ્રકારની આતુરતા મારા મનમાં જાગૃત થઈ ચૂકી હતી, અને એ દિવસ પણ આવી પહોંચ્યો. મેં વૃંદાવનધામમાં શ્રી શ્રીમાનાં પ્રથમ દર્શન કર્યાં.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


માના નીચેના કક્ષામાં બહુ ભીડ હતી. મેં જે પ્રથમ રૂપ જોયું તે આજ સુધી મારી આંખો દ્વારા અંતરના ઊંડાણમાં ઊતરીને વસી ગયું છે, અને એ અવર્ણનીય છે. બિલકુલ એવું લાગતું હતું જાણે શ્વેત શૈયા પર ભગવાન વિષ્ણુ વિરાજી રહ્યા છે. સાચે જ નારાયણનું એ સ્વરૂપ નાનપણથી જ મને બહુ ગમે છે. એ દર્શન પછી એવી અગણિત ઘટનાઓ મારા જીવનમાં ઘટતી રહી છે કે ધીમે ધીમે મારો એ વિચાર દૃઢ વિશ્વાસમાં પરિવર્તિત થઈ ગયો છે કે મા સ્વયં ભગવાન વિષ્ણુનો જ અવતાર છે. એ ઘટનાઓમાંની એક એવી હતી કે જેણે મારા જીવનમાં અતૂટ શ્રદ્ધા ને નિષ્ઠા ઉત્પન્ન કરી દીધી.

એ ઘટના ૧૯૮૦ ની છે. મારો નાનો પુત્ર દેવકીર્તિ ત્યારે ૪ વર્ષનો હતો. હું માનાં દર્શન કરવા ગઈ. ભીડ પુષ્કળ હતી. કેટલાક લોકો મા સાથે 'પ્રાઈવેટ' કરતા હતા. હું નિસરણીમાં બેઠી હતી. ખાસ્સુ મોડું થઈ ગયું હતું ને ઉદાસ દીદીએ મને બહુ વાર કહ્યું, "અત્યારે માનાં દર્શન નહી થાય, તું જઈને જમી લે." મેં કહ્યું, "માનાં દર્શન કરીને જ જમીશ." મોડું થતું જતું હતું. બે વાગી ગયા. ત્યાર પછી માનાં દર્શન થયાં ! માએ મને કહ્યું, "પ્રસાદ લઈને જજે." પણ કોણ જાણે કેમ મારા મનમાં જલ્દી મથુરા પહોંચવાનું ભૂત સવાર હતું. ઈન્દિરા દીદીએ મને ઘણી વાર કહ્યું, "જો, માએ કહ્યું છે પ્રસાદ લઈને જજે."

પરંતુ હું ઉતાવળે મથુરા જતી રહી. થાકી ગઈ હતી એટલે ઘેર પહોંચતાં જ સૂઈ ગઈ. મારો નાનો દીકરો દેવકીર્તિ તોફાન કરતો હતો. હું એને વઢી એટલે એ અગાશી પર રમવા ગયો. રમતાં રમતાં ત્યાંથી નીચે પડી ગયો, માથું પછડાવાથી બેભાન થઈ ગયો. ડૉક્ટરોથી કાંઈ ન થઈ શક્યું. એને લઈને વૃંદાવન હૉસ્પિટલમાં લઈ ગયાં, તો ત્યાંના ડૉક્ટરે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે છોકરામાં કંઈ રહ્યું જ નથી, લઈ જાઓ. બહુ આજીજી પછી આખરે એને હૉસ્પિટલમાં તો દાખલ કર્યો. એક ખાટલો આપ્યો અને ગ્લુકોઝનો બાટલો ચઢાવ્યો. રાતના લગભગ ૮ વાગ્યા ત્યારે હું મા પાસે ગઈ. મા વિશ્રામમાં હતાં. મને જોઈ એટલે ઉદાસજીએ ફરી ધમકાવી,"તું કેમ વારંવાર હેરાન કરે છે ! હજી હમણાં તો દર્શન કરીને ગઈ છે ને વળી પાછી આવી પહોંચી !" મારો અવાજ તો મા સુધી નહીં પહોંચ્યો હોય, પણ ઉદાસજી એટલા જોરથી બોલ્યાં હતાં કે માએ જરૂર સાંભળ્યું હશે. માએ અંદરથી કહ્યું, "કૌન હૈ રે ઉદાસ ?" ઉદાસજીએ કહ્યું, "ગંગાકી સ્ત્રી." માએ તરત કહ્યું, "ભેજ, ઉસે ભેજ દે."

આટલું સાંભળતાં જ, ઉદાસજીના ઉત્તરની પ્રતીક્ષા કર્યા વિના હું અંદર દોડી ગઈ. માએ પૂછ્યું, "કૈસે આયા હૈ?" મેં એક શ્વાસે બધી બીના માને કહી દીધી. માના શ્રીમુખમાંથી વચન નીકળ્યાં, "નારાયણ, નારાયણ, બહુત બુરા હુઆ." મારી આંખોમાંથી સતત અશ્રુપાત ચાલુ હતો. માએ પૂછ્યું, "ગંગા કહાં હૈ ?" મેં કહ્યું, "ઈટાવા ગયા છે." માએ પૂછ્યું, "તેરે પાસ કૌન હૈ ? કોઈ માઈ રાતમેં તેરે પાસ રહને કો હૈ ?" મેં કહ્યું, "મા, સ્ત્રી તો કોઈ નથી, મારો ભાઈ છે નાનો મારી સાથે." માએ પૂછ્યું, "તેરે પાસ પૈસા હૈ ?" ક્ષણવાર માટે તો હું સમજી જ ના શકી કે મા શું કહે છે, ત્યાં જ બીના દીદી ઉપર આવ્યાં. એ વખતે માના સ્વાસ્થ્ય માટે ૧૦૮ હનુમાનચાલીસા-પાઠ ચાલતા હતા. માએ એકદમ મને કહ્યું, "દેખ, ઉસકે પાસ બૈઠ કર સોના નહીં, હનુમાન ચાલીસાકા પાઠ કરના. જો ભી ઈધર પાસ બૈઠે, સોયે નહીં, પાઠ કરતા રહે ખ્યાલ રખના."

ત્યાર પછી દાસૂદાને બોલાવીને માએ કંઈ કહ્યું. શું કહ્યું તે ખબર ન પડી. પરંતુ એટલું ચોક્કસ હતું કે મા પાસે જે કોઈ દર્શન કરવા આવતું તેને મા પૂછતાં, "ગંગાકા લડકા કૈસા હૈ." કૌલ સાહેબ ('માદાસ') ને માએ કહ્યું, "દેખ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


બાબા, ઉસકા ખ્યાલ રખના.'' દાસૂદાની તો માએ હૉસ્પિટલમાં ડ્યૂટી જ ગોઠવી.

બીજે દિવસે સવારે મા પાસે જઈને મેં બધું જણાવ્યું. હજી એને ભાન આવ્યું નહોતું અને ડૉક્ટરોનું કહેવું હતું કે ભાનમાં ન આવે ત્યાં સુધી કંઈ પણ કહી ન શકાય. એ સમયે એક બાબા માનાં દર્શન કરવા આવ્યા હતા. માએ મને કહ્યું, ''દેખ, યે બાબા બાલબ્રહ્મચારી હૈ. ઈસકો બતા. યે કહ દેગા તો બચ્ચા ઠીક હો જાયેગા.'' માનાં વચનામૃત સાંભળીને મેં તરત બધી વાત બાબાને કરી. માએ બાબાને કહ્યું, ''બાબા, તુમને સુના.'' બાબા હસી પડ્યા અને બોલ્યા, ''જા, સબ ઠીક હો જાયેગા.'' માએ કહ્યું, ''દેખ, અબ જા. બાબાને કહ દિયા હૈ તો ઠીક હો જાયેગા.''

મારું રડવાનું ચાલુ હતું. હવે મનમાં અજબ સંતોષ, નવો ઉત્સાહ લઈને હૉસ્પિટલમાં ગઈ. બપોરે બે વાગ્યાની આસપાસ બાળક ભાનમાં આવ્યો, અને સૌથી પહેલાં એના મુખમાંથી નીકળ્યું, ''માઁ'' એ વખતે એની પાસે દાસૂદા બેઠા હતા. હું ડૉક્ટર સાથે વાત કરતી હતી. જેવાં અમે એની પાસે ગયાં કે એ ફરી બેભાન થઈ ગયો. પરંતુ હવે ડૉક્ટરોને રાહત હતી અને એમણે બમણા ઉત્સાહથી ઈલાજ શરૂ કર્યો.

ત્રીજે દિવસે દીકરો સંપૂર્ણ રીતે ભાનમાં આવ્યો, પણ કોઈને ઓળખી નહોતો શકતો, બધાંને ''માઁ માઁ'' કહેતો હતો.

હું ફરી ગભરાઈ ગઈ. સાંજે મા પાસે જઈને બધું કહ્યું. માએ કહ્યું, ''બચ ગયા યે ક્યા કમ હૈ, નારાયણકા સ્મરણ કર, નારાયણ ભલા કરેગા.''

અને બધું સારું થઈ ગયું.

માના જે અનન્ય આશીર્વાદ બાળકને તથા મારા કુટુંબને મળ્યા, એથી તો મારી દશા એવી થઈ ગઈ કે મા તે મારે માટે શું છે, એનું વર્ણન હું કરી નથી શકતી. ''મુખ નહીં નયન, નયન નહીં ભાષા'' જેવું થયું છે. હૃદયના ભાવો અભિવ્યક્ત કરવા માટે કે મા વિષે આથી વિશેષ કંઈ પણ લખવાને હું સમર્થ નથી.

●

એક વાર પૂજ્ય મા સાથે ગુજરાત ગયાં. રસ્તામાં પાણીમાં થોડુંક ચાલવું પડ્યું. એક છોકરા જેવા નોકરને મદદ માટે હું સાથે રાખતી. એને મારી પૂજાની પેટી પકડવા આપીને મેં કહ્યું, '' આને સાચવીને ચાલજે, ભીની ન થાય.'' છોકરો પાણીમાં રમત કરતો ચાલ્યો, પેટી ભીની થઈ ગઈ. મેં તમાચો માર્યો. પૂજ્ય માએ સૂક્ષ્મમાં જોઈ લીધું. પછીથી જ્યારે હું દંડવત્ પ્રણામ કરવા ગઈ ત્યારે પૂજ્ય માએ એમનું મુખ બતાવ્યું, ''દેખો કૈસા હો ગયા.'' ''આ શું થયું માઁ ?''

માએ કહ્યું, ''તૂને મારા''. મેં એ દિવસથી કોઈના પર હાથ ઉપાડવાનું સાવ છોડી દીધું.

શ્રી શ્રી માએ એક વાર મને ભગવાન માટે વસ્ત્રો સીવવાનું કામ સોંપ્યું. મા દરજી પાસે સીવડાવતાં નહીં, કારણકે દરજી પગ અડકાડે અને થૂંક લગાડે, તેથી ઘણું ખરું હું જ સીવવાનું કામ કરતી. આ વખતે ઠાકોરજીના જે કપડાં સીવવાનું કામ મને સોંપવામાં આવ્યું, તે મુશ્કેલ હોવાથી દરજી સિવાય બીજા કોઈથી થાય એમ નહોતું. માએ કહ્યું, ''આજ શામ પાંચ બજે તક ચાહિયે.'' મેં પૂછ્યું, ''માઁ, દરજી પાસે કરાવી લાવું ?'' માએ કહ્યું, ''તૂ નહીં કર સકેગા ?'' હું બોલી, ''માઁ, આટલું જલદી મારાથી થશે કે નહીં ?'' માએ કહ્યું, ''અચ્છા, જા, પર તૂ વહીં બૈઠે રહિયો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


દેખના પૈર ન લગાયે ઔર થૂક ભી ન લગાયે.'' હું જલ્દી જલ્દી ગઈ. આ વૃંદાવનની વાત છે, ત્યાંના કોઈ દરજીને હું ઓળખતી નહોતી. સામે જ કપડાની એક દુકાન હતી. ત્યાં જઈને મેં દરજી વિષે પૂછ્યું. એણે પાસે જ એક દુકાન બતાવી, સાથે સાથે એમ પણ કહ્યું કે ''અત્યારે એનો જમવાનો સમય થઈ ગયો છે એટલે કામ નહીં કરી આપે. એને એવી ટેવ છે કે જમવાને વખતે એ કોઈની વાત નથી સાંભળતો.'' મેં એને સાથે આવીને દરજી સાથે વાત કરવાની વિનંતિ કરી. એ સાથે આવ્યો પણ ખરો. દરજીને અમે બહુ વિનવ્યો, પરંતુ એ ક્યાં માને એવો હતો ! એ તો કહે, ''મોરા તો ભૂખ લગી હૈ, મૈં નાય કરૂંગો કોઈ કામ.'' હવે શું થાય ? હું તો ત્યાં જ બહાર બેસી પડી. એટલામાં એણે બારણું બંધ કર્યું, આગળો વાસીને ચાવી ફેરવવા જતો હતો, ત્યાં જ મારા ગળામાંથી અવાજ નીકળ્યો, ''ભૈયા, ભૈયા, ક્યા તુમ સચમુચ બંદ કર રહે હો ?''

કોણ જાણે મારા એ અવાજમાં શું હતું, પણ એ મારો અવાજ નહોતો એટલું હું ચોક્કસ કહું છું, વળી હું એવી રીતે બોલતી પણ નથી. તરત જ દરજીએ પાછળ ફરીને જોયું ને બોલ્યો, ''લાવ, શું કામ છે બતાવ તો.'' અત્યંત પ્રસન્નતાથી હું અંદર ગઈને કહ્યું, ''ભાઈ, જો, આ માતાજીનું કામ છે. પહેલાં હાથ ધો, પછી આ ગંગાજળ છાંટ અને જોજે પગ ન લાગે.''

એણે અથથી ઈતિ બધું જ કહ્યા પ્રમાણે આનાકાની વિના કર્યું અને બોલ્યો, ''આજે મને ખાવા નહીં દે.'' મેં કહ્યું,''ભાઈ, આજે ન ખાતો. માતાજીએ સાંજના પાંચ વાગ્યા પહેલાં માગ્યું છે.'' એ ચુપચાપ કામ કરવા લાગ્યો. ચાર વાગતામાં તો એણે ઠાકોરજીનાં કપડાં પૂરેપૂરા તૈયાર કરી આપ્યાં. પછી કહે, ''લે, મેં તારું કામ કરી આપ્યું. હવે મારું એક કામ તારે કરવું પડશે.'' મેં પૂછ્યું, ''બોલ, કયું કામ ?'' એણે કહ્યું, ''મને દર્શન કરાવી દે.'' મેં કહ્યું, ''ચાલો.''

એને લઈને સીધી માના કક્ષમાં ઘૂસી ગઈ. માને આખી વાત કહી, અને દરજી તરફ આંગળી ચીંધીને કહ્યું કે આ એ જ ભાઈ છે જેણે કરી આપ્યું. માએ એના પ્રત્યે કૃપાપૂર્ણ દૃષ્ટિથી જોયું અને હાથ ભરાય એટલો પ્રસાદ આપ્યો. એ અત્યંત પુલકિત થઈને પ્રસન્નમને ગયો. ત્યારથી મારી સાથે એણે ભૈયાનો સંબંધ બાંધી દીધો, અને આજ સુધી પત્રવ્યવહાર કરે છે, તથા જ્યારે જ્યારે શ્રી શ્રી મા વૃંદાવન પધારે ત્યારે હંમેશાં દર્શન કરવા આવે છે. મા કોને કેવી રીતે ખેંચે છે તે માની લીલા મા જાણે.

- રમા સક્સેના

●

## સુવિચાર

મનને વિકૃતિહીન કરવાનું છે. વચનને સત્યાનુશાસિત કરવાનું છે. જ્ઞાનને પૂર્ણ શાશ્વતને જાણીને આચરણમાં ઢાળવાનું છે. ભક્તિને નિર્મળ કાર્યની જન્મદાત્રી થવાનું છે. ત્યાર બાદ કર્મ નિર્ભયપણે આદર્શ રૂપે થશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# મૃત્યોર્મા અમૃતં ગમય.

- ડૉ. શુચિતા મહેતા

'સ્વ' ની ઓળખ એ માનવજીવનનું પરમ લક્ષ્ય છે. 'હું' કોણ છું ? આ શરીર નાશવંત છે. તો અમર્ત્ય એવું ચૈતન્ય જે શરીરના બંધનમાં ગ્રસ્ત છે, તેને પામીને પરમાનંદની અનુભૂતિ શી રીતે થઈ શકે ? આ પ્રશ્નો અધ્યાત્મમાર્ગને ઝંખતા સાધકને સ્વાભાવિક ઉત્સુક કરે છે. પ્રાચીન કાળથી પરમતત્ત્વ સંદર્ભે જિજ્ઞાસા માનવમનમાં ઉદ્‌ભવતી રહી છે - જેનું પ્રતિબિંબ ઉપનિષદોમાં ઝીલાયું છે. સાધકની પરમ ઝંખના -

असतो मा सद् गमय । तमसो मा ज्योतिर्गमय। मृत्योर्मा अमृतं गमय॥

અર્થાત્ અસત્‌માંથી સત્, તમસ માંથી જ્યોતિ, મૃત્યુમાંથી અમૃતમાં સંક્રમણની રહી છે. પરંતુ આ દિવ્ય સંક્રમણ સંભવે શી રીતે ? તેની આવશ્યક પૂર્વભૂમિકા કઈ હોઈ શકે ? આ સંદર્ભે ઉલ્લેખનીય છે કે આદિ શંકરાચાર્યે બ્રહ્મસૂત્ર ઉપરના ભાષ્યમાં બ્રહ્મજિજ્ઞાસા માટે 'સાધન ચતુષ્ટય'નો પૂર્વશરત તરીકે ઉલ્લેખ કર્યો છે.

૧. નિત્ય - અનિત્ય વસ્તુવિવેક

૨. ઈહલોક તેમજ પરલોકનાં ફળ પ્રત્યે વૈરાગ્ય

૩. શમ-દમ-ઉપરતિ-તિતિક્ષા-સમાધાન-શ્રદ્ધાની કેળવણી

૪. મુમુક્ષુત્વ

બ્રહ્મસૂત્ર જેનો નિચોડ છે, તેવાં ઉપનિષદો જ્ઞાનમાર્ગનું પ્રસ્થાપન કરે છે, જે પૈકી કઠોપનિષત્ આધ્યાત્મિક માર્ગે ઉન્નતિ સાધવા ઈચ્છતા જિજ્ઞાસુને ઉપદેશે છે, જેમાં ત્રણ બાબતો ઈંગિત થઈ છે-

૧. શ્રદ્ધા

૨. પ્રેયસ્ અને શ્રેયસ્ આ બન્નેનું પરીક્ષણ કરી શ્રેયસ્‌ની પસંદગી

૩. આત્મસ્વરૂપની ઓળખ

આ ત્રણેય બાબતોને સૂક્ષ્મ રીતે વિચારીએ તો તે આત્મોન્નતિ સાધવા ઝંખતા સાધકની પ્રાર્થના સ્વરૂપે છે.

કઠોપનિષત્ એ રહસ્યપંથી તત્ત્વજ્ઞાન રજૂ કરતું ઉપનિષત્ છે, જેના છ ખંડોમાં યમ-નચિકેતાનો સંવાદ પ્રસ્તુત થયો છે, જે પ્રતીકાત્મક છે. યમ-મૃત્યુના દેવ એ અધ્યાત્મમાર્ગે ઉન્નતિ ઝંખતા સાધકના માર્ગોપદેશક છે. જ્યારે નચિકેતા એ અધ્યાત્મમાર્ગે ગતિ કરવા ઉત્સુક મુસાફરના સ્વરૂપે છે. નચિકેતાના પાત્ર દ્વારા સાધકની શ્રદ્ધા, શ્રેયની ઝંખના અને જ્ઞાનની અભીપ્સા પ્રગટ થયાં છે.

વિશ્વજીત યજ્ઞમાં સર્વકાંઈ દાનમાં આપતા વાજશ્રવસ્ જ્યારે સૂકલકડી ગાયોને દાનમાં આપે છે, ત્યારે નચિકેતા તેના પિતા દ્વારા થતા નિકૃષ્ટ દાન અંગે વિચારમાં પડે છે. તે પોતાના પિતાને પ્રશ્ન કરે છે કે "તમે મને કોને દાનમાં આપશો ?" પિતા પાસેથી પ્રત્યુત્તર ન મળતાં પ્રશ્નને પુનરાવર્તિત કરે છે. તે ત્રીજી વાર પ્રશ્ન કરે છે ત્યારે વાજશ્રવસ્ ક્રોધે ભરાઈ જવાબ આપે છે. "તને હું મૃત્યુને આપું છું." પિતાના વચનને સાર્થક કરવા નચિકેતા યમને દ્વારે જાય છે. પરંતુ યમ નથી મળતા. ત્રણ દિવસ ભૂખ્યો તરસ્યો નિષ્ઠાપૂર્વક તે યમની રાહ જુએ છે. યમ આવીને પરિસ્થિતિ જાણે છે, ત્યારે નચિકેતાની શ્રદ્ધા, તેની નિષ્ઠા જોઈ એ પ્રસન્ન થાય છે, અને ત્રણ દિવસ તેની રાહ જોઈ હોવાને કારણે ત્રણ વરદાન માગવા કહે છે. પ્રથમ વરદાન તરીકે નચિકેતા - પ્રસન્ન પિતા પાસે પૃથ્વીલોકમાં પાછા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


ફરવાનું માગે છે. બીજા વરદાન તરીકે સ્વર્ગે પહોંચાડનાર નાચિકેત અગ્નિની સમજણ માગે છે, અને ત્રીજા વરદાન સ્વરૂપે મૃત્યુનું રહસ્ય જાણવા માગે છે. કઠોપનિષત્‌ની છ વલ્લીઓમાં આ વિષયવસ્તુ વણાયેલું છે, જે દ્વારા રહસ્યાત્મક શૈલીમાં સાધનામાર્ગને ઉલ્લેખ્યો છે, જે સાધકમાત્રની પ્રાર્થનાસ્વરૂપે છે.

### असतो मा सद् गमय = દૃઢ શ્રદ્ધા

"હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ જોને" - સાધનાનો માર્ગ જે માનવજીવનના પરમ લક્ષ્ય સુધી પહોંચાડે છે તે ખેડવો ઘણો કઠિન છે. શ્રદ્ધા વિના સાધક ડગલું માત્ર નથી ભરી શકતો. ઉપનિષદ્‌માં જણાવાયું છે કે શ્રદ્ધાના બળ વિના આત્મજ્ઞાન પ્રાપ્ત થતું નથી. (૧) સાધનાના માર્ગ ઉપર આગળ ધપવા શ્રદ્ધા જરૂરી પરિબળ છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં સ્પષ્ટ કહ્યું છે કે સંશયી માનવ નાશ પામે છે. (૨) નચિકેતા નિષ્ઠાવાન સાધક છે. તેની અડગ શ્રદ્ધા અને જ્ઞાનપ્રાપ્તિની અદમ્ય ઝંખના સ્પષ્ટ રજૂ થયાં છે. (૩) શ્રદ્ધા વિના ઉપદેશ, બુદ્ધિ પ્રતિભા અને શિક્ષણ મૂલ્ય વિનાનાં બની જાય છે. (૪) જ્ઞાન તર્કના બળે પ્રાપ્ત થતું નથી. (૫) કઠોપનિષદ્ સ્પષ્ટ જણાવે છે કે આત્માની ઓળખનો માર્ગ અસ્ત્રાની તીક્ષ્ણ ધાર જેવો છે, જે મહામુશ્કેલીએ પમાય છે. (૬) સત્ અને અસત્ વચ્ચેનો વિવેક સાધકને આગળ ધપાવે છે, જેમાં શ્રદ્ધાનું બળ ઉમેરાય છે. યમના દ્વારે સતત ત્રણ દિવસ તેની રાહ જોતો નચિકેતા એ જીવંત શ્રદ્ધા સ્વરૂપે છે. ધ્યેય સિદ્ધિ વિના પાછી પાની નહિ કરવાનો સંદેશ નચિકેતાનું પાત્ર આપે છે.

### तमसो मा ज्योतिर्गमय = શ્રેયની પસંદગી

માનવમાત્રને પ્રેયસ્‌ની ઝંખના રહે છે, જેની પરિપૂર્ણતા જીવનનું ધ્યેય બની રહે છે. પરંતુ પ્રેયસ્‌ની ઝંખના માનવને વધુ ને વધુ બંધનમાં જકડે છે. એષણાપૂર્તિમાં સમગ્ર જીવન હોમાઈ જાય છે, પરંતુ જીવનના મર્મને પામી શકાતો નથી. જ્યારે ચિત્તશુદ્ધિને કારણે પ્રેયસ્‌માંથી સાધક શ્રેયસ્ ભણી વળે છે. કઠોપનિષદ્‌માં આ બન્ને માર્ગોનું નિરૂપણ થયું છે. વિવેકભાન વિનાનો અર્થાત્ 'મંદમતિ'નો માનવી પ્રેયસ્ અને શ્રેયસ્ એ બન્નેમાંથી પ્રેયસ્ ઉપર પસંદગીનો કળશ ઢોળે છે. (૭) તૃષ્ણાઓના ટોપલા માથે રાખી ફરતો માનવી ક્યારેય તેના બોજામાંથી મુક્તિ નથી પામતો. જ્યારે ધીર પુરુષ બન્નેનું પરીક્ષણ કરી શ્રેયસ્‌ને પસંદ કરે છે. યમ પ્રેયસ્‌ની પસંદગી કરતા માનવોને અંધ દ્વારા તે દોરાતા અંધ પુરુષ જેવા ગણે છે. (૮) ખૂબ જ સૂક્ષ્મતાપૂર્વક યમ પ્રેયસ્‌ને ઝંખતા માનવનું મનોવિજ્ઞાન રજૂ કરે છે કે - આવા મનુષ્યો ધનની ઘેલછામાં રાચી આ જગતને જ અંતિમ ધ્યેય ગણી મૃત્યુની શૃંખલામાં ફસાય છે. (૯) તે પ્રેયસ્‌ની ઝંખનાને અવિદ્યાની કક્ષામાં મૂકે છે અને શ્રેયસની અભીપ્સાને વિદ્યા ગણે છે. (૧૦) ટૂંકમાં અવિદ્યાના અંધકારમાંથી વિદ્યાનાં તેજ ભણીનાં ડગલાં સાધકની तमसो मा ज्योतिर्गमय ની પ્રાર્થના દર્શાવે છે.

### मृत्योर्मा अमृतं गमयः =

અધ્યાત્મમાર્ગનું ચરમલક્ષ્ય 'સ્વ'ની ઓળખ છે. નિત્ય-શુદ્ધ-બુદ્ધ-મુક્ત એવા આત્મતત્ત્વની અનુભૂતિ પરમાનંદની પ્રાપ્તિ કરાવે છે. અવિદ્યા પ્રત્યુપસ્થાપિત દ્વૈત જન્મ-મરણના ચક્રાવામાં ફસાવે છે જ્યારે વિદ્યાના બળે અમૃત તત્ત્વની પ્રાપ્તિ થાય છે. (૧૧)

પરંતુ અમૃતની પ્રાપ્તિ શી રીતે થાય ? મૃત્યુની પેલે પાર શી રીતે જવાય ? શેનું જ્ઞાન પ્રાપ્ત થવાથી મૃત્યુમાંથી અમૃત તરફ ગતિ થાય ? જીવનની કડવી વાસ્તવિકતા મૃત્યુ છે. મૃત્યુનું રહસ્ય પામવા સહુ કોઈ મથે છે. મૃત્યુ પછી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


શું ? મૃત્યુ જો જીવનનો અંત છે તો આવો બીહામણો અંત કેમ ? મૃત્યુથી પર શી રીતે થઈ શકાય ? આ બધા પ્રશ્નો મનને મૂંઝવે તે સ્વાભાવિક છે.

નચિકેતા એ મૃત્યુનો પાર પામવા મથતા સાધકનું પ્રતીક છે. દેવોને પણ આ પ્રશ્ન મૂંઝવતો હોય તો મનુષ્યની તો શી વિસાત ? મૃત્યુનો વિચારમાત્ર માનવીને ભેંકાર ખાલીપાનો અનુભવ કરાવે છે. ત્રીજા વરદાન સ્વરૂપે યમ નચિકેતાને મૃત્યુનું રહસ્ય સમજાવે છે. પરંતુ ગૂઢ રીતે આ સંદર્ભે કઠોપનિષદ્ રહસ્યમાર્ગી ઉપનિષદ્ તરીકે અદકેરું સ્થાન ધરાવે છે. ઉપનિષદો મુખ્યત્વે બ્રહ્મ-જીવ-જગતની તાત્વિક છણાવટ રજૂ કરે છે. જ્યારે કઠોપનિષદ્માં રહસ્યાત્મક બાનીમાં, યમ અને નચિકેતાના સંવાદ સ્વરૂપે જે તત્ત્વજ્ઞાન રજૂ થયું છે, તે તેની વિશેષતા છે. પીઢ મનોવૈજ્ઞાનિકની સૂઝથી, તાર્કિક પદ્ધતિથી યમે મૃત્યુનું રહસ્ય છતું કર્યું છે.

સર્વ પ્રથમ તો મૃત્યુ માટે જવાબદાર પરિબળ સ્પષ્ટ કરે છે. મૃત્યુની અનુભૂતિ શાથી થાય છે ? આ બ્રહ્માંડ જે છે - તેમાં સર્વત્ર દ્વૈતની સત્તા વિલસી રહી છે. 'હું', 'તું', 'તારું' 'મારું' 'આ શરીર', 'આ બાહ્ય જગત' - આ સર્વ કાંઈ દ્વૈત બુદ્ધિથી આકારિત થાય છે. નામરૂપના વિકારો વાણીથી સ્થાન લે છે. અંતતોગત્વા સર્વકાંઈ નિત્ય - શુદ્ધ - બુદ્ધ - મુક્ત એવું આત્મતત્ત્વ જ છે. શ્રી નરસિંહ મહેતા આ જ બાબત પ્રસ્તુત કરે છે. "ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે". પરંતુ અજ્ઞાનવશ આ શરીરને સત્ય ગણી લેવાય છે. અંદર રહેલું ચૈતન્ય અમર્ત્ય છે તે ભૂલી જવાય છે - પરિણામે દ્વૈતની અનુભૂતિથી 'મૃત્યુ'ની પરંપરામાં ફસાવાય છે.

ત્યારબાદ યમ આત્માનું અમર્ત્ય સ્વરૂપ ખડું કરે છે - જેનો વિસ્તાર શ્રીમદ્ ભગવદ્ગીતામાં થયો છે.

આત્મા અજન્મા છે. તેનો નથી જન્મ કે નથી મૃત્યુ. શરીર નષ્ટ થતાં પણ આત્મતત્ત્વ નષ્ટ નથી થતું. (૧૨) આત્મતત્ત્વ અણુથી પણ અણુ અને મહાનથી પણ મહાન છે. (૧૩) વિરોધાભાસી શૈલીમાં અવર્ણનીય આત્મતત્ત્વ અંગે જણાવાયું છે કે તે બેઠું હોવા છતાં દૂર જાય છે, સૂતું હોવા છતાં બધે જાય છે. (૧૪)

સરળતમ શૈલીમાં રૂપક દ્વારા તત્ત્વજ્ઞાનના ગૂઢ સિદ્ધાંતને વ્યવહારમાં કંડાર્યો છે. રથ ઉપર સવાર સારથિ જે રીતે કુશળતાપૂર્વક લગામનો ઉપયોગ કરી માર્ગ પાર કરે છે તેવી રીતે આ જીવનના માર્ગને ગણવાનો છે. આત્મા - રથનો અધિષ્ઠાતા છે.

શરીર રથ છે, બુદ્ધિ રથ - પ્રણેતા છે, મન લગામ છે.

સાધક સફળતાપૂર્વક અધ્યાત્મના માર્ગને પાર કરી શાશ્વતીમાં પ્રવેશી જન્મ - મૃત્યુથી પર થાય છે. (૧૫) આત્મતત્ત્વને શબ્દ - સ્પર્શ - રૂપ - રસ - ગંધથી પર અનુભવી સાધ મૃત્યુમાંથી મુક્તિ પામે છે. (૧૬) શાશ્વત શાંતિ અનુભવે છે. (૧૭) સાધક એષણારહિત થતાં તેની હૃદયગ્રન્થિ ભેદાય છે. પરિણામે તે અમર્ત્ય થાય છે. (૧૯)

ટૂંકમાં 'સ્વ'ની ઓળખ પામવા મથતા માનવીની અંતરતમની પ્રાર્થના છે - અસત્ માંથી સત્, તમસ્માંથી જ્યોતિ અને મૃત્યુમાંથી અમૃત તરફની ગતિની, જે શ્રદ્ધાના બળે, જ્ઞાનથી અને શ્રેયસની અભીપ્સા દ્વારા લક્ષ્ય સુધી પહોંચાડે છે.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# આજે ગુરુપૂર્ણિમાએ

સ્વામી અખંડાનંદ સરસ્વતી
સંકલન : જયા કણિયા

જેઓ જીવનમાં ઈશ્વરને પ્રાપ્ત કરવાની ઈચ્છા ધરાવતા હોય કે ઈશ્વરના માર્ગમાં આગળ વધવા ઈચ્છતા હોય, એમને માટે તો તે ગુરુના રૂપમાં થઈ શકે. ગુરુ શંકરનું રૂપ છે. એમ ન માનશો કે ગુરુને જન્મ-મરણ હોય છે. ગુરુ તો નિત્ય છે, જ્ઞાનસ્વરૂપ છે. જો એમ પૂછો કે એમનો સહારો લેવાથી શો લાભ ? તો એનો ઉત્તર એ છે : यमाश्रितो हि वक्रोऽपि चन्द्रः सर्वत्र वन्द्यते। ચંદ્ર જ્યારે ગુરુનો સહારો લે છે, આશ્રય લે છે, શંકરના મસ્તક સાથે જોડાય છે ત્યારે જે લોકો ચંદ્રને પ્રણામ નથી કરતા, માત્ર શંકરને જ પ્રણામ કરે છે તેઓ પણ એ વક્ર થયેલા ચંદ્રને પણ પ્રણામ કરતા થઈ જાય છે.

જો ચંદ્ર અને ગુરુ એક રાશિમાં હોય તો તો પૂછવું જ શું ? ખરી વાત તો એ છે કે જો આધ્યાત્મિક દૃષ્ટિથી જોઈએ તો ચંદ્રમા મનના દેવતા છે. મન કોઈ વાર માનવને સન્માર્ગે લઈ જાય છે તો કોઈ વાર કુમાર્ગે. તમે તમારા મનને જુઓ. વિચાર કરતાં ઉપરનું સત્ય સમજાશે. માટે, જો મન ઉપર ગુરુનું શાસન રહે અને તે ગુરુની સલાહ પ્રમાણે વર્તે તો તે સારું જ કાર્ય કરશે. મન ગમે તેવું વક્ર હોય અને માનવીને ખોટે રસ્તે વાળીને ભ્રમિત માર્ગે લઈ જાય, છતાં જ્યારે તે ગુરુનું આશ્રિત થઈ જાય, ગુરુમુખી થઈ જાય ત્યારે એનું મનમુખીપણું, વક્રપણું છૂટી જાય છે. તે વખતે જેવી ગુરુની વંદના થાય છે, એવી જ શિષ્યની થવા માંડે છે. શિષ્ય ગુરુ બની જાય છે, શિષ્ય શિષ્ય નથી રહેતો. આ જ ગુરુકૃપા છે.

આવો, આજે ગુરુપૂર્ણિમાના પાવન અવસરે આપણે પણ થોડા સમય માટે ગુરુમુખી થઈએ. આપણા મનને આનંદ-સિંધુ જ નહીં, અખંડ આનંદના એક કણમાં એક ક્ષણ માટે વિલીન કરી દઈએ. એ ગુરુદેવનાં શ્રીચરણોમાં અમારા કોટિ કોટિ પ્રણામ, કારણ કે :

दोषाकारो कुटिलोऽपि कलंकितोऽपि मित्रावसानसमये विहितोदयोऽपि।
चन्द्रस्तथापि गिरीशः विभर्ति नैवाश्रितेषु गुणदोषविचारणास्ति॥

●

# જય જય જય હનુમાન ગોસાઈ

ભગવાન શંકર સ્વયં એમના આરાધ્યદેવ ભગવાન શ્રીરામચંદ્રજીની સેવા અર્થે અવતાર લેવા ઈચ્છતા હતા. સ્વાભાવિક રીતે પ્રશ્ન ઊભો થયો કે એમની નિષ્ઠાપૂર્વક સેવા કરવા માટે કયું શરીર ઉપયોગી થાય ? શ્રીરામચંદ્ર નરરૂપે પ્રગટ થયા છે. જો સેવક પણ એ જ રૂપે પ્રગટ થાય તો જાતિ, આકાર, ગુણ, ધર્મ, ખાન-પાન, રહેણી-કરણીમાં સમાનતા આવી જાય, આ તો સેવાધર્મથી વિપરીત છે. આમ વિચારી શંકરે વાનર-શરીર ગ્રહણ કર્યું. વાનરને રાંધેલા કે હિંસાજન્ય ભોજનની જરૂર નથી હોતી, ઘરની જરૂર નથી હોતી, પથારી વગેરેની પણ જરૂર નથી. હિરણ્યગર્ભની સમતા એમના અનુરાગરંજિત શરીરમાં પ્રગટિત છે, સદાશિવનો તથા મહાવિષ્ણુનો અનુગ્રહ છે, ઈન્દ્રની સંહારશક્તિ છે, પ્રાણવાયુનું બળ છે, કેસરીની શક્તિ છે, અંજનાની બુદ્ધિ છે. આમ સેવાધર્મની સમગ્રતા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્પષ્ટ પણે નજરે પડે છે. બધા દેવતાઓનાં વાહનો હોય છે, પરંતુ હનુમાન્‌જીને એની જરૂર નથી. તેઓ કોઈના પણ રોક્યા વિના બધે જઈ શકે છે. સેવાધર્મની પૂર્ણતા માટે આ બધું અનિવાર્ય છે.

એકલા શ્રીરામની જ સેવા નહીં, પણ રામભક્તોની સેવા માટે પણ સર્વત્ર સર્વદા તત્પર રહે છે. સીતા, લક્ષ્મણ, ભરત, વિભીષણ તથા આજના જમાનાના અયોગ્ય ભક્તોની સેવા પણ કરે છે. એટલું જ નહીં, નીચમાં નીચ સ્તરના ભક્તોને પણ એમની સેવા લેવામાં સંકોચ ન થાય, તે માટે જાણે વાનર-સ્વરૂપ ધારણ કરે છે. હનુમાન્‌જીનું શરીર ભૌતિક નથી. અનાહત બ્રહ્મધ્વનિરૂપ "રામરામ"નાં સ્પંદનોથી એમની એક્કેક ક્ષણ, એક્કેક કણ અને મનનો એક્કેક સંકલ્પ અનુપ્રાણિત છે.

પ્રત્યક્ષ રૂપે કરેલી સેવા બધાની દૃષ્ટિમાં પડે, પરંતુ ભક્તનું સૂક્ષ્મ સ્વરૂપ પરોક્ષ રૂપે ભગવાનની સેવા કરે છે. આનું રહસ્ય એ છે કે જ્યાં સુધી સેવક પોતાનામાં અજ્ઞાન અને ન્યૂનતાનો ભાવ ધારણ ન કરે ત્યાં સુધી એ સ્વામીનાં જ્ઞાન અને પૂર્ણતાને વિશ્વવિશ્રુત કરવાની સેવા ન કરી શકે.

મારુતિ મૌન સેવક છે. એમનામાં શબ્દનો અભાવ છે. એમની વાણી પણ સીતાની વાણી છે. એમની વાણીમાં પરા-પશ્યંતીનું સૌંદર્ય વૈખરીમાં પણ ઊતર્યું છે.

તેઓ અજબ રીતે લંકામાં પ્રવેશે છે. સમુદ્ર એમને નડતો નથી, વિશ્રામની જરૂર નથી, સુવર્ણની લંકાથી પ્રભાવિત થતા નથી, સીતાજીને શોધી કાઢે છે, અને જાણે કે પ્રબળ વૈરાગ્યના અગ્નિ દ્વારા સ્વર્ણલંકાને ભસ્મ કરે છે.

આ બધી પ્રત્યક્ષ રૂપે ભગવાનની સેવા છે. તેઓ સીતાજીને પ્રાર્થના કરે છે કે તમે મારી પીઠ ઉપર બેસી જાઓ, હું તમને શ્રીરામ પાસે લઈ જઈશ. આના ઉત્તરમાં સીતાજીના જે પાતિવ્રત્યના ઉદ્‌ગારો છે તે અત્યંત મર્મસ્પર્શી છે. સમગ્ર રામાયણની રચનાના પ્રયોજનનું દર્શન અહીં થાય છે. સીતાજી કહે છે : મેં જાણી જોઈને કોઈ પરપુરુષનો સ્પર્શ કર્યો નથી, રાવણ મને બળપૂર્વક ઊપાડી ગયો હતો. તું મારો પુત્ર હોય તેથી શું ? હું તારો પણ સ્પર્શ કરી નહીં શકું. જ્યારે મારા સ્વામી એમના પૌરુષથી મને અહીંયાંથી લઈ જશે, તો એમનો યશ વધશે.

આખું રામાયણ તે સીતાજીનું ઉદાર મહાન ચરિત્ર છે. સાચે જ, સીતાજીની સેવા જેવી હનુમાને કરી છે તેવી કોઈ કરી શકે નહીં.

હવે બીજો પ્રસંગ જોઈએ. શ્રી સીતાજીની કરુણામયી ઉદાર વૃત્તિ, ભગવાન શ્રીરામ પ્રત્યેનો પ્રેમ - આ બધું હનુમાનજીને કારણે જ પ્રગટ થાય છે. લંકાવિજય પછી શ્રીરામનો શુભ સંદેશો લઈને સીતા પાસે તેઓ જાય છે, અને કહે છે, "માતા, તમને જે રાક્ષસીઓએ ત્રાસ આપ્યો છે તેમને હું નષ્ટ કરી દઉં ?" સીતાજીના હૃદયની ભાવના અહીં પ્રગટ થાય છે, કહે છે, "હનુમાન્, જગતમાં એવું કોણ છે કે જેણે કોઈને કોઈ વેળા અપરાધ ન કર્યો હોય ? મેં લક્ષ્મણનો અપરાધ કર્યો છે. તેં લંકાના નિરપરાધી સ્ત્રી-બાળકોને પીડા આપી છે. આર્ય પુરુષનું કામ દંડ આપવાનું નથી પણ ક્ષમા કરવાનું, દયા કરવાનું છે. આવું કર્યાથી શું શ્રીરામનો યશ વધશે ?" સીતાજીનાં આ વાક્યો ભક્તોને માર્ગ ચીંધનારાં છે.

હનુમાન્ શિવસ્વરૂપ છે. એમના પ્રત્યેક ક્રિયા-કલાપથી રામનું મહત્ત્વ પ્રગટ થાય છે. પોતાના ભક્તોને રામભક્ત બનાવે છે.

એમનું બ્રહ્મચર્ય શ્રીરામની સેવા માટે કેટલું ઉપયોગી છે ? શ્રી સીતાજી માટે શ્રીરામનો પ્રેમ-સંદેશો લઈ જવો, રાવણના અંતઃપુરમાં પ્રવેશ તથા અયોધ્યાના રાજમહેલમાં અનવરત સેવા કરવાનો અવસર - આ બધું બ્રહ્મચર્ય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


વિના મળે નહીં. આમ સેવાધર્મ કેવળ અનન્ય સેવા માટે જ છે. એમાં પોતાની સેવા તો નહીં, અન્ય કોઈની સેવા પણ નહીં, સ્વામીની સેવામાં જે સહાયક હોય તેવી જ સેવા - પછી ભલે તે પોતાની હોય કે અન્યની - સ્વીકાર્ય છે. હનુમાન્‌જીએ આ ભાવ સ્પષ્ટ કર્યો છે. પુરાણોમાં એવો ઉલ્લેખ મળે છે કે બાલ્યાવસ્થામાં હનુમાન્‌જીનું બળ અમિત હતું. ચાંચલ્ય તો જાતિસિદ્ધ હતું. ઋષિઓનાં આવશ્યક ફળમૂળદાયક વૃક્ષોનો ધ્વંસ કર્યો, ત્યારે ઋષિઓએ શાપ આપ્યો કે કોઈ યાદ કરાવે ત્યાં સુધી તને તારા બળનું વિસ્મરણ થઈ જાય. આ શાપ નહીં પણ જ્ઞાનદાન હતું. ઉપાધિમૂલક બળનો તિરસ્કાર થયો. આટલા બળવાન હોવા છતાં સામાન્ય વાનરની જેમ રહેતા થયા. સેવકનું બળ સ્વામીની સેવામાં પ્રગટે તો જ સાર્થક થાય. જ્યારે સમુદ્ર - ઉલ્લંઘનની જરૂર ઊભી થઈ ત્યારે જાંબવાને એમને એમના બળનું સ્મરણ કરાવ્યું અને જોતજોતામાં કામ પતી ગયું. હનુમાન્‌જીના મનમાં 'આ બળ મારું છે' એવો વિચાર ન આવ્યો. એમની દૃષ્ટિમાં બધું જ સ્વામીનું, શ્રીરામનું બળ. વિશેષતા બધી પરમેશ્વરના બળની જ છે.

શ્રીરામે સીતા પાસે શો સંદેશો લઈ મારુતિને મોકલ્યા તેની જાણ કોઈને નહોતી. મારુતિમાં સ્વામીના સંદેશાને ગુપ્ત રાખવાની અજબ ક્ષમતા હતી, સ્મૃતિ પણ અજબ હતી. શ્રીરામનો સંદેશો એમના જ શબ્દોમાં કહ્યો. સેવકે સ્વામીનું કાર્ય પૂર્ણ કર્યા વગર અન્યની સેવા ન સ્વીકારવી જોઈએ. ''શ્રીરામનું કાજ પૂરું કર્યા વગર મને ક્યાંથી વિશ્રામ ?'' આ એક અમરવાક્ય છે.

એમનામાં બુદ્ધિ પણ કેવી હતી, તે નાગમાતા સુરસાના પ્રસંગમાં દેખાઈ આવે છે. શત્રુનગરીમાં પ્રવેશ્યા પછી માત્ર આજ્ઞાપાલન કરી પાછા ફરવું, એટલું જ સેવકનું કર્તવ્ય નથી, પરંતુ શત્રુ અસાવધાન હોવાથી એનાં યંત્ર, મંત્ર, તંત્ર કે જે ગુપ્ત હતાં, તેમાંથી હનુમાન્‌જીએ યંત્રો ધ્વસ્ત કર્યાં, બ્રહ્માસ્ત્ર આદિનાં મંત્રજ્ઞાન સ્પષ્ટ થયાં, શાસનતંત્ર ભયભીત થયું, સૈનિકો ભયભીત થયા. શ્રીરામનો એક ગુપ્તચર આવો પ્રભાવશાળી હોય તો એમની સેનામાં કેટલું સામર્થ્ય હશે ? શત્રુમાં આમ ભયસંચાર કર્યો તે એમની કુશાગ્ર બુદ્ધિનો જ પ્રભાવ છે. હનુમાનજીમાં પ્રતિભા સાથે શાંતિ છે, બુદ્ધિ સાથે આજ્ઞાપાલન છે, સ્મૃતિ સાથે ગોપન છે, બળ સાથે નિયંત્રણ છે, શારીરિક શક્તિ સાથે બ્રહ્મચર્ય છે, આ બધાં સાથે જીવનનનો એક જ ઉદ્દેશ્ય છે અને તે ભગવાન શ્રીરામની સેવા. શ્રીહનુમાન્‌જીમાં સદાશિવનો અનુગ્રહ, હિરણ્યગર્ભની સત્યસંકલ્પતા, વિષ્ણુની પાલનશક્તિ, રુદ્રની સંહારશક્તિ અને અહંકારથી મુક્ત બ્રહ્મભાવ દૃષ્ટિગોચર થાય છે.

●

तदेवार्थमात्रनिर्भासं स्वरूपशून्यमिव समाधिः ॥

એ ધ્યાનને જ સમાધિ કહેવામાં આવે છે જ્યારે એમાં કેવળ ધ્યેય અર્થમાત્રથી ભાસે છે, અને એનું (ધ્યાનનું) સ્વરૂપ શૂન્ય જેવું થઈ જાય છે.

(પાતંજલ યોગસૂત્ર - ૩-૩)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# કાશીમાં મૃત્યુ અને મુક્તિ:

- મહામહોપાધ્યાય ડૉ. ગોપીનાથ કવિરાજ.

હિંદુશાસ્ત્રોમાં તીર્થોના માહાત્મ્ય-પ્રસંગમાં અનેક વાર કર્મતીર્થ અને જ્ઞાનતીર્થ નામે બે પ્રકારનાં તીર્થોનું વર્ણન મળે છે. ક્ષેત્રની વિશેષતાને કારણે કર્મતીર્થ ધર્મ કે પુણ્ય-સંસ્કારો ઉત્પન્ન કરીને સ્વર્ગ આદિ સુખમય અવસ્થાની પ્રાપ્તિ કરાવે છે, પરંતુ જો જ્ઞાનતીર્થોનું વિધિપૂર્વક સેવન કરવામાં આવે તો એને લીધે ક્રમશઃ જ્ઞાન-સંસ્કારોનો સંચય થાય છે અને અંતે પૂર્ણ જ્ઞાનનો વિકાસ થતાં મુક્તિની પ્રાપ્તિ થઈ જાય છે. એટલા માટે જ જ્ઞાનતીર્થોને મોક્ષદાયક તીર્થો કહ્યાં છે, અને તેથી જ શાસ્ત્રોમાં અયોધ્યા, મથુરા, માયા ઈત્યાદિ નગરીઓને પ્રાચીન કાળમાં મોક્ષદાયિની ગણાવી છે. પરંતુ બીજાં બધાં મુક્તિસ્થાનો કરતાં કાશીની કેટલીક વિશેષતાઓ છે, કારણકે અન્યાન્ય જ્ઞાનભૂમિઓમાં જીવન-ધારણ કરવાથી અર્થાત્ એ સ્થળોએ નિવાસ કરવામાત્રથી સ્થાન-માહાત્મ્યને કારણે જ્ઞાનનો ઉદય થાય છે, પરંતુ કાશીમાં નિવાસથી નહીં, અપિતુ દેહત્યાગથી જ મુક્તિની પ્રાપ્તિ થઈ જાય છે.

કેટલાક લોકો એવું વિચારે છે કે "કોઈ સ્થાન-વિશેષમાં મૃત્યુ થતાં જ મુક્તિ થઈ જશે. આવું માનવું તે સર્વથા યુક્તિ-વિરુદ્ધનું છે. કાશી-મરણ વિષે શાસ્ત્રોમાં જે પ્રશંસાસૂચક વાક્યો છે, તે અર્થવાદમાત્ર છે, એટલે કે લોકોને આકર્ષવા માટે વધારીને કહેવામાં આવ્યાં છે. જો કાશીમાં મરવાથી જ મુક્તિ મળી જાય તો પછી કૃત કર્મોનો ફળભોગ ન થઈ શકે, અને જો કર્મોનું ફળ નહીં મળે તો સૃષ્ટિમાં જાતજાતની વિષમતા ઉત્પન્ન થઈ જશે તથા પાપી અને પુણ્યાત્મા પોતપોતાનાં કર્મો અનુસાર ફળ ન ભોગવે અને બન્નેને સમાન ગતિ મળી જાય તે પણ અનુચિત જણાય છે. આ સિવાય આત્મજ્ઞાન થયા વગર મુક્તિ પણ કેવી રીતે મળી શકે ? જ્ઞાન વિના મુક્તિ ન થઈ શકે - આ ઋષિઓનો ચરમ અને અભ્રાંત સિદ્ધાંત છે. એ પણ નથી સમજાતું કે પાપી અને પુણ્યાત્મા બન્ને જ કાશીમાં મરતાંવેંત પોતાનાં પાપ અને પુણ્યના સંસ્કારોમાંથી છૂટીને તત્ત્વજ્ઞાનની યોગ્યતા પ્રાપ્ત કરી લે છે, અને કર્મોનો ક્ષય થયા વિના જ્ઞાનનો ઉદય પણ કેવી રીતે થઈ શકે ? વગેરે વગેરે."

જેમના મનમાં આ જાતના સંદેહો પેદા થાય, એમણે એમ સમજવું કે સ્થાન-માહાત્મ્યનું નિરૂપણ યુક્તિઓ વડે ન થઈ શકે. બાહ્ય અથવા પાંચભૌતિક દૃષ્ટિએ કાશી તથા અન્ય પાર્થિવ સ્થાનોમાં કશો લૌકિક ભેદ નથી દેખાતો. કાશીમાં કંઈ અલૌકિક વિશેષતા છે કે નહીં, એનો નિર્ણય કોઈ શક્તિસંપન્ન પુરુષના અનુભવ દ્વારા જ થઈ શકે. કાર્ય દ્વારા જ શક્તિનું અનુમાન થાય છે, કારણકે અતીન્દ્રિય શક્તિ એ સામાન્ય માણસોના પ્રત્યક્ષનો વિષય નથી. અગ્નિની દાહિકાશક્તિ સાધારણ (સામાન્ય) દૃષ્ટિથી નથી જોઈ શકાતી. સામાન્ય મનુષ્ય તો દહનાદિ કાર્યો જોઈને જ એના અસ્તિત્વનું અનુમાન કરે છે. આ પ્રમાણે કાશીમાં એવી કોઈ વિશેષતા છે કે નહીં, જેના પ્રભાવથી જીવ જ્ઞાનવાન્ થઈને મુક્તિ-લાભ કરી શકે છે - આ તત્ત્વની યથાર્થ ઉપલબ્ધિ કરવા માટે એનો થોડો સ્થૂળ પરિચય મેળવવો જરૂરી છે. એમ કર્યા વિના આ પ્રકારના માહાત્મ્યનું અનુમાન કરવાનું પણ શક્ય નથી.

મૃત્યુ સમયે પ્રત્યેક મનુષ્યનું સૂક્ષ્મ (લિંગ) શરીર સ્થૂળ શરીરથી જુદું થઈને પોતાના કર્મ-સંસ્કારો અનુસાર ગતિ પ્રાપ્ત કરે છે. જ્યાં સુધી સ્થૂળ શરીરથી સૂક્ષ્મ શરીર છૂટું નથી પડતું ત્યાં સુધી આ ગતિનો આરંભ નથી થતો. અર્થાત્ મૃત્યુ પછી જ સૂક્ષ્મ શરીરમાં ગતિ દેખાય છે. એ ગતિની વિચિત્રતા કર્મ-વૈચિત્ર્ય અનુસાર જ થાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


ઊર્ધ્વગતિ, અધોગતિ તથા તિર્યગ્ગતિ અને પ્રત્યેક ગતિના અસંખ્ય અવાંતર ભેદો અનંત પ્રકારના જટિલ કર્મ-સંસ્કારોને કારણે જ થતા હોય છે. પરંતુ કાશીક્ષેત્રમાં જ્યારે મૃત્યુ સમયે એ લિંગ-જ્યોતિ અર્થાત્ સૂક્ષ્મ શરીર સ્થૂળ કે અન્નમય કોષથી પૃથક્ થાય છે, ત્યારે એ પોતાને એક તીવ્ર ઊર્ધ્વગામી આકર્ષણની વચ્ચે રહેલું જુએ છે, અને એ આકર્ષણના પ્રભાવથી એ લિંગ-દેહ અર્થાત્ સૂક્ષ્મ શરીર ક્રમશઃ ઊર્ધ્વગામી થાય છે. કાશી સિવાય અન્યાન્ય સ્થળોએ મૃત્યુકાળે લિંગની આવી ગતિ નથી થતી. અલબત્ત, જેમને જ્ઞાન થઈ ગયું છે, એમનું મૃત્યુ ગમે ત્યાં થાય છતાં એમનું લિંગ-શરીર જ્ઞાનના પ્રભાવથી સ્વાભાવિક રીતે જ ઊર્ધ્વગામી થાય છે. એ ક્રમ-મુક્તિ પ્રમાણે ઉત્ક્રમણની વ્યવસ્થા છે.

હવે પ્રશ્ન ઊભો થાય છે કે કાશી-ક્ષેત્રમાં શરીર છોડ્યા પછી સામાન્ય મનુષ્યોની અર્થાત્ અજ્ઞાની જીવોની પણ આ રીતે ઊર્ધ્વગતિ થાય છે કે નહીં ? જ્યારે આનો સાક્ષાત્ અનુભવ, જેમનાં મૃત્યુ થઈ ગયાં છે એમના સિવાય બીજાંઓ માટે અસંભવ છે, ત્યારે જીવિત મનુષ્ય આ વિષેના કોઈ પણ સ્થિર સિદ્ધાંત પર કેવી રીતે પહોંચી શકે ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે યોગીઓ તેમ જ યોગાભ્યાસીઓ માટે આવા સંશયને નાબૂદ કરવો તે કંઈ બહુ મુશ્કેલ કામ નથી, કારણ કે પાકું ફળ ડાળી પરથી તૂટીને ભૂમિ પર પડે તેમ પ્રારબ્ધ કર્મનો ભોગ પૂરો થયા પછી સૂક્ષ્મ શરીર સ્થૂળ શરીરથી છૂટું પડી જાય છે, બરોબર એ જ રીતે યોગલબ્ધ બળ વડે સંપન્ન પુરુષ જીવનકાળમાં એની ઈચ્છા અનુસાર યોગશાસ્ત્રોક્ત કૌશલ દ્વારા અન્નમય કોષથી લિંગ (સૂક્ષ્મ દેહ) ને પૃથક્ કરીને બહાર કાઢી શકે છે. આમ યોગી જ્યારે અભ્યાસ સમયે લિંગ-શરીરને સ્થૂળ શરીરના સંબંધમાંથી કેટલેક અંશે મુક્ત કરીને બહાર લઈ આવે છે ત્યારે તે જ ક્ષણે એ બાહ્ય જગતના વિચિત્ર આકર્ષણને અનુભવે છે. કહેવું ન પડે કે આ આકર્ષણથી જ લિંગ (શરીર)ની ભિન્ન ભિન્ન પ્રકારની ગતિઓનો આરંભ થાય છે. માટે જ, એમાં જરીકે સંદેહ નથી કે આ આકર્ષણ અને તજ્જનિત ગતિ લિંગનિહિત કર્મ-સંસ્કારોનું ફળ છે. જો એવું દેખાય કે કોઈ સ્થાન-વિશેષમાં અભ્યાસકાળમાં લિંગ-શરીર અન્નમય કોષથી પૃથક્ થતાં સાથે જ કોઈ અચિંત્ય શક્તિના આકર્ષણથી ઊર્ધ્વગામી થાય છે, એટલે સુધી કે એના વિચિત્ર કર્મ-સંસ્કારો પણ એને ખેંચીને નીચેની બાજુ નથી લાવી શકતા તો સમજવું કે એ સ્થાન-માહાત્મ્યનું જ ફળ છે. અનુભૂતિ-સંપન્ન યોગીઓને કાશીમાં આ જાતની અચિંત્ય વિશેષતાની ઉપલબ્ધિ થતી હોય છે. તેથી સ્વીકારવું પડશે કે જ્ઞાન-પ્રાપ્તિ પછી યોગબળથી દેહ ત્યાગ કર્યા પછી જેમ લિંગ-શરીરની ઊર્ધ્વગતિ થાય છે, તે જ પ્રમાણે કાશીમાં પણ મૃત્યુકાળે લિંગ પૃથક્ થવાની સાથે જ ઊર્ધ્વગતિ પ્રાપ્ત થતી હોય છે. કહેવાની જરૂર નથી કે ઊર્ધ્વગતિ જ્ઞાન વિના ન થઈ શકે, તેથી અજ્ઞાનાવૃત, પાપી અથવા પુણ્યશાળી કોઈ ગમે તે પ્રકારના કર્મવાળો હોય આ જ્ઞાનક્ષેત્રમાં દેહ ત્યાગવા સાથે જ જ્ઞાન પ્રાપ્ત કરીને ઊર્ધ્વગતિને પામે છે. શાસ્ત્રોમાં લખ્યું છે કે કાશી પૃથિવીની અંતર્ગત નથી. આનું સાચું તાત્પર્ય એ છે કે બીજાં બીજાં સ્થાનોમાં જેમ પાર્થિવ આકર્ષણ કે મધ્યાકર્ષણ સ્થૂલ દેહથી પૃથક્ થયેલા લિંગને નીચેની બાજુ ખેંચે છે, કાશીમાં બરોબર આની વિરુદ્ધ, ઊર્ધ્વ આકર્ષણ લિંગને ઊર્ધ્વ બાજુ આકર્ષિત કરે છે. સ્થૂળ દેહ સાથેનો સંબંધ તૂટવાની સાથોસાથ આવું દેખાવા માંડે છે. જેમ અધઃઆકર્ષણ અજ્ઞાનનું કાર્ય છે, તે જ રીતે ઊર્ધ્વ આકર્ષણ જ્ઞાનનું કાર્ય છે. કાશી-મૃત્યુથી લિંગ-દેહ એક પ્રકારની ઊર્ધ્વગતિશીલ અવસ્થા પ્રાપ્ત કરે છે, એટલા માટે જ કાશીની શ્રેષ્ઠ જ્ઞાનક્ષેત્રના રૂપમાં પૂજા થાય છે, તથા શાસ્ત્રોમાં ''मरणं यत्र मंगलम्'' કહીને કાશીમૃત્યુની ભૂરિ ભૂરિ પ્રશંસા કરવામાં આવી છે.

કાશીનું એવું માહાત્મ્ય કે વૈશિષ્ટ્ય છે કે નહીં એનો નિર્ણય કેવળ અનુભવ દ્વારા જ કરી શકાય, યુક્તિઓ દ્વારા નહીં. ઋષિઓના આ પ્રકારના અનુભવના આધારે જ શાસ્ત્રકારો કાશીની મહિમાનો પ્રચાર કરી ગયા છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


આજે પણ સમર્થ યોગીઓ એમના જીવનકાળમાં જ આ પ્રકારના અનુભવો પ્રાપ્ત કરે છે. આ જ્ઞાન-પ્રાપ્તિ સાક્ષાત્ કૃપાનું ફળ હોવાને કારણે એની સાથે કર્મોનો કોઈ વિરોધ નથી રહી શકતો. કહેવું ન પડે કે જ્ઞાનસ્વરૂપ શ્રી ભગવાનની કૃપા વિના કદાપિ જ્ઞાનનો ઉદય ન થઈ શકે. કર્મક્ષય થવાથી જ જ્ઞાનનો ઉદય થાય છે. પ્રાકૃત સિદ્ધાંત નથી. વસ્તુતઃ સાક્ષાત્ અથવા અપરોક્ષ જ્ઞાનનો આવિર્ભાવ થતાં જ હૃદય-ગ્રંથિનું ભેદન થઈને સમસ્ત સંશયોનું ભંજન તથા કર્મોનો ક્ષય થઈ જાય છે. એટલા માટે જ કાશી-મૃત્યુરૂપ સદ્ભાગ્યને પ્રાપ્ત કરવું અથવા આત્મજ્ઞાનનો ઉદય થવો, આ બન્ને જ ભગવાનની કૃપાથી થાય છે. દાર્શનિકગણ જાણે છે કે Justice (ન્યાય) અને Mercy (દયા) માં કશો વાસ્તવિક વિરોધ નથી. Mercy (દયા)થી Justice (ન્યાય)ની પૂર્ણતા થાય છે. Love is the fulfilment of law (પ્રેમ ન્યાયનો પૂરક છે.) - આ વાક્ય દ્વારા ઈશુના ઉપાસકોએ પણ એ જ વાતની ઘોષણા કરી છે. જે કૃપા દ્વારા કાશી-મૃત્યુ પ્રાપ્ત થાય છે, એની સાથે કર્મોનો વિરોધ ન હોવાનું કારણ એ છે કે કાશી-મૃત્યુ દ્વારા તારક જ્ઞાનનો ઉદય થવાથી અધઃઆકર્ષણ અને ગર્ભવાસ-યંત્રણા નિવૃત્ત થઈ જાય છે, પણ કૃત કર્મોનું ફળ ભલે સુખ હોય કે દુઃખ જ હોય - ઊર્ધ્વલોકમાં ભોગવવું પડે છે. અલબત્ત, જ્ઞાનોદય થવાને લીધે નવાં કર્મો નથી થતાં અને જૂનાં કૃત કર્મો ક્રમે કરીને સુખ અને દુઃખરૂપ ફળ-ભોગ દ્વારા ક્ષીણ થઈ જાય છે. પરંતુ જ્ઞાન પૂર્ણતાને પામે છે, અને જીવ પરમા મુક્તિનો અધિકારી બને છે. માટે જ કાશીમાં મૃત્યુ થવા છતાં પાપનું ફળ દુઃખ અને પુણ્યનું ફળ સુખ ભોગવવું જ પડે છે. ત્યારે કોઈ જાતના વૈષમ્ય અથવા અન્યાયનું કારણ નથી રહેતું, પરંતુ દેવાદિદેવ મહાદેવની કૃપાથી સ્થાન-માહાત્મ્યને કારણે જ્ઞાનનો ઉદય થઈ જાય છે, તેથી મુક્તિ પ્રાપ્ત કરવામાં પણ કોઈ જાતની બાધા નથી આવતી. આ વિષે અન્યાન્ય વિષયોની ફરી ક્યારેક આલોચના કરી શકાય. આ જ્ઞાનાગ્નિ સંચિત કર્મોને નિઃશેષ રૂપે સળગાવી દે છે.

અહીં સદ્યોમુક્તિ વિષે આલોચના કરવાની જરૂર નથી.

•

योगरतो वा भोगरतो वा संगरतो वा संगविहीनः ।
यस्य ब्रह्मणि रमते चितं नन्दति नन्दति नन्दत्येव ॥

ભલે ને યોગમાં રત હોય કે ભોગમાં રત હોય, સંગમાં રત હોય કે સંગ વિનાનો હોય, જેનું ચિત્ત બ્રહ્મમાં રમતું હોય તે જ આનંદ કરે છે, તે જ આનંદ કરે છે, તે જ આનંદ કરે છે.

- 'મોહમુદ્ગર'

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# વેદવાણીનો અમૃતકુંભ

संगच्छध्वं संवदध्वं सं वो मनांसि जानताम्।

देवा भागं यथा पूर्वे सञ्जनाना उपासते॥ (ऋक् १०-१९९)

હે મનુષ્યો, જેમ સૂર્યાદિ દેવો પારસ્પરિક વિરોધ છોડીને પ્રેમપૂર્વક પોતપોતાનાં કર્તવ્યોનું પાલન કરે છે, તે જ રીતે તમે પણ સમષ્ટિભાવથી પ્રેરાઈને, ઐક્ય સાધીને, કર્તવ્યપરાયણ બનો, ઐક્ય અને સદ્‌ભાવથી રહો.

●

चरन् वै मधु विन्दति चरन् स्वादुमुदुम्बरम्।

सूर्यस्य पश्य श्रेमाणं यो न तन्द्रयते चरन्॥ चरैवेति॥ (ऐतरेय ब्राह्मण)

જે ચાલતો રહે છે તે મધુ (ઈષ્ટફળ) પ્રાપ્ત કરે છે, ચાલતો ચાલતો જ મીઠા ફળનો આનંદ મેળવે છે. સૂર્યનો પરિશ્રમ જુઓ, એ કદાપિ એની ગતિશીલતા છોડીને આળસ નથી કરતો. માટે ચાલતા રહો.

●

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान् निबोधत।

क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गं पथस्तत् कवयो वदन्ति॥ (कठोपनिषद्)

ઊભો થા, જાગ, જ્ઞાની ગુરુઓને (અથવા વરદાનોને) પ્રાપ્ત કરીને આત્મજ્ઞાન મેળવ. જ્ઞાનીઓ કહે છે કે આત્મજ્ઞાનનો માર્ગ અસ્ત્રાની તીક્ષ્ણ ધાર પર ચાલવા સમાન અત્યંત કઠિન છે, દુર્ગમ છે.

●

नायमात्मा प्रवचनेन लभ्यो न मेघया न बहुना श्रुतेन।

यमेवैष वृणुते तेन लभ्यः तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम्॥ (कठ.)

આ પૂર્વોક્ત અનાદિ નિત્ય આત્મા પ્રવચન સાંભળવાથી કે તીવ્ર બુદ્ધિથી, કે ઘણા ગ્રંથો સાંભળવાથી પ્રાપ્ત નથી થતો. આ આત્મા જેને પસંદ કરે છે તે જ એને પ્રાપ્ત કરી શકે છે.

●

यस्य देवे परा भक्ति यथा देवे तथा गुरौ।

तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः॥ प्रकाशन्ते महात्मनः॥ (श्वेताश्वतर)

જેને પરમાત્મામાં અવિચળ ભક્તિ છે, અને જેવી પરમાત્મામાં તેવી જ ગુરુમાં છે, એવા મહાત્માને આ બધા આત્મસંબંધી વિષયો કહેવાથી પૂર્ણરૂપે આત્માનુભૂતિના પ્રકાશની સ્થિતિ પ્રાપ્ત થાય છે.

●

नाविरतो दुश्चरिताद् नाशान्तो नासमाहितः।

नाशान्तमानसो वापि प्रज्ञानेनैनमाप्नुयात्॥ (कठ.)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


જે દુરાચારી છે, અશાંત અર્થાત્ ચંચળ છે, જેના જીવનમાં સમાધાન નથી, જેના મનમાં કામક્રોધાદિજન્ય અશાંતિ છે, તે કેવળ જ્ઞાનથી આત્મસાક્ષાત્કાર નથી કરી શકતો, આત્મપ્રાપ્તિ નથી કરતો.

●

यस्तु विज्ञानवान् भवति समनस्कः सदा शुचिः।

स तु तत्पदमाप्नोति यस्माद् भूयो न जायते॥ (कठ.)

જે પ્રજ્ઞાવાન, મનઃ સંયમી તથા સર્વદા પવિત્ર આચરણવાળો છે, તે એના ધામને પામે છે કે જ્યાંથી પાછા ફરવાનું નથી, અર્થાત્ આત્મજ્ઞાનીને પુનર્જન્મ નથી.

●

एको वशी सर्वभूतान्तरात्मा एकं रूपं बहुधा यः करोति।

तमात्मस्थं येऽनुपश्यन्ति धीरास्तेषां सुखं शाश्वतं नेतरेषाम्॥ (कठ.)

જે બુદ્ધિશાલી મનુષ્યો એક, સ્વાયત્ત, સર્વ ભૂતોમાં વ્યાપ્ત, એક જ રૂપમાંથી અનેક રૂપો કરનારા (પરમેશ્વર) ને પોતાનામાં જ રહેલો જુએ છે, તેમને જ શાશ્વત સુખ મળે છે, બીજાંઓને નહીં.

●

आस्ते भग आसीनस्योर्ध्वस्तिष्ठति तिष्ठतः।

शेते निपद्यमानस्य चराति चरतो भगः॥ चरैवेति॥ (ऐतरेय ब्रा.)

જે બેસી રહે છે એનું ભાગ્ય પણ બેસી રહે છે. જે ઊભો રહે છે એનું ભાગ્ય પણ ઊભું રહે છે. જે સૂઈ રહે છે એનું ભાગ્ય પણ સૂતું રહે છે, પરંતુ જે ચાલે છે, અર્થાત્ જે ઉદ્યમી છે, કર્તવ્ય-પરાયણ છે એનું ભાગ્ય પણ ચાલતું રહે છે, અર્થાત્ સદૈવ ફળદાયી હોય છે. માટે ચાલતા રહો.

●

इन्द्रं मित्रं वरुणमग्निमाहुरथो दिव्यः स सुपर्णो गरुत्मान्।

एकं सद् विप्रा बहुधा वदन्ति अग्निं यमं मातरिश्वानमाहुः॥ (ऋक्.१-१६४-४६)

ઈન્દ્ર, સૂર્ય, વરુણ, અગ્નિ અને એ દિવ્ય સુંદર પાંખોવાળો વેગવાન્ ગરુડ, યમ અને વાયુ આ બધાં એક અદ્વિતીય સત્યસ્વરૂપ પરમાત્માનાં જ પ્રગટ રૂપો છે. સત્ય એક છે, વિદ્વાનો એને અનેક નામોથી કહે છે.

●

अयं मे हस्तो भगवान् अयं मे भगवत्तरः।

अयं मे विश्वभेषजोऽयं शिवाभिमर्शनः॥ (ऋक् १०-६०-१५)

(કર્તવ્યપરાયણ) આ મારો હાથ ભગવાન્ (અર્થાત્ અતિ દુષ્કર કાર્ય કરવામાં સમર્થ) છે. અરે, આ તો ભગવત્તર છે, આ મારો હાથ સમગ્ર રોગોનું ઔષધ છે, (કારણકે) એ બધાં મંગળકારી તત્ત્વોને ખેંચી લાવે છે.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


सत्यमेव जयते नानृतम् सत्येन पन्था विततो देवयानः ।

येनाक्रमन्ति ऋषयो ह्याप्तकामा

यत्र तत् सत्यस्य परमं निधानम् ॥ (मुण्डक. ३-१-६)

સત્યનો જ વિજય થાય છે, અસત્યનો નહીં. જે માર્ગે કૃતકૃત્ય ઋષિગણો જાય છે અને જ્યાં એ સત્યનું પરમ નિધાન છે એવો દેવોનો માર્ગ અમારે માટે સત્ય દ્વારા જ ખુલે છે.

●

हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।

तत् त्वं पूषन् अपावृणु सत्यधर्माय दृष्टये ॥ (ईशा. १५)

સોનાના ચમકતા ઢાંકણાથી (માયાના આવરણથી) સત્યનું (પરમાત્માનું) મુખ ઢંકાયેલું છે. હે પૂષન્, (જગતનું પોષણ કરનાર પરમાત્મા) સત્યની શોધ કરનાર મને સત્યનું મુખ દેખાય તે માટે તમે એ ઢાંકણું ખસેડી દો.

●

पुष्पिण्यौ चरतो जंघे भूष्णुरात्मा फलेग्रहिः ।

शेरेऽस्य सर्वे पाप्मानः श्रमेण प्रपथे हताः ॥ चरैवेति ॥ (एतरेय ब्रा.)

(ભૂતકાળ ભૂલીને) જે મનુષ્ય સતત ગતિશીલ રહે છે એની જાંઘો ફલવતી અર્થાત્ કાર્યસાધક હોય છે. એનો આત્મા નવાં નવાં પરાક્રમો માટે ઉત્સાહસંપન્ન થઈને સફળતાની પરંપરા બનાવે છે. એના અદમ્ય શ્રમથી સમગ્ર પાપો રસ્તામાં જ ખરી પડે છે. માટે ચાલતા રહો, ચાલતા રહો.

●

श्रेयश्च प्रेयश्च मनुष्यमेतः तौ सम्परीत्य विविनक्ति धीरः ।

श्रेयो हि धीरोऽभिप्रेयसो वृणीते प्रेयो मन्दो योगक्षेमाद् वृणीते ॥ (कठ.१-२-२)

શ્રેય અને પ્રેય બન્ને મનુષ્ય સામે આવીને ઊભાં રહે છે. વિચક્ષણ સાધક બન્નેનું નિરીક્ષણ કરીને વિવેકથી પસંદગી કરે છે. પ્રજ્ઞાવાન્ પુરુષ પ્રેયને બદલે શ્રેયને જ પસંદ કરે છે, પરંતુ મૂઢજન પ્રેયને યોગક્ષેમ (દુન્યવી લાભ)નું સાધન માનીને એને અપનાવે છે.

●

विज्ञानसारथिर्यस्तु मनः प्रग्रहवान् नरः ।

सोऽध्वनः पारमाप्नोति तद् विष्णोः परमं पदम् ॥ (कठ.१-३-९)

જે રથના માલિકનો સારથી વિવેકબુદ્ધિ છે, અને મનરૂપી લગામ પર જેનું નિયંત્રણ છે, તે જ રથી સંસારમાર્ગ પાર કરીને વિષ્ણુનું સર્વોત્તમ પદ પ્રાપ્ત કરે છે.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# અષ્ટવિનાયક

- લક્ષ્મી

ગણાધિપતિ ગજાનનનાં આઠ નામો તથા સ્વરૂપો મુદ્‌ગલપુરાણમાં જોવા મળે છે. એ બધી જ અષ્ટવિનાયક પીઠો મહારાષ્ટ્રમાં આવેલી છે. ગણપતિનાં એકવીસ પીઠસ્થાનો પણ છે. તે ઉપરાંત નારદ મુનિએ દ્વાદશ નામો ગણાવ્યાં છે. એક એવો વિચાર આવે છે કે દ્વાદશ જ્યોતિર્લિંગ સાથે દ્વાદશ નામો સંકળાયેલાં હોઈ શકે. ભગવાન શંકરે પુત્રને વરદાન આપ્યું છે કે મારી સ્તુતિ-પૂજા શરૂ કરતાં પહેલાં તારું સ્મરણ સદા કરવામાં આવશે. ગણપતિનાં દ્વાદશ નામો છે : વક્રતુંડ, એકદંત, કૃષ્ણપિંગાક્ષ, ગજવક્ત્ર, લંબોદર, વિકટ, વિઘ્નરાજ, ધૂમ્રવર્ણ, ભાલચંદ્ર, વિનાયક, ગણપતિ તથા ગજાનન.

જીવાત્માના આઠ દુર્ગુણો, નિર્બળતા અને રિપુઓ છે. શાસ્ત્રમાં ષડ્‌રિપુઓ કહ્યા છે : કામ, ક્રોધ, મદ, લોભ, મોહ, માત્સર્ય. તે ઉપરાંત મમતા અને અહંકાર. અર્થાત્ મારું અને હુંપણું. દૈવી ગુણો માનવને ઊંચે લઈ જાય છે, દાનવી ગુણો અધઃપતન કરાવે છે. એક પરમાત્મા પ્રત્યે આગળ વધવામાં સહાયક છે, બીજું પરમાત્માથી દૂર લઈ જઈને વિયોગ કરાવે છે. આ જ આદિકાળનો દૈવાસુર સંગ્રામ છે.

અષ્ટવિનાયક આ આઠ રિપુઓનો સંહાર કરે છે. તેઓ વિઘ્નેશ્વર તથા સંકટનાશક છે, એમની ઉપાસના કરવાથી રિદ્ધિ-સિદ્ધિનો કૃપા-પ્રવાહ ઉપાસક પ્રત્યે વહેતો થાય છે. વિઘ્નો દૂર થવાથી ભૌતિક તથા આધ્યાત્મિક સંપદા સાધકને પ્રાપ્ત થાય છે.

ભગવાન વક્રતુંડ વિશ્વનાં સંપૂર્ણ શરીરોને બ્રહ્મરૂપે ધારણ કરે છે, એમનું વાહન સિંહ છે, તેઓ મત્સરાસુર (માત્સર્ય, ઈર્ષ્યા)નો વધ કરનારા છે.

ભગવાન **એકદંત** દેહીઓના બ્રહ્મધારક છે, એમનું વાહન મૂષક છે, તેઓ મદાસુરનો વધ કરનારા છે.

ભગવાન **મહોદર** જ્ઞાનરૂપી બ્રહ્મના પ્રકાશક છે, એમનું વાહન મૂષક છે, તેઓ મોહાસુરનો વિનાશ કરે છે.

ભગવાન **ગજાનન** સાંખ્યબ્રહ્મના ધારક છે, મૂષક-વાહન છે, લોભાસુરનો વધ કરે છે, સાંખ્ય-યોગીઓ માટે સિદ્ધિદાયક છે.

ભગવાન **લંબોદર** સત્સ્વરૂપ છે, શક્તિબ્રહ્મના ધારક છે, મૂષકવાહન છે, ક્રોધાસુરના સંહારક છે.

ભગવાન **વિકટ** સૌરબ્રહ્મના ધારક છે, મયૂર એમનું વાહન છે, કામાસુરને હણનારા છે.

ભગવાન **વિઘ્નરાજ** વિષ્ણુબ્રહ્મના વાચક છે, શેષવાહન છે, મમતાસુરના સંહારક છે.

ભગવાન **ધૂમ્રવર્ણ** શિવબ્રહ્મસ્વરૂપ છે, મૂષકવાહન છે, અભિમાનાસુરનો નાશ કરનારા છે.

આ અષ્ટવિનાયકપીઠો મહારાષ્ટ્રમાં પૂનાની આજુબાજુ આવેલી છે. એ સ્થળોનાં નામો આ પ્રમાણે છે : મહડ, મોરગાંવ, થેઉર, લેણ્યાદ્રિ, ઓઝર, સિદ્ધટેક, પાલી અને રાજણગાંવ.

હવે પ્રત્યેકના સ્વરૂપનો પુરાણના શ્લોકોને અનુસરીને વિચાર કરીએ.

દેવરાજ ઈંદ્રના પ્રમાદમાંથી મત્સરાસુરનો જન્મ થયો. એણે દૈત્યગુરુ શુક્રાચાર્ય પાસેથી ભગવાન શંકરનો પંચાક્ષર મંત્ર ગ્રહણ કર્યો. કઠોર તપસ્યા દ્વારા ભગવાનને પ્રસન્ન કરીને અભય થવાનું વરદાન માગ્યું. શુક્રાચાર્યે એને દૈત્યોનો રાજા બનાવ્યો. સંપૂર્ણ શક્તિથી સ્વર્ગનું સામ્રાજ્ય વશમાં થયું. દૈત્યનો વિનાશ કરવા દેવોને જ્યારે કોઈ માર્ગ ન સૂઝ્યો, તે જ ક્ષણે ભગવાન દત્તાત્રેય આવ્યા. એમણે દેવોને ભગવાન વક્રતુંડના એકાક્ષરી મંત્રનો ઉપદેશ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


કર્યો. દેવોની જપ - આરાધના વડે સંતુષ્ટ થઈ ગણેશજી પ્રગટ થયા. એમણે અસંખ્ય ગણો સાથે મત્સરાસુરના નગરને ઘેરી લીધું તથા એના બે પુત્રો સુંદરપ્રિય અને વિષયપ્રિયનો વધ કર્યો. મત્સરાસુરે ભગવાનનું ભયાનક રૂપ જોઈ વ્યાકુળ થઈને વિનયપૂર્વક સ્તુતિ કરી. દયાળુ ભગવાન વક્રતુંડે એને અભય પ્રદાન કરી ભક્તિનું વરદાન આપ્યું અને શાંત જીવન પસાર કરવા માટે પાતાળમાં મોકલી દીધો.

●

મહર્ષિ ચ્યવનના પુત્ર મદાસુરે શુક્રાચાર્ય પાસે જઈને સંપૂર્ણ બ્રહ્માંડના સ્વામી થવાની ઈચ્છા દર્શાવી. શુક્રાચાર્યે એને દેવીનો એકાક્ષરી મંત્ર જપવા માટે આપ્યો, જે લઈને એણે હજારો વર્ષો સુધી કઠોર તપશ્ચર્યા કરી. દેવીએ ઈચ્છિત વરદાન પ્રદાન કર્યું. સ્વર્ગનો પણ કબજો મેળવી એણે પ્રમદાસુરની કન્યા સાથે વિવાહ કર્યા. ત્રસ્ત દેવતાઓને મહર્ષિ સનત્કુમારે ભગવાન એકદંતની આરાધના કરવા કહ્યું. એકદંત એમની ઉપાસનાથી પ્રસન્ન થયા તથા યુદ્ધ માટે આવેલા મદાસુર પર તીવ્ર પરશુથી આઘાત કર્યો. બેભાન થયેલા મદાસુરે ભાનમાં આવીને સ્તુતિ કરી, ક્ષમાયાચના કરી, ભક્તિનું વરદાન માગ્યું. ભગવાને કહ્યું, "જે સ્થળે મારી પૂજા થતી હોય ત્યાં તારે કદાપિ ન જવું. આજથી તું પાતાળમાં રહેશે."

●

મોહાસુર નામના દાનવે સૂર્યની આરાધના કરીને વરદાન મેળવ્યું. ત્રણે લોકનો અધિપતિ બની એણે પત્ની મદિરા સાથે અધર્મનું સામ્રાજ્ય જમાવ્યું. વર્ણાશ્રમ ધર્મ, યજ્ઞ, તપ, સત્કર્મ બધું નાશ પામ્યું. દેવતાઓ ભગવાન સૂર્યને શરણે ગયા. સૂર્યે એકાક્ષર મંત્ર આપીને કહ્યું કે મહોદર ગણેશને પ્રસન્ન કરો. દેવોની તપસ્યાને પરિણામે ગણેશજી પ્રગટ થયા અને મોહાસુરનો વધ કરવા ગયા. ભગવાન મહોદર મૂષક પર સવાર થઈને આવે છે તે સમાચાર નારદ મુનિએ મોહાસુરને આપ્યા, તથા એમના સ્વરૂપનો ઉપદેશ આપ્યો. શુક્રાચાર્યે પણ એને સમજાવ્યો કે શરણે જા. વિષ્ણુ ભગવાને પણ કહ્યું, "અનંતશક્તિસંપન્ન મહોદરને શરણે જવામાં જ તારું કલ્યાણ છે. એમની ક્ષમા માગ અન્યથા રણભૂમિમાં તારો વિનાશ નિશ્ચિત છે."

મોહાસુરનો અહંકાર નાશ પામ્યો. એણે વિષ્ણુ ભગવાનને પ્રાર્થના કરી, "ભગવાન મહોદરને મારા નગરમાં લાવી મને એમનાં દર્શનનો લાભ આપો."

મોહાસુરે સ્તુતિ કરી તથા વચન આપ્યું કે આજ પછી કદાપિ દેવો કે મુનિઓની નજીક નહીં જાઉં. એને ભક્તિ પ્રાપ્ત થઈ તથા એની દીનતા પર ભગવાન પ્રસન્ન થયા.

●

એક વાર દેવોના કોષાધ્યક્ષ કુબેર કૈલાસ ગયા. માતા પાર્વતીના અનુપમ સૌંદર્યથી મુગ્ધ થઈને એમને નિરખતા રહ્યા. ભગવતીએ કોપદૃષ્ટિથી જોયું, અને તે જ ક્ષણે ભયભીત કુબેરમાંથી લોભાસુર ઉત્પન્ન થયો. ધન સાથે લોભનો કેવો સંયોગ છે !

લોભાસુરને શુક્રાચાર્યે શિવનો પંચાક્ષર મંત્ર આપ્યો, જે લઈને એણે ઘોર તપ આદર્યું. શિવે ત્રણે લોકમાં નિર્ભય થવાનું વરદાન આપ્યું. અસુરે ઘણા દેવોને પરાજિત કર્યા, સાથોસાથ એવો વિચાર કર્યો કે વિષ્ણુ તથા અન્ય દેવોના રક્ષક મહાદેવ છે, તેથી એના વરદાતા સ્વયં મહાદેવ પાસે દૂત મોકલીને કહ્યું, "કૈલાસ ખાલી કરો કાં યુદ્ધ કરો," શંકરે પોતે આપેલા વરદાનની રક્ષા ખાતર કૈલાસ છોડી દીધો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


રૈભ્ય મુનિએ દેવતાઓને ગણેશ-ઉપાસના કરવાનું કહ્યું. ગજાનન પ્રસન્ન થયા. શંકરે અસુરને ગજાનનને શરણે જવા માટે સમજાવ્યો, શુક્રાચાર્યે પણ એ જ ઉપદેશ આપ્યો, ગજાનન-તત્ત્વ સમજાવ્યું. લોભાસુરે શરણે જઈ ક્ષમા-પ્રાર્થના કરી જે સ્વીકારીને ગજાનને એને પાતાળમાં જવાનો આદેશ આપ્યો.

●

ભગવાન વિષ્ણુના મોહિની રૂપથી મોહિત થયેલા શિવના અંશમાંથી કાળા રંગનો એક અસુર ઉત્પન્ન થયો, જેનાં નેત્રો તાંબાની જેમ ચમકતાં હતાં. શુક્રાચાર્યે એનું નામકરણ કર્યું ક્રોધાસુર, તથા સવિધિ સૂર્યમંત્રની દીક્ષા આપી. એક પગે ઊભા રહીને તપસ્યા કરી એણે સૂર્ય પાસેથી અમરતાનું વરદાન માગ્યું.

સ્વર્ગ, વૈકુંઠ, કૈલાસ, ત્રણે લોક જીતીને મૂર્ખ ક્રોધાસુરે વરદાનદાતા સૂર્યના લોક પર પણ ચઢાઈ કરી.

દેવો તથા ઋષિઓએ ભગવાન લંબોદરની આરાધના શરૂ કરી. પ્રસન્ન થયેલા લંબોદરે અસુરો સાથે યુદ્ધ કર્યું. ભયભીત અને દુઃખી ક્રોધાસુરે બે હાથ જોડી સ્તુતિ કરી. અંતે એને પણ ગણેશજીએ પાતાળમાં જવાનો આદેશ આપ્યો.

●

વિષ્ણુ ભગવાન જાલંધરના વધને માટે વૃંદાનું તપ નષ્ટ કરવા ગયા, ત્યારે કામાસુરનો જન્મ થયો. કામાસુર દૈત્યોના ગુરુ શુક્રાચાર્ય પાસેથી દીક્ષા લઈને વનમાં તપ કરવા ગયો. શિવના પંચાક્ષરી મંત્રનો જપ કરતાં કઠોર તપસ્યા આદરી. જેમ જેમ એનું શરીર ક્ષીણ થતું ગયું, તેમ તેમ તપનું તેજ વધતું ગયું. દિવ્ય સહસ્ર વર્ષો પૂરાં થયાં, શિવે પ્રસન્નતાથી વરદાન માગવા કહ્યું. અસુરે બ્રહ્માંડનું રાજ્ય, ભક્તિ, નિર્ભયતા, બળ તથા મૃત્યુજયી થવાનું વરદાન લીધું.

શુક્રાચાર્યે એને મહિષાસુરની સુંદર પુત્રી તૃષ્ણા સાથે પરણાવ્યો, દૈત્યોનો અધિપતિ બનાવ્યો. કામાસુરે રતિદ નામની રાજધાની સ્થાપી. રાવણ, શંબર, મહિષ, બલિ તથા દુર્મદને સેનાના પ્રધાનો બનાવ્યા. ત્રણે લોકોને જીતી લીધા. ધર્મ-કર્મનો નાશ થઈ ગયો.

મહર્ષિ મુદ્‌ગુલના આદેશથી દેવતાઓ અને મુનિઓએ મયૂરેશ ક્ષેત્રમાં જઈને વિકટદેવ ગણેશની પૂજા આરંભી. મયૂરવાહન ભગવાન વિકટે પ્રગટ થઈ સહાય કરી. કામાસુરના નગરને ઘેરી લીધું, ભીષણ યુદ્ધ થયું. શોષણ અને દુષ્પૂર નામના કામાસુરપુત્રો હણાયા. ભગવાન વિકટ બોલ્યા, "તેં શિવ-વરદાનનો ખોટો ઉપયોગ કરીને મોટો અધર્મ કર્યો છે. જો જીવતા રહેવું હોય તો શરણે આવ." ઈશ્વરે સ્વયં શરણ આપવાની ઈચ્છા બતાવી, છતાં કૃપાળુ-કરુણામયની ઈચ્છાનો અનાદર કરીને કામાસુરે ગદા ફેંકી. ગદા વિકટનો સ્પર્શ પણ કર્યા વિના નીચે પડી ગઈ. કામાસુરની શક્તિ જતી રહી અને એ મૂર્છિત થઈ ગયો. ભાનમાં આવતાં એને સમજાયું કે આ અદ્‌ભુત દેવે શસ્ત્ર વગર મારી આ દશા કરી, તો શસ્ત્ર સાથે શું થાત ? અંતે વિકટ ભગવાનના ચરણોમાં પડીને ક્ષમા માગી. દેવો તથા મુનિઓ અને સમસ્ત વિશ્વ ભયમુક્ત થયાં.

●

એક વાર ભગવતી પાર્વતી સખીઓ સાથે આનંદ કરતાં હસી પડ્યાં. એમના હાસ્યમાંથી એક પુરુષ જન્મ્યો કે જે જોતજોતમાં પર્વતાકાર થઈ ગયો. એનું નામ મમતાસુર રાખ્યું. પાર્વતીએ એને ગણેશનું સ્મરણ કરીને સર્વ ઈચ્છિત પ્રાપ્ત કરવાનું કહ્યું. પાર્વતીએ ગણેશનો ષડક્ષર મંત્ર આપ્યો જે લઈને એ વનમાં જઈ તપ કરવા લાગ્યો. ત્યાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


એને શંબરાસુરે સમસ્ત આસુરી વિદ્યાઓ શીખવી. ત્યાર પછી વિઘ્નરાજનો જપ કરી, તપ કરી એણે યુદ્ધમાં સર્વદા અજેય રહેવાનું તથા બ્રહ્માંડનું રાજ્ય મેળવવાનું વરદાન માગ્યું.

મમતાસુરની સફળતા જોયા પછી શંબરાસુરે રૂપાળી પુત્રી મોહિનીને એની સાથે પરણાવી, અને શુક્રાચાર્યે એને દૈત્યોનો અધિપતિ બનાવ્યો. બધા દૈત્યરાજાઓએ જે કર્યું તે જ પ્રમાણે મમતાસુરે પણ દેવોને ત્રાસ આપવાનું તથા બંદી બનાવવાનું, ધર્મનો નાશ કરવાનું વગેરે દુષ્કર્મો કર્યાં.

દેવતાઓએ એક વર્ષ સુધી કઠોર તપસ્યા કરીને વિઘ્નરાજ ગણેશનુ પૂજન કર્યું. ભગવાન વિઘ્નરાજે નારદ મુનિને અસુર પાસે મોકલ્યા. નારદે વિઘ્નરાજનું શરણ લેવાનું તથા અધર્મ અત્યાચાર ન કરવાનું સમજાવવા છતાં મમતાસુર ન માન્યો, અને યુદ્ધ કરવા ગયો. વિઘ્નરાજે એમનું કમળ સેના વચ્ચે પાડી દીધું. એની તીવ્ર સુગંધથી અસુરો મૂર્છા પામ્યા અને શક્તિહીન થઈ ગયા. મમતાસુર ધ્રુજતો ધ્રુજતો શરણે ગયો. શેષવાહન વિઘ્નરાજ ગણેશે ક્ષમા કરીને એને પાતાળમાં મોકલી દીધો.

●

લોકપિતામહ બ્રહ્માએ સૂર્યને કર્માધ્યક્ષનું પદ આપ્યું. સૂર્યને છીંક આવી અને અહંતાસુરનો જન્મ થયો. શુક્રાચાર્ય પાસેથી ગણેશમંત્રની દીક્ષા લઈ એણે હજારો વર્ષ તપસ્યા કરી. બીજા વરદાનો સાથે એણે અમરતાનું પણ વરદાન માગ્યું.

વિષયપ્રિય નામક નગરમાં પ્રમદાસુરની પુત્રીને પરણીને બે પુત્રો મેળવ્યા - નામે ગર્વ અને શ્રેષ્ઠ. એના અત્યાચારથી દેવો અને ઋષિમુનિઓ પર્વતોમાં સંતાઈને રહેવા લાગ્યા. આખરે બ્રહ્માની સલાહથી એમણે ધૂમ્રવર્ણ ગણેશની આરાધના શરૂ કરી. સાતસો વર્ષોની કઠોર તપસ્યા-સાધના પછી ધૂમ્રવર્ણ ભગવાનને પ્રસન્ન કર્યા.

ભગવાને મુનિ નારદને મોકલ્યા, પરંતુ અહંતાસુર સમજવાને બદલે ક્રોધિત થયો. યુદ્ધ થયું, જેમાં ભગવાન ધૂમ્રવર્ણે એમનું પાશ અસ્ત્ર છોડ્યું. અસુરો તરત સળગીને ભસ્મ થવા લાગ્યા. આખરે અસુર શરણે ગયો. ધૂમ્રવર્ણ બોલ્યા, "જ્યાં મારી પૂજા ન થતી હોય ત્યાં જઈને રહે. મારા ભક્તોને કષ્ટ દેવાનો કદાપિ પ્રયાસ ન કરતો."

●

આ અષ્ટ-વિનાયક વિષેની જાણકારી તે માત્ર કથા-આખ્યાયિકા નથી. આપણાં ધર્મશાસ્ત્રોમાં આધિભૌતિક, આધિદૈવિક તથા આધ્યાત્મિક - આમ ત્રણે પાસાં છે. આમાં માત્ર પ્રતીકો નથી આપવામાં આવ્યાં. પરંતુ ભૌતિક જગતમાં આ બધી બની ગયેલી ઘટનાઓ છે, આધિદૈવિક ક્ષેત્રમાં દેવોની ઉપાસના સાથે એનો સંબંધ છે અને આધ્યાત્મિક દૃષ્ટિએ સાધકને માટે એની સાધના તથા યોગસિદ્ધિ-વિષયક વાતો છે.

અસુરોનાં નામો પણ કેટલાં અર્થસૂચક છે, જેમ કે અહંકાર તે અહંતાસુર, જેમાંથી ઉત્પન્ન થાય છે ગર્વ તથા શ્રેષ્ઠ નામના પુત્રો. માયાના પાશ ત્યારે ઢીલા થાય જ્યારે ભગવાનની કૃપાથી એમના પાશમાં બંધાવાય. દરેક કથામાં નામો મહત્ત્વપૂર્ણ છે. જીવાત્મામાં અસુરોનું - આસુરી વૃત્તિઓનું - આધિક્ય થાય ત્યારે દેવો અર્થાત્ ઇન્દ્રિયો ઉપર એ આધિપત્ય જમાવી બેસે છે. ગુરુની પ્રેરણાથી, કૃપાથી પરમાત્માનું શરણ સ્વીકારીને આત્માના માર્ગે ચાલવાથી આત્મસાક્ષાત્કાર શક્ય બને છે. આસુરી વૃત્તિઓ સંસારમાંથી નાશ કદાપિ નથી થતી. સામાન્ય માનવી એનાથી દૂર રહેવા પ્રયત્ન કરે છતાં તે પાતાળમાં દબાઈને રહે છે, ગમે ત્યારે માથું ઊંચકી શકે છે. માત્ર પરમાત્મા જ એમાંથી કાયમ માટે મુક્તિ અપાવી શકે.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# સૂફી સંત રાબિયા

મહાન સૂફી સંત રાબિયાએ, માથે પાટો બાંધેલા એક માણસને જોઈ એમ કરવાનું કારણ પૂછ્યું. એણે કહ્યું કે એનું માથું દુઃખે છે. રાબિયાએ એની ઉંમર પૂછી, બોલ્યો "ત્રીસ વર્ષ". રાબિયાએ પૂછ્યું કે જીવનનાં ઘણાં વર્ષો આમ દુઃખ્યું છે ? માણસે કહ્યું, "ના, આજે પહેલી વાર માથું દુઃખ્યું છે."

રાબિયા : ત્રીસ વરસ સુધી ઈશ્વરે તારું શરીર સ્વસ્થ રાખ્યું અન તેં કોઈ દિવસ એના પર આભારનો પાટો ન બાંધ્યો ! પણ એક જ રાતના માથાના દુઃખાવા પર તેં ફરિયાદનો પાટો બાંધી દીધો !

●

એક હાથમાં અગ્નિ અને બીજા હાથમાં પાણી ભરેલી ડોલ ઊચકીને રાબિયાને દોડતાં જોઈ લોકોએ આશ્ચર્યથી પૂછ્યું, "ક્યાં જાઓ છો ?"

રાબિયા : હું જાઉં છું સ્વર્ગને આગ ચાંપવા અને નરકની આગ ઓલવવા, જેથી યાત્રીઓ સામેથી બન્ને પડદા ખસી જાય, એમનો ઉદ્દેશ્ય દૃઢ થાય, અને ઈશ્વરના સેવક ઈશ્વરને ખાતર જ ઈશ્વરને જોઈ શકે, સ્વર્ગની આશા વિના અને નરકના ભય વિના.

●

રાબિયાએ કપડું ખરીદવા માટે એક માણસને પૈસા આપ્યા. માણસ તરત પાછો ફર્યો અને પૂછ્યું, "ક્યા રંગનું લાવું ?"

રાબિયા : જો રંગનો પ્રશ્ન હોય તો મને પૈસા પાછા આપ. રંગનો સંબંધ ઈન્દ્રિયો સાથે છે.

પૈસા પાછા લઈને રાબિયાએ પાસે જ ટાઈગ્રીસ નદીમાં ફેંકી દીધા.

●

એક ધનિકે રાબિયાને પૈસા આપવાની ઈચ્છા દર્શાવી.

રાબિયા : આખું વિશ્વ જેની માલિકીનું છે તેની પાસેથી પણ સાંસારિક વસ્તુઓ માગતા મને શરમ આવવી જોઈએ, તો પછી વિશ્વ જેનું નથી તેની પાસેથી હું કેમ માગું ?

●

રાબિયાએ એમની માંદગીમાં કદી ફરિયાદ નહોતી કરી. કોઈએ એમને ઈશ્વર પાસે દયાની પ્રાર્થના કરવાનું કહ્યું.

રાબિયા : આ દુઃખ શું ભગવાનની ઈચ્છા નથી ? તો પછી જે એમની ઈચ્છાની વિરુદ્ધ છે તે માગવાનું મને કેમ કહો છો ? પ્રિયતમનો વિરોધ કરવો ન જોઈએ.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


પ્રશ્ન : સેવક ખરેખરો ઈશ્વરાભિમુખ ક્યારે કહેવાય ?

રાબિયા : જ્યારે એના દુઃખનો આનંદ અને સુખનો આનંદ સમાન હોય ત્યારે.

●

પ્રશ્ન : જે દ્વાર પર ટકોરા મારે તેને માટે દ્વાર ખુલશે.

રાબિયા : ક્યાં સુધી તમે ટકોરા મારશો ? કોણ ખોલશે, કોણે બંધ કર્યું છે ?

●

પ્રશ્ન : તમારી શું ઈચ્છા છે ?

રાબિયા : હું તો સેવક છું. સેવકને ઈચ્છા સાથે શી લેવા દેવા ? જો હું કંઈ ઈચ્છા કરું પણ મારા સ્વામીની એ ઈચ્છા ન હોય તો એ શ્રદ્ધાની ખામીરૂપે દેખાય. એ જ ઈચ્છા રાખવી જોઈએ જે એમની ઈચ્છા છે કે તમે એમના સાચા સેવક બનો.

●

રાબિયા : સંસારમાં સેવકે ઈશ્વર સિવાય પોતાનું કંઈ ન રાખવું જો એને ઈશ્વરની નિકટ રહેવું હોય તો.

●

રાબિયા : તમારાં દુષ્કર્મોને તમે જેમ સંતાડો છો તેમ સત્કર્મોને પણ સંતાડો.

●

## પ્રાર્થના

અંધારઘેરા આભનું કિરણ એક પ્રાર્થના,
સહરાના ઝાંઝવાનું ઝરણ એક પ્રાર્થના.

હૃદયથી તારું પૂર્ણ શરણ એક પ્રાર્થના,
આંખોથી વહેતું જળનું ઝરણ એક પ્રાર્થના.

જખ્મોની વેદનાનું મરણ એક પ્રાર્થના,
રૂંધેલી ગતિનું શીઘ્ર ચરણ એક પ્રાર્થના.

મોતના મઝધારનું તરણ એક પ્રાર્થના,
બધાંય બંધ દ્વાર તોરણ એક પ્રાર્થના.

- જયશ્રી મહેતા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# શ્રીમદ્ ભાગવત

- વૈદેહી પાર્થિવકુમાર અધ્યાર

**શ્લોક :** स वै भवान्वेद समस्तगुह्यमुपासितो यत्पुरुषः पुराणः।
परावरेशो मनसैव विश्वं, सृजत्यवत्यत्ति गुणैरसङ्गः ॥ ६ ॥

**અનુવાદ :** જે ઈશ્વર સંકલ્પમાત્રથી ગુણો વડે જગતનું સર્જન, પાલન અને સંહાર કરે છે તે અસંગ અને કાર્ય-કારણના (વિશ્વ અને માયાના) નિયંતા પુરાણપુરુષની આપશ્રીએ ઉપાસના કરી છે માટે આપ સર્વગુહ્યજ્ઞાન જાણો છો.॥ ૬॥

श्री. - अगाधबोधतां प्रपञ्चयन्नाह - स वा इति द्वाभ्याम्। सर्वगुह्यज्ञाने हेतुः - यद्यस्मात्पुराणः पुरुषः उपासितस्त्वया। कथंभूतः। परावरेशः कार्यकारणनियन्ता। मनसैव संकल्पमात्रेण गुणैः कृत्वा विश्वं सृजतीत्यादि ॥ ६ ॥

**શ્રી. અનુવાદ :** વ્યાસજીના અગાધબોધને 'स वा इति।' થી બે શ્લોકો દ્વારા વિસ્તારપૂર્વક સમજાવતા કહે છે - સર્વગુહ્ય જ્ઞાનનું કારણ (કહેવામાં આવે છે). 'यत्' જેનાથી આપના દ્વારા પુરાણપુરુષની ઉપાસના કરવામાં આવી છે. (તેથી) કેવા (પુરાણપુરુષ) ? 'पर-अवर-ईशः' કાર્ય (વિશ્વ) અને કારણ (માયા)ના નિયંતા 'मनसा एव' સંકલ્પમાત્રથી 'गुणैः' ગુણો વડે કરીને 'विश्वम्' જગતનું સર્જન પાલન અને સંહાર ॥ ૬॥

**શ્લોક :** त्वं पर्यटन्नर्क इव त्रिलोकीमन्तश्चरो वायुरिवात्मसाक्षी।
परावरे ब्रह्मणि धर्मतो व्रतैः स्नातस्य मे न्यूनमलं विचक्ष्व ॥ ७ ॥

**અનુવાદ :** આપ સૂર્યનારાયણની જેમ ત્રણેય લોકમાં ફરતા હોવાથી અને વાયુની જેમ (પ્રાણીમાત્રના) અંતરમાં ફરતા હોવાથી બુદ્ધિની વૃત્તિને જાણનાર છો. ધર્મથી (યોગથી) પરબ્રહ્મ અને વ્રતથી (સ્વાધ્યાય અને નિયમોથી) શબ્દબ્રહ્મ વિષે નિષ્ણાત એવા મારામાં જે મોટી ખામી હોય તે કહો. ॥ ૭॥

श्री. - किं च त्वं त्रिलोकीं पर्यटन्नर्क इव सर्वदर्शी। योगबलेन प्राणवायुरिव सर्वप्राणिनामन्तश्चरः सन्नात्मसाक्षी बुद्धिवृत्तिज्ञः। अतः परे ब्रह्मणि धर्मतो योगेन निष्णातस्य। तदुक्तं याज्ञवल्क्येन 'इज्याचारदमाहिंसादानस्वाध्यायकर्मणाम्। अचं तु परमो धर्मो यद्योगेनात्मदर्शनम्॥' इति। अवरे च ब्रह्मणि वेदाख्यै व्रतैः स्वाध्यायनियमैर्निष्णातस्य मेऽलमत्यर्थे यन्नूनं तद्विचक्ष्व वितर्कय ॥ ७ ॥

**શ્રી. અનુવાદ :** વળી, આપ ત્રણે લોકમાં સૂર્યનારાયણની જેમ જાણે વિચરણ કરો છો (તેથી) સર્વને જોનારા છો. યોગબલથી પ્રાણવાયુની જેમ સર્વ પ્રાણીઓના અંતરમાં ફરતા (હોવાથી) 'આત્મસાક્ષી' આત્માના સાક્ષી છો, એટલે કે બુદ્ધિની વૃત્તિઓને જાણનારા છો. આથી પરબ્રહ્મ વિષે 'धर्मतः' યોગ દ્વારા નિષ્ણાત તે યાજ્ઞવલ્ક્યઋષિ દ્વારા કહેવામાં આવ્યું છે.

"પૂજન, આચાર, સંયમ, અહિંસા, દાન, સ્વાધ્યાય કર્મોવાળો આ જ, સાચે જ પરમધર્મ છે કે જે ધર્માદિથી યોગ દ્વારા આત્મદર્શન થાય છે." - યાજ્ઞવલ્ક્યસ્મૃતિ (૧-૧-૮) 'अवरे' અને અવરબ્રહ્મ વિષે (શબ્દબ્રહ્મ) વેદ નામના બ્રહ્મ વિષે પણ નિષ્ણાત. 'व्रतैः' વ્રત દ્વારા સ્વાધ્યાય, નિયમો દ્વારા (શબ્દબ્રહ્મમાં નિષ્ણાત) એવા મને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


'अलम्' અતિઅધિક જે 'न्यूनम्' ન્યૂનતા, ખામી હોય તે 'विचक्ष्व' કહો, વિચારો. ॥ ૭॥

**શ્લોક :** ॥ नारद उवाच ॥

भवताऽनुदितप्रायं यशो भगवतोऽमलम्। येनैवासौ न तुष्येत मन्ये तद्दर्शनं खिलम् ॥ ८॥

**અનુવાદ :** નારદજી કહે છે - આપે ભગવાનનો અમલ યશ ન વર્ણવ્યો હોય (તેવી રીતે સર્વકાંઈ વર્ણવ્યું છે), જેથી ભગવાન પ્રસન્ન થતા નથી. તેથી હું માનું છું કે (આપનામાં ભગવાનના ગુણ ગાયા નહીં) તે જ જ્ઞાનની ઉણપ છે. ॥ ૮॥

श्री. - अनुदितप्रायमनुक्तप्रायम्। अमलं भगवद्यशो विना येनैव धर्मादिज्ञानेनासौ भगवान्न तुष्येत तदेव दर्शनं ज्ञानं खिलं न्यूनं मन्येऽहम् ॥ ८॥

'अनुदितप्रायम्' લગભગ ન વર્ણવ્યા હોય તેવા ભગવાનના વિમલ યશ (ના ગાન) વિના 'येनैव' જેના વિના ધર્મ વગેરેના જ્ઞાનથી આ ભગવાન પ્રસન્ન થાય નહીં. તે જ 'दर्शनम्' જ્ઞાન 'खिलम्' અધૂરું છે. તેમ હું માનું છું. ॥ ૮॥

**શ્લોક :** यथा धर्मादयश्चार्था मुनिवर्यानुकीर्तिताः। न तथा वासुदेवस्य महिमा ह्यनुवर्णितः ॥ ९॥

અનુવાદ : હે મુનિવર્ય, જેમ ધર્મ વગેરે પુરુષાર્થોને આપે વર્ણવ્યા છે તેમ વાસુદેવ ભગવાનનો મહિમા વર્ણવ્યો નથી ॥ ૯॥

श्री. - ननु भगवद्यश एव तत्र तत्रानुवर्णितं तत्राह - यथेति । चशष्दाद्धर्मादिसाधनानि च। तथा धर्मादिवत्प्राधान्येन वासुदेवस्य महिमा न ह्युक्त इत्यर्थः ॥ ९॥

**શ્રી. અનુવાદ :** હવે આક્ષેપ કરે છે કે ત્યાં ત્યાં (પદ્મ બ્રહ્માણ્ડાદિ પુરાણોમાં) ભગવાનના યશનું જ વર્ણન કરેલું છે, તે વિષયમાં કહે છે - 'यथा इति' શ્લોકમાંના 'च' શબ્દ વડે ધર્મ વગેરેનાં સાધનોને વર્ણવ્યાં છે, તેવી રીતે ધર્માદિની જેમ વાસુદેવભગવાનનો મહિમા પ્રાધાન્યપૂર્વક નથી વર્ણવ્યો તેવો અર્થ છે. ॥ ૯॥

**શ્લોક :** न यद्वचश्चित्रपदं हरेर्यशो जगत्पवित्रं प्रगृणीत कर्हिचित्।
तद्वायसं तीर्थमुशन्ति मानसा न यत्र हंसा निरमन्त्युशिक्क्षयाः ॥ १०॥

**અનુવાદ :** સુંદર શબ્દોવાળી જે વાણી, જગતને પવિત્ર કરનારો ભગવાનનો યશ ગાતી નથી તેવી વાણીને (વિદ્વાનો) કાકતીર્થ (કાગડા જેવા કામી પુરુષોનું રતિસ્થાન) માને છે, કે જ્યાં કમનીય (બ્રહ્મમાં) નિવાસ કરનારા (પરમહંસો) રમણ નથી કરતા. ॥ ૧॥

श्री. - वासुदेवव्यतिरिक्तान्यविषयज्ञानवदेवान्यविषयं वाक्चातुर्यं च खिलमेवेत्याह - नेति। चित्रपदमपि यद्वचो हरेर्यशो न प्रगृणीत तद्वायसं तीर्थं काकतुल्यानां कामिनां रतिस्थानमुशन्ति मन्यन्ते। कुतः। मानसाः सत्त्वप्रधाने मनसि वर्तमाना हंसा यतयो यत्र न निरमन्ति कर्हिचिदपि नितरां न रमन्ते। उशिक्क्षया उशिक् कमनीयं ब्रह्म क्षयो निवासो येषां ते। यथा प्रसिद्धा हंसा मानसे सरसि चरन्तः कमनीयपद्मखण्डनिवासास्त्यक्तविचित्रान्नादियुक्तेऽप्युच्छिष्टगर्ते काकक्रीडास्थाने न निरमन्त इति श्लेषः ॥ १०॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાસુદેવસિવાયના અન્ય વિષયના જ્ઞાનની જેમ અન્ય વિષયનું, વાણીનું ચાતુર્ય પણ અધૂરું જ છે તે કહે છે - 'न इति।'

(ગુણ તથા અલંકારયુક્ત) વિસ્મય પામી જવાય તેવાં પદોવાળી જે વાણી શ્રીહરિનો યશ ગાતી નથી તેને 'तद् वायसं तीर्थम्' (વિદ્વાનો) કાગડા જેવા કામીજનોનું રતિસ્થાન માને છે. કેવી રીતે ? 'मानसाः' સત્ત્વપ્રધાન મનમાં રહેનારા હંસો 'हंसाः' યતિઓ, જ્યાં 'न निरमन्ति' ક્યારેય સહેજ પણ રમણ કરતા નથી. 'उशिक्क्षयाः' उशिक् એટલે કમનીય બ્રહ્મ 'क्षयः' નિવાસ જેનો છે તે. જેમ માનસસરોવરમાં ચરતા પ્રસિદ્ધ હંસો મનોહર કમલના વનના નિવાસી છે, તેઓ ત્યજી દેવાયેલા સુંદર (જુદા જુદા) ખાદ્યપદાર્થોથી યુક્ત હોવા છતાં એઠવાડના ખાડામાં, કાગડાઓના ક્રીડાસ્થાનમાં રમણ નથી કરતા, એમ શ્લેષ (દ્વિઅર્થી) છે. (અર્થાત્ ઉત્તમ પુરુષો અને હંસો બન્નેને લાગુ પડે છે.) ॥ ૧૦॥

•

मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते।
स गुणान्समतीत्यैतान् ब्रह्मभूयाय कल्पते॥'

(गीता)

જે મનુષ્ય અવ્યભિચારિણી ભક્તિરૂપી યોગ દ્વારા મને ભજે છે, તે આ ત્રણે ગુણોને ઓળંગીને બ્રહ્મ સાથેના ઐક્યને યોગ્ય બને છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


# આશ્રમ સમાચાર

**ભીમપુરા :** શ્રી શ્રી માનો જન્મોત્સવ સુંદર રીતે સવારે ૩ થી ૫ માં મહાપૂજા તથા ભંડારાથી ઉજવાયો. આશ્રમનો નર્મદાતટનો ભાગ પ્રવાહમાં ધોવાઈ ન જાય તે માટે મારુતિબંધનું કાર્ય આરંભાઈ ચૂક્યું છે. તા. ૫ જુલાઈએ ગુરુપૂર્ણિમાનું ગુરુ-પૂજન થશે.

**કનખલ :** એપ્રિલમાં દીદીમા સ્વામી મુક્તાનંદ ગિરિજી મહારાજનો સંન્યાસોત્સવ ઉજવાયો. શ્રી શ્રી માનો જન્મોત્સવ ગર્ભગૃહમાં પ્રત્યેક વ્યક્તિ દ્વારા પ્રણામસહિત ઉજવાયો. આશ્રમમાં વાંચનાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે. 'શ્રી મૌનાનંદ પર્વત લાયબ્રેરી'નું નામકરણ સ્વ. પૂ. ભાઈજીની સ્મૃતિમાં થયું છે.

**વૃંદાવન :** અમેરિકાવાસી શ્રી ધીરુભાઈ પટેલના પરિવાર તથા અન્ય ભક્તવૃંદ તરફથી શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન થયું.

**રાંચી :** પૂ. દીદીમાનો સંન્યાસોત્સવ ઉજવાયો.

**વારાણસી :** દિવ્યજીવનસંઘના અધ્યક્ષ શ્રી ૧૦૦૮ સ્વામી ચિદાનંદજીની ઉપસ્થિતિમાં આશ્રમની કન્યાપીઠનો વાર્ષિકોત્સવ સપ્તાહવ્યાપી કાર્યક્રમ દ્વારા ઉજવાયો. તે ઉપરાંત અન્ય ઉત્સવોથી આશ્રમ વ્યસ્ત રહ્યો.

પૂજ્ય સ્વામી ભાસ્કરાનંદજી ગુરુપૂર્ણિમા પછી તરત ભીમપુરા પધારશે, તથા ત્યાંથી અમેરિકા જવા પ્રસ્થાન કરશે.

●

# શોક સમાચાર

**કાશીનરેશ ડૉ. વિભૂતિનારાયણ સિંહ :** શ્રી શ્રી માના વર્ષો જૂના ભક્ત મહારાજાએ આશ્રમની અનેકવિધ સેવા કરી હતી.

**રાજમાતા વિજયારાજે સિંધિયા :** શ્રી શ્રી માનાં જૂનાં ભક્ત, વૃંદાવન આશ્રમના છલિયા મંદિરમાં વિરાજમાન છલિયાની મૂર્તિ માને એમણે આપી હતી.

**ડૉ. સુશીલા નાયર :** માનાં જૂનાં ભક્ત. અનેક વાર મા પાસે આવ્યાં હતાં. કાશીના ચિકિત્સાલયનું નિર્માણ એમના આગ્રહથી થયું હતું, જેમાં, સ્વાસ્થ્યમંત્રી હતાં ત્યારે સરકાર તરફથી અનુદાન આપ્યું હતું.

સર્વને શ્રીચરણોમાં ચિરશાંતિ પ્રાપ્ત થાય એવી પ્રાર્થના.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



Mahamandaleshwars of the Niranjani Akhara sitting in the pandal in front of Sri Ma's cottage.



Distinguished mahatmas of the Akharas having their meals in the dining pandal.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

A view of the Saraswati Puja inside Sri Ma's cottage—29th January, 2001




Entrance gate of the Ashram camp in Kumbh Mela ground.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

A scene from the annual function of the Ma Anandamayee Kanyapeeth. Pujya Swami Chidanandaji sitting on the left, H.E. Dr. Vishnu Kant Sastri, Governor, U.P. in the middle and Maharaja Anant Narain Singh on the extreme right — all keenly observing the girl's programme. —February, 25, 2001

Km. Santoshi Suvedi, an Acharya student of the Kanyapeeth, offering a Bank draft for Rs. 11,001/- to the Governor out of their merit scholarship amounts for the Gujarat Relief Fund. Km. Jaya Bhattacharya, Principal, also on the scene.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



Late Dr. Vibhuti Narain Singh, Maharaja Benares —a man *par excellence*, loved and respected by thousands.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# STATEMENT ABOUT OWNERSHIP & OTHER PARTICULARS ABOUT NEWSPAPER ENTITLED "MA ANANDAMAYEE AMRIT VARTA" AS REQUIRED TO BE PUBLISHED U/S 190 OF THE PRESS AND REGISTRATION ACT. FORM IV (RULE 8)

| | | | |
|---|---|---|---|
| 1. | Title of Newspaper | : | Ma Anandamayee Amrit Varta |
| 2. | Place of Publication | : | Shree Shreee Anandamayee Sangha, Bhadaini, Varanasi-1 |
| 3. | Periodicity of Publication | : | Quarterly |
| 4. | Printer's Name | : | Panu Brahmachari |
| | Whether citizen of India | : | Yes |
| | Address | : | Shree Shree Ma Anandamayee Ashram, Bhadaini, Varanasi-1 |
| 5. | Publisher's Name | : | Panu Brahmachari |
| | Whether citizen of India | : | Yes |
| | Address | : | Shree Shree Ma Anandamayee Ashram, Bhadaini, Varanasi-1 |
| 6. | Editor | : | Panu Brahmachari |
| | Whether citizen of India | : | Yes |
| | Address | : | Shree Shree Ma Anandamayee Ashram, Bhadaini, Varanasi-1 |
| 7. | Name & address of the owner, who owns the Newspaper | : | Shree Shree Anandamayee Sangha, (Regd.) Bhadaini, Varanasi-1 |

I, Panu Brahmachari, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

March 1,2001

(Sd) PANU BRAHMACHARI
Publisher.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

॥ ॐ मा ॥

॥ मातृशरणम् ॥


# INDIA'S BEST NETWORKING
## TRAINING INSTITUTE IMPARTING TRAINING ON

ADVANCED DIPLOMA IN NETWORKING TECHNOLOGIES

**Novell Netware, Microsoft Windows N.T., Networking, Internet / Intranet, VB, C, C+, C++, Java, Oracle, E-commerce, Power Builder**

Enroll Now & Avail Sp. Discount with Job Assistance

OTHER COURSES & SOFTWARE COURSES ALSO AVAILABLE

MAKING YOU "MASTERS IN NETWORKING"

**G.E.C. LTD.**

24, Alishan Complex, Nr. Sardar Patel Char Rasta, Stadium Road, Ahmedabad - 380 009. Phone : 644 2699

Visit our web site at :- http://www.cmsinstitute.com

CMS is one of the largest I.T. Conglomerates in INDIA. and G.E.C. Ltd. is their franchisee


॥ ॐ मा ॥


# Namaste Bharat

**Dealing In Block Printed, Tie & Dye, Batik, Applique, Hand Embroidery, Cushion Covers, Bed-spreads, Table Linen, Dress Materials, Dupattas & Gift Articles**

57/B, Swastik Society, Off. C.G. Road, Navrangpura, Ahmedabad - 380 009.
Phone : 6441841 Visit us at : http://namastebharat.the shoppe.com


CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ॐ नित्यं नमामि जननि तव पादयुग्मं
संसारतापभयनाशकरं सुगौरम्।
मुक्तिप्रदं सुखकरं शुभदं सदैवं
शरणागतस्य मम श्रीशरणं हृदिस्थम्॥

शरणागतोऽहम् शरणागतोऽहम् शरणागतोऽहम्

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ॐ भवतापप्रणाशिन्यै
आनन्दघनमूर्तये ।
ज्ञानभक्तिप्रदायिन्यै
मातस्तुभ्यं नमो नमः ॥

**એચ. કે. અધ્યારુ ચેરિટેબલ ટ્રસ્ટ**

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

## ❄ Branch Ashrams ❄

15. NEW DELHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kalkaji, New Delhi-110019 (Tel : 011-6826813)

16. PUNE : Shree Shree Ma Anandamayee Ashram,
Ganesh Khind Road, Pune-411007, (Tel : 020-5537835)

17. PURI : Shree Shree Ma Anandamayee Ashram,
Swargadwar, Puri-752001, Orissa.

18. RAJGIR : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Rajgir, Nalanda-803116, Bihar (Tel : 06112-55362)

19. RANCHI : Shree Shree Ma Anandamayee Ashram, Main Road,
P.O. Ranchi-834001, Bihar (Tel : 0651-312082)

20. TARAPEETH : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Chandipur-Tarapeeth, Birbhum-731233, W.B.

21. UTTARKASHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kali Mandir, P.O. Uttarkashi-249193,

22. VARANASI : Shree Shree Ma Anandamayee Ashram,
Bhadaini, Varanasi-221001, U.P.
(Tel : 0542-310054+311794)

23. VINDHYACHAL : Shree Shree Ma Anandamayee Ashram, Ashtabhuja Hill,
P.O. Vindhyachal, Mirzapur-231307, (Tel : 05442-42343)

24. VRINDAVAN : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Vrindavan, Mathura-281121 U.P. (Tel: 0565-442024)

IN BANGLADESH :

1. DHAKA : Shree Shree Ma Anandamayee Ashram,
14, Siddheshwari Lane, Dhaka-17 (Tel : 405266)

2. KHEORA : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Kheora, Via-Kasba, Brahmanbaria.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

REGISTERED WITH THE REGISTRAR OF NEWSPAPERS
FOR INDIA AS NO. 65433/97

रत्ना ऑफसेट्स लिमिटेड कमच्छा, वाराणसी, फोन-३९२८२०

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માં આનન્દમયી

# અમૃત વાર્તા

VOL.-5 OCTOBER, 2001 NO. 4

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# SHREE SHREE ANANDAMAYEE SANGHA

## ❄ Branch Ashrams ❄

1. AGARPARA : Shree Shree Ma Anandamayee Ashram, P. O. Kamarhati, Calcutta-700058 (Tel : 033-5531208)
2. AGARTALA : Shree Shree Ma Anandamayee Ashram, Palace Compound, P.O. Agartala-799001. West Tripura (Tel : 0381-208618)
3. ALMORA : Shree Shree Ma Anandamayee Ashram, Patal Devi, P.O. Almora-263602, (Tel : 05962-33120)
4. ALMORA : Shree Shree Ma Anaudamayee Ashram, P.O. Dhaul-China, Almora-263881, (Tel : 05962-62013)
5. BHIMPURA : Shree Shree Ma Anandamayee Ashram, Bhimpura, P.O. Chandod, Baroda-391105, (Tel : 02663-833208
6. BHOPAL : Shree Shree Ma Anandamayee Ashram, P. O. Bairagarh, Bhopal-462030, M.P. (Tel : 0755-521227)
7. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram, Kishenpur, P.O. Rajpur, Dehradun-248009 (Phone : 0135-734271)
8. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram, Kalyanvan, 176, Rajpur Road, P.O. Rajpur, Dehradun-248009, (Phone : 0135-734471)
9. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram. P.O. Raipur Ordnance Factory, Dehradun-248010
10. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram, 47/A Jakhan, P.O. Rajpur, Dehradun,
11. JAMSHEDPUR : Shree Shree Ma Anandamayee Ashram, Near Bhatia Park, Kadma, Jamshedpur-831005, Bihar
12. KANKHAL : Shree Shree Ma Anandamayee Ashram, P.O. Kankhal, Hardwar-249408, (Tel : 0133-416575)
13. KEDARNATH : Shree Shree Ma Anandamayee Ashram, Near Himlok, P.O. Kedarnath, Chamoli-246445,
14. NAIMISHARANYA : Shree Shree Ma Anandamayee Ashram, Puran Mandir, P.O. Naimisharanya, Sitapur-261402, U.P.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# મા આનન્દમયી અમૃત વાર્તા

## શ્રી શ્રી મા આનન્દમયીના દિવ્ય જીવન
## તથા
## દિવ્ય વાણીવિષયક ત્રૈમાસિક પત્રિકા

વર્ષ - ૫ ઓક્ટોબર, ૨૦૦૧ સં - ૪

-: સંપાદક સમિતિ :-

સ્વામીશ્રી ભાસ્કરાનંદજી
ઉત્તરા ચિનુભાઈ
બ્રહ્મચારિણી વસુમતીબહેન
નિરંજન મહેતા

-: મેનેજીંગ સંપાદક :-

શ્રી પાનુ બ્રહ્મચારી

-: વાર્ષિક લવાજમ :-

| | |
|---|---|
| ભારતમાં | રૂ. ૬૦/- |
| વિદેશમાં | યુ. એસ. ડૉલર ૧૨/- |
| એક અંકની છૂટક કિંમત | રૂ. ૨૦/- |

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# અમૃત વાર્તા

## સામાન્ય નિયમો

આ પત્રિકા ચાર જુદી ભાષાઓમાં છપાય છે. - ગુજરાતી, હિન્દી, બંગાળી અને અંગ્રેજી. આ પત્રિકામાં મુખ્યત્વે શ્રી શ્રી આનન્દમયી મા વિષેના લેખો છપાશે, તેમ છતાં સાધુ-સંતોનાં જીવન-ચરિત્રો અથવા આધ્યાત્મિક તથા જ્ઞાનવર્ધક ધાર્મિક વાર્તા પણ સ્વીકારવામાં આવશે. શ્રી શ્રી મા વિષયક લેખો આપવાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. ભક્તોના જીવનમાંના અનુભવો, પ્રસંગો કે જે અતિશય વ્યક્તિગત ન હોય, તેમજ શ્રી શ્રી માની લીલાઓ જે ભક્તોએ નિહાળી હોય તથા શ્રી શ્રી મા વિષેની અનુભૂતિઓ હોય તે લખી મોકલવા વિનંતિ છે. ફૂલસ્કેપ પાનાની એક બાજુ પર લખી મોકલવાથી સરળ રહેશે. જોડણીની ભૂલો સુધારી, ચોખ્ખા અક્ષરે લખી નીચેના સરનામે મોકલી આપવું.

-: લેખો મોકલવાનું સરનામું :-

ઉત્તરા ચિનુભાઈ
૩૮, સ્વસ્તિક સોસાયટી,
નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

-: લવાજમ મોકલવાનું સરનામું :-

મેનેજીંગ સંપાદક
"મા આનન્દમયી અમૃત વાર્તા" (ગુજરાતી અંક)
શ્રી શ્રી માતા આનન્દમયી આશ્રમ,
ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧

---

સ્વામી શ્રી શ્રી આનન્દમયી સંઘ તરફથી મુદ્રક તથા પ્રકાશક શ્રી પાનુ બ્રહ્મચારી દ્વારા શ્રી શ્રી આનન્દમયી સંઘ, ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧ (ઉ.પ્ર.) થી પ્રકાશિત તથા રત્ના પ્રિન્ટિંગ વર્કર્સ, બી. ૨૧/૪૨, કમચ્છ વારાણસી - ૧૦ (ઉ.પ્ર.) માં મુદ્રિત. સંપાદક - શ્રી પાનુ બ્રહ્મચારી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# મા આનન્દમયી અમૃત વાર્તા

## અનુક્રમણિકા

ॐ भवतापप्रणाशिन्यै आनन्दघनमूर्तये ।
ज्ञानभक्तिप्रदायिन्यै मातस्तुभ्यं नमो नमः ॥


૦૧. માતૃવાણી ..... ૧

૦૨. શ્રી શ્રી માનાં સંસ્મરણો ..... શ્રી ૧૦૦૮ સ્વામી બ્રહ્માનંદજી ..... ૩

૦૩. વિંધ્યાચલની બે ઘટનાઓ ..... ૫

૦૪. માતૃલીલાકથા ..... ૯

૦૫. અવિસ્મરણીય ..... ૧૩

૦૬. ગુજરાતમાં માની લીલા ..... ગુરુપ્રિયાદેવી. ..... ૧૬

૦૭. વૈદિક પ્રાર્થના ..... ૨૪

૦૮. ઈશુ ખ્રિસ્તના જીવન વિષેનું નવું સંશોધન ..... લક્ષ્મી ..... ૨૬

૦૯. વામદેવ ..... રાજેંદ્રપ્રસાદ મિશ્ર ..... ૨૯

૧૦. શ્રીમદ્ ભાગવત ..... વૈદેહી પાર્થિવકુમાર અધ્યારુ ..... ૩૪

૧૧. સ્વામી વિશુદ્ધાનંદજી સાથે સત્સંગ ..... ૩૬

૧૨. ખંભાતનો મહીસાગર - સંગમ ..... ૩૯


CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# "હરિ કથા હી કથા, ઔર સબ વૃથાવ્યથા"

- મા આનન્દમયી

શ્રી શ્રી મા આનન્દમયીના સર્વ ભક્તોને

## "મા આનન્દમયી સેવા સમિતિ (MASS, Inc.) USA"

તરફથી સપ્રેમ

જય મા.

આ સમિતિ (MASS, Inc.) અમેરિકામાં પેન્સીલવેનીયા રાજ્યમાં સ્થાયી થઈ રજીસ્ટર થઈ છે. પૂ. શ્રી શ્રી માના ભક્તોનાં ધાર્મિક કાર્ય, સત્સંગ તથા જનસેવાનું ધ્યેય ધરાવતી આ સંસ્થાએ અમેરિકાની સરકાર તરફથી (Tax - Exemption) કર મુક્તિ મેળવી છે. સંસ્થાનો નંબર છે : 23 - 29675 જે IRS Code 501 (C) (3) ને સુસંગત રહેશે.

ઉત્તર અમેરિકામાં વસતા માતૃભક્ત જનોને વિનંતિ કે "મા આનન્દમયી અમૃતવાર્તા" ત્રિમાસિકનું લવાજમ સમિતિને (MASS, Inc.) મોકલવું. ચાર ભાષાઓમાં (અંગ્રેજી, હિન્દી, ગુજરાતી અને બંગાળી)માં પ્રસિદ્ધ થતી આ દિવ્ય-માતૃ સત્સંગપૂર્ણ પત્રિકાનો લવાજમ દર : વાર્ષિક બાર ડોલર ($12) લેખે જે ભાષામાં રસ હોય તે માટે મોકલવા વિનંતિ છે.

વધુ માહિતિ માટે સંપર્ક સાધો :

**મહાદેવ પટેલ**

C/o. MA Ananadmayee Seva Samiti, Inc.
212, Moore Road, Wallingford 19086 - 6843
Tel. : 610 - 876 -6862
Fax : 610 - 876 - 1351
email : mahadevpatel@netscape.net

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# માતૃવાણી

**મા :** નિશ્વાસ- પ્રશ્વાસમાં સહજ ભાવે નામ જપતા રહેજો. તદ્દન સહજ સાધારણ રૂપે.

પ્રશ્ન : એ જ અજપા જપ કહેવાય છે ?

**મા :** અજપા જપ એને કહે છે કે જે આપ મેળે થઈ જાય. કરવા ન પડે.

પ્રશ્ન : એ જાતની ક્રિયા કરવા માટે શો ઉપાય ?

**મા :** તમે માત્ર એ જ રીતે નામ કરતા જજો અને સ્મરણ કરતા રહેજો. નામથી જ જે થવાનું છે, આપોઆપ થઈ જાય છે.

●

કલ્પિત રાજ્યના જે અવલંબનમાં તમારું શરીર છે, એનો જ એક ભાગ અંતરાલની ક્રિયા છે. તમે જ તો 'બહુ', જાતજાતનાં રૂપો, જાતજાતના આકારો, જાતજાતના ભાવોમાં પ્રકાશિત. એક-એક આકારનાં, એક-એક ભાવનાં, અભાવભંજનનાં રૂપો, બીજું શું ? વિશ્વ બ્રહ્માંડ તમારું જ આદાન-પ્રદાન. તમે જ બધા અભાવ, તમે જ તો સ્વભાવ છો, તમારી જ આ ક્રિયા છે.

●

સત્ત્વ, રજઃ, તમ - આ ક્રિયાઓનું જે મૂળ છે, તરંગના રૂપમાં એ જ છે પ્રાણ. એક જીવમાંથી બહુ જીવો - આ છે જીવધારા. એક ઈશ્વર જ બધા જીવરૂપોમાં છે. માટે જ કહે છે - યત્ર જીવ તત્ર શિવ.

●

તમે બધાં સમવેત રૂપે આધ્યાત્મિક માર્ગ તરફ અગ્રસર થવાનો પ્રયત્ન કરો. જેમ એકીસાથે ભોજન કરો છો, એકીસાથે સત્સંગમાં બેસો છો, તે જ પ્રમાણે એકત્રિત થઈને આધ્યાત્મિક કર્મ કરી શકાય.

●

આસન લગાવવું અને આસન થવું બન્ને જુદું જુદું છે. જ્યારે બરોબર આસન લાગી જાય છે, ત્યારે ઘડા પર ઘડો બેસાડો તો જેમ નીચેનો ઘડો બરાબર બેસી જાય તો ઉપરના બેસી જાય છે, તદ્દન એ જ પ્રમાણે મેરુદંડના જૉઈન્ટ સ્ક્રૂ બેસાડ્યા હોય તેમ હાલ્યા-ડોલ્યા વગર બેસી જાય છે. એ વખતે હાલવાનો સવાલ જન્મેદા નથી થતો.

●

સત્કર્મનું ફળ લેવું જોઈએ, જે ક્રિયા કરે સત્ત્વગુણ. નિત્ય શુદ્ધ મુક્ત, તમે જ એ જ તો - સ્વયમ્ નિત્યપ્રકાશ. કંઈક કરવાથી કંઈક ફળ મળે. ક્રિયા વગર નથી રહી શકતા તો સત્ ક્રિયા કરો. "હું" કોણ છે - એ રસ્તો ખુલવા માટે ભગવત્ કર્મ જે છે, સ્વયમ્ પ્રકાશને માટે રસ્તો ખોલવો પડશે. બધાંએ લેવું જોઈએ - પોતાની જાતને મેળવવા માટે. ક્રિયા કરો પોતાને મેળવવા માટે, ભગવાનને જાણવા માટે.

●

ગુરુને શોધવા, (એવું) મનમાં આવે છે. ગુરુને મેળવવા. તમારે M.A., B.A. પાસ કરવાં પડશે. જે ભણશે, પોતે ખોળી લે છે. એ જે ગુરું છે અસલ ગુરુ, તમારી અંદર બેઠો છે. એ અંતર ગુરુને પ્રગટ થવા માટે. બહારના ગુરુને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


અંદરથી ચાહે છે. ભગવાન તો, રૂપમાં એ જ છે, અરૂપમાં પણ એ જ છે. એ રૂપમાં પ્રગટ થઈને આવી જશે.

●

જેવી રીતે મા-બાપ કહે છે પતિની ચિંતામાં (ચિંતનમાં) રહેજે. બીજા પુરુષની ચિંતા કરવી પાપ છે, તો ભગવાન સિવાય કોઈની ચિંતા ન કરવી જોઈએ.

●

ભગવત્-ચિંતન, ભગવાન, ભાગવત અને ભક્ત એક થઈ જાય. વાણિયાગીરી ન કરવી જોઈએ. જપ કરીને એમ ન વિચારવું - મેં આટલું કર્યું, મને કંઈ ન મળ્યું. આશા રાખો, (તે) સારું છે, પણ વાણિયાગિરી નહીં. પૈસા કમાવાની ઈચ્છા હોય, પૈસા ખરચવાની ઈચ્છા. એમાં રહેવું એ વિષ્ઠા છે, વિષ ભરેલું છે. દાન કરવું, સારા કામમાં વાપરવું તે પુણ્ય છે, સુફલ છે.

●

મૌનનું ફળ - અમન થઈ જવું. 'ચક્કર' બંધ કરવા માટે મૌન કરે છે. ચક્કરમાં પડી ગયા ને, ચક્કરમાંથી નીકળવા માટે. ભગવાન વિષ્ણુના હાથમાં જે ચક્ર છે, તે સમજવા માટે. ગાડીની જેમ ચાલે છે ઝટપટ. ચાલો ઝટપટ મળી જશે.

●

ગુરુમાં ઈશ્વર-બુદ્ધિ. ઈશ્વરમાં તો પ્રેમ હોવો જ જોઈએ. આવા ગુરુ કૃપાથી જ થાય છે. ગુરુ જો કૃપા કરે તો તમે સ્વયમ્ શિષ્ય બન્યા વગર રહી ન શકો. ગુરુ-શિષ્ય જે સંબંધ છે તે કૃપા જ છે. ગુરુ શક્તિથી પાર લઈ જશે.

●

જો કોઈ ખરેખર મન-પ્રાણથી એવી ઈચ્છા કરે કે અત્યાર સુધી ઘણો સમય જગતનાં આદાન-પ્રદાન, વ્યવહારમાં, વાતચીતમાં પસાર થઈ ગયો છે, હવે એ બધું છોડીને ભગવાનને ખાતર ભગવાનને લઈને રહીશ, તો ભગવાન એને માટે એવી વ્યવસ્થા કરી દે છે.

●

આ શરીર એક એવી સાધિકાની વાત સાંભળી ચૂક્યું છે કે જે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી ઘરમાં બેઠી બેઠી જપ-ધ્યાન કર્યા કરતી હતી. એથી શરીર અસ્વસ્થ નથી થતું. શરીર અસ્વસ્થ ત્યારે જ થાય જ્યારે મન બહારનો આનંદ ઈચ્છે અને તમે એમાં બાધા આપતા હો. સૂર્યના પ્રકાશમાં ભલે ને દિવસે તમે નીકળો, પણ શરીર સ્વસ્થ રહી શકે જો વાસ્તવિક જગતનો પ્રત્યાહાર કરીને, મનમાં ભગવાનને લઈને બેસવાની ઈચ્છા જાગ્રત થાય (તો).

●

ભગવાનની કૃપા છે તેથી. એક સિવાય બીજું સ્થાન છે (જ) નહીં. વર્ષા વરસે છે, પાત્રને (જો) ઊંધું મૂક્યું હોય તો છતું કરો. બાહ્ય-મુખી રહેશો તો વહી જશે. અંતર-મુખી - અંતરયામી ભગવાન હંમેશ વરસે તે માટે પાત્ર છતું કરો.

- શ્રી શ્રી મા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# શ્રી શ્રી માનાં દિવ્ય સંસ્મરણો

-મ.મ.શ્રી ૧૦૦૮ સ્વામી બ્રહ્માનંદ ગિરિ મહારાજ
સન્યાસ આશ્રમ, મુંબઈ.

बालार्कारुणतेजसं त्रिनयनां रक्ताम्बरोल्लासिनीम् ।
नानालङ्कृतिराजमानवपुषं बालोडुराड् शेखराम् ॥
हस्तैरिक्षुधनुः सृणी सुमकरां पाशं मुदा विभ्रतीम् ।
श्रीचक्रस्थितसुन्दरीं त्रिजगतामाधारभूतां स्मरेत् ॥

બ્રહ્મલીન પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી સ્વામી મહેશ્વરાનંદ ગિરિજી મહારાજ સાથે શ્રી શ્રી માનો ખૂબ સ્નેહ હતો. શ્રી શ્રી માએ મારી સાથે પણ એવો જ પ્રેમ રાખ્યો, જેનો હું હાર્દિક આભારી છું.

યોગ-સિદ્ધિસમ્પન્ન કરુણામયી મા શરણાગત ભક્તોનું કલ્યાણ કરનારાં હતા.

(૧) એક સમયની વાત છે કે શ્રી શ્રી મા પાસે એક તાંત્રિક એમના ઘણા બધા ભકતો સાથે આવ્યા. એમના ભકતોએ શ્રી શ્રી માને કહ્યું કે અમારા મહારાજજી ચમત્કારિક રીતે સાકર, લવિંગ, એલચિ જે માગો તે પોતાની સિદ્ધિથી કાઢી આપે છે. આવું કહ્યા પછી માએ કહ્યું, ''અચ્છા બાબા! બહુત અચ્છા બાબા !! નિકાલો બાબા ! '' પછી એ તાંત્રિકે પોતાની તંત્રવિદ્યાનો ભરપૂર પ્રયોગ કર્યો, પરંતુ શ્રી શ્રી માની દિવ્ય શકિત આગળ એની તંત્રવિદ્યા કંઈ કામ ન કરી શકી. એ ખૂબ જ ક્રોધિત થઈ ગયો, અને નીચે ઊતરીને કહેવા લાગ્યો, ''હું જોઈ લઈશ ! આમણે અમારી સિદ્ધિને અમારા ભકતોની વચ્ચે બાંધી દીધી છે.''

(૨) પંડિત ગોપીનાથ કવિરાજજી કાશીના મૂર્ધન્ય આગમવિદ્ તથા શ્રી શ્રી માના અનન્ય ભકત હતા. એક વાર કવિરાજજીના સંપર્કમાં (કેદાર નામનો) એક દિવ્ય પ્રતિભાસંપન્ન છોકરો આવ્યો, જેને પૂર્વજન્મની સ્મૃતિ હતી, તથા લોક-લોકાંતરોમાં ભ્રમણ કરવાની શકિત હતી. શ્રી શ્રીમાના યોગવૈભવનું પણ એને અનુમાન હતું. એણે શ્રીમાને કહ્યું ''મા, રાત્રે હું ઘણીવાર લોકાંતરોમાં ભ્રમણ કરવા જાઉં છું. મા, આજે રાત્રે આપ પણ ચાલો '' શ્રી માએ ઉત્તર આપ્યો કે ''તું લોકાંતરોમાં જજે, તું આ શરીરને ગમે તે જગ્યાએ યાદ કરીશ, હું ત્યાં જ મળીશ. આ શરીરને આવવું-જવું નથી પડતું.'' રાત્રે જ્યારે આ છોકરો સૂક્ષ્મ શરીરમાં રહીને લોકાંતરોમાં ભ્રમણ કરતો હતો ત્યારે જ્યાં જ્યાં એણે શ્રી શ્રી માનું સ્મરણ કર્યુ, ત્યાં ત્યાં એને શ્રી શ્રી માનાં દર્શન થયાં. પછી અનેક સ્મૃતિઓને આધારે એણે શ્રી શ્રી માની 'વ્યાપકતા' ની પુષ્ટિ કરી. આ જાણીને શ્રી કવિરાજજીને અત્યંત હર્ષનો અનુભવ થયો. આવા તો કેટલાયે પ્રસંગો છે જેનાથી શ્રી શ્રી માની સર્વવ્યાપિની શકિત તથા યોગ-જ્ઞાનનો પરિચય મળે છે.

(૩) ગુજરાતમાં ગંગનાથની સમીપે નર્મદા પટ પર ભીમપુરામાં માનો એક બહુ જ સુરમ્ય આશ્રમ છે. શ્રી શ્રી મા બદ્રિકાશ્રમ સંયમ-સપ્તાહ પછી સંતો ને ભકતો સાથે એ આશ્રમે ગયાં. શ્રી શ્રી માના બધા જ આશ્રમોના અધ્યક્ષ શ્રી બી.કે.શાહ સપત્ની એમની સાથે હતા.એક સપ્તાહ પછી શ્રી શ્રી મા એકાએક ખૂબ અસ્વસ્થ જેવાં થઈ ગયાં, અને એમણે બધા જ ભકતો જોડે બોલવું- ચાલવું તથા ભોજન આદિનો પણ ત્યાગ કરી દીધો. બધા આશ્રમવાસીઓ ચિંતિત રહેવા લાગ્યા. દૈવવશાત્ હું બદ્રિકાશ્રમ જઈ પહોંચ્યો મને ખબર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


પડી કે શ્રી શ્રી મા ભીમપુરા આશ્રમમાં પધાર્યાં છે. મારો વિચાર ચાલતો હતો કે શ્રી શ્રી માનાં દર્શનાર્થે જવું, ત્યાં જ મા તરફથી એક-બે સંતો બદ્રિકાશ્રમ આવ્યા, અને બોલ્યા કે શ્રી માએ આપને યાદ કર્યા છે. હું માનાં દર્શનાર્થે જ્યારે ભીમપુરા પહોંચ્યો ત્યારે પણ શ્રી શ્રી મા અસ્વસ્થતાની જ લીલામાં હતાં. પરંતુ મારા પહોંચતાં વેંત જ શ્રી શ્રી માએ મને આનન્દમયી રૂપમાં દર્શન આપ્યાં. મેં પૂછયું, ''મા, આપનું આ શરીર સ્વસ્થ-પ્રસન્ન છે ને ?''

તે જ વખતથે શ્રી શ્રી મા 'આનન્દમયી ભાવે' પ્રસન્નચિત્તે તથા મધુર સ્મિત વિખેરતાં બોલ્યાં, ''બાબા સબ ઠીક હૈ. '' આ જ રીતે શ્રી શ્રી મા જોડે મારો વધારે વાર્તાલાપ થતો રહ્યો. તે વખતે બી.કે.શાહ કહેવા લાગ્યા કે , ''મહારાજજી, આપને મળ્યા પછી જ શ્રી શ્રી મા અમને આટલી પ્રસન્ન મુદ્રામાં દર્શન આપી રહ્યાં છે. અમે બધાં ખૂબ પ્રસન્ન થયાં છીએ.'' આવા અનેક પ્રસંગોની પ્રતીતિ દ્વારા શ્રી શ્રી માની દિવ્ય મહિમાનું સ્મરણ તેમ જ એમની ચિન્મયી લીલાનું ચિંતન કરતાં કરતાં એમના પ્રત્યે મારી અસીમ શ્રદ્ધાંજલી અર્પિત કરીને પોતાને ધન્ય માનું છું.

❀

કોણ કોનું (છે), પિતાજી ? આપણે ધર્મશાળામાં છીએ. સમય થાય ત્યારે કોઈ કોઈને માટે બેસી નહીં રહે. વિદેશમાં રહેવાથી જ દુઃખ. પોતાના ઘરમાં પોતાના લોકો પાસે રહેવાથી જ આનંદ. એટલા માટે જ પોતાનું ઘર, પોતાના જનને શોધો. વિદેશમાં કેટલા દિવસ કષ્ટ પામશો ? 'એમની' બાજુ લક્ષ્ય રાખો.

-શ્રી શ્રી મા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# વિંધ્યાચલની બે ઘટનાઓ

-સોમેશ ચંદ્ર બેનર્જી

શ્રી શ્રી માતા આનંદમયીનો એક નાનો સરખો આશ્રમ વિંધ્યાચલ (જીલ્લો મિર્જાપુર) પાસે વિંધ્ય પર્વત પર પ્રસિદ્ધ અષ્ટભુજા મંદિરથી થોડેક દૂર સ્થિત છે. આ સ્થાન બહુ જ નિર્જન, નિઃસ્તબ્ધ અને પવિત્ર છે. અહીંથી પતિતપાવની ગંગાના વિશાળ વક્ષઃસ્થળનું દર્શન અપૂર્વ છે. અહીં આવ્યા પછી મનની ચંચળતા સ્વાભાવિક રૂપે સ્થિર થઈ જાય છે, અને દિવ્ય આનંદનો અનુભવ થાય છે.

શ્રી શ્રી માનાં એકાંત નિવાસસ્થાનોમાં આ સ્થાન વિશેષ મહત્ત્વપૂર્ણ તથા આકર્ષક છે. અહીં મા આવે ત્યારે દર્શન છૂટથી કોઈ જાતની રોકટોક વગર થતાં. તેથી માના વિંધ્યાચલ પધારવાની સૂચના મળતાં જ ઘણાંના મનમાં અહીં આવવાની ઈચ્છા પ્રબળ થઈ જતી. પરંતુ આશ્રમનો એક પાક્કો કૂવો છે, જ્યાંથી ઊચકી ઊચકીને જળ ઉપર પહોંચાડવામાં આવતું. માના આગમનથી જળની આવશ્યકતા વધી જવાને કારણે ખાસ આ કામ કરવા માટે વધારાના ઘણા માણસો રાખવા પડતા. એ લોકો આખો દિવસ નીચેથી જળ ભરીને ઉપર લાવતા રહેતા. માને એમના શ્રમ ને કષ્ટનો ખ્યાલ હતો. આશ્રમમાં ઊતરેલા પુરુષ ભકતો સ્નાનાદિ કાર્ય માટે કાં તો ગંગાજી સુધી જઈ આવતા કે પછી આશ્રમના ભકતો કૂવા પર જ નાહી લેતા, પરંતુ સ્ત્રીઓ કૂવામાંથી આણેલા સીમિત જળથી જ ગમે તેમ કરીને કામ ચલાવી લેતી. વધારે લોકો આવી જાય તો પાણીની અછતને લીધે રસોઈ રાંધવામાં પણ અડચણ પડતી. કોઈ કોઈ વાર એવી સૂચના અપાતી કે મા બોલાવે તો જ બહારના ભકતોએ આવવું. છતાં પણ શ્રી શ્રી માનું આર્કષણ એવું તીવ્ર છે કે અડચણો જાણીને પણ ભકતો માનું સાન્નિધ્ય પામવા માટે ત્યાં પહોંચી જતા અને આનન્દભાવથી રહેતા.

શ્રી શ્રી માના નિવાસ ભવનમાં માનો કક્ષ બીજે માળે છે. સાંકડા વરંડા વડે આ કક્ષ ચારે બાજુથી ઘેરાયેલો છે. ગંગાજી બાજુના વરંડાના એક ખૂણામાં મા નેતરના મૂઢા ઉપર બેસી જતાં. પુરુષ ભકતો એક વરંડામાં તથા સ્ત્રીઓ બીજા વરંડામાં લાંબી કતારોમાં શેતરંજી પર બેસી જતાં. દિગંતવિસ્તૃત ગંગાવક્ષની પટભૂમિમાં માના ઉજ્જવળ મનોહર રૂપનાં દર્શન કરતાં સહુ આનંદવિભાર થતાં. બધાની દૃષ્ટિ મા પર બંધાયેલી રહેતી. મા કયારેક આ સ્થાન વિષે કેટલીક વાતો કરતાં. આ સ્થળે પહેલાં વાઘ વગેરે પ્રાણીઓ આવતાં, તેથી નીચલા માળના વરંડાને લોખંડના સળિયાઓથી ઘેરી લીધો હતો. અહીં સાપ પણ બહુ હતા. કોઈ વાર પાસેનાં જંગલોમાં પોતાના ભાવમાં મા કેવી રીતે ફરીને આવતાં એ વિષે પણ વાર્તાલાપ થતો. આમ આસપાસનાં સ્થળો પણ માના પાદસ્પર્શથી પવિત્ર થયાં છે.

શ્રી મા પાસેથી જ સાંભળ્યું હતું કે આ જ આશ્રમ-સ્થળ ઉપર મા વિંધ્યાવાસિનીનું આદિ મંદિર હતું. આશ્રમ-ભવન પાસે મંદિરના કેટલાક ભગ્નાવશેષો મળ્યા હતા, જે હજી પણ અહીંયા દેખાય છે. માના નિર્દેશ અનુસાર આશ્રમના પરિસરમાં ખોદકામ કરવાથી ત્યાંથી મૂર્તિઓ નીકળી હતી, જે હાલમાં પુરાત્ત્વવિભાગમાં છે. માએ કહ્યું કે પ્રાચીન મંદિરની પાસે એક કૂવો પણ હતો, જેમાંથી જળ લઈને સાધુ-સંતોને આશ્રમ-ભવનની સામેથી પસાર થતાં માએ સૂક્ષ્મમાં જોયા હતા. આ જાણકારીથી ઘણાનાં મનમાં એ જાણવાની ઉત્સુકતા થઈ કે એ કૂવો કયાં આવ્યો છે, અને જો એ કૂવાનો પત્તો મળે તો આશ્રમમાં પાણીની અડચણ સમાપ્ત થઈ જાય. પરંતુ એ વિષયમાં મા દ્વારા અધિક જાણકારી ન અપાતાં કૂવાનો પત્તો ન મળી શકયો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


કદાચ સન્ ૧૯૮૦ ની વાત છે. શ્રી શ્રીમા વિંધ્યાચલ આશ્રમમાં આવ્યાં એ અવસરે ઘણા બધા ભક્તોનું પણ આગમન થયું. તત્કાલીન વડા પ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધી પણ આવીને માનાં દર્શન કરી ગયાં. ઘણા લોકો હોવાને લીધે જળની પણ સમુચિત વ્યવસ્થા કરવી પડી.

એ દિવસોમાં ઉનાળામાં દુકાળ પડવાને કારણે મિર્જાપુર જીલ્લાના પર્વતીય ક્ષેત્રમાં ઈન્ડિયા માર્ક-૨ હેન્ડપમ્પ લગાડવાનું કાર્ય ચાલી રહ્યું હતું. પથરાળ જમીનોમાં ધરતીની નીચે કયાંકયાંથી જળ ઉપલબ્ધ કરી શકાય એની યંત્રો દ્વારા શોધખોળ કરવા માટે પુનાના વિશેષજ્ઞ 'જીઓહાઈડ્રોલૉજીસ્ટ' ડૉકટર ઘરેને મિર્જાપુર બોલાવવામાં આવ્યા. સંજોગવશ ડૉકટર ઘરે સાથે મારી મુલાકાત થઈ ગઈ. મેં એમને વિંધ્યાચલ આશ્રમમાં પ્રાચીન કૂવાની શોધ કરવા માટે વિનંતિ કરી. વ્યસ્ત હોવાને લીધે એમણે બે દિવસ પછી આવવાનું વચન આપ્યું.

આશ્રમે પાછા આવીને જોયું તો શ્રીશ્રી માના પ્રસ્થાનની તૈયારી થઈ ગઈ હતી. મા નીચેના કક્ષમાં વિશ્રામ કરી રહ્યાં હતાં. આશ્રમના નૈષ્ઠિક બ્રહ્મચારી નિર્વાણાનંદને મેં પૂછયું કે પ્રાચીન કૂપની શોધ માટે આ વિશાળ પહાડી ક્ષેત્રમાં કયાં કયાં સ્થળો પર યંત્ર વડે સર્વેક્ષણ કરવું જોઈએ. નિર્વાણાનંદજીએ વિચાર કર્યો કે આવો સુઅવસર નિષ્ફળ ન જવો જોઈએ, તેથી ગમે તેમ કરીને મા પાસેથી પ્રાચીન કૂવાની સ્થિતિની જાણકારી લેવાના ઉદ્દેશ્યથી મને સાથે લઈને માના ઓરડામાં ઘૂસ્યા, કે તત્કાળ શ્રીશ્રીમા ઊઠીને બીજે બારણેથી બહારની બાજુ નીકળી ગયાં. મને લાગ્યું કે મા અમારા બંન્નેના મનોભાવ સમજીને જ બહાર ચાલી ગયાં, કારણકે સામાન્ય રીતે મા આ પ્રકારના પ્રશ્નોના ઉત્તરો આપવાનું ટાળી દેતાં. કક્ષમાંથી બહાર આવતાં જ દર્શનાર્થીઓ માની સામે દોડી આવ્યા, અને આ સંબંધી કંઈ વાત ન થઈ શકી.

શ્રી શ્રી માના પ્રસ્થાનનો સમય થવા આવ્યો. પાછલા વરંડામાંથી બહાર નીકળવાના બારણા પાસે માને બેસવા માટે ખુરશી અને એની ઉપર આસન પાથરવામાં આવ્યું. ગાડી પણ છેક પાસે લાવવામાં આવી જેથી માએ વધારે ચાલવું ન પડે. નિર્વાણાનંદજીથી ના રહેવાયું. એ બોલી ઊઠયા, ''આશ્રમમાં આટલી બધી પાણીની મુશ્કેલી છે, મા જો પેલા પ્રાચીન કૂવાની સ્થિતિનો પત્તો બતાવી દે તો યંત્રની સહાયતાથી એને શોધી કઢાય. પરંતુ મા મૌન રહ્યાં અને નિર્વિકાર ભાવે બેસી રહ્યાં. માની બાજુમાં થાંભલા પાછળ હું બહાર ઊભો હતો. મનમાં સંકોચ હતો કે માની સામે દબાણ કરીને કૂવાની સ્થિતિ જાણવાનો પ્રયાસ યોગ્ય ન હતો અને એટલે જ મને મારી અંદર અપરાધ-બોધ લાગતો હતો.

માએ એકાએક સહેજ નમીને થાંભલાની પાછળ સંતાયેલા મારી સામે જોઈને પૂછયું કે અહીં કોણ ઊભું છે ? હું થાંભલા પાછળથી બહાર નીકળ્યો અપરાધીની જેમ. મને હાથના ઈશારાથી મહેશ ભટ્ટાચાર્યના મકાન બાજુ આશ્રમના કોટની દિશા તરફ દેખાડતાં મા બોલ્યાં કે એની જમણી બાજુ નહીં, ડાબી બાજુ પેલો કૂવો હતો. મેં કહ્યું ''એ દિશા તો અનંત છે, કોઈ નિશ્ચિત ચિન્હ્ તો બતાવો'' માએ પ્રાંગણમાંના ભવન 'તરુ કુટી' ની સામે ઊગેલા ઝાડ બાજુ ધ્યાન આકર્ષિત કરતાં કહ્યું , ''પેલું જે વૃક્ષ જોઈ રહ્યા છો એની આ જ બાજુ અને ગૅરેજની જોડે આવેલા આશ્રમના કોટને પેલે પારની ભૂમિમાં એ કૂવો જોયો હતો- જાઓ બતાવી દીધું'' આમ કહીને મા ઊભાં થયાં અને સીધાં ગાડીમાં જઈને બેસી ગયાં.

કૂવાનું સ્થાન મા દ્વારા પ્રકાશિત થવાથી બધા આનંદિત થઈ ગયા. નિર્વાણાનંદજી અને હું એ સ્થાન તરફ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


દોડી ગયા. ત્યાં જઈને જોયું કે આશ્રમના કોટની બહાર અને પહાડનો ઢાળ જ્યાંથી શરૂ થતો હતો એની વચ્ચે થોડીક પહોળી એક પથરાળ ભૂમિ છે. પૂર્વે કોઈવાર ત્યાં કોઈ કૂવો હોવાનું એક્કે ચિન્હ્ કે સંભાવના દેખાઈ નહીં. ત્યાર પછી અમે બધાં માને ટ્રેનમાં બેસાડવા મિર્જાપુર સ્ટેશને આવ્યાં અને મા ચાલી ગયાં. આશ્રમમાં એક બ્રહ્મચારીજી રહી ગયા.

બે દિવસ પછી ડૉકટર ઘરે એમનાં યંત્રો સાથે આશ્રમમાં આવ્યા. એમને મા વડે નિર્દિષ્ટ કૂવાનું સ્થાન ન બાતાવ્યું. એ વિભિન્ન સ્થાનોમાં યંત્ર મૂકીને આખરે પેલા પ્રાચીન કૂવાનું સ્થાન નક્કી કરવામાં સફળ થયા, અને તે સ્થાન માએ બતાવેલી ભૂમિમાં જ મળ્યું. ડૉકટર ઘરેએ જણાવ્યું કે પેલો પ્રાચીન કૂવો લગભગ મરી ચૂકયો છે. તેથી એનો જો પુનરદ્ધાર કરવામાં આવે તો પણ ઉનાળામાં જળ મળી શકશે કે નહીં એમાં સંદેહ છે.

પ્રાચીન કૂપનું સ્થાન મળવાના સમાચાર ફેલાઈ ગયા. થોડા દિવસ પછી મા બનારસ પધાર્યાં. સાંજે આશ્રમે ગયો તો મા હસીને બોલ્યાં, ''શું કૂવો મળી ગયો ? '' માનાં અનન્ય સેવિકા ઉદાસજી નજીક જ ઊભાં હતાં. એમણે માને વિશેષ વિનંતિ કરી કે એ કૂવાનો પુનરુદ્ધાર કરવો જ પડશે. માએ હસીને સમજાવ્યું કે એ કૂવાને ખૂબ ઊંડે સુધી ખોદવો પડશે, અને એ કાર્ય માટે ઘણાં ધનની જરૂર પડશે. તે ઉપરાંત કોઈ વાસણ ધોઈને એને જો કૂવાની ધાર પર મૂકતી વખતે એમાં પડી જાય તો એ વાસણ પાછું નહીં મળે.

મને એમ લાગ્યું કે એ કૂપના પુનરુદ્ધાર પ્રત્યે માનો કોઈ 'ખ્યાલ' નથી. થોડી વાર પછી જ્યારે વિંધ્યાચલ આશ્રમમાં જળની વ્યવસ્થાની વાત ઊઠી ત્યારે મા બોલ્યાં ''અત્યારે તો કંઈ થવાનું નથી, જોઈએ પછી શું થાય છે. ''

શ્રી શ્રીમાની સશરીર ઉપસ્થિતિમાં જ અષ્ટભુજા તથા કાલીખોહ મંદિર તેમ જ આસપાસના આબાદીવાળા ઈલાકા ઓમાં પાઈપ દ્વારા પેય જળની વ્યવસ્થા માટે એક સરકારી યોજનાની પ્રસ્તાવના મૂકાઈ. આ યોજનાનું કાર્ય પૂર્ણ થતાં વર્ષ ૧૯૯૧ માં વિધ્યાચલ આશ્રમમાં પાઈપ વડે જળ પહોંચાડવાની વ્યવસ્થા થઈ ગઈ. આ રીતે માએ જે આશ્વાસન આપ્યું હતું કે ''દેખો, બાદ મેં કયા હોતા હૈ'' તદનુસાર આપોઆપ આશ્રમમાં જળની સ્થાયી વ્યવસ્થા થઈ ગઈ.

## વિંધ્યાચલની બીજી ઘટના

શ્રી શ્રી માના વિંધ્યાચલ આશ્રમ નિવાસ દરમ્યાન એકવાર એક અંગ્રેજ સાહેબ અને મેમસાહેબ માનાં દર્શન કરવા આવ્યાં. તેઓ આશ્રમ ભવનની સામે પથ્થરના મોટા ઓટલા પર બેસી ગયાં. એમની દૃષ્ટિ આકાશ બાજુ હતી. મેં જોયું કે એકાએક મા બીજા માળના પોતાના કક્ષમાંથી બહાર નીકળીને ઉપરના વરંડામાં આવીને ઊભાં રહ્યાં. રેલિંગની પાસે ઊભાં ઊભાં સાહેબ ને મેમસાહેબને જોઈએ પાછાં ચાલી ગયાં.

પછીથી જ્યારે તેઓ બંન્ને માના ઓરડામાં દર્શન કરવા આવ્યાં, ત્યારે માને કંઈ પૂછવા માટેની અનુમતિ લઈને એમણે કહ્યું કે નીચે પથ્થરના ઓટલા પર બેઠાં પછી મેમસાહેબને એક દિવ્ય દર્શન થયાં. એમને આકાશમાં એક ત્રિકોણ દેખાયો. જમીન પર આંગળીથી એનું ચિત્ર દોરીને એ સાહેબે બતાવ્યું.

માએ સાંભળીને કહ્યું '' આમને કહી દો કે ત્રિકોણના કેન્દ્રમાં એક બિંદુ પણ હતું જ્યાં મેમસાહેબે કદાચ ધ્યાન નહોતું આપ્યું. એ ત્રિકોણના ત્રણ ખૂણામાં અષ્ટભુજા, વિંધ્યાવાસિની અને કાલીખોહ મંદિર-સ્થળ છે અને ત્રિકોણના કેન્દ્રમાં જે બિંદુ હતું તે આ આશ્રમ સ્થળ છે.'' માએ એમ પણ કહ્યું કે મેમસાહેબને જે ભાવમાં બેઠેલાં જોયાં હતાં. તે વખતે માનો 'ખ્યાલ' થયો કે એમને કંઈ દર્શન થઈ જવાં જોઈએ; અને એ જ વખતે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



એમને પેલા દિવ્ય દર્શનનો અનુભવ થયો હતો. માને એમના દર્શન વિષેની પૂર્ણ જાણ પહેલે જ હતી, કારણકે માએ પણ સાથોસાથ એ જોયું હતું. એ રીતે પ્રાચીન કાળથી આ આશ્રમ- સ્થળ આધ્યાત્મિક દૃષ્ટિકોણથી એક વિશેષ મહત્ત્વપૂર્ણ શક્તિપીઠ છે એ માની વાતોથી સ્પષ્ટ જણાયું.

❋

આ જગતમાં જેટલા ચરાચર પદાર્થો છે, તે બધા ઈશ દ્વારા આવાસિત છે. એટલે ઈશ્વરને અર્પણ કરીને એનો ભોગ કર, બીજાના ધનને ન લે. (અથવા દુનિયામાં ધન કોનું છે ? તેથી પોતાનું સમજ્યા વિના, તને એમણે આપેલા ભોગો એમને અર્પણ કરીને 'સ્વં' ભાવ કે અહંકાર રહિત રહીને ભોગવ.)

ઈશોપનિષદ્ -૧

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# માતૃલીલાકથા

માએ વૃંદાવનમાં કહ્યું હતું : ''જ્યારે તમે તમારું કરણીય કાર્ય કરી લો છો, ત્યારે સ્વાભાવિક રીતે કૃપા પ્રત્યક્ષ થઈ જાય છે, આ વાત પોતે જેટલી સત્ય છે તેટલી જ અહૈતુકી કૃપા પણ સત્ય છે. એવું કેમ થાય છે તે કહી ન શકાય. કોઈ હેતુનો અહીંયાં પ્રશ્ન નથી. એમનો સ્વભાવ, એમની લીલા, એ જ રૂપે તેઓ કરતા જાય છે જ્યારે જેટલી જરૂર હોય. તેઓ દ્રષ્ટારૂપે ય તો છે, પક્ષપાતનો દોષ એમનામાં ન હોઈ શકે. સૃષ્ટિ પણ અનાદિ છે અને કર્મ પણ અનાદિ છે. સૃષ્ટિનું તારતમ્ય આવું કેમ થયું ? આ પ્રશ્નનો કોણ જવાબ આપે ? આનો માત્ર એક ઉત્તર છે - એમની લીલા.''

રાયપુર (દેહરાદૂન) આશ્રમમાં એક સાધુ અને અભય સાથે વાત કરતાં માએ કૃપા વિષે આમ કહ્યું : ''આ શરીરમાંથી કૃપા રૂપે જો કાંઈ જુઓ તો સમજી લેજો કે એ પણ થતું જાય છે. આગની પાસે જાઓ તો એની આંચ આવવી સ્વાભાવિક છે, બરોબર તે જ પ્રમાણે જો આ શરીરની કંઈ કૃપા જુઓ તો તે પણ એવું જ છે, અન્યથા 'કૃપા કરીશ' એવા ભાવની કંઈ વાત એમાં નથી. ઈચ્છા-અનિચ્છાનું પણ કંઈ દ્વંદ્વ નથી.''

''અહૈતુક કૃપા પણ હોય છે. આવું કેમ થાય છે ? એ 'કેમ' નો કોઈ જવાબ નથી. આ શરીર દ્વારા બધું જ થઈ ગયું છે.''

''એકદમ કંઈ જ નહીં. આ આવવા-જવાનું જે થઈ રહ્યું છે તે કેવું છે, જાણે છે ? જો એમાં ઈચ્છાનો પ્રકાશ જુઓ છો તો તે પણ સ્વાભાવિકતાથી થતું જાય છે. અહીંયાં તમારા લોકોની (તમારા જેવી) ઈચ્છા નથી એટલું જાણી લેજો. જેમ હવા કાગળને ઉડાડી લઈ જાય, (તેમ) જ્યારે જેની જરૂર હોય તે થઈ જાય છે.''

•

શ્રી શ્રી મા દીદીની સાથે બિહારના વૈદ્યનાથધામ જઈ રહ્યાં છે. માર્ગમાં ટ્રેનમાંથી અનેક જૂનાં-નવાં મકાનો દેખાય છે. મા દીદીને કહે છે : ''જો ખુકુની ! આ (તું) જે જોઈ રહી છે, કેટલાં મકાનો કેવી સુંદર રીતે બનાવ્યાં છે, વળી કેવા સુંદર સુંદર દેખાવોમાં, કેટલાં રૂપોમાં, શી સુંદર બાંધણી છે ! આ જોઈને તું આનંદિત થાય છે, પણ પ્રત્યેકની અંદર ભોગ કરવા માટે જઈને પરિણામોની ચિંતા કરે છે. પણ આમ જો, નવાં મકાનોની સામે જ જૂનાં અને તૂટેલાં મકાનો મોજુદ છે. એક દિવસ એ પણ નવાં હતાં - આ જ છે ગતિ. નવાં જોતજોતામાં જૂનાં થઈ જાય છે. આને જ કહે છે - ગતાગતિ જગત્. જો આ ભાવનાનું ખાતી-સૂતી વખતે ચિંતન કરતી રહે તો ઘણી હદ સુધી અલગ રહી શકે.''

•

પોતાની આગવી શૈલીમાં મા ઉપનિષદ્ શબ્દનો અર્થ કરે છે : 'ઉપનિષદ્' ઉપ જ્યાં છે ને, ત્યાં જ નિષેધ છે. તેથી જે કંઈ ઉપ છે, તેને તમે લોકો છૂટું પાડી દો. ભાષા દ્વારા કહેવું હોય તો 'છૂટું પાડી દો' કહેવું પડશે.

•

''ખુકુની, યાદ છે ? એક વાર કલકત્તામાં એક છોકરો શી ખબર કોની વાતોમાં આવીને સૂર્ય-ત્રાટક કરીને એની આંખો ખોઈ બેઠેલો. ડૉક્ટરે એને જોઈને કહ્યું કે જો એક દિવસ પહેલાં આવત તો કંઈ ઉપાય કરત. હવે અત્યારે કંઈ ન કરી શકાય.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



"થાય છે શું જાણે છે ? આસન-મુદ્રાદિ ક્રિયાઓ વખતે જે ભાવનાઓ હોવી જોઈએ, જ્યાં સુધી એ નથી હોતી ત્યાં સુધી એનો લાભ નથી મળતો, બરોબર એ જ રીતે આપણે ત્રાટકનો સંપૂર્ણ લાભ પ્રાપ્ત નથી કરી શકતા. ઘણું ખરું એનાથી હાનિ જ થાય છે, જેમ કે પથ્ય અને ઔષધની સાથોસાથ ચાલીએ તો જ આપણે રોગમુક્ત થઈએ."

●

અમે ધર્મશાળામાં ઊતર્યાં છીએ. (વૈદ્યનાથ ધામના) પંડાઓના ઉપદ્રવથી હું હેરાન થઈ ગઈ. ક્યાં રહો છો ? શું નામ છે ? - એવા પ્રશ્નોથી અમને પજવે છે. ખેર, એ બધી હેરાનગતિ પતી ગયા પછી ખાવા-પીવાનો પ્રબંધ કરીને હું (દીદી) માને મોં ધોવડાવવા માટે લઈ ગઈ. હું મોં ધોવડાવતી હતી તે જોઈને એક મહિલા બોલી, "તમે પોતાની મેળે કેમ નથી ધોઈ શકતાં ? હાથ નથી શું ?" મા સસ્મિત એ મહિલાના હાથ તરફ ઈશારો કરીને બોલ્યાં, "આ પણ મારા જ હાથ છે."

એ થોડી ડઘાઈ ગઈ. મેં કહ્યું, "તેઓ (મા) એક સાધુમા છે."

બસ, આટલું સાંભળ્યું કે પેલી મહિલા કોણ જાણે કેમ ભોંઠી પડી ગઈ. પાસે આવીને બોલી, "હું ચરણસ્પર્શ કરી શકું ?" મેં કહ્યું, "કરી શકો છો." તરત જ ચરણોમાં પડીને પ્રણામ કર્યા, પછી માને વળગીને ચિર પરિચિતની જેમ રડવા માંડી. માએ હસતાં હસતાં એની પીઠ પર હાથ ફેરવ્યો, અને પૂછ્યું, "તું ક્યાં હતી ?"

ઘણી વાર સુધી એણે રડ્યા કર્યું, બંધ જ નહોતી થતી. આ જોઈને હું અવાક્ થઈ ગઈ. થોડી વાર પછી એ પોતાના બીજા સાથીઓને લઈ આવી, અને માના ચરણોમાં પ્રણામ કરાવવા લાગી. ખબર પડી કે એ લોકો નાશિકનાં હતાં. મા જો કોઈ વાર નાશિક જાય તો એ બધાંને જરૂર સૂચિત કરવાં એમ કહ્યું. એ લોકો આજે જ જતાં રહેવાનાં છે. મા જ્યારે મોં ધોઈને પાછાં આવ્યાં ત્યારે પેલી સ્ત્રીએ માને હાર પહેરાવ્યો, ફળ ખવડાવ્યાં, અને ચરણસેવા કરવા બેસી ગઈ.

હું હસીને બોલી, "ગમે ત્યાં સંતાઈને કેમ ન રહો, તમારાં માળા-ચંદન સર્વત્ર ચાલુ રહેવાનાં !"

●

માનો આત્મપ્રકાશ : "બીજી એક વાત સાંભળ. જે (વ્યક્તિ) જે ધારાનું કામ કરે, એના મનમાં ક્રિયાઓ રહે છે ને ? એ વિચારે છે કે આ જ માર્ગ તે જ પરમપદ પ્રાપ્તિનો એકમાત્ર ઉપાય છે. જેમ કે શિવપુરાણમાં શિવને, વિષ્ણુપુરાણમાં વિષ્ણુને મોટા કહ્યા છે. ગણપતિના ઉપાસકો જાણે છે કે ગણેશ જ એકમાત્ર સિદ્ધિદાતા છે, આ જ પ્રમાણે, બીજું શું ? ખરેખર સર્વધર્મસમન્વયમાં જ્યારે નિર્દ્વંદ્વ થાય ત્યારે જ પ્રસ્ફુટિત થઈ જાય છે. કેવી રીતે ખબર છે ? સૂર્યોદય થતાં જ જે રીતે અંધકાર જતો રહે છે, જ્યાં જે કંઈ છે તે સાફ રૂપે પ્રકાશમાન્ થઈ જાય છે. આ પણ કેવળ આભાસમાત્ર આપું છું. ખરેખર કેવી રીતે થાય છે, એ (તું) જાણે છે.

**"બધાં જ મારાં અંગ-પ્રત્યંગ છે. એક ન રહે તો અંગહાનિ થાય છે. ઋષિ કહો, મુનિ કહો, હજી હમણાં પેલે દિવસે વાતો થતી હતી કે એ લોકો મળવા આવે છે. બધું જ જે કંઈ છે, આમાંથી જ (પોતાના શરીર પ્રત્યે નિર્દેશ) સૃષ્ટિ-સ્થિતિ-લય."**

આટલું બોલ્યા પછી થોડી વારે સ્મિત કરતાં કહ્યું, **"તમે બધાં આને માત્ર શરીર જ ન સમજશો."**

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કેટલું મહાન સત્ય માએ સહજ સ્વાભાવિક રૂપે પ્રગટ કર્યું!

●

એક વાર શંકરાનંદસ્વામીને વાતવાતમાં માએ કહ્યું, "જુઓ પિતાજી, તે દિવસે કૃષ્ણલીલાની ચર્ચા થતી હતી. આ જે કૃષ્ણ છે, કૃષ્ણનો અર્થ તમે બધાં આકર્ષણ કહો છો. તમારા લોકોની કથામાં કહ્યું છે કે કાત્યાયની-પૂજા કરીને કૃષ્ણને પામી હતી. કાત્યાયની અર્થાત્ શક્તિ. શિવથી જુદી શક્તિ નથી. શિવ-શક્તિને તો અભેદ કહો છો, શક્તિપૂજા કર્યાથી આકર્ષણસ્વરૂપ કોણ છે ? એકાત્મ - સચ્ચિદાનંદ - પ્રેમસ્વરૂપ એ જ જે નિત્યલીલા છે.

"જુઓ તમે લોકોએ લીલાની ચર્ચા કરી હતી. જે જેટલાનો અધિકારી છે, એની નિકટ એ જ ભાવમાં પ્રકાશ (પ્રગટ) થાય છે.

"અને જુઓ પિતાજી, શક્તિપૂજા કરીને શક્તિની મિલનાત્મક પરમ બ્રહ્મ, પરમ શિવ, તેઓ પણ એકાત્મક સચ્ચિદાનંદ - પ્રેમ - સ્વરૂપ છે. આકર્ષણને પણ ક્યાંય છુટું નથી પાડી શકાતું."

●

દેવઘરના પ્રસિદ્ધ સંત પૂ. બાલાનંદ બ્રહ્મચારીના શિષ્ય પૂ. મોહનાનંદજીએ માને પૂછ્યું, "સારું, પ્રાણવાયુને સ્થિર કરવાનો કયો ઉપાય છે ?"

મા :"તે દિવસે જે ચર્ચા થઈ હતી કે પ્રાણવાયુમાં તરંગો છે, એ બાજુ લક્ષ્ય રાખીને મન, મંત્ર, શ્વાસ એકાકાર કરવાનું કહેવામાં આવે છે. જુઓ જ છો કે લતા, વૃક્ષ, પત્થર, જીવ-જંતુ ઈત્યાદિ હવામાં જ પુષ્ટ થાય છે, તે જ એક યોગની હવાને લીધે છે, માટે જ તો બેઠા છે. એ હવા-વાનું મૂળ કેન્દ્ર ક્યાં છે ? જ્યાં તરંગ નામની કોઈ વસ્તુ નથી. એ જ ચિર શાંતત્વ પણ માગે છે, શા માટે માગે છે ? એ પણ જીવનો એક સ્વભાવ છે ને."

"બધાં જ એક છે. એક વિરાટ, મહાન ભાવ કહેવાથી પણ કહેવાતું નથી."

મોહનાનંદજી : તેઓ અનંત છે, એમના માર્ગમાં યાત્રા કરીએ તો યાત્રા પણ અનંત હશે. તો શું એ યાત્રાનો અંત નથી ?

મા : એવું બધું વિચારો નહીં, અનંતની મધ્યે અનંત છે. અનંતની અંદર જ અંત - બધું જ છે.

●

વિંધ્યાચલમાં એક સાધુએ માને પૂછ્યું : મા, અપાત્ર પર કૃપા કરવાથી શું ફળ મળે ? કદાચ કોઈ મૂર્ખ જ એવો હોય જે કૃપાને ન અનુભવી શકે.

મા : પહેલી વાત તો એ છે કે કંઈ પણ નકામું નથી જતું, અને જો એનું પ્રાપ્ય નથી તો એને મળ્યું કેમ ? તમે લોકો એને બહારથી જેવો જુઓ છો, (છતાં) કદાચ એવું હોઈ શકે કે એ કૃપા મેળવવા માટેનું ઉપયુક્ત પાત્ર હોઈ પણ શકે.

સાધુ : મા, અમને બધાંને સહેજ ધક્કો મારો ને.

મા : સત્સંગ કરો. સત્સંગ જ ધક્કો છે.

સાધુ કોઈક સંપ્રદાયના છે, પરંતુ એમનામાં સાંપ્રદાયિક ભાવ ઓછો હોવાથી તેઓ ઘણી વાર માની પાસે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


આવીને કૃપા-પ્રાર્થના કર્યા કરે છે. કોઈ વાતના સંદર્ભમાં માએ એમને કહ્યું :

"જો તમે લોકો પોતપોતાના ગુરુઓને એક સીમાની અંદર આબદ્ધ કરીને જોશો તો બરાબર દર્શન નહીં કરી શકો. જ્યારે ગુરુને સર્વમય જોઈ શકશો ત્યારે જ ગુરુને પ્રકૃત રૂપમાં જોશો."

●

ફ્રાન્સથી એક ફ્રેન્ચ યુગલ વિંધ્યાચલ આશ્રમમાં આવ્યું હતું. મા સાથે ઘણી લાંબી વાતો કરી. મેમસાહેબે મા પાસેથી સ્મૃતિ-ચિહ્ન માગ્યું.

માએ કહ્યું, **"યોગાયોગ તો શ્વાસ-પ્રશ્વાસમાં છે.** તે સિવાય બાહ્ય ચીજ જોઈતી હોય તો આ બધું છે, જે ઈચ્છા હોય તે લઈ જાઓ."

મહિલાએ કહ્યું, "આપ સ્વહસ્તે આપો."

પાસે જ એક કાંશકો પડ્યો હતો. મહિલાને ઈચ્છા થઈ કે માનો માથાનો એક વાળ લઈ લઉં. એમ વિચારીને એ માના વાળ ઓળવા લાગી. પછીથી માએ કહ્યું કે તમે આ કાંશકો લઈ જઈ શકો છો.

માએ આમ કહ્યું તેથી એ ખૂબ પ્રસન્ન થઈ ગઈ, અને માને કંકુનો ચાંલ્લો કરવા ગઈ. એને કંકુની ડબ્બી આપવામાં આવી હતી. બન્ને જણ ઘણી વાર સુધી મા પાસે બેસી રહ્યાં. જતી વખતે એમણે મા પાસે આશીર્વાદની ભિક્ષા માગી. બીજી વાતો પણ થતી રહી. ફરીથી સ્મૃતિ-ચિહ્ન માગ્યું ત્યારે માએ કહ્યું, "બધું મૂક્યું છે, જે ઈચ્છા હોય, લઈ જાઓ."

ફ્રેન્ચ પુરુષે કહ્યું, "જો આપ અમને અમારી ઈચ્છાનુસાર સામગ્રી લઈ જવાનો આદેશ આપતાં હો તો અમે આપને જ લઈ જવું પસંદ કરીશું."

●

મા : કેટલાક લોકો કહે છે કે ધ્યાનમાં સ્થિત નથી રહી શકતો, શું કરું ? ત્યારે કહું છું કે ધ્યાન જ્યારે ભંગ થઈ ગયું ત્યારે તમે લોકો ઉપર તરવા લાગ્યા. એ વખતે અવલંબનને એવી રીતે રાખવું જોઈએ કે પડો તો ત્યાં જ પડો. જે સહાયકમાંથી ધ્યાન જન્મે છે, તે જ સહાયકને સાથે રાખવું જોઈએ. બાળપણમાં જોતી હતી કે શરીર નાનું છે, પછી જ્યારે બેસતાં શીખી ત્યારે મકાનની ચારે બાજુ ઘેરાવો કરી દીધો જેથી શિશુ બહાર પડી ન જાય. જો વાંસને પકડીને પડવા જાય તો ત્યાં જ બેસી જશે.

●

દેહરાદૂનના સરકારી ઓફિસર શ્રીહરિરામ જોષી માના ભક્ત છે. એક અમેરિકનને સાથે લાવ્યા છે. અમેરિકન પાંચ વર્ષથી યૌગિક ક્રિયાઓ કરે છે, એમની ઈચ્છા માના રૂમમાં થોડી વાર રહેવાની છે. આથી એ પ્રમાણેનો પ્રબંધ કરી આપવામાં આવ્યો.

બહાર નીકળીને એમણે કહ્યું, "હું ઘણા લાંબા કાળથી પ્રયત્ન કરી રહ્યો છું, પરંતુ મારા મનને કોઈ રીતે શૂન્ય નથી કરી શક્યો. પણ માની પાસે બેસતાં જ કોણ જાણે કેમ મારું મન શૂન્ય થઈ ગયું, એટલે સુધી કે મકાન, દરવાજો, શરીર વગેરેનો ખ્યાલ ઉત્પન્ન જ ન થયો."

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# અવિસ્મરણીય

(શ્રી મોહનલાલ આર્યના ગુરુ સ્વ. આશુતોષ બેનર્જી ઉચ્ચ કોટિના સાધક હતા, છેલ્લા કેટલાક વર્ષોથી પ્રજ્ઞાચક્ષુ હતા તે દરમ્યાન શ્રી આર્યને ગુરુમંત્રની દીક્ષા આપી હતી. ગુરુ સ્વ. બૅનર્જીની શ્રીશ્રીમામાં અદ્‌ભુત શ્રદ્ધા હતી, તેમ જ તેઓ પોતે શ્રીશ્રીમાના વિશેષ કૃપાપાત્ર હતા. શ્રી આર્ય લખે છે :)

બૅનર્જી સાહેબ માના કૃપાપાત્ર ભક્ત હતા. તેઓ ઘણી વાર માની લીલાઓનું વર્ણન કરતા. સાંભળીને ખૂબ સારું લાગતું. માને જોવાની બહુ જ પ્રબળ ઈચ્છા હતી, પરંતુ અત્યાર સુધી માનાં દર્શન થયાં ન હતાં. ઘટના કદાચ ૧૯૭૦ની છે. મા વિંધ્યાચલ આશ્રમમાં આવ્યાં. બૅનર્જી સાહેબને દેખાતું ન હતું તેથી એમને કોઈ એવા માણસની જરૂર હતી જે એમને હાથ પકડીને લઈ જાય. આ કારણે ઘણા મહાપુરુષોના દર્શન કરવા અને એમના સત્સંગોમાં ભાગ લેવાનું સદ્‌ભાગ્ય અમને મળતું. તે દિવસે એમણે કહ્યું, "મા આવ્યાં છે. ચાલો, દર્શન કરી આવીએ." મારી ખુશીનું પૂછવું જ શું ? એક તો માના દર્શનનો લાભ, અને તે પણ બૅનર્જી સાહેબ સાથે ! અમે ગયા. માનો ઓરડો લોકોથી ભરપૂર હતો. બધાં ચુપચાપ માને એકધારું તાકીને બેઠાં હતાં.

મેં જોયું કે મા શ્વેત વસ્ત્રો ધારણ કરીને પાટ પર બેઠાં છે. મુખમંડળ અલૌકિક આભાથી ઝળકે છે. તેઓ સ્મિત કરી રહ્યાં હતાં. એવું રૂપ, એવી વિભૂતિ મેં જોયાં નહોતાં. હું આભો બની ગયો. એવી ઈચ્છા થતી હતી કે જોયા જ કરું, જોયા જ કરું, જોતાં જોતાં તૃપ્તિ નહોતી થતી. એ એક અદ્‌ભુત અનુભવ હતો. માનું એ રૂપ મારા મનમાં જામી ગયું. સૌથી પહેલાં તો મારા પૂજારૂમમાં અન્ય ચિત્રો સાથે માનું ચિત્ર પણ આવી ગયું. આગળ જતાં માત્ર મા અને ગુરુદેવ બૅનર્જી સાહેબનાં જ ચિત્રો રહી ગયાં. જીવનમાં દુઃખોનું બહુ મહત્ત્વ છે. માણસને એ જેમ તોડી નાખે છે તેમ એની આગમાં સળગાવીને સોનું પણ બનાવી દે છે. રોગ-શોક મનુષ્યને એની પોતાની સીમા બતાવી દે છે. ધન-વૈભવ અને સંચય વડે સઘળું મેળવી શકવાનો વિશ્વાસ ત્યારે ચૂરેચૂરો થઈ જાય છે જ્યારે હસતું રમતું એનું બાળક ઝટપટ ચાલ્યું જાય છે અને મોટામાં મોટો ડૉક્ટર રોગ પારખી નથી શકતો. એ વખતે ઘોર નાસ્તિક પણ અદૃશ્ય, અજાણ્યા પ્રભુના ચરણોમાં ઝુકી જાય છે. ત્યારે એને મહાત્માઓની કૃપા અને આશીર્વાદનો જ સહારો લેવો પડે છે. એ એમને શરણે જાય છે, એનો અહંકાર ઓગળી જાય છે, એ પ્રાર્થના કરે છે, એની પ્રાર્થના સાંભળવામાં આવે છે ત્યારે એને ખૂબ શાંતિ મળે છે, વિશ્વાસ દૃઢ થતો જાય છે. મારા જીવનમાં પણ આવી ઘટનાઓ ઘટી હતી. મને લાગતું હતું કે જો કોઈ આધાર નહીં મળે તો હું તૂટી જઈશ. તે જ વખતે બૅનર્જી સાહેબ મને લઈને મા પાસે ગયા ! માની કૃપા મારા પર વરસી રહી છે. મને એવું લાગે છે કે માની છાયા મારી સાથોસાથ ચાલે છે. આ મારો ભ્રમ પણ હોઈ શકે ? પણ મને તો એવો જ વિશ્વાસ છે, એ વિશ્વાસે અજાણતાં જ મારામાં એક જાતનું ભાવાંતર કરી દીધું. હું ગુરુદેવના મંત્રથી જપ શરૂ કરતો, પણ ત્યાંથી ધ્યાન ખસતાં જ માના નામના જપ શરૂ થતા. 'માઁ' નામનો એકાક્ષરી જપ શ્વાસ સાથે ચાલતો રહેતો. આ ક્રમ ઘણા વર્ષોથી ચાલુ છે.

મને શાસ્ત્રોનું કંઈ જ જ્ઞાન નથી. અનેક તર્ક-વિતર્કોમાં મને રુચિ નથી. મારો ખુદનો વિશ્વાસ છે કે જે નામથી શાંતિ મળે તે જ મારો મંત્ર છે, અને જેમાં શ્રદ્ધા હોય તે જ મારા ઈષ્ટ છે. તેથી માને જ ઈષ્ટ માનીને હું એમનો જ નામ-જપ કરું છું. એનાથી મને અત્યંત શાંતિ મળે છે. એ વાત પણ એકદમ સત્ય છે કે તે માટે ન તો કોઈએ કંઈ કહ્યું કે ન તો રોક્યો. એક વાર માએ કહ્યું હતું, "ઈસ શરીર કે ન ચાહને પર કોઈ ઈસકે પાસ આ નહીં સકતા." મારું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


મન કહે છે કે જેના ન ઈચ્છવાથી કોઈ એની પાસે પહોંચી નથી શકતું, તો શું એની ઈચ્છા વિના કોઈ એનો નામ-જપ કરી શકે ?

●

(સિમલા પાસેના સોલનના રાજા માના અનન્ય ભક્ત હતા. માએ એમને 'યોગીભાઈ' નામ આપ્યું હતું. ભક્તોમાં તથા આશ્રમમાં પણ તેઓ યોગીભાઈ નામે પ્રસિદ્ધ હતા. સ્વ. અમૂલ્યકુમાર દત્તગુપ્ત લખે છે. કે શ્રી શ્રીમાએ (એમના પૂર્વજન્મ વિષે તથા રાજવંશ લુપ્ત થવાના કારણ વિષે) કહ્યું :)

"યોગીભાઈના રાજવંશના લોપ થવાની જે વાત યોગીભાઈ પાસેથી સાંભળેલી તે જ તમને લોકોને સંભળાવું છું. યોગીભાઈના ચાર પૂર્વજોમાં એક રાજા યોગી પુરુષ હતા. એક દિવસ એમણે એમનાં પત્નીને કહ્યું, "હું ઓરડાનું બારણું અંદરથી બંધ કરીશ. જ્યાં સુધી હું પોતે બારણું ન ખોલું ત્યાં સુધી તમારામાંથી કોઈ મને બોલાવતા નહીં, અને ન તો અંદર આવવાનો પ્રયાસ કરતાં." આટલું કહીને એમણે બારણું વાસી દીધું. ત્રણ દિવસ આ જ પ્રમાણે પસાર થયા. ત્રણ દિવસ પછી સ્વજનોની ધીરજનો બંધ તૂટી ગયો. એમણે રાણીસાહેબની વાતોની ઉપેક્ષા કરી અને બારણું તોડીને અંદર પેસી ગયા. અંદર રાજા નિશ્ચલ અવસ્થામાં આસન બાંધીને સમાધિસ્થ હતા. લોકોએ એમને બોલાવ્યા, હલાવ્યા - ડોલાવ્યા, પણ જીવનનું લક્ષણ ન મળ્યું. લોકોએ ચિકિત્સકને બોલાવ્યા, ચિકિત્સકે પરીક્ષણ કરીને મૃત ઘોષિત કરી દીધા. રાજાને દાહસંસ્કાર માટે લઈ જવામાં આવ્યા. રાણીને આ બધું બરોબર નહોતું લાગતું. એમને પૂરો વિશ્વાસ હતો કે રાજાનું મૃત્યુ નથી થયું, પણ ચિકિત્સક તેમ જ સ્વજનોને લીધે એ કંઈ વાંધો નહોતો ઉઠાવતાં. જ્યારે રાજાને ચિતા ઉપર સૂવાડીને ચિતામાં આગ લગાડવામાં આવી ત્યારે દેખાયું કે રાજાના પગનો અંગૂઠો ધ્રૂજે છે. આ જોઈને રાણી શોકથી વ્યાકુળ થઈ ગયાં અને એમણે રાજવંશને નિર્વંશ થવાનો શાપ આપી દીધો. આ શાપ હોવા છતાં બે-ત્રણ પુરુષો સામાન્ય રૂપે ચાલતા ગયા. યોગીભાઈને સમયે જ આ વંશ-લોપની હાલત સામે આવી છે. સોલનમાં યોગીભાઈ પાસેથી આ વાત સાંભળીને નારાયણ સ્વામીએ મને પૂછ્યું, "આ રાજા જ એ યોગી છે કે, જેનો સમાધિ અવસ્થામાં દાહ કરાયો ?" એમના પ્રશ્નો સાંભળીને મેં કહેલું, આ શરીરે હજી સુધી એ વિષે કંઈ નથી કહ્યું. યોગીભાઈના હાવભાવ તો તમે લોકો જુઓ જ છો. સાંભળવામાં આવ્યું છે કે બાલ્યાવસ્થાથી જ રાજા બનવામાં એમની રુચિ નહોતી. જે દિવસે એમનો રાજપદ પર અભિષેક થયો હતો, એમની બન્ને આંખોમાંથી આંસૂ ટપકતાં દેખાયાં હતાં. દેશની સ્વાધીનતા બાદ રાજ્યોના વિલીન થયા પછી પણ એમનામાં પ્રસન્નતા હતી. અત્યારે એમને રાજસ્વ વૃત્તિ પ્રાપ્ત થાય છે. યોગીભાઈનું કહેવું છે, એ (પેન્શન) પણ જો બંધ થઈ જાય તો એમાં ખોટું શું છે ? તો માના કોઈ પણ આશ્રમમાં નિશ્ચિંત થઈને બેસાશે."

●

આવી બધી વાતોમાં રાતના સાડા બાર વાગી ગયા. અમે માને પ્રણામ કરીને જતાં હતાં ત્યારે જ માતાજીએ મને બોલાવ્યો. માતાજી પાસે ગયો ત્યારે એમણે કહ્યું, "ભાઈજીની જીવનરક્ષા માટે આ શરીર એક દિવસના અંતરાલે અન્ન ગ્રહણ કરતું હતું. આ વાત ભાઈજીને કદી પણ નથી કહેવામાં આવી." માતાજીના આ કથનથી આશ્ચર્યચકિત થઈ ગયો. મારો એ ભાવ જોઈને માતાજીએ કહ્યું, "કહો તો આ બધી વાતો હું કોને કહીશ ? માત્ર ભાઈજી જ કેમ, કેટલાયે લોકો માટે આ બધું કરવામાં આવે છે. જે લોકો માટે આ બધું કરવામાં આવે છે તેઓ શું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


મારાથી જુદા છે કે આનો પ્રચાર કરવો પડશે ? શરીરમાં જ્યારે ખજવાળ આવે (ત્યારે) એને ખજવાળવા માટે શું દશ જણને બોલાવીને કહેવું પડે છે ? તમે લોકો જુઓ હું કેવી રીતે ખજવાળું છું. આ શરીરને માટે પોતાનું - પારકું કંઈ નથી. તેથી આ શરીરમાં પ્રચારનો કંઈ ભાવ નથી હોતો.

"અને જુઓ, કોઈને માટે કંઈ કરવાનું હોય તો કેવળ માત્ર ખ્યાલથી જ કરી શકાય છે. ભાઈજીને ખ્યાલથી જ સાજા કરી શકાત. પણ એમ ન કરતાં એક એક દિવસ છોડીને ખાવાનો નિયમ બનાવવામાં આવ્યો તે એક ઉપલક્ષ્યમાત્ર છે. કૈલાસ જતી વખતે માર્ગમાં એક ડોળીવાળાને સાપ કરડ્યો હતો, એ કાળો સાપ હતો, એવો સાપ કરડે તો બચવાનું અશક્ય હોય છે. મને જ્યારે આ વાત કહેવામાં આવી ત્યારે મેં ઘાસ જેવું એક ઝાડ બતાવીને એના પાંદડાનો રસ ડોળીવાળાને પીવડાવવાનું કહ્યું. જોવામાં આવ્યું કે સાપના વિષનો કંઈ કુપ્રભાવ ન પડ્યો. જે ઝાડ બતાવવામાં આવ્યું હતું તે સાપનું વિષ ઉતારવાની દવા નથી. સાપ કરડે તો કોઈ રોગીને આપવાથી એ બચશે પણ નહીં.

"કોઈ વાર એવું પણ થાય છે કે કોઈ કોઈને ઈચ્છાનુરૂપ એમના માર્ગ પર ચાલવા દેવામાં આવે છે, પણ તે સાથે જ એક એવી સ્થિતિ આપવામાં આવે છે જેને લીધે એ જે કંઈ કર્મ કરે તેનો ફળભોગ એને નથી કરવો પડતો. આ જે વાત કહી તેની સાથે પહેલાંની વાતોને કંઈ સંબંધ નથી. એક બીજા પ્રસંગનો ખ્યાલ થવાથી આ વાત કહી. આજે રાત અધિક થઈ ગઈ, તમે લોકો હવે જશો."

●

આ ગૃહસ્થોના ઘરમાં નથી જતાં વગેરે વિષે :

અમૂલ્યબાબૂ : ગોપીબાબૂ (ગોપીનાથ કવિરાજ) એ વ્યવહારના અનંત દૃષ્ટિએ માતાજીના આ પ્રકારના વ્યવહારના અનંત અર્થો થઈ શકે, પરંતુ એનો સાચો અર્થ શો છે તે કેવળ માતાજી જ કહી શકે.

આ સાંભળીને માતાજીએ હસીને કહ્યું, "એ સાચું છે, પણ ગૃહસ્થોને ઘેર અત્યારે જવાનું નથી થતું, જો એ વિષે ક્યારેક કોઈ વાત આવે તો પિતાજી (ગોપીબાબૂ)ને કહેવામાં આવશે. પહેલેથી કોઈ ઉદ્દેશ્ય કે સંકલ્પ લઈને આ શરીર કામ કરે છે એવું નથી. આ શરીરનાં બધાં કામો ખ્યાલવશતઃ જ થાય છે.

અમૂલ્ય બાબૂ : આપ જગતમાં આ વિર્ભૂત થયાં છો તે પણ કેવળ માત્ર ખ્યાલવશતઃ જ છે. શું એનો પણ કોઈ ઉદ્દેશ્ય નથી ?

માતાજી : (હસતાં) એ વિષે આ શરીર કંઈ નથી કહી રહ્યું.

●

> મા સઘળું છે - શોકમાં તે આપણું આશ્વાસન છે. દુઃખમાં તે આપણી આશા છે, દુર્બળતામાં તે આપણી શક્તિ છે. તે પ્રેમ, કરુણા, સહાનુભૂતિ અને ક્ષમાશીલતાનો ઝરો છે.
>
> - ખલિલ જિબ્રાન

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# ગુજરાતમાં માની લીલા

આજે રાતે ૯.૩૦ વાગે અમે વડોદરા પહોંચી ગયાં. સયાજીગંજમાં ચીમનલાલની ધર્મશાળામાં આવીને બધાં ઊતર્યાં, અને એમ નક્કી કર્યું કે રાત ત્યાં જ પસાર કરવી.

રાત્રે બહુ મોડું થયું હોવાથી દુકાનો ખુલ્લી નથી. ખાવા-પીવાનો શો પ્રબંધ થશે ? સાથે દેબૂ છે એટલે મા ભોજન બનાવવાનું કહે છે, પણ શું કરું ? પછીથી ચોકીદાર પાસેથી ચોખા લઈને સાથે ફળ પીરસી દીધાં. આમ ખાવા-પીવાનું પતાવીને રાત્રે ૧૨ વાગે અમે સૂતાં.

શ્રી ગંગાચરણ દાસગુપ્ત અહીંયાની ટ્રેનિંગ કૉલેજના પ્રિન્સિપાલ છે. પરંતુ માએ આજે એમને સૂચના મોકલવાની ના પાડી, કહ્યું, "જે કંઈ થશે (તે) હવે કાલે થશે. (અર્થાત્ "કાલે વાત.") કાલે ક્યારે ખાવા-પીવાનું થાય કંઈ નક્કી નથી, માટે આજે આપણે થોડું-ઘણું ખાઈ લીધું."

આજે ટ્રેનમાં વિશેષ રૂપે પૂછ્યું તો બીજી પણ કેટલીક વાતો સમજાઈ - હંમેશ બધી જાતની વાતો નથી બહાર આવતી, કદાચ આપણે એ વાતોને સમજવાના અધિકારી નથી, એટલા માટે નથી નીકળતી.

વાત એમ છે કે બાજિતપુર (બંગલાદેશ)માં માને મુખે આપોઆપ પોતાનો પરિચય પ્રગટ થયો હતો, એનો ઉલ્લેખ કરતાં મેં કહ્યું, "અચ્છા મા, ભોલાનાથજી અને નિશિબાબૂ જ્યારે તમને તમારો પરિચય પૂછતા હતા ત્યારે તમે કઈ સ્થિતિમાં હતાં ?"

**મા** : તે વખતે આપોઆપ પૂજા-જપ આદિ ક્રિયાઓ આ શરીરમાં થઈ જતી હતી.

મેં ફરી પૂછ્યું : જાનકીબાબૂ જ્યારે આવીને તમારી સાથે વાતચીત કરતા હતા ત્યારે તમે કઈ સ્થિતિમાં હતાં ?

**મા** : વાહ, તે વખતે તો ભોલાનાથજીની દીક્ષા સંબંધી પ્રશ્ન પૂછાયો ત્યારે એ વાતોની ચર્ચા થઈ હતી.

હું : ભોલાનાથજીની દીક્ષાની તારીખ, મહીનો, દિવસ, નક્ષત્ર વગેરે વાતો તમારામાં કેવી રીતે આવી ?

માએ હસીને કહ્યું : સાંભળ, ભોલાનાથજી અને નિશિબાબૂના પૂછ્યા પછી જ્યારે મોંમાંથી એવું પ્રગટ થતું ગયું કે અમુક દિવસ, અમુક મહીનો, અમુક તિથિ, અમુક તારીખ, ત્યારે એ લોકોએ પંચાંગ શોધ્યું, અને એમાંથી એક એક કરીને બધું મેળવતા ગયા. બધા જ ઉત્તરો સાચા હતા. એ લોકો એ વાત સારી રીતે જાણતા હતા કે આ શરીરે પંચાંગ-ફંચાંગ નથી ક્યારેય જોયું કે જાણ્યું. એ જોઈને તેઓ બન્ને પ્રશ્નસૂચક દૃષ્ટિએ એકબીજા સામે જોવા લાગ્યા. તપાસવા માટે એમણે પૂછ્યું, "સારું, કહો તો, એ દિવસે કયું નક્ષત્ર હશે ?" મોઢામાંથી નક્ષત્રનું નામ નીકળી ગયું પણ તેઓ બરોબર સમજી ન શક્યાં."

મેં હસીને કહ્યું, "સારું થયું એ લોકો તમારી પરીક્ષા કરવાની ભાવનાથી આવેલા, એટલે થાપ ખાઈ ગયા. કોઈ કોઈ વાર જોયું છે કે તમારી પરીક્ષા કરવા જતાં હું પોતે જ થાપ ખાઈ જઉં છું. ખેર, પછી શું થયું ?"

મા : અંતે મોઢામાંથી નીકળ્યું કે "જાનકીબાબૂને બોલાવી લાઓ. એ અમુક જગાએ તળાવને કાંઠે બેસીને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માછલી પકડી રહ્યા છે.'' એમને બોલાવવામાં આવ્યા. એમણે પાછું આવીને જ્યારે નક્ષત્ર વિષે પૂછ્યું ત્યારે નક્ષત્રવાળી વાતો પ્રગટ થઈ. જાનકીબાબૂ નક્ષત્ર વિષે સમજી ગયા, અને (એ) લોકોને સમજાવી પણ દીધું. જણાયું કે પંચાંગ સાથે બરોબર મેળ ખાધો. જાનકીબાબૂ સંસ્કૃત જાણતા હતા. પછીથી એ લોકો પાસેથી પૂરી વાત સાંભળ્યા પછી જાનકીબાબૂના મનમાં કોણ જાણે કેવું એક પ્રકારનું કૌતૂહલ ઉત્પન્ન થયું, કારણકે એ (આ) શરીરને સ્વયં નહોતા જોઈ શકતા, હું આડમાં હતી. એ વખતે માથે કપડું નહોતું, કોઈ જાતનો સંકોચ નહોતો, જાણે નાના દીકરી પોતાના બાપ સાથે વાતો કરતી હોય. ત્યારે જ જાનકીબાબૂએ પૂછ્યું,

''આપ કોણ છો ?''

મેં (અર્થાત્ દીદીએ) પૂછ્યું, ''એ વખતે પણ પૂજાદિ કશી ક્રિયા થતી રહી ?''

મા : ના, એ વખતે (મારા) પોતાના રૂપમાં રહીને એમની વાતોનો જવાબ આપતી હતી.

વળી વાતવાતમાં બોલ્યાં, ''જો છુપાવવાનો ભાવ ક્યાં સુધી રહે ? જ્યાં સુધી અભાવનો બોધ થાય. અભાવનો બોધ એટલે શું ? સાધકને થયું - રખેને સાધનાની ક્ષતિ થાય, અને સર્વસાધારણને થયું - રખેને અમારી પ્રતિષ્ઠા નષ્ટ થઈ જાય. તે સિવાય મહાત્માઓનું દળ કોઈ કોઈ વાર બધી જ વાતો નથી કહેતું, કારણકે એ સાંભળવાને માટે બધા જ અધિકારી નથી હોતા, જેમ મેટ્રિક પાસ વ્યક્તિ પાસે એમ.એ. પાસ હોવાના સમાચાર કહેવાથી સમજશે નહીં.

મેં પૂછ્યું, ''મા, કેટલાક લોકો એમ કહે છે કે માજી અમારી જેમ ઘર-ગૃહસ્થીના ચક્કરમાં નથી પડ્યાં, તો પછી તેઓ સાંસારિક મુશ્કેલીઓને કેવી રીતે સમજી જાય છે ?

મા : વાહ, કેવી રીતે જાણું છું ? હું જ તો તમે છું, તમે જ હું છું - આમ જ બીજું શું ? ન સમજવાનો પ્રશ્ન ક્યાં રહ્યો ?

●

માએ પૂછ્યું, ''ચાંદોદ જતી ગાડી ક્યારે ઊપડે છે ?''

તપાસ કરતાં ખબર પડી કે જો કલાકની અંદર અમે રવાના થઈ જઈએ તો ગાડી મળી શકે. માએ કહ્યું, ''ચાલો, જઈએ.''

તરત તૈયારી થવા માંડી..... પૂજીલાલબાબૂ અમને સ્ટેશને લઈ ગયા. બધી તૈયારી બરોબર હતી. દિવસના ૧૧ વાગે અમે રવાના થયા. બે-અઢી કલાકમાં અમે ચાંદોદ પહોંચી જઈશું. વચ્ચે ડભોઈ સ્ટેશને ગાડી બદલીને બીજી ગાડીમાં બેઠાં. (હવે પછી માની સાથે કેવી મહત્ત્વપૂર્ણ ઘટનાઓ આવશ્યકતાનુસાર ઘટે છે, સહજ સ્વાભાવિક રીતે તે જોવાનું છે:)

સેકંડ ક્લાસના ડબ્બામાં ફક્ત એક સ્ત્રી બેઠી હતી. માને જોતાં જ એમને બેસવા માટે એ પોતાની જગ્યા છોડીને બીજી બેંચ પર જઈને બેઠી. અહીંયાંથી ગંતવ્ય સ્થાન થોડું દૂર છે. થોડીક પળોમાં એ મહિલા સાથે ઘનિષ્ઠતા થઈ ગઈ. માને જોતાં જ એમના મનમાં ભક્તિભાવ જાગ્યો. એ ક્ષણવારમાં ઓળખી ગયાં કે મા સાધારણ સ્ત્રી નથી. પછીથી ખબર પડી કે એમનું નામ જાનકીબહેન છે, રાજપીપળાનાં રાણીની સાથે રહે છે, કુમારિકા છે. અત્યારે ઉદયપુરથી આવી રહ્યાં છે, માને માટે એકાંત સ્થાનની તપાસ કરીને સૂચના આપશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


અમે વ્યાસ પણ જવાનાં છીએ. સવારે સાડા દસ વાગે ચાંદોદ પહોંચી ગયાં. અહીંથી ત્રિકમજીના મંદિર સુધી પગપાળા જવા સિવાય બીજો ઉપાય નથી, કારણકે અહીં એક્કે વાહન નથી મળતું. આટલા તડકામાં માને ત્યાં લઈ જવાં એ યોગ્ય નથી, એમ માનીને એમને સ્ટેશને મૂકીને હું અને ઉમાદેવી સામાન ઊચકવાની તૈયારી કરતાં હતાં. બરોબર તે જ વખતે એક વ્યક્તિએ આવીને કહ્યું, "હું રાજપીપળા સ્ટેટનો કર્મચારી છું. મને જાનકીબહેને મોકલ્યો છે. એમણે કહ્યું છે કે માતાજી વ્યાસ જવાનાં છે, તો ચાંદોદથી અત્યારે તરત બોટ વ્યાસ જવાની છે. જો મારી જરૂર હોય તો હું આપની સહાયતા કરી શકું છું."

જાનકીબહેન ગાડીમાંથી ઊતરીને જતાં રહ્યાં હતાં. બધું સાંભળ્યા પછી મા બોલ્યાં, "તો પછી ચાલો રવાના થઈ જઈએ." આટલું બોલીને તડકામાં જવા તૈયાર થઈ ગયાં. મને થયું કે રસ્તામાં ત્રિકમજીના મંદિરના મહંતજીને અને ત્યાં રહેતા સાધન બ્રહ્મચારીને બધા સમાચાર આપતી જઈશ. મા ઘાટ બાજુ ચાલ્યાં, જેવાં વેઈટીંગ રૂમની બહાર આવ્યાં કે પેલા ભાઈએ આવીને કહ્યું, "જાનકીબહેન માટે સ્ટેટની ગાડી આવેલી, એમણે કહેવડાવ્યું છે કે એમને ઊતારીને હમણાં જ માતાજીને ઘાટ સુધી લઈ જવા માટે ગાડી પાછી મોકલશે, માતાજી ચાલતાં ન જાય."

મા વેઈટીંગ રૂમની બહાર આવી ગયાં હતાં એટલે ફરી અંદર ન ગયાં. સ્ટેશનની એક બેંચ પર બેસી ગયાં.

મેં કહ્યું, "બધી તૈયારી બરોબર છે, આપ ચુપચાપ આપની જગાએ બેસો."

માએ હસતાં હસતાં કહ્યું, "અચ્છા, પહેલેથી આટલી વાતો કહી શકાત કે જાનકીબાઈ સાથે અચાનક મુલાકાત થશે, થોડેક દૂર જઈને એમને ગાડી મોકલવાની વાત યાદ આવશે, ત્યાર બાદ એ આટલી સગવડ કરશે. આટલી બધી વાતો કેવી રીતે કહી શકાય ? (!) થોડીક વારની મુલાકાતમાં આટલું બધું કેમ કહી શકાય ? (જો કહેત) તો તો તનાતન તારા મનની ગતિ ક્યારે ક્યા રૂપમાં થાય, (એ) કહીને સમય સારી રીતે પસાર કરી શકાય. એ પણ અનંત છે, શું કહીશ. બોલ."

ચાંદોદમાં ન રોકાયાં. સીધા ઘાટ પર આવી પહોંચ્યાં. ચાદોદના મહંત મહારાજ અત્યંત સજ્જન અને ધાર્મિક પ્રકૃતિના છે. એમનો પહેલેથી પરિચય હતો. હવે મા એકદમ અપરિચિત સ્થળે જઈ રહ્યાં છે. સાધન (બ્રહ્મચારી) પણ અમારી સાથે થઈ ગયો.

એક કલાક પછી એટલે કે લગભગ ૪ વાગે અમે વ્યાસ પહોંચ્યાં. (વ્યાસમાં માનું આ દ્વિતીય આગમન હતું.) અહીંયાં ઘણું સૂમસામ છે. નર્મદા કાંઠે જંગલમય સ્થાન છે. ગયે વરસે અહીંયાં એક રાત અમે પસાર કરી હતી. હવે અહીં ૨-૩ મકાનો પણ બની ગયાં છે. એકલાં મંદિરો અને આશ્રમો છે. એક રીતે આ સ્થળ દ્વીપ જેવું છે. પાસે જ નર્મદાને પેલે પાર શુકદેવ અને અનસૂયા ગામ છે. એમ કહેવાય છે કે કાશીથી પણ અધિક માહાત્મ્ય આ સ્થળનું છે. આ તપોભૂમિમાં કોણ જાણે કેટલાયે મહાત્માઓ તપસ્યા કરી ચૂક્યા છે. હવે એ બધાં સ્થાનો લુપ્ત થઈ ગયાં છે, તેમ છતાં સ્થાનની ગંભીરતાએ અમારું મન મોહી લીધું.

અમે લોકો રામમંદિરમાં ઊતર્યાં. અહીં મહંતજી અને બેએક બ્રહ્મચારીઓ છે. થોડી વાર પછી ફરવા માટે મા બહાર નીકળ્યાં. સાથે દેબૂ અને સાધન છે.

સાંજે પાછાં આવીને માએ, કહ્યું, "ખુકુની, રહેવા લાયક બીજી એક જગા જોઈ આવી છું. જા, તૂ પણ જોઈ આવ."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ખબર પડી કે પાસે જ યોગાનંદ સ્વામીજીનો આશ્રમ છે. ત્યાં નવાં મકાનો બન્યાં છે. હજી ઓરડાઓ નથી બન્યાં. આશ્રમમાં સ્વામીજી મહારાજ અને ઘણી શિષ્યાઓ છે. સ્ત્રીઓ ત્યાં હંમેશ માટે નથી રહેતી, કોઈ કોઈ વાર ગુરુજીના આશ્રમમાં આવીને થોડા દિવસ માટે રહે છે. બધાં ગુજરાતી છે.

.... અહીંના બધા જ લોકો અમારી મદદ કરે છે, તેથી અમારે માટે જંગલમાં પણ મંગલ છે. માની કૃપાથી બદાં કામો સારી રીતે થઈ રહ્યાં છે. અહીં ખાવા-પીવાની વસ્તુઓ નથી મળતી. બધું ચાંદોદથી મંગાવવું પડે છે. અહીંથી ચાંદોદ જવા માટે એક રસ્તો છે કે જે ૩-૪ માઈલ જેટલો છે. અહીં એક ધર્મશાળા પણ છે. જ્યાં અન્નક્ષેત્ર ચાલે છે. દંડી અને પરમહંસ સંન્યાસીઓ નિત્ય ત્યાં જ ભિક્ષા ગ્રહણ કરે છે.

●

એક અગ્નિહોત્રી બ્રાહ્મણ કુટુંબ પણ અહીં રહે છે. એમણે પોતાને માટે એક પાકું મકાન બંધાવી દીધું છે. થોડે દૂર એક વૃદ્ધાએ એકાંતમાં સાધન-ભજન કરવા માટે પણ પાકું મકાન બનાવ્યું છે. ફળાહાર કરે છે. નામ છે સરસ્વતી પ્રકાશ અને ઉંમર ૭૦-૭૫ વર્ષ જેટલી. થોડેક દૂર એક મંદિર અને એક ચણેલો ઓટલો છે. અનેક શિવલિંગો છે. આ સ્થાનનું નામ કૈલાસ છે. આ સિવાય બીજાં પણ ઘણાં વરંડાવાળાં ખાલી મકાનો છે. ચારે બાજુ સીતાફળનું જંગલ છે. એક લક્ષ્મીનારાયણ મંદિર છે જ્યાં ગઈ વખતે મા રહ્યાં હતાં.

રામજી મંદિરમાં અમે રાત્રે મા પાસે બેઠાં છીએ. ઘણા વૃદ્ધ સંન્યાસીઓમાં ગૃહસ્થની ભાવનાઓ જોઈ, એ જ વાતો હું મા પાસે કરતી હતી.

સાધને પૂછ્યું, "કેમ મા, આટલો વખત સંન્યાસી જીવન પસાર કર્યા પછી પણ આવી ભાવનાઓ કેમ રહે ? આવી હાલતમાં અમારી શી સ્થિતિ થશે ?"

મા : જુઓ, યુવાકાળમાં અનેક વિષયોમાં સામંજસ્ય સ્થાપિત કરી શકાય. એ ઉંમરે બધી બાજુ વ્યવસ્થિત રીતે કામ કરવાની શક્તિ હોય છે. પરંતુ બાળપણ અને ઘડપણમાં અંતરની સમસ્ત પ્રવૃત્તિઓ સ્પષ્ટ રૂપે પ્રગટ થઈ જાય છે. એને એ (લોકો) રોકી નથી શકતા, તેમ છતાં આ રીતે જીવન યાપન કરતા જાય છે, એમાં પણ આશા છે.

●

આજે સવારે યોગાનંદ સ્વામીજીના આશ્રમમાં અમે આવી ગયાં. એમના આશ્રમમાં જ્યાં નવા ઓરડાઓ બન્યા છે ત્યાં જ અમને ઊતારો આપ્યો. એકદમ નવા છે. હજી વરંડામાં કામ બાકી છે. અમે જો બે-ચાર દિવસ વહેલાં આવ્યાં હોત તો કદાચ આશ્રમ ન મળત. અહીંનો પ્રબંધ ખૂબ સુંદર છે.

માએ કહ્યું, "જુએ છે (ને), તમારા લોકો માટે પહેલેથી ઘર-દ્વાર તૈયાર કરી રાખવામાં આવ્યાં છે. હવે તમે લોકો નકામી ચિંતા છોડીને 'એમના' ઉપર બધું છોડી દો, તો જોશે કે બધું બરોબર છે. આ જંગલમાં આવ્યા પછી પણ નવું ભવન તૈયાર મળે છે. જો બેચાર દિવસ પહેલાં આવત તો કદાચ આ સ્થાન ન મળત, જો બેચાર દિવસ મોડી આવત તો બીજો કોઈ સાધુ અહીં આવી જાત."

મા હસવા લાગ્યાં. મેં વિચાર કર્યો કે સાચું છે. કોણ જાણે કેટલી બધી અસુવિધાઓમાં અમારા કશાયે પ્રયત્ન વિના, માત્ર માની ઉપર વિશ્વાસ મૂકવાને લીધે બધી મુશ્કેલીઓ સહેલી થઈ ગઈ, ક્યારેક તો એવું બન્યું છે કે જેની શક્યતા જ નહોતી. અહીંયાં પણ એ જ જોઈ રહી છું.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


મા સૌથી પહેલાં માતા સરસ્વતી પ્રકાશના આશ્રમમાં આવ્યાં, ત્યાં થોડીક વાર બેઠાં. માતાજી (સરસ્વતી પ્રકાશ) એકાંતમાં સાધના કરે છે. સાંભળ્યું કે એ લગભગ ૪૦ વર્ષોથી સાધના કરે છે. પહેલાં જુદી જુદી જગાઓમાં હતાં, હવે અહીંયાં જ સ્થાયી થયાં છે. સૂરતનાં રહેવાસી છે.

માને પોતાની પાસે આવેલાં જોઈ વાતચીત કરવા લાગ્યાં, જોકે એમનો પૂજાનો સમય થઈ ગયો હતો, એટલે અમે નીકળી આવ્યાં.

સાંજે ફરી એમને ત્યાં ગયાં. સ્થાન ઘણું નિર્જન છે. હવે એ વૃદ્ધા ખૂબ વાતો કરવા માંડ્યાં. વારંવાર આવવાનો આગ્રહ કર્યો. માને કહ્યું, "તમે મને બહુ સારાં લાગો છો (ગમો છો).

માએ હસતાં હસતાં કહ્યું, "કેમ ન લાગું ? હું તો તમારી છોકરી છું. છોકરીને જોવાથી માને સારું લાગે."

આવી જાતની બેચાર વાતો થઈ, પછી મા ત્યાંથી નીકળ્યાં. મેં હસીને ધીમેથી કહ્યું, "હવે આ વૃદ્ધાનું મગજ બગાડશો. બિચારી એકાંતમાં છે, હવે એને હેરાન કરશો." (અર્થાત્ હવે એને આકર્ષિત કરશો.)

મા હસી પડ્યાં. રાત્રે હસતાં હસતાં મા બોલ્યાં, "કેટલી સાહસની વાત છે. જુઓ, આ નિર્જન સ્થાનમાં ત્રણ સ્ત્રીઓ ક્યાંથી ક્યાં આવી ગઈ." એવું બીજું પણ કહ્યું. હું બોલી, "કેવી વાત કરો છો ! વિચાર કરવાથી વાત સાચી લાગે છે. પણ તમે અમારી સાથે છો એટલે મારા મનમાં આવી બધી વાતો નથી પેદા થતી. આવતી વખતે કોણ જાણે કેટલા બધા લોકોની ઈચ્છા હતી કે આપણને વડોદરા સુધી મૂકવા આવે કારણકે આપણી સાથે કોઈ પુરુષ નહોતો. મેં એ લોકોને હસતાં હસતાં કહેલું કે હજી પણ તમે બધા આવી વાતોનો વિચાર કરો છો કે ? તમે પુરુષ થઈને કેટલી વ્યવસ્થા કરી શકો ? મા સાથે છે એ જ પૂરતું નથી કે ?"

●

શા માટે આટલી બધી અગવડ સહીને મા અહીંયાં રહે છે તે મા જ જાણે. આશ્રમની સ્ત્રીઓએ માનાં દર્શન કર્યાં. ત્યારથી એમને પોતાને ત્યાં લઈ આવી છે. અત્યારે મારી પાસેથી થોડીક વાતો સાંભળીને મા પાસે આવીને બેસી ગઈ. મા પાસેથી કંઈક સાંભળવાની ઈચ્છા છે. માએ હસતાં હસતાં બેચાર અમૂલ્ય ઉપદેશો આપ્યા. બધી જ સ્ત્રીઓ આનંદિત થઈ ગઈ. બધી જ ગુજરાતી છે, છતાં હિંદી થોડું ઘણું સમજે છે. હું પણ ગુજરાતી સમજું છું. આમ ને આમ કામ ચાલે છે.

આજકાલ મા ઘણી વાર કહે છે, "તમે બધાં પાછાં ફરવાની ટિકિટ લઈને આવો છો તેથી આવાગમન ચાલુ રહે છે. હવે એવું કામ કરો કે રિટર્ન ટિકિટ ન લેવી પડે."

●

આજે સવારે મા અને હું ફરતાં ફરતાં વ્યાસદેવનું મંદિર, ધર્મશાળા, સત્યનારાયણ મંદિર વગેરે જોઈને અગ્નિહોત્રીજીને ઘેર જઈને થોડી વાર બેઠાં. અમારો આદર-સત્કાર કરીને એ લોકોએ કહ્યું, "જ્યારે જે ચીજની જરૂર હોય, અમને કહેવું."

ત્યાંથી ચાલતાં નીકળ્યાં. ફળાહારી માતાજી (સરસ્વતી પ્રકાશ)ના આશ્રમ પાસે આવ્યાં. માને જોતાં જ તપસ્વિની વ્યસ્ત ભાવથી બોલાવવા લાગ્યાં. પછી પોતાની ભાષામાં બોલ્યાં, "આ કેવી છોકરી છે જે એની મા પાસે નથી આવતી અને આમ-તેમ ફર્યા કરે છે !"

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા એમના આશ્રમમાં પ્રવેશીને બોલ્યાં, "માનો સ્વભાવ દીકરીએ લઈ લીધો છે. જેવી મા, તેવી એની દીકરી."

(સરસ્વતી પ્રકાશની એકની એક દીકરી ઘણાં વર્ષો પહેલાં ગુજરી ગઈ છે. એ અસહ્ય વેદનાને લીધે સર્વ ત્યાગ કરીને સાધના કરવા આવ્યાં. આ વાત મા અંતર્યામી હોવાથી જાણતાં હતાં, પરંતુ દીદીને ખબર નહોતી.) વૃદ્ધા અતિશય પ્રસન્ન થઈ ગઈ. માને બેસવાનું કહીને બોલી, " અહીં બે દિવસથી તમે ન આવ્યાં એટલે થયું કે રખે ને જતાં રહ્યાં હો. પછી થયું મને કહ્યા વગર શેનાં જતાં રહો."

વૃદ્ધાની અધિકારપૂર્ણ વાત સાંભળીને અમે હસી પડ્યાં. મેં માને કહ્યું (બંગાળીમાં), "આ વૃદ્ધા એકાંતમાં એકલી રહે છે, સાધન-ભજન કરે છે. આવી હાલતમાં તમે છો કે ચાલી ગયાં તેની એને શેની ચિંતા ? વળી કેટલો બધો અધિકાર માને છે ! જુઓ, બે દિવસના પરિચયમાં જ કહે છે કે મને જણાવ્યા વગર કેમ જતાં રહ્યાં ?"

વૃદ્ધા બંગાળી ન સમજી શકી. મા અને હું અમારી વાતોમાં હસી પડ્યાં. મેં કહ્યું, "હું પહેલાં જ કહી ચૂકી છું કે આ વૃદ્ધાનું મસ્તિષ્ક બદલવા માટે અહીંયાં આવી છો." મા હસ્યાં.

થોડી વાર ત્યાં બેસીને અમે ચાલી આવ્યાં. જતી વખતે વૃદ્ધા ફરીથી આવવાનો આગ્રહ કરતી રહી.

બપોરે વૃદ્ધા માના ઓરડામાં આવીને બેઠી, અને માને કહ્યું, "તમે મને બહુ ગમો છો, પણ એને મૌખિક રૂપે વ્યક્ત નથી કરી શકતી, માત્ર મારા હૃદયમાં અંકિત છે."

મા હસીને બોલ્યાં, "માને ક્યારેય એની છોકરી ખરાબ લાગે (ન ગમે)?"

મા કોઈને નથી છોડતાં. અનેક વાર મેં જોયું છે કે માની પાસે આવતાં જ લોકોની અંદરના ભાવો અનાયાસે પ્રગટ થઈ જાય છે. સામંજસ્ય રાખવાનો લોકો પ્રયત્ન કરે છે, પરંતુ અહીં આવ્યા પછી એવું નથી કરી શકતા. ખેર, આ જંગલમાં પણ અમારા દિવસો આનંદથી પસાર થઈ રહ્યા છે.

●

આજે ૧૦ વાગે બોટમાં મા સાથે હું અને સાધન ચાંદોદ બાજુ જવા નીકળ્યાં. દેવીજીને વ્યાસમાં જ રહેવા દીધાં. ચાંદોદમાં અમે ત્રિકમજીના મંદિરમાં આવીને રહ્યાં. મહંત મહારાજ માને જોઈને ગદ્‌ગદ્ થઈ ગયા, અને ચાંદોદમાં રહેવાનો વિશેષ આગ્રહ કર્યો.

માએ કહ્યું, "પિતાજી, તમારી આ ગાંડી દીકરી ફરતી ફરતી જ્યારે ઈચ્છા થશે ત્યારે પોતે જ આવી જશે." બપોરે મા થોડીવાર વિશ્રામમાં ગયાં. બે વાગ્યાની ગાડીમાં (વડોદરાથી) ગંગાચરણ બાબૂ (વડોદરાની કૉલેજના પ્રિન્સિપાલ) સપત્નીક આવ્યા, સાથે અભય પણ હતો. અભય પંદરેક દિવસ કાશીમાં શ્રદ્ધેય ગોપીનાથ બાબૂને ત્યાં હતો. ચાર વાગે મા કરનાળી ફરીને પાછાં આવ્યાં. સાંજે અમે વ્યાસ બાજુ રવાના થયાં.

હોડીમાં વ્યાસ જતાં ત્રણ કલાક થાય છે. ચાંદની રાત, નર્મદામાં માની સાથે સહેલ કરવાનો ખૂબ આનંદ થયો. બન્ને બાજુનું દૃશ્ય અત્યંત નિર્જન છે. મેં વિચાર કર્યો, કોણ જાણે કેટલાયે સાધકો અહીંયાં સાધના કરતા, આજે પણ એમના પ્રભાવથી આ સ્થળ પ્રભાવિત છે. રાત્રે સાડા નવે અમે વ્યાસ પહોંચ્યાં. ચારે કોર ગાઢ સન્નાટો છે.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


આજે ખૂબ વહેલી સવારે માએ એકાએક મને કહ્યું, "એક મૂર્તિ દેખાઈ. અત્યારે કેટલા વાગ્યા છે ?"

મેં કહ્યું, "ચાર."

મા બોલ્યાં, "સવા ચાર વાગી ગયા છે. આ જ 'નામ' કરવાનો સમય છે."

મેં પૂછ્યું, "કઈ મૂર્તિ વિષે આપ કહેતાં હતાં ?"

માએ ઉત્તર ન આપ્યો.

●

સ્ત્રીઓનું એક ટોળું પાસે શિહોર નામની જગાએ ગયું હતું. હવે પાછું આવ્યું છે. એક સ્ત્રી આવી અને માને કહ્યું, "આજે મેં એક આશ્ચર્યજનક દૃશ્ય જોયું. અમે બધાં હોડીમાં બેઠાં હતાં. અચાનક મેં જોયું કે આપ અર્ધશાયિત સ્થિતિમાં, જેમ આપ ઘણી વાર સૂઓ છો, બરોબર તે જ રીતે સૂતાં છો. હું મારી નજર જ્યાં જ્યાં ફેરવું ત્યાં ત્યાં આપ જ દેખાતાં હતાં. આખરે જ્યારે મારાથી ન રહેવાયું ત્યારે મેં મારી બહેનોને કહ્યું, પણ એમને કંઈ દેખાયું નહીં."

એણે તૂટક તૂટક હિંદી ભાષામાં ગમે તેમ કરીને એ વાત અમને સમજાવી. બધું સાંભળીને મા હસ્યાં માએ મને કહ્યું, "એમણે શું કહ્યું, સાંભળી લીધું ?"

●

સાંજ પડતાં પહેલાં ફળાહારી માતાજી પાસે ગયાં. સાથે અભય અને હું હતાં. વૃદ્ધા માને જોઈને ખીલી ઉઠી. "દીકરી, મોડી કેમ આવી ?"

મા વરંડામાં જઈને ખાસ્સી વાર સુધી બેઠાં. વૃદ્ધા જરીક સ્પર્શાસ્પર્શનું વધારે ધ્યાન રાખે છે. માએ કહ્યું, "મારે પાણી પીવું છે." પછી માએ મને કહ્યું, "મા સાથે જરા તોફાન કરું."

વૃદ્ધા અત્યારે સહેજ દૂર રહેવા માગે છે, કારણ સ્નાન કરીને આવી છે. હવે મંદિરે દર્શન કરવા જશે. શું કરે કંઈ સમજ નથી પડતી, બોલી, "મને માયાના ચક્કરમાં ફસાવવા માગે છે ?"

જ્યારે એને એ વાત બરોબર સમજાઈ ગઈ કે મા સાચે જ પાણી પીવા માગે છે ત્યારે એક વાડકામાં પાણી લાવીને મને કહ્યું, "લો, આમને પીવડાવો." આ બાજુ મા બાળકની માફક મોં ખોલીને એની તદ્દન નજીક બેઠાં ગયાં. બિચારી કરે પણ શું ? ગમે તેમ કરીને એક ઘૂંટડો પાણી રેડીને ચિંતાની મુદ્રામાં પાણી પીવડાવવાનો મને આગ્રહ કરવા લાગી.

મેં હસીને કહ્યું, "એ માને (અર્થાત્ વૃદ્ધાને) હાથે પાણી પીવા માગે છે. હું ન પીવડાવું."

વૃદ્ધા ખાસ્સી હેરાન થયેલી દેખાઈ. આ જોઈને મેં પાણી પીવડાવ્યું. પછી માએ વૃદ્ધાને કહ્યું, "મા, મા, દરેક જણ મારી મા બનવા નથી માગતું. તમે તો મારી મા બની ગયાં છો. હવે જો હું તમને મા, મા, કહીને બોલાવું તો નારાજ ન થતાં."

વૃદ્ધા અત્યંત આદર સહિત બોલી, "એવું કેમ બને કે હું નારાજ થાઉં. વળી સાધુનો વેશ ધારણ કરીને નારાજ થવું ઠીક નથી."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા હસતાં હસતાં બોલ્યાં, "ઠીક છે. આ તો સરસ વાત છે." પછી બરાબર બાળકની જેમ "મા, મા, મા" કહીને બોલાવવા મંડ્યાં, અને એમનો ભાવ સહેજ બદલાઈ ગયો, આંખોમાંથી પાણી નીકળવા માંડ્યું. અભય ને હું ગભરાઈ ગયાં. આ શું થઈ રહ્યું છે ?

આ વૃદ્ધાની એક દીકરી હતી. પંદર વર્ષની ઉંમરે એ બે મહીનાના ગર્ભ સાથે વિધવા થઈ ગઈ. એ છોકરી પોતે ૨૦ વર્ષની થઈને ગુજરી ગઈ. વિધવા એની છોકરીના શોકમાં ગૃહત્યાગી બની. ગઈકાલે એ જ બધી વાતો એ માને કહેતી હતી. એણે એમ પણ પૂછ્યું કે, તમે શું મારી એ જ છોકરી છો ? તમે અહીંયાં ક્યાંથી આવી ગયાં ? હું અહીંયા એકાંતમાં રહું છું, ક્યાંય નથી જતી વગેરે વાત કરતી હતી.

આજે મા એને બોલાવતાં કહેવા લાગ્યાં, "તમે તમારી એ છોકરી માટે બહુ રડ્યાં છો, એટલા માટે આજે હું રડું છું."

વૃદ્ધા પહેલવહેલી વાર ખાસ્સી પ્રસન્ન દેખાઈ. એના અંતરમાં કંઈક દુઃખ છે એવો આભાસ મને નહોતો થયો. પરંતુ માએ આવી રીતે બોલાવી એટલે એમની પાસે આવીને સ્થિર ભાવે ઊભી રહી ગઈ. જોતજોતામાં વૃદ્ધાની આંખો ભીની થઈ ગઈ.

સાંજ પડી ગઈ છે એટલે મેં અને અભયે કહ્યું, "આ શું મા, બિચારી આ જંગલમાં એકલી રહે છે, અહીંયાં આવીને આમ શું કરો છો ?" માના હોઠ પર સ્મિત, આંખોમાં પાણી ! કંઈ બોલ્યાં નહીં. થોડીક વારમાં વૃદ્ધાને સાથે લઈને બહાર આવ્યાં. વૃદ્ધાનાં નિત્ય કર્મ, સંધ્યાનું ધ્યાન, ભજન બધું જ માની સાથે જવા માંડ્યું. અમે પણ સાથે સાથે ગયાં.

અત્યારે મા એકદમ બાળકની જેમ પાછળ પાછળ દ્રુતગતિએ ચાલે છે. વૃદ્ધાની આકૃતિમાં હાસ્ય નથી, ખાસ્સી ગંભીર છે. બધાં મંદિરોમાં દર્શન કર્યા પછી વૃદ્ધા જતી રહી.

મેં માને પૂછ્યું, "(એની) અંદર જે કંઈ છે તે બહાર લાવી દઈ રહ્યાં છો ?"

માએ કહ્યું, "અંદરનું બહાર નીકળી જાય તો સારું."

વૃદ્ધા એના આશ્રમમાં જતી રહી અને અમે અમારી જગાએ ઊભાં રહ્યાં.

વૃદ્ધાના આશ્રમમાં કશા કામથી હું ગઈ તો એ બોલી, "હું અહીંયાં એકાંતમાં મારા દેવતાને લઈને રહું છું. એકલા રહેવાથી મને આનંદ થાય છે. આ દીકરી કોણ જાણે ક્યાંથી આવી પહોંચી ! એનું મોઢું ઘણું મારી દીકરી જેવું છે. ક્યાં બંગાળ અને ક્યાં ગુજરાત ? પણ કેવું મિલન થઈ ગયું ! કેવો સંયોગ છે, ખબર નથી પડતી. જ્યારે હું દર્શન કરવા ગઈ ત્યારે કેવી જાતના ભાવ ઉત્પન્ન થયેલા એ ભગવાન જ જાણે છે. આ દીકરી તો હવે મારી જ થઈ ગઈ છે."

મને થયું - આ કેવું વર્તન ? ક્યાં, શા માટે, કોને માટે, કેવું કેવું વર્તન કરે છે - મારે માટે તો સમજવું મુશ્કેલ થઈ ગયું છે. ફક્ત જોયા કરું છું.

(ગુરુપ્રિયાદીદીની ડાયરીના અંશો.)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# વૈદિક પ્રાર્થના

# શિવસંકલ્પ સૂક્તમ્

ॐ यज्जाग्रतो दूरमुदैति दैवं तदु सुप्तस्य तथैवेति।

दूरङ्गमञ्ज्योतिषाञ्ज्योतिरेकं तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ १ ॥

ભાવાર્થ : જાગ્રત વક્તિનું મન અન્ય ઈન્દ્રિયો કરતાં વધારે દૂર જાય છે. દેદીપ્યમાન્ વિજ્ઞાનાત્માને ગ્રહણ કરનારું જે મન જાગ્રત અવસ્થાની જ જેમ સ્વપ્નાવસ્થામાં પણ દૂરસ્થ વિષયોને ગ્રહણ કરે છે, અને જે મન ભૂત-ભવિષ્ય-વર્તમાન તથા વિપ્રકૃષ્ટ વિષયોને પણ ગ્રહણ કરે છે, અને શ્રોત્રાદિ ઈન્દ્રિયોને પણ એકલું શક્તિ આપનાર જ્યોતિસ્વરૂપ છે, તે મારું મન ક્લેશપ્રદ વિષયો પ્રત્યે શાંત સંકલ્પવાળું થાય (કલ્યાણમય, શિવસંકલ્પવાળું થાઓ).

●

येन कर्म्माण्यपसोमनीषिणो यज्ञे कृण्वन्ति विदथेषु धीराः

यदपूर्वं यक्षमन्तः प्रजानान्तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ २ ॥

મેધાવી, યજ્ઞવિધિવેત્તા, ધીર પુરુષો જે મનને લીધે જ વૈદિક-કર્મનિષ્ઠ બને છે, જે મન સૃષ્ટિની પૂર્વે પણ હતું, જે મનના પહેલાં એક્કે ઈન્દ્રિય નહોતી, જે મન સમગ્ર વૈદિક યજ્ઞયાગાદિ કર્મોનું સંપાદન કરાવવામાં સમર્થ હોઈ સમસ્ત પ્રજાઓની અંદર વિરાજમાન છે, તે મારું મન કર્મજન્ય ફળમાંથી વિરક્ત થઈને શિવ સંકલ્પવાળું થાઓ.

●

यत्प्रज्ञानमुतचेतो धृतिश्च यज्ज्योतिरन्तरमृतम्प्रजासु।

यस्मान्न ऋते किञ्चन कर्म क्रियते तन्मे मनः शिव-सङ्कल्पमस्तु॥ ३ ॥

જે મન પાર્થિવ સામાન્ય પદાર્થોમાં મણિ-રત્ન ઈત્યાદિનું વિશેષ જ્ઞાન કરાવવાને સમર્થ છે, જે મન સામાન્ય જ્ઞાન પણ કરાવે છે, જે મન ધૈર્યરૂપ છે, જે મન સમગ્ર પ્રજાજનોની અંદરનાં સુખ-દુઃખાદિનું પ્રકાશક છે, જે મન અમરણધર્મી અમૃતસ્વરૂપ છે, જે મન વિના કંઈ પણ કરવું શક્ય નથી, તે મારું મન શિવ સંકલ્પવાળું થાઓ.

●

येनेदम्भूतं भुवनं भविष्यत्परिगृहीतममृतेन सर्वम्।

येन यज्ञस्तायते सप्तहोता तन्मे मनः शिवसङ्कल्पमस्तु॥ ४ ॥

જે મન દ્વારા આ સર્વ ભૂત-ભવિષ્ય-વર્તમાનનું ગ્રહણ કરવામાં આવે છે અર્થાત્ ભૂત-ભવિષ્ય-વર્તમાનનું જ્ઞાતા જે મન છે તે જ નિત્ય મન દ્વારા અગ્નિષ્ટોમ આદિ બધા યજ્ઞોનું વિધાન થાય છે, જેમાં સાત હોતા દેવતાઓનું આવાહન થાય છે, તે મારું મન શિવસંકલ્પવાળું થાઓ.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

यस्मिनृचः सामयजूंषि यस्मिन् प्रतिष्ठिता रथनाभाविवाराः।

यस्मिश्चित्तं सर्वमोतम्प्रजानां तन्मे मनः शिवसङ्कल्पमस्तु॥ ५॥

જે મનથી સમગ્ર ઋક્-સામ-યજુઃ મંત્રો એવી રીતે પ્રતિષ્ઠિત છે કે જેમ ધુરીમાં પૈડાના આરાઓ હોય, સમગ્ર પ્રજાજનોનું સર્વવિષયક જ્ઞાન જે મનમાં પ્રતિષ્ઠિત છે, તે મારું મન શિવસંકલ્પવાળું થાઓ.

•

सुषारथिरश्वानिवयन्मनुष्यान्नेनीयतेभीशुभिर्वाजिन इव।

हृत्प्रतिष्ठं यदजिरञ्जविष्ठन्तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ ६॥

જેવી રીતે રથીનો હિતચિંતક સારથી લગામ અને ચાબુક વડે ઘોડાઓને વશમાં રાખીને લક્ષ્ય સુધી પહોંચાડે છે, તે રીતે જે મન માત્ર મનુષ્યને જ નહીં પરંતુ સર્વ પ્રાણીઓને એમના લક્ષ્ય સુધી પહોંચાડે છે, (અન્ય અર્થઃ યમ-નિયમરૂપી સાધનો દ્વારા સાધકોનું આ મન મોક્ષરૂપી લક્ષ્ય સુધી જીવાત્માને લઈ જાય છે.) જે મનની પ્રતિષ્ઠા હૃદયમાં છે, જે મન કદીયે જરાગ્રસ્ત નથી થતું, જે મન અત્યંત વેગવાન્ છે, તે મારું મન શિવ સંકલ્પવાળું થાઓ.

•

## તડપ

આનંદમયી આનંદદા ! જનની તૂ હી જગદંબા
ભયહારિણી ! ભવતારિણી ! મંગલમયી શુભદા !

ત્રિગુણસે ના પરે હૈં, ત્રિતાપમેં જલે હૈં,
ષડરિપુસે હૈં ઘાયલ, તૂં ગોદમેં ઊઠા લે.

જાયેં તો કિધર જાયેં, કહેં તો કિસસે કહેં ?
હમ ખુદ હી ખુદસે હારે, તૂ હૃદયસે લગા લે.

કબ તક દેખા કરોગી ! હમકો યું તડપતે
તેરી શરણમેં આયે હમ તેરે હૈં દુલારે

- હરબાળા દવે

•

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# ઈશુ ખ્રિસ્તના જીવન વિષેનું નવું સંશોધન

- લક્ષ્મી

ઈ.સ. ૧૯૬૬માં એક ધાર્મિક ઈતિહાસવિદ્ જર્મન લેખક હોલ્ગર કર્સ્ટને (Holger Kersten) એક બહુચર્ચિત પુસ્તક લખ્યું, જેનાં ભાષાંતરો યુરોપની અને એશિયાની અનેક ભાષાઓમાં છેક ૧૯૯૭ સુધી થતાં રહ્યાં. પુસ્તકનું નામ છે - Jesus Lived in India 'જીસસ ભારતમાં રહ્યા હતા.'

લેખકના મતાનુસાર ખ્રિસ્તી (Vetican) ચર્ચે જીસસનું ખોટું ચિત્ર ચીતર્યું છે, જેમાં જીસસની મહાનતા તથા એમના મૂળ સિદ્ધાંતોને વિકૃત કરી દેવામાં આવ્યા છે. જીસસે જન્મ બાદ ધર્મપ્રચાર આરંભ્યા સુધીના સંપૂર્ણ કાળ વિષે બાઈબલ મૌન છે. એ સમય જીસસે ક્યાં પસાર કર્યો, શું કર્યું, તેમ જ ક્રૉસ પરથી ઊતર્યા પછી શું બન્યું તે વિષે 'ચર્ચ' પણ અજાણ છે.

૧૮૮૭માં નિકોલાઈ નોટોવિચ નામના એક રશિયન ઈતિહાસવિદે કાશ્મીરના શ્રીનગરથી છેક લડાખ સુધીની યાત્રા કરીને અનેક અમૂલ્ય માહિતિ એકઠી કરી. લડાખમાં એક બૌદ્ધ મઠમાં તેઓ ગયા ત્યારે ત્યાંના લામાઓએ એમનું આશ્ચર્યજનક ઉમળકાભેર સ્વાગત કર્યું. લામાો મુસલમાન યાત્રીઓને આવકારતા ન હતા, જેનું કારણ ત્યાંના વડાએ જણાવ્યું કે અમારા અસંખ્ય બૌદ્ધોને બળજબરીથી ઈસ્લામમાં ખેંચી જવામાં આવ્યા છે, પરંતુ ખ્રિસ્તીઓ તેવું નથી કરતા; વળી તમારા ખ્રિસ્તી દલાઈ લામાએ અમારા બૌદ્ધ મતનો જ પ્રચાર કર્યો છે.

આ ખ્રિસ્તી દલાઈ લામા કોણ ?

એમના આ અજ્ઞાન પર લામાને ઘણું આશ્ચર્ય થયું. એમણે કહ્યું, ''બાવીસ બુદ્ધો પછીના ઈસા પ્રથમ બુદ્ધ અને મહાન ધર્મપ્રચારક છે. દલાઈ લામા કરતાં પણ તેઓ મહાન છે કારણકે અમારા ભગવાન (બુદ્ધ)ના આધ્યાત્મિક જ્ઞાનના તેઓ એક ભાગરૂપે છે..... એમનું નામ અને એમનાં કાર્યો અમારાં ધાર્મિક લખાણોમાં સાચવવામાં આવ્યાં છે.

આ બધું સાંભળીને નોટોવિચ આભા બની ગયા

એમણે પૂછ્યું, ''એ લખાણો અત્યારે ક્યાં મળે ? અને એ મૂળરૂપે કોણે લખ્યાં હતાં ?''

''ભારત અને નેપાળનાં મુખ્ય પુસ્તકોમાં સેંકડો વર્ષો પહેલાં અનેક ઐતિહાસિક તથ્યોને આધારે લખાયેલા એ હજારો ધર્મપત્રો હાલમાં લ્હાસામાં (તિબેટમાં) છે. એની ઘણી પ્રતો લ્હાસાથી બનાવીને અમારા લામાઓ લડાખમાં લાવ્યા છે.''

એમણે આગળ કહ્યું કે એ બધાં પવિત્ર લખાણો છે, તમને અમુક મઠો સિવાય બીજે ક્યાંય નહીં જોવા મળે. નોટોવિચે નિશ્ચય કર્યો કે આગળ સંશોધન કરવું. તે માટે તેઓ લેહ ગયા અને ત્યાંથી તિબેટના હેમિસ નામના વિશ્વ પ્રસિદ્ધ મઠમાં પહોંચ્યા. ત્યાં એમને સાચે જ જાણવા મળ્યું કે એ રહસ્યમય ''બૌદ્ધ ઈસા''નું જીવન ખ્રિસ્તી જીસસને આબાદ મળતું આવતું હતું.

નોટવિચના લખાણોનું ફ્રેંચ ભાષાંતર આ જર્મન લેખકે વાંચ્યું, જેમાં લખ્યું છે :

(તિબેટના બૌદ્ધ ધર્મપત્રોનું એ ભાષાંતર છે, એક નાની ભૂમિકામાં ઈઝરાયેલનો ઈતિહાસ તથા મોઝીસનું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by Sadhana and Sarayu Trust. Funding by MoE-IKS

જીવનચરિત્ર છે. ઈશ્વર મનુષ્ય રૂપે અવતરે છે તે વિષે લખાણ છે) "અને ત્યારે દૂર-સુદૂરના ઈઝરાયેલમાં એક દિવ્ય બાળક જન્મે છે જેનું નામકરણ ઈસા થાય છે. ચૌદમા વર્ષે એ બાળક વેપારીઓના સંઘ સાથે સિંધુના પ્રદેશમાં આવે છે. એ ઈશ્વરને પ્રિય એવા દેશમાં આર્યો સાથે સ્થાયી થાય છે, પોતાની જાતને પૂર્ણતા આપવા માટે તથા બુદ્ધના મહાન સિદ્ધાંતોને સમજવા માટે યુવાન ઈસા પંચનદ (પંજાબ)ના પ્રદેશમાં યાત્રા કરે છે, થોડા સમય માટે 'ભ્રમિત' જૈનો સાથે રહે છે, અને ત્યાંથી જગન્નાથ જાય છે કે જ્યાં બ્રાહ્મણો એને આનંદપૂર્વક આવકારે છે. જગન્નાથમાં ઈસા વેદોને વાંચતાં તથા સમજતાં શીખે છે..... જગન્નાથમાં છ વર્ષ પસાર કરીને એ રાજગૃહ, વારાણસી અને અન્ય તીર્થોમાં જાય છે."

નોટોવિચનું ભાષાંતર આગળ જણાવે છે :

"ઈસા હિમાલયના પ્રદેશમાં આગળ વધે છે, નેપાલ જાય છે જ્યાં છ વર્ષ રહે છે અને બૌદ્ધ શાસ્ત્રોનો અભ્યાસ કરે છે. આખરે પશ્ચિમ દિશા તરફ જાય છે, અનેક દેશોમાંથી પસાર થાય છે, પ્રચાર કરે છે."

એ કાળ ભારતમાં નાથયોગીઓની પ્રસિદ્ધિનો હતો. બૌદ્ધ ધર્મ પર પણ હઠયોગનો ઘણો ઊંડો પ્રભાવ પડ્યો હતો, જે અત્યારે પણ તિબેટમાં અને નેપાળમાં દેખાય છે. તિબેટનો બૌદ્ધ ધર્મ ત્યારે હિંદુ તંત્ર માર્ગ તથા નાથ-સંપ્રદાય સાથે વણાઈ ગયો હોવાથી આજના દિવસે પણ વિશ્વના અન્ય સ્થળોના બૌદ્ધ ધર્મથી જુદો છે. "નાથ-નામાવલિ" નામના નાથ-સંપ્રદાયના ગ્રંથમાં "ઈશનાથ"નો ઉલ્લેખ છે, "એ ઈશનાથ ચૌદ વર્ષની વયે ભારત આવ્યા હતા. એમના સિદ્ધ ગુરુ ચેતનનાથની શક્તિથી ખેંચાઈને ઈશનાથ (જીસસ) ફરીથી ભારત આવ્યા અને હિમાલયની તળેટીમાં કાશ્મીરમાં આશ્રમ પણ સ્થાપ્યો." જીસસને જ્યારે ક્રોસ પર ચઢાવવામાં આવ્યા ત્યારે હઠયોગની સિદ્ધિઓને પ્રતાપે તેઓ શરીર રાખી શક્યા. એમનો દેહનાશ થયો અને પુનર્જીવિત થયા તે વાત 'ચર્ચે' કરી છે પણ તેમ ન હતું. તેઓ વધસ્તંભ પર અવસાન પામ્યા ન હતા.

લેખક પોતે કાશ્મીર પણ ગયા અને ત્યાંના વિશ્વવિખ્યાત વિદ્વાન પ્રોફેસર હસનૈન કે જે અમેરિકામાં અને જાપાનમાં પણ વિઝીટીંગ પ્રોફેસર હતા, એમની સહાયતાથી કાશ્મીરના પ્રદેશોમાંથી જીસસ વિષેનાં તથ્યો એકઠાં કર્યાં. લેખકે ભૌગોલિક પુરાવા, ધાર્મિક પુરાવા જેમ કે બૌદ્ધ હસ્તપ્રતો નાથ સંપ્રદાયનાં લખાણો, કુરાનનાં લખાણો, એશિયાના ઈતિહાસ વિષયક પ્રાચીન લખાણો અને હિંદુઓના ભવિષ્ય-પુરાણમાંથી શ્લોકો એકઠા કર્યા. ભવિષ્યપુરાણના દ્વિતીય અધ્યાયમાંથી લેખકે જે શ્લોકો ટાંક્યા છે તેમાંના કેટલાક આ પ્રમાણે છે :

तत्त्वानां चलभूतानां कर्षण: स समंतत:।
इति कृत्येन भूपाल मसीहा विलयं गता॥ ३०॥
ईशमूर्तिर्हृदि प्राप्ता नित्यशुद्धा शिवंकरी।
ईशामसीह इति च मम नाम प्रतिष्ठितम्॥ ३१॥
इति श्रुत्वा स भूपालो नत्वा तं म्लेच्छपूजकम्।
स्थापयामास तं तत्र म्लेच्छस्थाने हि दारुणे॥ ३२॥

(भविष्यपुराण - द्वितीयोऽध्याय:)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



અનેક જીસસ-સંબંધી સ્થળોના ફોટા પણ પાડ્યા. આ બધું એમના પુસ્તકમાં છે. હિંદુઓના મનુ ઋષિ, ઈજિપ્તના Manes, ગ્રીકોના Minos, હિબ્રૂ જાતિના Moses એક જ છે. મનુએ સૃષ્ટિના પ્રલય વખતે મત્સ્ય ઉપર બેસીને પ્રજાઓને બચાવી હતી તેવી જ વાત બાઈબલમાં આવે છે. વેદોમાં વિશેષતઃ ઋગ્વેદમાંના સિદ્ધાંતો મોઝીસ પાસે છે. મોઝીસની કબરના સ્થળનું બાઈબલમાં બારીકાઈથી વર્ણન છે, પરંતુ તે સ્થળ ખ્રિસ્તીઓને મળ્યું નથી. લેખકે એક સ્થાન કાશ્મીરમાં શોધ્યું છે, જેને દર્શાવતાં સ્થળોનાં નામો આબેહૂબ રીતે બાઈબલમાં છે. (વિશેષ જાણકારી માટે પુસ્તક જોવું.)

જીસસનાં માતા મેરી પણ છેલ્લે એમની સાથે કાશ્મીર આવેલાં અને રસ્તામાં હાલના પાકિસ્તાનમાં તક્ષશિલા પાસે MARI નામક સ્થળે દેહ છોડ્યો હતો. કાશ્મીરમાં વધસ્તંભના પ્રસંગ પછી જીસસ એમના અંતરંગ શિષ્યો તથા માતા સાથે કાશ્મીર આવ્યા અને છેવટ સુધી રહ્યા. શ્રીનગરમાંના એમના સમાધિ-સ્થળ વિષે જાણકારી આપી છે. વધારે જાણવા ઈચ્છતા વાચકોએ આ પુસ્તક જરૂર વાંચવું. ૨૩૩ પાનાનું મોટું લાંબું પુસ્તક છે, સ્થાનાભાવ તથા અતિવિસ્તારની શક્યતાથી અહીંયાં વધારે લખાય તેમ નથી.

પુસ્તકમાં ઐતિહાસિક, ભૌગોલિક, ધાર્મિક તેમ જ વૈજ્ઞાનિક પુરાવા રજુ કરીને મુદ્દાઓ ચર્ચાયા છે. જે વિષયોની ખાત્રીપૂર્વક છણાવટ કરવામાં આવી છે તે છે :

જીસસનું અજ્ઞાત જીવન, જીસસ કોણ હતા ? મોઝીસ અને હિબ્રૂ જાતિ વિષે, જીસસનું બાળપણ, ત્રણ તારા તથા ત્રણ ડાહ્યા માણસો વિષે, દર્શનનો પ્રભાવ, જીસસ ભારતમાં, જીસસના શરીરને આવૃત કરનારું વસ્ત્ર (Shroud) અને તેની વૈજ્ઞાનિક ચર્ચા, જીસસનું વધસ્તંભ પર જીવિત રહેવું તથા ત્યાર બાદનું સંપૂર્ણ જીવન, રાજા કનિષ્ક સાથે મુલાકાત; અને આ બધા વિષયોની ચર્ચા બાઈબલને આધારે પણ ખરી. ભૌગોલિક નકશાઓ અને સ્થળોનાં નામો પણ આપવામાં આવ્યા છે. પ્રારંભિક ભૂમિકા તરીકેના નોટોવિચનાં લખાણોની પણ ઐતિહાસિક અને વાસ્તવિક ધોરણે ચકાસણી કરીને આપવામાં આવી છે. ટૂંકમાં, આ પુસ્તકમાં કલ્પના કે લોકવાયકાને આધારે અદ્ધર વાતો નથી કરાઈ, બલ્કે પ્રત્યેક ઘટના તથા તારવણીનાં વાક્યોને ઝીણવટથી પુરાવા સહિત રજૂ કરવામાં આવ્યા છે.

ભારત એક મહાનતમ દેશ છે, એની સંસ્કૃતિ વિશ્વની સૌથી પ્રાચીન સંસ્કૃતિ છે, સંસ્કૃત ભાષા વિશ્વની ભાષાઓની જનની છે, પ્રાચીનતમ અને પૂર્ણતમ જ્ઞાન વેદોમાં ભરેલું છે. ભારતના ઋષિઓને શત શત પ્રણામ.

●

जिते तस्मिन् वृत्तिशून्यं मनस्तिष्ठति मूकवत्।

एतत्पदं वसिष्ठेन रामाय बहुधेरितम्।

એ મનોરાજ્યને જીતી લીધા પછી મનના સકળ વ્યાપારો એવી રીતે બંધ થઈ જાય છે જેમ મૂગો માણસ સંપૂર્ણ વાગ્વ્યવહારથી રહિત થઈને ચુપચાપ બેસી રહે છે. આવા શાંત પદનું વર્ણન વસિષ્ઠએ રામ પ્રત્યે અનેક પ્રકારે કર્યું છે.

(પંચદશી ૪-૬૩)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# વામદેવ

- રાજેન્દ્ર પ્રસાદ મિશ્ર

(વેદના ઋષિ વામદેવ - ઉપાખ્યાનમાં પુનર્જન્મના સિદ્ધાંતનું પ્રતિપાદન થયું છે. આ આખ્યાયિકા કાળાંતરમાં ભગવાનના વિરાટ સ્વરૂપની કલ્પનાનું કારણ બની, જેની પૂર્ણતા ગીતાના વિરાટ-રૂપ-વર્ણનમાં દેખાય છે.

આધાર : ઋગવેદ, અથર્વવેદ, ઐતરેય આરણ્યક, ઐતરેય બ્રાહ્મણ, પંચવિશ બ્રાહ્મણ, કાઠક સંહિતા, મૈત્રાયિણી સંહિતા, ઐતરેય ઉપનિષદ્, બૃહદારણ્યક ઉપનિષદ્, બૃહદ્દેવતા.)

માતાના ગર્ભમાં વામદેવને આત્માનુભૂતિ પ્રાપ્ત થઈ. માતાના ગર્ભમાં જન્મ-વિષયક જ્ઞાન થઈ ગયું. એણે વિચાર કર્યો - ''અન્ય મર્ત્યોની જેમ સર્વવિદિત સાધારણ રૂપે હું શા માટે જન્મ ગ્રહણ કરું ? ગર્ભમાંથી યોનિ દ્વારા બધાં જ પ્રાણીઓ જન્મ લે છે.'' જન્મ લેવાનો નવીનતમ તથા વિશિષ્ટ પ્રકાર એને સૂઝ્યો.

વામદેવની માતાને જીવન સંકટમય દેખાયું. સંકટમોચનાર્થે દેવી અદિતિનું એણે ધ્યાન કર્યું. ઈન્દ્રની સાથે અદિતિ ત્યાં પ્રગટ થયાં.

''વામદેવ'', ઈન્દ્રે ગર્ભસ્થ વામદેવનો વિચાર જાણીને એને સંબોધન કર્યું, ''યોનિ માર્ગે જન્મ ગ્રહણ કરવો તે સનાતન માર્ગ છે. અનાદિ કાળથી આ પરંપરા ચાલી આવી છે. આ જ માર્ગથી દેવતાઓ જન્મ ગ્રહણ કરે છે.''

''ઈન્દ્ર'', ગર્ભસ્થ વામદેવે પ્રશ્ન કર્યો, તમારી શી ઈચ્છા છે ?''

''ગૌતમ'', ઈન્દ્રે કહ્યું, ''ગર્ભકાળ પૂર્ણ થયે સનાતન યોનિમાર્ગે જેમ બધાં જન્મ ગ્રહણ કરે છે તેમ તમે પણ જન્મ લો.''

''જો હું બીજી રીતે જન્મ લઉં તો ?'' વામદેવે ગર્ભમાંથી જ પ્રશ્ન પૂછ્યો.

''વામદેવ'', ઈન્દ્રે કહ્યું, ''તમારી જનયિત્રી માતાના સનાતન માર્ગનો ત્યાગ કરીને તમે અપમાન કરશો. આથી એની હાનિ થશે.''

''ઈન્દ્ર'', વામદેવે કહ્યું, ''મને આવા કઠિન માર્ગે જન્મ લેવાનું ન કહો. માતાના પાર્શ્વમાંથી વાંકા થઈને જન્મ લેવું મારે માટે સુખકર રહેશે.''

''વામદેવ, તમે પરંપરાગત માર્ગનો ત્યાગ કરવા શા માટે ઈચ્છો છો ?''

''ઈન્દ્ર, બહુ લોકો દ્વારા જે કાર્યો નથી થયાં તે મારે કરવાં છે. મને યુદ્ધમાં એક શત્રુનો સામનો કરવાનું શ્લાઘ્ય છે. એક જ વિરોધી સાથે વિવાદ કરવો માન્ય છે.''

''વામદેવ, સનાતન માર્ગનો ત્યાગ ન કરશો. એ ઉચિત નથી.''

''ઈન્દ્ર, મને આ ગર્ભમાં જ પૂર્વ જન્મોનું જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું છે. મેં સમસ્ત દેવતાઓના પ્રાકટ્યને જાણી લીધું છે. મેં જ મનુ તથા સૂર્ય રૂપે પૂર્વ કાળમાં જન્મ ગ્રહણ કર્યો હતો. મને એનું જ્ઞાન છે.''

''વામદેવ.''

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


"સાંભળો, ઈન્દ્ર, હું જ મનુ હતો. હું જ સૂર્ય હતો. હું જ વિદ્વાન કક્ષીવત છું. મેં અર્જુનના પુત્ર કુત્સની પ્રશંસા કરી હતી. હું જ કવિ ઉશના છું. ઈન્દ્ર, મને જુઓ."

"વામદેવ, તમારું પુનર્જન્મનું જ્ઞાન અદ્‌ભુત છે." ઈન્દ્રે પ્રશંસનીય સ્વરે કહ્યું.

"હા, ઈન્દ્ર, જન્મત્રયીને હું જાણું છું."

"પહેલો જન્મ કયો છે, વામદેવ ?" ઈન્દ્રે જિજ્ઞાસા કરી.

"પિતાના શુક્રજંતુનો માતાના શોણિત સાથે જે સમયે સંગમ થાય છે, તે સમયે પ્રાણીનો પ્રથમ જન્મ કહેવાય છે."

"બીજો?"

"માતાની યોનિમાંથી જે સમયે સંતાન જન્મે છે, તે પ્રાણીનો બીજો જન્મ છે."

"અને ત્રીજો?"

"મૃત્યુ પ્રશ્ચાત્ જે સમયે પ્રાણી પુનઃ જન્મ ગ્રહણ કરે છે, તે પ્રાણીનો ત્રીજો જન્મ કહેવાય છે."

"અને..."

"અને એ જ પ્રાણીનું અમરત્વ છે."

●

ગર્ભમાં દેવતાઓનાં તથા જન્મોનાં વૃતાંતો જાણનાર વામદેવે સનાતન માર્ગ દ્વારા બહાર આવવાનો વિચાર છોડી દીધો. લૌહપુર જેવો માતૃગર્ભ એને રોકી ન શક્યો. વામદેવે યોગશક્તિથી શ્યેન પક્ષીનું રૂપ ધારણ કર્યું. માતાના ઉદરમાંથી બહાર નીકળી આવ્યા.

જન્મ લીધા પછી વામદેવને ઈન્દ્રે યુદ્ધ માટે પડકાર્યા.

વામદેવ યુદ્ધવિમુખ ન થયા. ઈન્દ્રે વામદેવ-વિરુદ્ધ બલ-પ્રદર્શન કર્યું. ઈન્દ્રની શક્તિઓ વામદેવને વિચલિત ન કરી શકી.

વામદેવે દસ રાત્રિ-દિવસ ઈન્દ્ર સાથે યુદ્ધ કર્યું. ઈન્દ્રને વિજય ન મળ્યો.

ઋષિ વામદેવ યુદ્ધમાં વિજેતા થયા.

●

ઋષિઓની સભા ભરાઈ. વામદેવ ઋષિ હતા, અને ઈન્દ્ર દેવતા પરાજિત થઈ ગયા હતા, તેથી ઋષિ વામદેવે સભામાં દેવતાઓને કહ્યું, "દૂધ આપતી દસ ગાયો આપીને કોણ આ ઈન્દ્રને ખરીદી શકશે ?"

ઋષિઓ ચકિત થઈ પરસ્પરનાં મોં જોવા મંડ્યા. વામદેવ પુનઃ બોલ્યા, "પરંતુ એક શરત છે."

ઉત્સુક સભાસદો વામદેવ સામે જોઈ રહ્યા. વામદેવે કહ્યું,

"દેવગણો, ઈન્દ્ર જો તમારા શત્રુઓનું હનન કરી દે તો તમે ફરી એમને મારે હવાલે કરજો."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


તે સાથે જ વામદેવે ઈન્દ્રની સ્તુતિ કરી, "ઈન્દ્ર, આપથી કોઈ બીજું શ્રેષ્ઠ નથી. આપથી વધારે કોઈ પ્રસિદ્ધ નથી. વૃત્રહન્, જગતમાં આપના જેવું બીજું કોઈ નથી."

ઈન્દ્ર સ્તુતિ સાંભળી રહ્યા હતા. એમને વામદેવ પર ક્રોધ હતો, પરંતુ સભામાં વામદેવે સ્તુતિગાન કર્યું, ઈન્દ્રનો ક્રોધ શાંત થતો ગયો.

વામદેવે ફરી ઈન્દ્રસ્તુતિ કરી : "વૃત્રહન્, શ્રીમાન્ ઈન્દ્ર, આપ અત્યંત ક્રોધિત થયા છો, તેથી આપે દનુના પુત્ર વૃત્રનો અંતરિક્ષમાં વધ કર્યો."

ઈન્દ્રનો ક્રોધ શાંત થઈ ગયો. ઈન્દ્રની શાંત મુદ્રા જોઈને વામદેવ પોતાની આત્મસ્તુતિના વ્યાજમાં સ્તુતિ કરવા લાગ્યા :

"હું જ મનુ બન્યો છું. હું જ સૂર્ય બન્યો છું. હું જ વિદ્વાન ઋષિ કક્ષીવત છું. મેં અર્જુનના પુત્ર કુત્સની પ્રશંસા કરી છે. હું જ કવિ ઉશના છું. ઈન્દ્ર, મને જુઓ.

"મેં જ માનવોને ભૂમિ આપી છે. મેં જ મર્ત્યોને વૃષ્ટિ આપી છે. મેં જ કલકલ કરતા જળને પ્રેરિત કર્યું છે. દેવતાઓ મારી ઈચ્છાનું પાલન કરે છે.

"સોમપાન કરીને મેં શંબરનાં ૯૯ નગરોનો નાશ કર્યો છે. જ્યારે હું દિવોદાસના યજ્ઞની રક્ષા કરતો હતો ત્યારે એના નિવાસ માટે મેં ૧૦૦ નગરો એને આપ્યાં હતાં."

ઈન્દ્રનો ક્રોધ શાંત થતો ગયો.

●

સહસા દરિદ્રતાદેવીની અસીમ કૃપા વામદેવ પર થઈ. દરિદ્રતાદેવીની છાયાથી તેઓ ગમે તે રીતે પણ દૂર ન રહી શક્યા. દરિદ્રતાદેવીની અનુપમેય દયાની કામના એમણે નહોતી કરી. આજન્મ પ્રાર્થના કરતા રહ્યા. દેવી એમનાથી દૂર રહ્યાં, પણ દરિદ્રતાદેવીની અનાયાસ મહતી કૃપા થઈ.

દરિદ્રતાદેવીના આશ્રયથી વામદેવ દૂર ભાગ્યા, પણ એ દેવી એમની પાછળ પાપીઓના પાપની છાયાની જેમ તીવ્રતાથી દોડ્યાં. એ તીવ્ર વેગ સામે વામદેવ અસમર્થ રહ્યા. શિથિલ થઈ ગયા. દરિદ્રતાની દયાએ એમને શીતળ મરુસ્થળના તાપથી તૃષિત થયેલાને જળની જેમ ગ્રહણ કરી લીધા.

દરિદ્રતાદેવી એની સખી વિષાદ સાથે આવી હતી મંત્રદ્રષ્ટા વામદેવનું તત્ત્વજ્ઞાન દરિદ્રતાના પ્રબળ આક્રમણ સામે કામ ન આવ્યું. એ આક્રમણમાં કુટીનું બધું જ ઉદર-જ્વાલામાં હોમાઈ ગયું. આશ્રમનાં ફળો પણ અક્કેક કરીને વૃક્ષોનો સાથ છોડી ગયાં.

વામદેવનાં ધર્મપત્ની દુઃખથી કાતર થઈ ગયાં. પતિએ ક્ષુધાની પીડા પત્નીનાં નેત્રોમાં જોઈ. પીડા નેત્રોમાં ન રોકાઈ, અશ્રુજળ બનીને બહાર વહેતી થઈ. વામદેવે ભાર્યાની સંકોચાયેલી છાતી, ઉદર અને વળી ગયેલી કાયા જોઈ, પગને ધ્રુજતા જોયા, વાંકડિયા વાળ લૂખ્ખા જોયા.

ઋષિની પણ જરૂરિયાતો હતી જેની પૂર્તિ ન થતી. સાથીઓએ મોં ફેરવી લીધું, પશુઓએ દિશા બદલી,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


પક્ષીઓએ તરુ-આશ્રય છોડ્યો, પરંતુ અગ્નિની સાક્ષીએ સાથે રહેવાની પ્રતિજ્ઞા કરી ચૂકેલી પત્ની સાથ ન છોડી શકી.

એમની પ્રિય પત્ની, જીવન સહચરી દરિદ્રતાના અભિશાપથી સમાજમાં સમ્માન ખોઈ બેઠી.

દરિદ્રતા એવી જાગૃત હતી કે એની છાયામાં રહેનારો આ ભૂલેચૂકે પણ સુખનો એક શ્વાસ ન લે, એનું જરીકે સમ્માન ન થાય, સંવેદનાના બે શબ્દોયે સાંભળવા ન મળે, દેવતાઓની એના પ્રત્યે કરુણા ન જાગે.

ઋષિનાં જપ-તપ એમની સહાયે ન આવ્યાં. જે દેવતાઓનાં એમણે સ્તવન કર્યાં હતાં, જેઓ આહ્વાન થતાં જ આવી પહોંચતા હતા, તેઓ પણ દરિદ્રતાની છાયામાં બધિર થઈ ગયા...

.... ક્ષુધા-ગ્રસ્ત ઋષિનાં આંતરડાં જાણે ઉદરસ્થ તૂટવા લાગ્યાં. ઋષિપત્ની ક્ષુધા, ને વ્યથાને એમનાં જ્યોતિહીન નેત્રોમાં ઓલવી દેતા માગતાં હતાં. આ વિપન્નાવસ્થામાં પ્રિય પતિને ફરિયાદ કરીને એમનો દુઃખભાર વધારવા નહોતાં ઈચ્છતાં.

●

"આ શું ?"

ઈન્દ્રે જોયું. ઋષિ કૂતરાનાં આંતરડાં રાંધતા હતા. ઋષિ એમની આવી દરિદ્રાવસ્થામાં પણ શાંત હતા. ઋષિએ એક શ્યેનને આશ્રમવૃક્ષની એક પલ્લવહીન શાખા પર બેઠેલું જોયું.

ઋષિનું આસનસ્થ ક્ષીણ શરીર શ્યેનનો પ્રશ્ન સાંભળીને હાલ્યું.

"ઋષિવર, કૂતરાનાં આંતરડાં અને તમે ? જે હવ્યવાહન ઉપર તમે હવિ અર્પણ કરતા, એના ઉપર આંતરડાં રાંધો છો ?"

"હા, રાંધું છું." ઋષિએ રંધાતાં આંતરડાંને ઉથલાવતાં કહ્યું.

આશ્રમનું પવિત્ર વાતાવરણ દુર્ગંધયુક્ત થઈ ગયું હતું. જ્યાં યજ્ઞધૂમની સુરભિ પ્રસરેલી રહેતી, ત્યાં દુર્ગંધથી નરકતુલ્ય વાતાવરણનો ભાસ થતો હતો.

"તમારું કર્મ ક્યાં ગયું, ઋષિવર?" શ્યેને મંદ સ્વરે પૂછ્યું.

"મારી ક્ષુધાને અર્પણ કરી દીધું."

"શું એ ધર્મ છે ?" શ્યેને ગંભીર સ્વરે પૂછ્યું.

"એ આપદ્ ધર્મ છે."

પ્રશ્નોત્તર સાંભળીને ઋષિપત્ની એમની સૂકાયેલી તૃણવત્ કાયા સાથે આવ્યાં. એ કાયાને જાણે પવન ઊડાડતો લાવ્યો.

ઋષિ બોલ્યા, "શ્યેન, આ શેષ આંતરડાથી હું આપની પણ સેવા કરી શકીશ."

ઋષિપત્નીએ બીજી બાજુ મોં ફેરવી લીધું. એમને જોઈને શ્યેનની મુખમુદ્રામાં કરુણા આવી ગઈ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"પક્ષી, માનવોએ સંગ છોડી દીધો. દેવતાઓ દ્વારા ઉપેક્ષિત છું. જગતના આ ભૂલ્યા-ભટક્યા માનવ પર આપે કરુણા દર્શાવી છે, એ કદાપિ ભૂલી નહીં શકું. છો ને આપ શ્યેનરૂપે પધાર્યા હો."

ઋષિ-દંપતિની કરુણકથાથી વિચલિત થઈ શ્યેન પોતાના સાચા ઈન્દ્રરૂપમાં પરિણત થઈ ગયું.

●

"આપ?" ઋષિ-દંપતિએ ઊભા થઈને ઈન્દ્રની અભ્યર્થના કરી.

"ઋષિવર, આ મધુર રસ છે, આપ ગ્રહણ કરો."

"દેવેન્દ્ર," ઋષિની આંખો છલકાઈ ગઈ, "આપની કૃપા, આપની દયા ! સહુ મને ભૂલી ગયા. આપે સ્મરણ કર્યો. હું શું કહું ?"

●

(વામદેવ ગૌતમ ઋષિના પુત્ર હતા, તેથી ગૌતમ કહેવાતા. ઋગ્વેદના ચતુર્થ મંડલના ઋષિ છે, પ્રથમ મંડલના ચતુર્થ સૂક્તદ્રષ્ટા છે, "જન્મત્રયી" સિદ્ધાંતના આચાર્ય છે.)

(સૌજન્ય : વૈદિક કથા -વલ્લરી)

●

મનુષ્યનાં સુખદુઃખ એનાં પૂર્વકૃત કર્મોને અધીન હોય છે, અને બુદ્ધિ પણ કર્માનુસાર જ કામ કરે છે, છતાં બુદ્ધિશાળીએ બરાબર સમજી-વિચારીને જ કર્તવ્ય કર્મ કરવાં જોઈએ.

कर्मायत्तं फलं पुंसा बुद्धिः कर्मानुसारिणी।
तथापि सुधिया कार्यं कर्तव्यं सुविचारतः॥

(નીતિશતક - ૯૦)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# શ્રીમદ્ ભાગવત

(ગતાંકથી ચાલુ) - વૈદેહી અધ્યારુ

શ્લોક : तद्वाग्विसर्गो जनताघविप्लवो यस्मिन्प्रतिश्लोकमबध्दवत्यपि।

नामान्यनन्तस्य यशोङ्कितानि यत् शृण्वन्ति गायन्ति गृणन्ति साधवः ॥ ११ ॥

श्री. - विनापि पदचातुर्यं भगवद्यशःप्रधानं वचः पवित्रमित्याह - तदिति। तद्वाग्विसर्गः स चासौ वाग्विसर्गो वाचः प्रयोगः जनानां समूहो जनता सत्या अघं विप्लावयति नाशयतीति तथा सः। यस्मिन्वाग्विसर्गे अबध्दवत्यपशब्दादियुक्तेऽपि प्रतिश्लोकमनन्तस्य यशसाङ्कितानि नामानि भवन्ति। तत्र हेतुः - यद्यानि नामानि साधवो महान्तो वक्तरि सति शृण्वन्ति। श्रोतरि सति गृणन्ति। अन्यदा तु स्वयमेव गायन्ति कीर्तयन्ति॥ ११ ॥

અનુવાદ : મનુષ્યોના પાપનો નાશ કરે તે જ વાણીનું સાચું સર્જન છે કે જેમાં દોષયુક્ત ભાષા હોવા છતાં પણ તેમાં શ્લોકે શ્લોકે અનંત ભગવાનના યશથી અંકિત થયેલાં નામો છે, કે જે (નામોને) મહાન પુરુષો સાંભળે છે, ગાય છે અને સ્તુતિ કરે છે. ॥ ૧૧॥

શ્રી.દી. - અવતરણિકા : (મનોહર પદ લાલિત્ય વગરના) શબ્દોની ચતુરાઈ વિનાની વાણી પણ ભગવદ્યશપ્રધાન હોય તો તે પવિત્ર છે એમ કહે છે. 'तद् इति।' तद्-वाक्-विसर्गः તે જ આ વાણીનો પ્રયોગ છે. મનુષ્યોનો સમૂહ એટલે 'जनता' તેના પાપને લુપ્ત કરે છે, નાશ કરે છે તે જ (વાણીનો પ્રયોગ છે.) 'यस्मिन्' કે જેમાં, કે જે વાણીના પ્રયોગમાં ' ' દોષવાળા શબ્દો વગેરેથી (ત્રુટિઓથી) યુક્ત હોવા છતાં (રસ-ગુણ વિષયક સાહિત્યના સિદ્ધાંતો દ્વારા રચેલી ન હોવા છતાં) શ્લોકે શ્લોકે અનન્ત ભગવાનના યશથી અંકિત થયેલાં નામો હોય છે. તે માટે કારણ (કહે છે.) 'यत्' જે નામો 'साधवः' મહાનપુરુષો જ્યારે કોઈક વક્તા હોય છે ત્યારે 'शृण्वन्ति' સાંભળે છે, જ્યારે કોઈક શ્રોતા હોય ત્યારે 'गृणन्ति' વર્ણન કરે છે, (પરંતુ) તેમ ન હોય તો સ્વયં જ 'गायन्ति' કીર્તન કરે છે. ॥ ૧॥

શ્લોક : नैष्कर्म्यमप्यच्युतभाववर्जितं न शोभते ज्ञानमलं निरञ्जनम्।

कुतः पुनः शश्वदभद्रमीश्वरे न चार्पितं कर्म यदप्यकारणम्॥ १२ ॥

श्री. भक्तिहीनं कर्म शून्यमेवेति कैमुत्यन्यायेन दर्शयति - नैष्कर्म्यमिति। निष्कर्म ब्रह्म तदेकाकारत्वान्निष्कर्मतारूपं नैष्कर्म्यम्। अज्यतेऽनेनेत्यञ्जनमुपाधिस्तन्निवर्तकं निरञ्जनम्। एवम्भूतमपि ज्ञानमच्युते भावो भक्तिस्तदवर्जितं चेदलमत्यर्थं न शोभते। सम्यगापरोक्ष्याय न कल्पत इत्यर्थः। तदा सश्तत्साधनकाले फलकाले चाभद्रं दुःखरूपं यत्काम्यं कर्म यदप्यकारणमकाम्यं तच्चेति चकारस्यान्तयः। तदपि कर्म ईश्वरे नार्पितं चेत्कुतः पुनः शोभते बहिर्मुखत्वेन सत्त्वशोधकत्वाभावात्॥ १२ ॥

અનુવાદ : અજ્ઞાનરૂપી ઉપાધિને નિવૃત્ત કરનારું (નિરંજન) અને નૈષ્કર્મ્યવાળું બ્રહ્મજ્ઞાન પણ જો અચ્યુત ભગવાનની ભક્તિરહિત હોય તો તે પૂર્ણતયા શોભતું નથી. તો પછી નિરંતર અકલ્યાણરૂપ કામ્યકર્મ (કામના માટે કરેલું) અને અકામ્યકર્મ (કામના વગર કરેલું) ઈશ્વરાર્પણ ન કરવામાં આવે તો તે કર્મ ક્યાંથી શોભે ? ॥ ૧૨॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



શ્રી.દી. - અવતરણિકા : ભક્તિ વગરનું કર્મ શૂન્ય જ છે તે કૈમુત્ય 'किमुत' કહેવું જ શું ? 'किमुतस्य भावः कैमुत्य' નિષ્કામકર્મ પણ ભક્તિરહિત હોય તો તે શોભતું નથી તો પછી ભક્તિવગરનું સકામકર્મ ન શોભે તેમાં કહેવું જ શું ? (કૈમુતિક) ન્યાયથી દર્શાવે છે. ' ' નિષ્કર્મ એટલે બ્રહ્મ. તેમાં જ એકરાર થઈ જવાથી, નિષ્કર્મતારૂપ જે છે તે નૈષ્કર્મ્ય. (બ્રહ્મરૂપ હોવાની સ્થિતિ).

આના (જેના) દ્વારા અંજન કરવામાં આવે તે અંજન. જેનાથી લેપાઈ જવાય તે અંજન એટલે કે ઉપાધિ, તેને નિવૃત્ત કરનારું તે 'निरंजनम्' આવું જ્ઞાન હોવા છતાં પણ અચ્યુતભગવાનમાં 'भावः' ભક્તિ, તેનાથી રહિત હોય તો તે પરિપૂર્ણરૂપે શોભતું નથી, સારી રીતે અપરોક્ષજ્ઞાન (અનુભૂતિ) માટે સમર્થ નથી તેવો અર્થ છે. તો પછી નિરંતર સાધનકાલમાં અને ફલ કાલમાં 'अभद्रम्' દુઃખરૂપ જે કામ્યકર્મ છે. 'यद् अपि अकारणम्' અને જે અકામ્યકર્મ છે તે કર્મ પણ (શોભતાં નથી) ત્યાં 'च' કારનો સંબંધ છે. (સકામ કર્મ અને 'च' નિષ્કામ કર્મ પણ શોભતાં નથી.) તે કર્મો પણ ઈશ્વરાર્પણ કરવામાં ન આવે તો વળી ક્યાંથી શોભે ? બહિર્મુખતાને કારણે તે કર્મો અંતઃકરણની શુદ્ધિ કરનારાં હોતાં નથી. ॥ ૧૨॥

શ્લોક : अथो महाभाग भवानमोघदृक् शुचिश्रवाः सत्यरतो धृतव्रतः ।
उरुक्रमस्याखिलबन्धमुक्तये समाधिनानुस्मर तद्विचेष्टितम् ॥ १३ ॥

श्री : तदेवं भक्तिशून्यानि ज्ञानवाक्चातुर्यकर्मकौशलानि व्यर्थान्येव यतः, अतो हरेश्चरितमेवानुवर्णयेत्याह । अथो अतः कारणात् । अमोघा यर्थार्था दृक् धीर्यस्य, शुचि शुध्दं श्रवो यशो यस्य, सत्ये रतः, धृतानि व्रतानि येन स भवानेव महागुणस्तावत् । अत उरुक्रमस्य विविधं चेष्टितं लीलां समाधिना चितैकाग्र्यणाखिलस्य बन्धमुक्तये हे महाभाग्यनिधे, त्वमनुस्मर, स्मृत्वा च वर्णयेत्यर्थः । एतच्च वाक्यान्तरमिति मध्यमपुरुषप्रयोगो नानुपपन्नः ॥ १३ ॥

અનુવાદ : માટે હે મહાભાગ્યવાન્ વ્યાસજી, આપ અમોઘ દૃષ્ટિવાળા છો. પવિત્ર યશવાળા, સત્યમાં પ્રીતિવાળા અને વ્રતધારી છો, માટે સર્વ જગતને બંધનમાંથી મુક્ત કરવા માટે ઉરુક્રમ ભગવાનની લીલાઓને સમાધિ દ્વારા સ્મરણ કરીને વર્ણવો. ॥ ૧૩॥

શ્રી.દી. - અવતરણિકા : આમ ભક્તિરહિત જ્ઞાન, વાક્ચાતુર્ય, કર્મકૌશલ્ય વ્યર્થ જ હોવાથી શ્રીહરિના ચરિત્રનું જ વર્ણન કરો તેમ કહે છે - 'अथः' માટે આ કારણથી 'अमोघा' યથાર્થ 'हक्' બુદ્ધિવાળા 'शुचि' શુદ્ધ 'श्रव' યશવાળા સત્યમાં રત, ધારણ કર્યાં છે વ્રતો જેણે તેવા આપ, આવા મહાન ગુણવાળા હોવાથી - માટે ઉરુક્રમભગવાનની વિવિધ 'चेष्टितम्' લીલા 'समाधिना' ચિત્તની એકાગ્રતા દ્વારા સર્વ જગતને બંધનમાંથી મુક્ત કરવા માટે આપ 'अनुस्मर' સ્મરણ કરીને વર્ણવો, તેમ અર્થ છે. આ બીજું (જુદું) વાક્ય છે તેથી મધ્યમપુરુષનો પ્રયોગ અયોગ્ય નથી. (શ્લોકના પૂર્વાર્ધમાં 'भवान्' નો પ્રયોગ છે. તેની સાથે હંમેશા ત્રીજો પુરુષ જ આવે, જેમકે 'भवान् उपविशतु।' શ્લોકના ઉત્તરાર્ધમાં 'अनुस्मर' એ આજ્ઞાર્થ બીજો પુ. એ.વ. નો પ્રયોગ છે. પરંતુ શ્રીધરજી પ્રમાણે આ બન્ને વાક્યો જુદાં ગણવાનાં છે.) ॥ ૧૩॥

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# સ્વામી વિશુદ્ધાનંદજી સાથે સત્સંગ

મહામહોપાધ્યાય ડૉ. ગોપીનાથ કવિરાજના ગુરુ સ્વામી વિશુદ્ધાનંદજી એક સિદ્ધ મહાત્મા હતા. એમની પાસે યોગશક્તિ ઉપરાંત સૂર્યવિજ્ઞાનના અભ્યાસને પરિણામે અનેક દિવ્ય શક્તિઓ હતી. ગમે તે પદાર્થમાંથી અન્ય પદાર્થનું નિર્માણ કરવું, ગમે તે સુગંધ પદાર્થમાં ઉત્પન્ન કરવી, મૃત પક્ષીને સજીવન કરવું વગેરે એમાંની કેટલીક શક્તિઓ હતી. થોડાક પ્રશ્નોત્તરો અહીં રજુ કરવામાં આવે છે, એમના જ શબ્દોમાં.

હું : બાબા, આપ જે કંઈ અર્થાત્ ગંધાદિ વસ્તુ બતાવો છો તે શું યોગનું કાર્ય છે, કે બીજું કંઈ ?

બાબા : ના, એ બરોબર યોગ નથી - એ વિજ્ઞાનનો વ્યાપાર છે. સૂર્યવિજ્ઞાન દ્વારા બધું બતાવું છું. સૂર્યવિજ્ઞાનથી અર્થાત્ સૂર્યરશ્મિ ઓળખી શકવાથી અને એ બધી રશ્મિઓને યથાવિધિ મિશ્રિત કરી શકવાથી બધું જ તૈયાર કરી શકાય, નષ્ટ પણ કરી શકાય, ઘડી પણ શકાય, જો પ્રયોજન હોય તો સાચવી પણ શકાય. સૂર્યને તમે લોકો આ જે સવિતા કહો છો તેનું મૂળ આ જ છે.

હું : રશ્મિઓ તો ચંદ્રમાની પણ છે. એનાથી ન થાય ?

બાબા : થાય, પણ ઓછું થાય. સૂર્ય એ જ મૂળ છે. અલબત્ત, ચંદ્રવિજ્ઞાન, નક્ષત્રવિજ્ઞાન, વાયુવિજ્ઞાન વગેરે પણ છે.

'જ્ઞાનગંજ'માં અમારે એ બધાં વિજ્ઞાનો શીખવા પડતાં હતાં. ત્યાં પ્રકૃતિની ચર્ચા અને યોગનું શિક્ષણ સાથે-સાથે થતું. વિજ્ઞાન વિભાગના ઉપદેષ્ટા શ્રીમત્ શ્યામનંદ પરમહંસ હતા. તેઓ અસાધારણ વિજ્ઞાનવેત્તા હતા. યોગશિક્ષણ શ્રીમત્ ભૃગુરામ પરમહંસ આપતા. આ બધા શ્રીગુરુદેવના શિષ્યો હતા. મનુષ્યના વયઃક્રમ કરતાં એમનાં વયઃક્રમ ઘણાં ઊંચાં હતાં. સૂર્યવિજ્ઞાન શીખ્યા પછી બધા પ્રકારનાં વિજ્ઞાનોનું દ્વાર ખુલી જાય છે - પોતાનાથી પણ અનેક સૂક્ષ્મ વિજ્ઞાનો આયત્ત કરી શકાય છે. મેં પણ સૂર્યવિજ્ઞાન આયત્ત કરીને ઘણાં બધાં અવાંતર વિજ્ઞાનો આયત્ત કર્યાં છે અને હજી પણ કરી રહ્યો છું.

('જ્ઞાનગંજ' એ તિબેટમાં હિમાલય-ક્ષેત્રમાં આવેલો એક સિદ્ધાશ્રમ છે, કે જે સામાન્ય મનુષ્યની દૃષ્ટિથી અગોચર છે. યોગીઓ જ ત્યાં સુધી પહોંચીને એનું સ્થૂળ રૂપે દર્શન કરી શકે છે. 'જ્ઞાનગંજ' નામનું પંડિત ગોપીનાથ કવિરાજનું પુસ્તક છે જેમાં વિસ્તૃત વિવેચન આપવામાં આવ્યું છે.)

હું : બાબા, પશ્ચિમી દેશોમાં વિજ્ઞાનની ચર્ચા ખૂબ અધિક છે. આપણા દેશમાં યોગ અને ધર્મની ચર્ચા અધિક હતી એવો બધાનો વિશ્વાસ છે.

બાબા : પ્રકૃષ્ટ વિજ્ઞાન હજી સુધી જગતમાં વિશેષ રૂપે અભિવ્યક્ત નથી થયું. વિશિષ્ટ જ્ઞાન તે જ વિજ્ઞાન છે. કર્મ અને જ્ઞાન એ બન્નેને આયત્ત કર્યા સિવાય વિજ્ઞાનમાં અધિકાર પ્રાપ્ત ન કરી શકાય. જ્ઞાન હોય ત્યાં કર્મ નથી રહેતું અને કર્મ રહેવાથી જ્ઞાન પણ નથી રહેતું - એકી સાથે બન્નેની સત્તા અત્યંત દુર્લભ છે. એ જાણે કે વાઘ અને બકરીની મૈત્રી છે. એટલા માટે જ યથાર્થ વિજ્ઞાન આટલું અઘરું છે.

હું : યોગ અને વિજ્ઞાન એ બંને એક જ ભૂમિની વિદ્યાઓ છે ?

બાબા : બંનેમાં પાર્થક્ય છે. યોગબળથી પણ સૃષ્ટિ થાય છે, વિજ્ઞાનબળથી પણ સૃષ્ટિ થાય છે, પરંતુ બંનેમાં અંતર છે. કોણ મોટું છે ને કોણ નાનું તે ન કહી શકાય. ઈચ્છાશક્તિનો પૂર્ણ વિકાસ તે જ યોગ છે, પરંતુ જ્ઞાન વગર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


એ થવું શક્ય નથી. જ્ઞાન વગર વિજ્ઞાન પણ ન થઈ શકે. અજ્ઞાની પાસે યોગ પણ નથી રહેતો, વિજ્ઞાન પણ નથી રહેતું. જગતમાં જે વિજ્ઞાનની ઉન્નતિ થઈ રહી છે, તેનાથી મૂળનું અજ્ઞાન તો રહે છે જ. આ અજ્ઞાન જ્યાં સુધી ન ખસે, ત્યાં સુધી ક્રિયાનું સામર્થ્ય સીમાબદ્ધ ન હોય તેવું ન બની શકે.

હું : એ વિષે બહુ વાતો છે. પણ ઉપરછલ્લું એમ કહેવાય કે ચિત્તવૃત્તિનો નિરોધ એ જ યોગ છે. એ નિરોધ એવો હોવો જોઈએ કે ત્યારે દ્રષ્ટા પુરુષ પોતાના સ્વરૂપમાં અવસ્થિત રહે, અને બુદ્ધિના તરંગોમાં પોતાને ખોઈ ન બેસે, અર્થાત્ વૃત્તિસારૂપ્યમાંથી મુક્ત થાય. આ ચિત્તની વૃત્તિહીન અવસ્થા છે, પણ જડત્વ નથી, કારણકે સાક્ષી જાગૃત રહે છે. જો એમ ન હોય તો તે યોગનો અંતરાય બનશે. તેથી જ શાસ્ત્રના મતાનુસાર વિદેહ અને પ્રકૃતિલીન ગણોની ચિત્તવૃત્તિ ન હોવા છતાં એમને યોગી ન કહી શકાય.

કોઈ કોઈ જગાએ જીવાત્મા અને પરમાત્માના સંયોગને પણ યોગ કહે છે. આ પ્રકારની ઘણી વાતો છે. આપ યોગી કોને કહો ?

બાબા : જુઓ, મૂળ વસ્તુ મહાશક્તિ છે. એની સાથે જો કોઈનો સ્થાયી યોગ થાય અથવા રહે તો એને યોગી કહેવું તે બરોબર છે. ઉદાહરણ રૂપે અગ્નિમાં પડ્યા રહેવાથી અગ્નિની લાલિમા અને દાહિકાદિ શક્તિને ધારણ કરે છે, તે અગ્નિ સાથે યુક્ત છે. એને યોગીનું દૃષ્ટાંત માની શકો. લોઢું લોઢું જ છે, પણ અગ્નિના સંયોગથી તે અગ્નિભાવાપન્ન અને દાહશક્તિસંપન્ન બને છે. તે જ પ્રમાણે જીવાત્મા એ મહાશક્તિ સાથે યુક્ત થાય તો એનામાં અનંત શક્તિઓનાં દ્વારો ખુલી જાય છે - એ યોગી બને છે. આ શક્તિનો વિકાસ જીવધર્મ નથી - એ મહાશક્તિના અનુગ્રહથી પ્રાપ્ત થયેલી સંપદા છે કે જે યોગને લીધે જીવમાં પ્રકાશિત થાય છે. આ જ યોગૈશ્વર્ય છે.

હું : લોઢું થોડોક સમય બહાર રહે તો લાલ નથી રહેતું, દહનશીલ નથી રહેતું, એટલે સુધી કે નરમ પણ નથી રહેતું. તો પછી યોગ રહેતો જ નથી. પક્ષાંતરમાં નિબિડતમ યોગને કારણે લોહખંડના એકદમ ઓગળી જવાની પણ આશંકા રહે.

બાબા : હા, એ સત્ય છે. એ સંબંધ જો નિત્ય અને અચ્છેદ્ય હોય તો જ એને યોગ કહી શકાય, અન્યથા નહીં. અગ્નિસંબંધ જો સાર્વકાલિક હોય તો લોહમાં અગ્નિધર્મ સર્વત્ર વિદ્યામાન રહે છે. અગ્નિ જો લોહને ભસ્મ કરી દે તો પછી લોઢાની જુદી સત્તા ક્યાં રહી ? આ યોગ નથી. ચોક્કસ, આવી અવસ્થા પણ છે. તે જ રીતે લોઢાનો જો અગ્નિ સ્વીકાર ન કરે, તો પણ સંબંધ ન થવાને લીધો યોગ નથી થયો. આ માયાધીન અવસ્થા અથવા સંસારભાવ છે. યોગને જો સમજવો હોય તો બંને છેડાનો ત્યાગ કરીને મધ્યની સ્થિતિ પકડવી જોઈએ, અર્થાત્ અગ્નિનું સાન્નિધ્ય એટલું અધિક હોઈ શકે કે લોઢામાં લૌહભાવ પછી નથી રહી શકતો, એ અગ્નિમાં લીન થઈ જાય છે. બીજા પક્ષમાં, લોઢાની અગ્નિ-સન્નિધિ વિષે વ્યવધાન એટલું બધું થઈ શકે કે અગ્નિનો એક્કે ધર્મ જાણે એમાં સંચારિત નથી થતો - લોઢું એ સામાન્ય લોઢું જ રહે. આ બે પ્રાંતભાવો (વિરોધી છેડાના ભાવો) છે. યોગના ઉત્કર્ષથી અભેદ થાય છે, અને અપકર્ષથી ભેદ થાય છે. મધ્ય અવસ્થા એ જ વાસ્તવિક યોગ છે. અન્યથા મહાશક્તિ સાથે યોગ તો બધાંનો સદા રહે જ છે. એથી કોઈને પણ યોગી કહી ન શકાય.

હું : એવું પણ બની શકે કે લોઢું અગ્નિ થઈ ગયા પછી પણ લોઢું જ રહે. એનું સ્વરૂપ લુપ્ત નથી થતું, અને એ અગ્નિ સાથે અભિન્ન થઈ જાય છે. એ અગ્નિ, હોવા છતાં અગ્નિ નથી, અને અગ્નિ નથી છતાં અગ્નિ છે.

બાબા : બહુ સાચું છે. આ જ વાસ્તવિક યોગીની અવસ્થા છે. જાગતિક યોગીનો આ જ આદર્શ છે. વાસ્તવિક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


યોગ, અભેદ થયા પછી પણ ભેદની રક્ષા કરે છે. વળી ભેદમાં રહેવા છતાં અભેદના ગૌરવથી મહીયાન છે. આમ ન થાય તો આસ્વાદન ન રહે. ઉપરછલ્લું આમ જાણી રાખો. આની અંદર ઘણી ગુહ્ય વાતો છે. કર્મપથમાં ચાલશો તો એ જાણી શકશો.

હું : બાબા, આવા યોગીઓ કોણ છે ?

બાબા : એ જ ઈશ્વર. તેઓ મહાયોગી છે, યોગેશ્વર છે. તેઓ યોગીભાવનો આદર્શ છે. તેઓ જ ઉપાસ્ય છે.

હું : તેઓ મહાશક્તિથી અભિન્ન નથી. મહાશક્તિ અને ઈશ્વર - એક જ મહાસત્તાનાં એ બે નામો ન કહી શકાય ?

બાબા : કહી શકો, પણ એ બહુ દૂરની વાત થઈ. અત્યારે એમ ન કહી શકો. અત્યારે સમજી લો - ઈશ્વર ઉપાસક છે, અને મહાશક્તિ ઉપાસ્ય છે. ઈશ્વર બનીને જ મહાશક્તિની ઉપાસના કરવી જોઈએ, માટે જ યોગીનો પથ તે ઈશ્વરનો પથ છે. યોગી પ્રયત્ન કરે છે ઈશ્વરનો બનવા માટે, તેથી મહાયોગી ઈશ્વર એ જ યોગપથનો આદર્શ છે. યોગીઓ ઈશ્વરત્વ પામે તો પણ એમનું નિજ સ્વરૂપ લુપ્ત નથી થતું. તે જ પ્રમાણે ઈશ્વર પણ નિત્યયોગી હોવાને લીધે નિરંતર મહાશક્તિની ઉપાસના કરે છે, એને કારણે એની સાથે એકાત્મતા - લાભ કરે છે. તેમ છતાં ઈશ્વરરૂપે એમનું પોતાનું સ્વરૂપ લુપ્ત નથી થતું.

હું : અર્થાત્ લુપ્ત થાય છે, એકત્વનો બોધ થાય છે તેમ જ લુપ્ત નથી થતાં. એકત્વ રહેવા છતાં ઉપાસક ઈશ્વરભાવે રહે છે. આવો જ આપનો અભિપ્રાય છે ને ? આને એક પ્રકારનો ભેદાભેદ કહી શકાય.

બાબા : હા, અધિકાંશ રૂપે એમ જ છે, પણ એની યે પરાવસ્થા છે કે જ્યાં અદ્વૈત સિવાય બીજું કંઈ કહી શકાતું નથી. પણ એ અવસ્થા વિષે અત્યારે રહેવા દો. મહાશક્તિની દિશામાં કહી શકાય કે એમનું જ એક રૂપ નિત્ય એમનું ભજન કરે છે. (ભજે છે.) મહાશક્તિને જાણજો જનની, ઈશ્વરને જાણજો એમનું એક અગ્રજ સંતાન.

હું : જીવ પણ એમનું જ સંતાન છે ને - અનુજ સંતાન કહેવું એમ લાગે છે કે બરોબર છે.

બાબા : ચોક્કસ. તેઓ જ તો એકમાત્ર મા છે. જીવ એમને ઓળખતો નથી, ઈશ્વર એમને ઓળખે છે. ઈશ્વર જીવને એમનો પરિચય કે ઓળખાણ કરાવી આપે છે.

હું : ત્યારે તો ઈશ્વર જ ગુરુ - વિશ્વગુરુ છે.

બાબા : એમાં સંદેહ કેવો ? ઈશ્વર સિવાય માને કોણ ઓળખે ? કોણ ઓળખાણ કરાવે ?

હું : મા કોણ છે ?

બાબા : (હસીને) મા આત્મા સ્વયમ્. તમારો આત્મા, મારો આત્મા, વિશ્વનો આત્મા, ઈશ્વરનો પણ આત્મા - એક અદ્વિતીય પરમ આત્મા. ઈશ્વર જાણે છે કે મા એમનાથી અભિન્ન છે, માથી તેઓ અભિન્ન છે. પરંતુ જીવમાં એવો બોધ નથી. માને જાણે છે માટે જ ઈશ્વરનું નામ ભગવાન છે.

હું : ઈશ્વરની પોતાની પૃથક્ શક્તિ છે જ નહીં ?

બાબા : એક જ મહાશક્તિ છે - તેઓ જ અખંડ શક્તિ છે, બધાંની શક્તિ, ઈશ્વરની શક્તિ છે, મૂળમાં એ જ બધું છે. જ્યાં જે શક્તિ તમે જુઓ છો, એ બધાંનું જ મૂળ એમનામાં જ છે. બધી શક્તિઓ એમનો આભાસમાત્ર છે. જે આધારમાં જેટલી પ્રગટ થાય એટલાનો જ આભાસ દેખાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# ખંભાતનો મહીસાગર-સંગમ

વૈદિક કાળથી ખંભાત પાસેના મહીનદીના સાગર સાથેના સંગમ સ્થળનું ઋષિઓએ અત્યંત માહાત્મ્ય જણાવ્યું છે. ખંભાતનું પ્રાચીન નામ સ્તંભતીર્થ છે. સ્કંદપુરાણમાં સંપૂર્ણ ગ્રંથના પાંચ મુખ્ય ખંડો છે જેના બીજા ઉપખંડો કે માહાત્મ્ય-વિષયક અને અન્ય અધ્યાયો છે, તેમાંના પ્રથમ ખંડ માહેશ્વર ખંડમાં ઉપખંડ છે કુમારિકા-ખંડ. આ કુમારિકા ક્ષેત્ર તે હાલના ગુજરાત-સૌરાષ્ટ્રનું ક્ષેત્ર છે, અને એમાં મહીસાગર સંગમની અદ્‌ભુત મહિમા દર્શાવી છે.

અર્જુનના પૂછવાથી એ સ્થળ ક્યાં છે તે વિષે નારદ મુનિ કહે છે કે, કેદારક્ષેત્રથી આગળ સો યોજન સુધીનો હિમસંયુક્ત પ્રદેશ કહેવાય છે, જેને અંતે સો યોજન વિસ્તારવાળું કલાપ ગ્રામ છે. એના અંતમાં સો યોજન સુધી રેતીનો સમુદ્ર છે (કચ્છનું રણ) અને તે પછી સો યોજન વિસ્તારવાળો એ પ્રદેશ છે જેને ભૂમિસ્વર્ગ કહે છે. દક્ષિણ દિશામાં ભગવાન કાર્તિકેયનું સ્થાન છે, ત્યાંથી પશ્ચિમે કલાપ ગ્રામ છે.

કલાપ ગ્રામે પહોંચતા પહેલાંનું લાંબું વર્ણન છે. નારદજી કહે છે કે, "જે ભૂભાગમાં સંત-મહાત્માઓ નિવાસ કરે તેને તીર્થ કહેવાય છે.

"કાશીમાં સંવર્ત મુનિ રહેતા હતા. એમણે માર્કંડેય આદિ ઋષિઓને મહીસાગર-સંગમનું માહાત્મ્ય કહ્યું. ઈન્દ્રદ્યુમ્ન નામના પરમ બુદ્ધિમાન્ રાજાએ યજ્ઞ કર્યો, ત્યારે એમણે ભૂમિને બે આંગળ ઊંચી કરી દીધી. ભીના લાકડામાંથી જેમ તપાવ્યા પછી પાણી ટપકે છે તેમ યજ્ઞાગ્નિથી તપ્ત થયેલી પૃથ્વીમાંથી એક જલસ્રોત ઝરવા લાગ્યો. એ જલરાશિને સમસ્ત દેવતાઓએ નમસ્કાર કર્યા. એ જ મહી નામની નદી છે. પૃથ્વીનાં સમસ્ત તીર્થજળોમાંથી ઉત્પન્ન થયેલા સારરૂપે મહી નદીનું જળ છે. માળવા દેશમાંથી પ્રગટ થઈને દક્ષિણ બાજુ સમુદ્રને મળે છે. (માળવાથી દક્ષિણ.) એના બન્ને તટો પર પુણ્યમય તીર્થો છે.

મહાનદી પોતે જ સંપૂર્ણ તીર્થમય છે, પણ જ્યાં એનો સાગર-સંગમ છે તે વિષે તો કહેવું જ શું ? કાશી, કુરુક્ષેત્ર, ગંગા, નર્મદા, સરસ્વતી, તાપી, પયોષ્ણી નિર્વિન્ધ્યા, ચંદ્રભાગા, ઈરાવતી, કાવેરી, સરયૂ ગંડકી, નૈમિષારણ્ય, ગયા, ગોદાવરી, અરુણા, વરુણા તથા અન્ય જે ૨૦,૬૦૦ નદીઓ આ પૃથ્વી પર છે, તે બધાંના સારતત્ત્વથી મહી નદીનું જળ પ્રગટ્યું છે. સમસ્ત તીર્થોના સ્નાનનું ફળ મહીસાગર સંગમના જ સ્નાનથી મળી જાય છે. સ્વામી કાર્તિકેયનો પણ આવો જ મત છે. હું પણ અનેક વર્ષો સુધી ત્યાં રહ્યો છું. ત્યાં કરેલાં સ્નાન, દાન, જપ, હોમ અને ખાસ તો પિતૃઓને પિંડદાન અક્ષય ફળ આપે છે, પૂર્ણિમા તથા અમાવસ્યાએ કરવાનું વિશેષ મહત્ત્વ છે.

દેવર્ષિ નારદે પૂર્વકાળમાં જ્યારે અહીંયાં સ્થાન બનાવ્યું ત્યારે ગ્રહોએ આવીને વરદાન આપ્યાં, એમાં પણ શનિદેવે ખાસ શનિવારયુક્ત અમાવસ્યાનું અને તેની સાથે જો સૂર્યની સંક્રાંતિ કે વ્યતીપાત યોગ હોય તો વિશેષ ફળ જણાવ્યું. પિતૃઓને માટે પણ આ પરમ તૃપ્તિદાયક છે.

"अग्निश्च ते योनिरिडा च देहो रेतोऽथ विष्णोरमृतस्य नाभिः ।"

અર્થાત્ હે મહીનદી ! અગ્નિ તમારી યોનિ (ઉત્પત્તિસ્થાન) અને પૃથ્વી તમારો દેહ છે. તમે યજ્ઞસ્વરૂપ વિષ્ણુના વીર્યમાંથી ઉત્પન્ન થયાં છો અને અમૃતનું કેંદ્રસ્થાન છો.

આમ બોલતાં સ્નાન કરવું તથા અઢાર નદીઓ (જેનાં નામો સ્ક. પુ.માં છે)નાં નામોની માળા કરવી વગેરે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


કાર્યો છે.

પછી મહીનદીને આમ બોલીને અર્ઘ્ય આપવું.

"महीदोहे महानन्दसन्दोहे विश्वमोहिनि। जाता हि सरितां राज्ञि पापं हर महिद्रवे॥"

"હે દેવી ! તમે આ પૃથ્વીનાં દુગ્ધ છો, પરમાનંદની રાશિ છો, સંપૂર્ણ વિશ્વને મોહનારાં છો, તથા સમસ્ત સરિતાઓનાં મહારાણીરૂપે પ્રગટ થયાં છો. હે મહિદ્રવે ! મારાં પાપોનું હરણ કરો."

મહીનું નામ મહિદ્રવા છે - અર્થાત્ મહી-પૃથ્વી દ્રવી જતાં પ્રગટ થયેલી.

આ સંગમમાં સ્નાન, જપ અને તપસ્યાને પ્રભાવે અનેક લોકો રુદ્રલોકમાં ગયા છે. સોમવારનું અહીં માહાત્મ્ય છે, શતરુદ્રીયનો પ્રતિદિન પાઠ કરવાથી ભગવાન શંકર પ્રસન્ન થાય છે. આ મહાતીર્થમાં સો લિંગો છે પાંચ લિંગની સામે પણ શતરુદ્રીયના પાઠ કરવાથી પંચવિષયજનિત દોષોમાંથી મુક્ત થવાય છે.

રાજા ઈન્દ્રદ્યુમ્ને પણ આ સંગમ પાસે ઈન્દ્રદ્યુમ્નેશ્વર શિવલિંગની સ્થાપના કરી છે, જેનું પૂજન કરનારને શિવધામ પ્રાપ્ત થાય છે.

સાક્ષાત્ શંકર ભગવાને પુત્ર કાર્તિકેયની આગળ આ સ્થળનું માહાત્મ્ય કહ્યું છે. આ બધું વિસ્તારથી જાણવા માટે સ્કંદપુરાણ-કૌમારિકા-ખંડ વાંચવો જોઈએ.

નારદજી અર્જુનને આગળ ઉપર કહે છે કે, "મહીસાગરસંગમમાં જ્યારે એમણે એમનું સ્થાન સ્થાપ્યું, ત્યારે એમને થયું કે ભગવાન વાસુદેવ વગર આ તીર્થ કેમ શોભે ! તેથી વાસુદેવની આરાધના કરવાથી એ પ્રગટ થયા અને વૃદ્ધ વાસુદેવ નામે પ્રખ્યાત થયા." વળી, ત્યાં હારીત મુનિ રહેતા હતા, જેમના વંશમાં માંડૂકિ ઋષિ થઈ ગયા. એમની પત્ની ઈતરાના પુત્ર મહર્ષિ ઐતરેય થયા. આ બધા વેદના મંત્રદ્રષ્ટા ઋષિઓ હતા. તે પછી ઐતરેયનું ચરિત્ર વર્ણવીને, આ ક્ષેત્રમાં એમની મુક્તિ કેવી રીતે થઈ તે કહે છે. ભટ્ટાદિત્ય નામના સૂર્યની સ્થાપના, બાલાદિત્યની સ્થાપના, મહીસાગરસંગમની રક્ષક દેવીઓનો પરિચય, જયાદિત્યની સ્થાપના, ગૌતમેશ્વરની સ્થાપના તથા માહાત્મ્ય વગેરે વિસ્તારપૂર્વક જણાવે છે.

અર્જુન પૂછે છે કે, "આ તીર્થ ગુપ્તક્ષેત્ર શા માટે કહેવાય છે ?" એના ઉત્તરરૂપે કહે છે કે, "આ તીર્થને એક વાર ગર્વ અર્થાત્ સ્તંભ થયો." એના સંપૂર્ણ કથા વર્ણનની સમાપ્તિ થતાં છેલ્લે ધર્મએ કાર્તિકેયને કહ્યું કે, "સ્તંભ એટલે ગર્વને લીધે આ તીર્થ અપ્રસિદ્ધ (ગુપ્ત) થઈ જશે, છતાં એની એક વાર કરેલી યાત્રાથી પ્રભાસની દસ, પુષ્કરની સાત અને પ્રયાગની આઠ યાત્રાનું એકઠું ફળ મળશે."

ભીમના પુત્ર ઘટોત્કચનું સ્થાન પણ આ હતું એમ પુરાણોમાં પ્રતિપાદિત ઈતિહાસથી જણાય છે. પાંડવો અહીં આવ્યા હતા તેથી શ્રીકૃષ્ણ તો હોય જ.

આમ આ સર્વતીર્થમય તીર્થ ગુજરાતમાં જ આવેલું છે, પણ અત્યારે એની આજુબાજુના સ્થાનોમાં ઘણી દુર્દશા છે જેનું કારણ મનુષ્ય પોતે જ છે.

ખંભાતના અખાત પાસે મહીસાગરસંગમ આવેલો છે.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

# AN APPEAL TO DEVOTEES

## CONCERT FOR A CAUSE

## A SANTOOR RECITAL

In aid of

**MA ANANDAMAYEE**

**KANYAPEETH & VIDYAPEETH**

To be held at Mumbai on Friday, 11th January, 2002.

featuring

**Padmabhushan Pt. Shivkumar Sharma**

with

**Ustad Zakir Hussain**
(tabla)

## SOUVENIR-2002

To be released on this occasion.

Generous donations towards this noble cause

through advertisements/donations will be greatly appreciated.

Please contact :

Anand Trust : Sadhana Rayon House, Dr. D.N. Road, Fort,
Mumbai - 400 001. Tel. 261 4922

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS


॥ ॐ मा ॥

॥ मातृशरणम् ॥

ADVANCED DIPLOMA IN NETWORKING TECHNOLOGIES

MAKING YOU "MASTERS IN NETWORKING"

CMS

# INDIA'S BEST NETWORKING TRAINING INSTITUTE IMPARTING TRAINING ON

**Novell Netware, Microsoft Windows N.T., Networking, Internet / Intranet, VB, C, C+, C++, Java, Oracle, E-commerce, Power Builder**

Enroll Now & Avail Sp. Discount with Job Assistance

OTHER COURSES & SOFTWARE COURSES ALSO AVAILABLE

**G.E.C. LTD.**

24, Alishan Complex, Nr. Sardar Patel Char Rasta, Stadium Road, Ahmedabad - 380 009. Phone : 644 2699

Visit our web site at :- http://www.cmsinstitute.com

is one of the largest I.T. Conglomerates in INDIA. and G.E.C. Ltd. is their franchisee



॥ ॐ मा ॥

# Namaste Bharat

**Dealing In Block Printed, Tie & Dye, Batik, Applique, Hand Embroidery, Cushion Covers, Bed-spreads, Table Linen, Dress Materials, Dupattas & Gift Articles**

57/B, Swastik Society, Off. C.G. Road, Navrangpura, Ahmedabad - 380 009.
Phone : 6441841 Visit us at : http://namastebharat.the shoppe.com


CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ॐ भवतापप्रणाशिन्यै
आनन्दघनमूर्तये ।
ज्ञानभक्तिप्रदायिन्यै
मातस्तुभ्यं नमो नमः ॥

**એચ. કે. અધ્યારુ ચેરિટેબલ ટ્રસ્ટ**

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ॐ नित्यं नमामि जननि तव पादयुग्मं
संसारतापभयनाशकरं सुगौरम्।
मुक्तिप्रदं सुखकरं शुभदं सदैवं
शरणागतस्य मम श्रीशरणं हृदिस्थम्॥

शरणागतोऽहम् शरणागतोऽहम् शरणागतोऽहम्

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

## ❄ Branch Ashrams ❄

15. NEW DELHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kalkaji, New Delhi-110019 (Tel : 011-6826813)

16. PUNE : Shree Shree Ma Anandamayee Ashram,
Ganesh Khind Road, Pune-411007, (Tel : 020-5537835)

17. PURI : Shree Shree Ma Anandamayee Ashram,
Swargadwar, Puri-752001, Orissa.

18. RAJGIR : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Rajgir, Nalanda-803116, Bihar (Tel : 06112-55362)

19. RANCHI : Shree Shree Ma Anandamayee Ashram, Main Road,
P.O. Ranchi-834001, Bihar (Tel : 0651-312082)

20. TARAPEETH : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Chandipur-Tarapeeth, Birbhum-731233, W.B.

21. UTTARKASHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kali Mandir, P.O. Uttarkashi-249193,

22. VARANASI : Shree Shree Ma Anandamayee Ashram,
Bhadaini, Varanasi-221001, U.P.
(Tel : 0542-310054+311794)

23. VINDHYACHAL : Shree Shree Ma Anandamayee Ashram, Ashtabhuja Hill,
P.O. Vindhyachal, Mirzapur-231307, (Tel : 05442-42343)

24. VRINDAVAN : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Vrindavan, Mathura-281121 U.P. (Tel: 0565-442024)

IN BANGLADESH :

1. DHAKA : Shree Shree Ma Anandamayee Ashram,
14, Siddheshwari Lane, Dhaka-17 (Tel : 405266)

2. KHEORA : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Kheora, Via-Kasba, Brahmanbaria.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

REGISTERED WITH THE REGISTRAR OF NEWSPAPERS
FOR INDIA AS NO. 65433/97

रत्ना ऑफसेट्स लिमिटेड कमच्छा, वाराणसी, फोन-३९२८२०
CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi